
# લોકાકાશ






ઈષત્ પ્રાગ્ભાર
૮ યોજન
અનુત્તર
અનુદિશ
નૌ ગ્રૈવેયક
૧૫-૧૬
૧૩-૧૪
૧૧-૧૨
૯-૧૦
૭-૮
૫-૬
૩-૪
૧-૨
ત્રસનાલી
સ્વર્ગ ૬૩ પટલ
બિલોની સંખ્યા
૧ રત્નપ્રભા (ઘર્મા) ૧૩ પટલ
૩૦ લાખ
૨ શર્કરાપ્રભા (વંશા) ૧૧ પટલ
૨૫ લાખ
૩ વાલુકાપ્રભા (મેઘા) ૯ પટલ
૧૫ લાખ
૪ પંકપ્રભા (અંજના) ૭ પટલ
૧૦ લાખ
૫ ધૂમપ્રભા (અરિષ્ટા) ૫ પટલ
૩ લાખ
૬ તમ:પ્રભા (મઘવી) ૩ પટલ
૯૯૯૯૫
૭ મહાતમ:પ્રભા (માઘવી) ૧ પટલ
૫
નરક ૪૯ પટલ - ૮૪ લાખ બિલ
યોજનોમાં મોટાઈ
૧૬૦૦૦
૧૮૦૦૦૦
૮૪૦૦૦
૮૦૦૦૦
૧ રાજૂ
૧૩/૭ રાજૂ
૩૨૦૦૦
૧૯/૭ રાજૂ
૨૮૦૦૦
૨૫/૭ રાજૂ
૨૪૦૦૦
૩૧/૭ રાજૂ
૨૦૦૦૦
૩૭/૭ રાજૂ
૧૬૦૦૦
૪૩/૭ રાજૂ
૮૦૦૦
૭ રાજૂ

# વાતવલય


૨


સિદ્ધશિલા
૫ ૪ ૩
અનુત્તર
અનુદિશ
નૌગ્રૈવેયક
શુદ્ધ આકાશ
૧૫-૧૬
શુદ્ધ આકાશ
૧૩-૧૪
શુદ્ધ આકાશ
૧૧-૧૨
જલપવનાધાર
૯-૧૦
જલપવનાધાર
૭-૮
જલપવનાધાર
૫-૬
જલપવનાધાર
૩-૪
પવનાધાર
૧-૨
જલાધાર
૭ ૫ ૪
૫ ૪ ૩
નિગોદ
૭ ૫ ૪
૧૫૭૫ ધનુષ તનુવાતવલય
૧ કોસ ઘનવાતવલય
૨ કોસ ઘનોદધિવાતવલય
સિદ્ધશિલા
૨૦૦૦૦ ઘનોદધિવાત
૨૦૦૦૦ ઘનવાત
૨૦૦૦૦ તનુવાત

# તિર્યક્લોક



૧ રાજૂ





અસંખ્યાત દ્વીપ અને સમુદ્ર = ૨૫ કોડાકોડી ઉદ્ધારપલ્ય

# અઢીદ્વીપ




૫ મેરુસમ્બન્ધી ૩૦ ભોગભૂમિ


૫ મેરુસમ્બન્ધી ૧૫ કર્મભૂમિ



# જમ્બૂદ્વીપ



૫
પર્વત (હ્રદ)
ક્ષેત્ર (નદીઓ)
શિખરી (પુંડરીક)
ઐરાવત (રક્તા - રક્તોદા)
રુક્મી (મહાપુંડરીક)
હૈરણ્યવત (સુવર્ણકૂલા - રુપ્યકૂલા)
રમ્યક (નારી - નરકાન્તા)
નીલ (કેસરી)
જમ્બૂવૃક્ષ
પૂર્વ વિદેહ, ઉત્તરકુરુ (સીતા)
ઉત્તરકુરુ
વક્ષાર પર્વત
ગજદન્ત
૨૫ ૨૬ ૨૭ ૨૮ ૨૯ ૩૦ ૩૧ ૩૨
૧ ૨ ૩ ૪ ૫ ૬ ૭ ૮
ભૂતારણ્ય
ભદ્રશાલવન
સુમેરુ
દેવારણ્ય
૧૬ ૧૫ ૧૪ ૧૩ ૧૨ ૧૧ ૧૦ ૯
૨૪ ૨૩ ૨૨ ૨૧ ૨૦ ૧૯ ૧૮ ૧૭
શાલ્મલિવૃક્ષ
દેવકુરુ
નિષધ (તિગિંછ)
પશ્ચિમ વિદેહ, દેવકુરુ (સીતોદા)
હરિ (હરિત - હરિકાન્તા)
મહાહિમવાન (મહાપદ્મ)
હૈમવત (રોહિત - રોહિતાસ્યા)
હિમવાન (પદ્મ)
ભરત (ગંગા - સિંધુ)
લવણસમુદ્ર

# ભરતક્ષેત્ર



હિમવાન પર્વત
પદ્મદ્રહ
મ્લેચ્છખંડ
મ્લેચ્છખંડ
વૃષભગિરી
મ્લેચ્છખંડ
સિંધુ
ગંગા
વિજયાર્ધ પર્વત
મ્લેચ્છખંડ
મ્લેચ્છખંડ
આર્યખંડ

# લવણસમુદ્રના પાતાળ

૭




# લવણાસમુદ્રના પાતાળ




## પાતાળ - યોજનોમાં


| પાતાળ | ઊંચાઈ | મધ્ય વ્યાસ | મુખ વ્યાસ તળ વ્યાસ | ભીંતીઓની મોટાઈ |
|---|---|---|---|---|
| જ્યેષ્ઠ પાતાળ | ૧૦૦૦૦૦ | ૧૦૦૦૦૦ | ૧૦૦૦૦ | ૫૦૦ |
| મધ્યમ પાતાળ | ૧૦૦૦૦ | ૧૦૦૦૦ | ૧૦૦૦ | ૫૦ |
| જઘન્ય પાતાળ | ૧૦૦૦ | ૧૦૦૦ | ૧૦૦ | ૫ |

| | | |
|---|---|---|
| જ્યેષ્ઠ પાતાળ | - | ૪ |
| મધ્યમ પાતાળ | - | ૪ |
| જઘન્ય પાતાળ | - | ૧૦૦૦ |
| કુલ પાતાળ | - | ૧૦૦૮ |




# કુમાનુષદ્વીપ





ધાતકીખંડ
જમ્બૂદ્વીપ
શિખરી પર્વત
હિમવાન પર્વત
એકોરુક
વૈષાણિક
હસ્તિકર્ણ
અશ્વકર્ણ
માર્જારમુખ
ગજમુખ
ગોકર્ણ
કર્ણપ્રાવરણ
ઉલ્કાકર્ણ
પક્ષિમુખ
વત્સ્યમુખ
ભૃંગારમુખ
શ્રૃગાલમુખ
વ્યાઘ્રમુખ
મકરમુખ
દ્વીપિકમુખ
અક્ષમુખ
વૃકમુખ
શિશુમારમુખ
શાર્દૂલમુખ
ઘૂકમુખ
વરાહમુખ
બન્દરમુખ
હસ્તિમુખ
વિદ્યુન્મુખ
દર્પણમુખ
મેઘમુખ
કાલમુખ
ગોમુખ
મત્સ્યમુખ
મેષમુખ
મહિષમુખ
સિંહમુખ
શ્વાનમુખ
અશ્વમુખ

# સુમેરુ પર્વત






૪ યોજન
૪૦ યોજન
ચૂલિકા
૧૨ યોજન

પાંડુકવન
૩૬૦૦૦
સૌમનસવન
૬૨૫૦૦
નન્દનવન
૫૦૦
ભદ્રશાલવન
૧૦૦૦
નીંવ






પાંડુકવન
રક્તકમ્બલા
(પૂર્વ વિદેહ)
પાંડુકશિલા
(ભરત)
(કુબેર)
પાંડુક ભવન
(વરુણ)
હારિદ્ર ભવન
લોહિત ભવન
(સોમ)
અંજન ભવન
(યમ)
રક્તશિલા
(ઐરાવત)
પાંડુકમ્બલા
(પશ્ચિમ વિદેહ)




પાંડુકશિલા
(બાલ તીર્થંકર જન્માભિષેક સ્થાન)
સિંહાસન
ભદ્રાસન
(ઈશાન ઇન્દ્ર)
ભદ્રાસન
(સૌધર્મ ઇન્દ્ર)


# નન્દીશ્વરદ્વીપ


૭ મો દ્વીપ
૭ મો સમુદ્ર
૧૬૩૮૪૦૦૦૦૦



દધિમુખ પર્વત
રતિકર પર્વત
આમ્રવન
ચમ્પકવન
અશોકવન
વાપી
સપ્તપર્ણવન
૧૦૦૦૦
૧૦૦૦
૧૦૦૦૦
દધિમુખ
૧૦૦૦
૨૫૦
૧૦૦૦
રતિકર
૮૪૦૦૦ યોજન
નીંવ ૧૦૦૦ યોજન
૮૪૦૦૦ યોજન
અંજનગિરી

# પૂર્વ વિદેહ

૧૨.૧


નીલ પર્વત
રક્તા
રક્તોદા
મ્લેચ્છખંડ
મ્લેચ્છખંડ
મ્લેચ્છખંડ
આર્યખંડ
દેવારણ્ય
ભદ્રશાલવન
૧ કચ્છા
૨ સુકચ્છા
૩ મહાકચ્છા
૪ સુકચ્છાવતી
૫ આવર્તા
૬ લાંગલાવર્તા
૭ પુષ્કલા
૮ પુષ્કલાવતી
દ્રહવતી
ગ્રાહવતી
પંકવતી
૧ ચિત્રકૂટ વક્ષાર
૨ નલિનકૂટ વક્ષાર
૩ પદ્મકૂટ વક્ષાર
૪ એકશૈલ વક્ષાર
ભૂતારણ્ય
(દેવારણ્ય)
સીતા નદી
લવણસમુદ્ર
ઉન્મત્તજલા
મત્તજલા
તપ્તજલા
૯ વત્સા
૧૦ સુવત્સા
૧૧ મહાવત્સા
૧૨ વત્સકાવતી
૧૩ રમ્યા
૧૪ સુરમ્યકા
૧૫ રમણીયા
૧૬ મંગલાવતી
ભદ્રશાલ વનવેદી
વનવેદી
૮ માતંજન વક્ષાર
૭ અંજનશૈલ વક્ષાર
૬ વૈશ્રમણકૂટ વક્ષાર
૫ ત્રિકૂટ વક્ષાર
નિષધ પર્વત

# ૧૨.૨ પશ્ચિમ વિદેહ




નીલ પર્વત
ગંભીરમાલિની
ફેનમાલિની
ઊર્મિમાલિની
૨૫ વપ્રા
૨૬ સુવપ્રા
૨૭ મહાવપ્રા
૨૮ વપ્રકાવતી
૨૯ ગંધા
૩૦ સુગંધા
૩૧ ગંધિલા
૩૨ ગંધમાલિની
દેવારણ્ય
૧૩ ચંદ્રમાલ વક્ષાર
૧૪ સૂર્યમાલ વક્ષાર
૧૫ નાગમાલ વક્ષાર
૧૬ દેવમાલ વક્ષાર
લવણ સમુદ્ર
ભૂતારણ્ય
(દેવારણ્ય)
સીતોદા નદી
ભદ્રશાલવન
શ્રોતોવાહિની
સીતોદા
ક્ષીરોદા
૨૪ સરિત
૨૩ કુમુદ
૨૨ નલિની
૨૧ શંખા
૨૦ પદ્મકાવતી
૧૯ મહાપદ્મા
૧૮ સુપદ્મા
૧૭ પદ્મા
વનવેદી
ભદ્રશાલ વનવેદી
૧૨ સુખાવહ વક્ષાર
૧૧ આશીવિષ વક્ષાર
૧૦ વિકટાવાન વક્ષાર
૯ શ્રદ્ધાવાન વક્ષાર
નિષધ પર્વત


# નરક બિલ



## પ્રથમ નરકનું પ્રથમ પટલ



● ઇન્દ્રક ● શ્રેણીબદ્ધ ⁘ પ્રકીર્ણક



સપ્તમ નરક

સીમન્તક ઇન્દ્રક – ૪૫ લાખ યોજન વિસ્તાર

શ્રેણીબદ્ધ બિલ – અસંખ્યાત યોજન વિસ્તાર

દિશાઓમાં ૪૯, વિદિશાઓમાં ૪૮


પ્રકીર્ણક – સંખ્યાત, અસંખ્યાત યોજન વિસ્તાર

પ્રથમ નરકના ૧૩ પટલોના બિલ ૩૦ લાખ


| | | |
|---|---|---|
| ઇન્દ્રક | | ૧૩ |
| શ્રેણીબદ્ધ | + | ૪૪૨૦ |
| પ્રકીર્ણક | + | ૨૯૯૫૫૬૭ |
| કુલ | | ૩૦૦૦૦૦૦ |

# વૈમાનિક દેવોના વિમાન






| | પટલ | વિમાનોની સંખ્યા |
|---|---|---|
| અનુત્તર | ૧ | ૫ |
| અનુદિશ | ૧ | ૯ |
| ઊર્ધ્વ ગ્રૈવેયક | ૩ | ૯૧ |
| મધ્ય ગ્રૈવેયક | ૩ | ૧૦૭ |
| અધો ગ્રૈવેયક | ૩ | ૧૧૧ |
| આનતાદિ ૪ | ૬ | ૭૦૦ |
| શતાર યુગલ | ૧ | ૬૦૦૦ |
| શુક્ર યુગલ | ૧ | ૪૦૦૦૦ |
| લાન્તવ યુગલ | ૨ | ૫૦૦૦૦ |
| બ્રમ્હ યુગલ | ૪ | ૪૦૦૦૦૦ |
| સાનત્કુમાર માહેન્દ્ર | ૭ | ૧૨૦૦૦૦૦ + ૮૦૦૦૦૦ |
| સૌધર્મ ઈશાન | ૩૧ | ૩૨૦૦૦૦૦ + ૨૮૦૦૦૦૦ |
| **કુલ** | **૬૩** | **૮૪૯૭૦૨૩** |



## સર્વજ્ઞપ્રણીત

# જૈન ભૂગોળ

– લેખિકા –

**ડો. સૌ. ઉજ્જ્વલા દિનેશચંદ્ર શહા**

એમ.બી.બી.એસ., ડી.સી.એચ., ડી.જી.પી.

– સંપાદક –

**પં. દિનેશભાઈ શહા**

એમ.એ., એલ.એલ.બી.

– અનુવાદક –

**પ્રશમ જિતેન્દ્રભાઈ મોદી**

(સંપાદક : આત્મજાગ્રતિ)

– પ્રકાશક –

**વીતરાગવાણીપ્રકાશક**

૧૫૭/૯, નિર્મલા નિવાસ, સાયન (પૂર્વ), મુંબઈ–૪૦૦૦૨૨

ટેલિ. : ૦૨૨-૨૪૦૭૩૫૮૧

| | | |
|---|---|---|
| ગુજરાતી | પ્રથમ આવૃત્તિ | ૧૦૦૦ પ્રત |
| | ૨૬ જાન્યુઆરી ૨૦૧૫ | |
| હિન્દી | બે આવૃત્તિ | ૬૦૦૦ પ્રત |
| | કુલ | ૭૦૦૦ પ્રત |

: પ્રાપ્તિસ્થાન :

**વીતરાગવાણીપ્રકાશક**

૧૫૭/૯, નિર્મલા નિવાસ, સાયન (પૂર્વ), મુંબઈ—૪૦૦૦૨૨

ટેલિ. : ૦૨૨-૨૪૦૭૩૫૮૧

**e-mail : ujwaladinesh@yahoo.com**

**website : www.jainsiddhant.org**

**મૂલ્ય રૂ. ૫૦/—**

# દાતારોની નામાવલી

રૂા. ૧૧,૦૦૦/- શ્રી સંજય પાટીલ, મુંબઈ

રૂા. ૧૧,૦૦૦/- શ્રી નિમેષ દેસાઈ, મુંબઈ

રૂા. ૧૧,૦૦૦/- રાજકોટ મુમુક્ષુ મંડળ, રાજકોટ

રૂા. ૧૦,૦૦૦/- સૌ. ગીતાબેન ગાંગજી ગાલા, દેવલાલી

રૂા. ૭,૫૦૦/- શ્રી વિક્રમ શાહ, નૈરોબી

રૂા. ૫,૫૫૫/- શ્રી બી. પદમચંદ કોઠારી, ચેન્નઈ

રૂા. ૫,૦૦૦/- ડૉ. સુશીલા નવીન તેજાણી, યુ.એસ.એ.

રૂા. ૪,૧૦૦/- શ્રી સંજય લુનિયા, મુંબઈ

રૂા. ૨,૫૦૦/- સૌ. આરતી અશોક ઘીયા, મુંબઈ

રૂા. ૨,૫૦૦/- શ્રી જિતેન્દ્ર શાહ, મુંબઈ

રૂા. ૨,૧૦૦/- પં. સુનિલ જૈનાપુરે, રાજકોટ

રૂા. ૨,૧૦૦/- પં. સંજીવ ગોધા, જયપુર

## MP3 સીડીઝ (૧૨૮ KBPS) (પ્રત્યેક સી.ડી.માં ૧૨ કલાકના પ્રવચનો છે.)

### પં. દિનેશભાઈ શહા

| | | |
|---|---|---|
| ૧) | લઘુ જૈન સિદ્ધાંત પ્રવેશિકા | ૭ સીડીઝ |
| ૨) | બાલબોધ પાઠમાલા | ૪ સીડીઝ |
| ૩) | વીતરાગ વિજ્ઞાન પાઠમાલા | ૫ સીડીઝ |
| ૪) | તત્ત્વજ્ઞાન પાઠમાલા | ૫ સીડીઝ |
| ૫) | ગુણસ્થાન વિવેચન | ૫ સીડીઝ |
| ૬) | કારણ કાર્ય રહસ્ય | ૧ સીડીઝ |
| ૭) | છઢાળા | ૪ સીડીઝ |
| ૮) | બૃહદ્ દ્રવ્યસંગ્રહ | ૮ સીડીઝ |
| ૯) | રત્નકરંડ શ્રાવકાચાર | ૧૩ સીડીઝ |
| ૧૦) | મોક્ષમાર્ગપ્રકાશક | ૨૩ સીડીઝ |
| ૧૧) | અનુભવપ્રકાશ | ૬ સીડીઝ |
| ૧૨) | ઈષ્ટોપદેશ | ૫ સીડીઝ |
| ૧૩) | સમયસાર | ૭૫ સીડીઝ |
| ૧૪) | પ્રવચનસાર | ૫૦ સીડીઝ |
| ૧૫) | નિયમસાર | ૩૬ સીડીઝ |
| ૧૬) | અષ્ટપાહુડ | ૨૫ સીડીઝ |
| ૧૭) | કાર્તિકેયાનુપ્રેક્ષા | ૧૯ સીડીઝ |
| ૧૮) | આત્મસિદ્ધિ | ૧૨ સીડીઝ |
| ૧૯) | સમયસાર નાટક | ૨૧ સીડીઝ |
| ૨૦) | યોગસાર | ૫ સીડીઝ |
| ૨૧) | તત્ત્વાર્થસૂત્ર | ૧૮ સીડીઝ |
| ૨૨) | પુરુષાર્થસિદ્ધિઉપાય | ૬ સીડીઝ |
| ૨૩) | પરમાત્મપ્રકાશ | ૨૩ સીડીઝ |
| ૨૪) | જ્ઞાનસ્વભાવ જ્ઞેયસ્વભાવ | ૯ સીડીઝ |
| ૨૫) | કલશામૃત(ચાલૂ) | ૪૦ સીડીઝ |

### ડો. ઉજ્જવલા શહા

| | | |
|---|---|---|
| ૧) | સમ્યગ્જ્ઞાનચંદ્રિકા જીવકાંડ | ૨૫ સીડીઝ |
| ૨) | સમ્યગ્જ્ઞાનચંદ્રિકા કર્મકાંડ | ૨૧ સીડીઝ |
| ૩) | લબ્ધિસાર–ક્ષપણાસાર | ૧૧ સીડીઝ |
| ૪) | ધવલા (પુ. ૧ થી ૧૬) | ૧૦૨ સીડીઝ |
| ૫) | જયધવલા(પુ. ૧ થી ૧૬) | ૧૧૭ સીડીઝ |
| ૬) | મહાધવલા (પુ. ૧ થી ૭) | ૧૧૨ સીડીઝ |
| ૭) | ક્રમબદ્ધપર્યાય | ૪ સીડીઝ |
| ૮) | કરણાનુયોગ પરિચય | ૩ સીડીઝ |
| ૯) | નિમિત્ત ઉપાદાન+પંચપરાવર્તન | ૨ સીડીઝ |
| ૧૦) | પંચલબ્ધિ | ૨ સીડીઝ |
| ૧૧) | પાંચ ભાવ | ૧ સીડીઝ |
| ૧૨) | પાંચ ભાવ (તત્ત્વાર્થસૂત્ર) | ૨ સીડીઝ |
| ૧૩) | કારણ કાર્ય રહસ્ય | ૨ સીડીઝ |
| ૧૪) | પ્રમાદ કે ભેદ | ૧ સીડીઝ |
| ૧૫) | ષટ્સ્થાનપતિત હાનિ વૃદ્ધિ | ૧ સીડીઝ |
| ૧૬) | સંખ્યામાન | ૧ સીડીઝ |
| ૧૭) | સાત તત્ત્વ | ૧ સીડીઝ |
| ૧૮) | યોગ | ૧ સીડીઝ |
| ૧૯) | જૈન ભૂગોળ (વી.સી.ડી.) | ૨૦ સીડીઝ |
| ૨૦) | ભાવદીપિકા | ૭ સીડીઝ |
| ૨૧) | પંચાધ્યાયી | ૨૦ સીડીઝ |
| ૨૨) | આત્મભાવના(સમાધિતંત્ર) | ૧૦ સીડીઝ |
| ૨૩) | ત્રિલોકસાર | ૧૭ સીડીઝ |
| ૨૪) | સાગાર ધર્મામૃત | ૫ સીડીઝ |
| ૨૫) | અનગાર ધર્મામૃત | ૧૨ સીડીઝ |
| ૨૬) | ડેઢ ગુણહાની ગુણીત સમયપ્રબદ્ધ | ૧ સીડીઝ |

# — પ્રકાશકીય —

આજ સુધી 'જૈન ભૂગોળ'નો વિષય સામાન્ય રીતે લોકોથી અછૂતો જ રહ્યો છે. લોકો તેને અવિશ્વસનીય જ માને છે. 'આવું કેવી રીતે સંભવ હોઈ શકે ?'—આવું ઘણા લોકોનું માનવું છે અને તેઓ આજકાલના ઉપલબ્ધ ભૂગોળના જ્ઞાનની સાથે કેવળજ્ઞાનીએ કહેલી વિશ્વરચના (જૈન ભૂગોળ)ની તુલના કરીને કઈ વાત સાચી છે એવો વિચાર કરે છે. આ તો સર્વજ્ઞના કેવળજ્ઞાન માટે અવિશ્વાસ દેખાડવો છે—સર્વજ્ઞ ભગવાનનો અવર્ણવાદ છે.

આચાર્ય નેમિચંદ્ર સિદ્ધાંત ચક્રવર્તીએ ત્રિલોકસાર ગ્રંથની રચના કરી છે, પંડિત ટોડરમલજીએ તેની સંસ્કૃત ટીકાના આધારે ઢૂંઢારી ભાષામાં ત્રિલોકસાર ગ્રંથની રચના કરી. તેના તથા અન્ય અનેક ગ્રંથોના આધારે શ્રીમતી ઉજ્જ્વલાજીએ જૈન ભૂગોળનો વિષય પોતાની ખાસ શૈલીમાં અર્થાત્ કરણાનુયોગના અતિ ગંભીર વિષયને દ્રવ્યાનુયોગના સિદ્ધાંતોની સાથે-સાથે ખૂબ જ સરળ અને સાદી ભાષામાં સહેલો કરીને સમજાવ્યો હતો. અનેક શ્રોતાઓએ અને ખાસ કરીને પંડિતોએ તેમની પ્રશંસા કરી અને અનેકોએ તેમને પુસ્તક બનાવવાની સલાહ પણ આપી.

પરંતુ અમે અન્ય કાર્યમાં વ્યસ્ત હતા. પં. ટોડરમલજીએ ઢૂંઢારી ભાષામાં લખેલા મહાન ગ્રંથોનો—સમ્યગ્જ્ઞાનચંદ્રિકાના જીવકાંડ, કર્મકાંડ, લબ્ધિસાર-ક્ષપણાસાર અને ત્રણેયની અર્થસંદષ્ટિનો હિન્દી અનુવાદ કરીને તેને પ્રકાશિત કરવાનું કાર્ય ચાલી રહ્યું હતું. તે પૂર્ણ થતાં પહેલાં જ 'જૈન ભૂગોળ' પુસ્તકરૂપે છપાવવાનો વિચાર મારા માનમાં દઢ થવા લાગ્યો અને અચાનક જ પં. શ્રી જિતેન્દ્ર રાઠીથી ફોનમાં કોઈ અન્ય કામથી વાત થઈ ત્યારે મેં પૂછ્યું હતું કે પ્રવચનની V.C.D. સાંભળીને લિપિબદ્ધ કરવાવાળું કોણ છે ? તેમણે તરત જ 'હું જ કરી દઈશ' એવું આશ્વાસન આપ્યું. 'આંધળો માંગે એક આંખ અને તેને બે આંખ મળે' એવી મારી દશા થઈ. તેમણે થોડા જ દિવસોમાં V.C.D. સાંભળીને અક્ષરશઃ લખીને મેટર મોકલ્યું. હિન્દીમાં આ પુસ્તકોની બધી ૬૦૦૦ પ્રત ખલાસ થઈ ચૂકી છે અને લોકોની માંગ વધતી જ જાય છે.

માંગ્યા વિના પણ આંખ મળવાનો બીજો અવસર સોનગઢમાં પ્રાપ્ત થયો. ત્યાંના શ્રી પ્રશમ જિતુભાઈ મોદીએ સામેથી 'જૈન ભૂગોળ'નું ગુજરાતીમાં અનુવાદ કરવાની ઇચ્છા વ્યક્ત કરી. માત્ર બે જ મહિનામાં આ કાર્ય પૂર્ણ પણ કર્યું. ટાઈપ સેટીંગ કરાવી લેવામાં પણ તેમનો ઘણો મોટો યોગદાન રહ્યો.

તે બધા પ્રત્યે, અમારા દાતાઓ પ્રત્યે તથા આ શાસ્ત્રો છપાવવા માટે અનેકોએ અમને ઘણી મદદ કરી છે તેમના પણ અમે ઋણી છીએ.

ગુજરાતી ભાષામાં આ પુસ્તક પ્રકાશિત કરતાં અમે ઘણો આનંદ અનુભવીએ છીએ.

આગમની સેવા કરવાનો મોકો અમને વારંવાર મળે એ ભાવના !

—પં. દિનેશભાઈ શહા

# અમારા પ્રકાશનો

| | | | |
|---|---|---|---|
| ૧) | જૈનતત્ત્વ પરિચય | – મરાઠી, હિન્દી, ગુજરાતી, ઈંગ્લિશ | રૂા. ૧૫/– |
| ૨) | કારણ કાર્ય રહસ્ય | – મરાઠી, હિન્દી, ગુજરાતી, ઈંગ્લિશ | રૂા. ૧૫/– |
| ૩) | કરણાનુયોગ પરિચય | – મરાઠી, હિન્દી, ગુજરાતી | રૂા. ૧૫/– |
| ૪) | પંચલબ્ધિ | – મરાઠી, હિન્દી, ગુજરાતી | રૂા. ૧૫/– |
| ૫) | ભક્તામરસ્તોત્ર પ્રવચન | – મરાઠી | રૂા. ૧૫/– |
| ૬) | સ્વાનુભવ | – મરાઠી | રૂા. ૬/– |
| ૭) | પરમાત્મ કસે બનાલ ! | – મરાઠી | રૂા. ૬/– |
| ૮) | સમ્યગ્જ્ઞાનચન્દ્રિકા જીવકાંડ એવં અર્થસંદૃષ્ટિ | – હિન્દી | રૂા. ૧૫૦/– |
| ૯) | સમ્યગ્જ્ઞાનચન્દ્રિકા કર્મકાંડ એવં અર્થસંદૃષ્ટિ | – હિન્દી | રૂા. ૧૫૦/– |
| ૧૦) | સમ્યગ્જ્ઞાનચન્દ્રિકા લબ્ધિસાર-ક્ષપણાસાર એવં અર્થસંદૃષ્ટિ | – હિન્દી | રૂા. ૧૦૦/– |
| ૧૧) | જૈન ભૂગોળ | – હિન્દી, ગુજરાતી | રૂા. ૫૦/– |

* જૈન સિદ્ધાંત : શિબિર ૧ અને ૨ – ............................................ **Visual 16 DVDs**
* ગુણસ્થાન : શિબિર – ............................................................ **Visual 10 DVDs**
* સમ્યગ્જ્ઞાનચંદ્રિકા જીવકાંડ : શિબિર ૧ અને ૨ – ............................ **Visual 16 DVDs**
* સમ્યગ્જ્ઞાનચંદ્રિકા જીવકાંડ અર્થસંદૃષ્ટિ : .................................. **Visual 18 DVDs**
* સમ્યગ્જ્ઞાનચંદ્રિકા કર્મકાંડ : શિબિર ૧ અને ૨ – ............................ **Visual 20 DVDs**
* સમ્યગ્જ્ઞાનચંદ્રિકા કર્મકાંડ અર્થસંદૃષ્ટિ : .................................. **Visual 12 DVDs**
* સમ્યગ્જ્ઞાનચંદ્રિકા લબ્ધિસાર–ક્ષપણાસાર : શિબિર ૧ અને ૨–......... **Visual 22 DVDs**
* સમ્યગ્જ્ઞાનચંદ્રિકા લબ્ધિસાર–ક્ષપણાસાર અર્થસંદૃષ્ટિ : ................. **Visual 16 DVDs**
* પંચપરાવર્તન : શિબિર – ........................................................ **Visual 12 DVDs**
* સમ્યગ્દર્શન : શિબિર – .......................................................... **Visual 10 DVDs**
* જ્ઞાનમાર્ગણા – લેશ્યામાર્ગણા : શિબિર – ...................................... **Visual 10 DVDs**

: પ્રાપ્તિસ્થાન :

**વીતરાગવાણીપ્રકાશક**

૧૫૭/૯, નિર્મલા નિવાસ, સાયન (પૂર્વ), મુંબઈ–૪૦૦૦૨૨

ટેલિ. : ૦૨૨-૨૪૦૭૩૫૮૧

**e-mail : ujwaladinesh@yahoo.com**

## — મારી વાત —

આ મારું પરમ સૌભાગ્ય છે કે મેં અને મારા પતિ શ્રી દિનેશજીએ જિનવાણીના બધા અનુયોગોનો અત્યંત સૂક્ષ્મતાથી વારંવાર અભ્યાસ કર્યો, તેના ફળ સ્વરૂપે આગમના અનેક વિષયો પર મારા દ્વારા લખવાનું કાર્ય થયું. જીવકાંડ, કર્મકાંડ, લબ્ધિસાર—ક્ષપણાસાર ગ્રંથોના, સમ્યગ્જ્ઞાનચંદ્રિકા ઢૂંઢારી ભાષાટીકાનું હિન્દીમાં અનુવાદ કરવામાં આવ્યું, તે બધા અમે પ્રકાશિત કર્યા. એટલું જ નહીં, મારા દ્વારા લખવામાં આવેલા પુસ્તકોના આધારે મેં જ અનેક શિબિરો કરી, આદ્યોપાંત સ્વાધ્યાય કરાવ્યો; પરંતુ આ પહેલો અવસર એવો આવ્યો છે કે જે 'ત્રિલોકરચના' અર્થાત્ જૈન ભૂગોળને મેં શિબિરમાં વીસ કલાક સુધી ભણાવ્યું હતું તેને હવે પુસ્તકરૂપે લખીને અમે પ્રકાશિત કરી રહ્યા છીએ.

સન્ ૨૦૦૫માં અમે દેવલાલીના કહાનનગરમાં 'જૈન ભૂગોળ'ની શિબિર લીધી હતી. ચાર દિવસમાં વીસ કલાકમાં મેં આ વિષય શીખડાવ્યો હતો. એક જ વક્તા, એક જ વિષય અને પ્રતિદિન છ-છ કલાક ભણાવવાની અમારી પરંપરા અમે ત્યારથી શરૂ કરી છે કે જે લોકોને ખૂબ જ પસંદ આવી. ત્યારથી આજ સુધી મેં અને દિનેશજીએ વિવિધ વિષયો ઉપર આવી બાર-તેર શિબિરો લીધી છે, જેની માંગ રોજબરોજ વધતી જ રહી છે. શિબિર માટે મેં ચૌદ કલર ચાર્ટસ્ બનાવ્યા હતા. અન્ય શાસ્ત્રોમાં ચાર્ટસ્ તો છે પરંતુ બરાબર અનુપાતમાં ન હોવાથી મેં ગ્રંથોમાં વર્ણન વાંચીને તે જ અનુપાતમાં સેં.મી.માં ગણતરી કરીને આ બધા ચાર્ટસ્ બનાવ્યા હતા. એક-એક ચાર્ટ બનાવવામાં ઘણા કલાકો લાગ્યા હતા.

પં. દેવેન્દ્રકુમારજી જૈન, નીમચે કહ્યું હતું, 'આ નીરસ વિષયને તમે અત્યંત રોચક અને સરળ બનાવીને પ્રસ્તુત કર્યો છે, તેમાં જે તત્ત્વજ્ઞાન તમે પીરસ્યું છે તે સો ટકા સાચું છે, તમારા અધ્યયનની સૂક્ષ્મતા અને ઊંડાણ ખ્યાલમાં આવે છે. હું તો મારા કામ માટે એક દિવસ માટે અહીં આવ્યો હતો પરંતુ એક વ્યાખ્યાન સાંભળીને હું આખી શિબિર રોકાયો અને તેનો લાભ લીધો.' બ્ર. પં. હેમચંદજી તથા બ્ર. વિમળાબહેન કે જે સ્વયં કરણાનુયોગના વિદ્વાન છે તેમણે પણ આખી શિબિરમાં ઉપસ્થિત રહીને અંતમાં ખૂબ જ પ્રશંસા કરી હતી.

આ શિબિરની વીસ V.C.D. સાંભળીને અક્ષરશઃ લખવાનું જટીલ કાર્ય પં. શ્રી જિતેન્દ્ર રાઠીએ પૂર્ણ કર્યું. મેં આ બધી જ કેસેટોને સ્વયં સાંભળીને ભૂલો સુધારી, અનેક જગ્યાએ નવા કોષ્ટક બનાવ્યા, તે જ વાતોને સુચારુરૂપથી ફરી આદ્યોપાંત પુસ્તકરૂપે લખી. વ્યાખ્યાન દરમિયાન લોકોએ પૂછેલા પ્રશ્નોને અને તેના ઉત્તરોને તે જ રૂપે અહીં પ્રસ્તુત કર્યા છે. શિબિર માટે જે ગ્રંથોનો મેં અભ્યાસ કર્યો હતો તેમના નામ તો પ્રથમ વ્યાખ્યાનમાં જ શરૂઆતમાં કહ્યા છે. આ પુસ્તક તો એક નમૂનો છે. જિનાગમ તો અગાધ છે. બધા લોકો જિનાગમનું સ્વયં અધ્યયન કરીને પોતાનું કલ્યાણ કરે એ જ ભાવના છે.

**—ડો. ઉજ્જ્વલા દિ. શહા**

## અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| ૧. | ત્રણ લોક – સામાન્ય સ્વરૂપ | ૧ |
| ૨. | આઠ પૃથ્વીઓ, વાતવલય | ૧૪ |
| ૩. | અધોલોક – નરક | ૨૬ |
| ૪. | નારકીઓમાં ગતિ – આગતિ | ૪૧ |
| ૫. | શલાકાપુરુષ, અન્ય શંકા સમાધાન | ૫૫ |
| ૬. | અધોલોકના દેવ – ભવનવાસી | ૬૯ |
| ૭. | અધોલોકના દેવ – વ્યંતર | ૭૯ |
| ૮. | ઊર્ધ્વલોક – સ્વર્ગોના વિમાન | ૯૦ |
| ૯. | વૈમાનિક ઈન્દ્ર | ૧૦૩ |
| ૧૦. | દેવોમાં ગતિ – આગતિ, મધ્યલોક | ૧૧૫ |
| ૧૧. | મધ્યલોક : દ્વીપ – સમુદ્ર | ૧૨૬ |
| ૧૨. | જમ્બૂદ્વીપ | ૧૩૩ |
| ૧૩. | ભરતક્ષેત્ર | ૧૪૪ |
| ૧૪. | ભોગભૂમિ, વિદેહક્ષેત્ર | ૧૫૦ |
| ૧૫. | વિદ્યાધર, કુભોગભૂમિ | ૧૬૦ |
| ૧૬. | લવણસમુદ્રના પાતાળ | ૧૭૦ |
| ૧૭. | જ્યોતિષ્કવિમાન | ૧૭૯ |
| ૧૮. | પંચમેરુ | ૧૯૦ |
| ૧૯. | નંદીશ્વર દ્વીપ | ૧૯૭ |
| ૨૦. | અકૃત્રિમ જિનચૈત્યાલય – વર્ણન | ૨૦૪ |

# ત્રિલોકરચના – જૈન ભૂગોળ

**ૐ નમઃ સિદ્ધેભ્યઃ, ૐ નમઃ સિદ્ધેભ્યઃ, ૐ નમઃ સિદ્ધેભ્યઃ ।**

**॥ ૐ શુદ્ધાત્મને નમઃ ॥**

**મંગલાચરણ**

ત્રિભુવનસાર અપારગુન, જ્ઞાયક નાયકસંત ।
ત્રિભુવન હિતકારી નમોં, શ્રી અરહંત મહંત ॥

તીનભુવન કે મુકુટ મનિ, ગુન અનંતમય શુદ્ધ ।
નમોં સિદ્ધ પરમાતમા, વીતરાગ અવિરુદ્ધ ॥

તીનભુવન થિતિ જાનિ કૈં, આપ આપમય હોય ।
પરતે ભયેં વિરક્ત અતિ, નમોં મહામુનિ સોય ॥

તીનભુવન મંદિર વિષૈં, અર્થ પ્રકાસન હાર ।
જૈન વચન દીપક નમોં, જ્ઞાનકરન ગુણધાર ॥

તીનભુવન મહિં જે લસૈં, ચૈત્ય ચૈત્યગ્રહસાર ।
તે સબ વંદો ભાવજુત, સુભકારન સુખકાર ॥

ઐસે મંગલરૂપ સબ, તિનકે બંદે પાંય ।
અબ કિછુ રચના કહત હોં, નાનાવિધિ સુખદાય ॥

## ૧. ત્રણ લોક - સામાન્ય સ્વરૂપ

સર્વજ્ઞ ભગવાનની વાણી અનુસાર દ્વાદશાંગની જે રચના થઈ છે અને એ આગમ પરંપરામાં આચાર્ય શ્રી નેમિચંદ્ર સિદ્ધાંત ચક્રવર્તીએ ત્રિલોકસાર ગ્રંથની રચના કરી છે, એ ગ્રંથની સંસ્કૃત ટીકાના આધારે પંડિત ટોડરમલજીએ ત્રિલોકસાર ગ્રંથની ઢૂંઢારી ભાષામાં ભાષાટીકા લખી છે. સન્ ૧૯૧૮માં પ્રકાશિત આ ગ્રંથની પ્રત અમને કારંજાના પ્રજ્ઞાબેન ડોણગાવકરથી પ્રાપ્ત થઈ.

સ્વામી કાર્તિકેય દ્વારા રચિત કાર્તિકેયાનુપ્રેક્ષા ગ્રંથના લોકભાવના અધિકારમાં ત્રણલોકનું વિસ્તૃત વર્ણન છે. દિલ્હીથી પ્રકાશિત અન્ય ગ્રંથના આધારે તથા તત્ત્વાર્થસૂત્ર ગ્રંથની અનેક ટીકાઓમાં ત્રિલોકનું સ્વરૂપ વર્ણન કરવામાં આવ્યું છે. આ બધા ગ્રંથોના આધારપૂર્વક અમે અહીં વિશ્વનું સ્વરૂપ—ત્રણ લોકનું—ત્રણ ભુવનનું સ્વરૂપ જોવા જઈ રહ્યા છીએ.

મંગલાચરણમાં ત્રણ ભુવનમાં સર્વ ચૈત્ય-ચૈત્યાલયોને ભાવથી નમસ્કાર કરીને આપણે વિશ્વનું સ્વરૂપ—ત્રણ લોકની રચના જોવા જઈ રહ્યા છીએ. ત્રણ લોકનું સાચું સ્વરૂપ જાણવું હોય તો અલોકાકાશ સહિત સમગ્ર લોકને પ્રત્યક્ષ જાણવાવાળા સર્વજ્ઞ ભગવાને જે કહ્યું છે તે જ જાણશું, કારણ કે તે જ પરમ સત્ય છે, પ્રમાણ છે. રત્નકરંડ શ્રાવકાચાર ગ્રંથમાં સ્વામી સમંતભદ્રાચાર્ય લખે છે—

**નમઃ શ્રી વર્ધમાનાય નિર્ધૂત કલિલાત્મને ।**
**સાલોકાનાં ત્રિલોકાનાં યદ્વિદ્યા દર્પણાયતે ॥**

જેમના કેવળજ્ઞાનમાં અલોક સહિત ત્રણ લોક ઝળકે છે અર્થાત્ સર્વજ્ઞ ભગવાન આ ત્રણ લોકને તથા તેનાથી અનંતગુણા એવા અલોકાકાશને પ્રત્યક્ષ-સ્પષ્ટ જાણે છે, તેમણે જે-જે જાણ્યું છે તે તેમની વાણીમાં—દિવ્યધ્વનિમાં આવ્યું છે. તેમની વાણી અનુસાર ગણધરોએ બાર અંગ અને ચૌદ પ્રકીર્ણક (અંગબાહ્ય)ની રચના કરી છે. સત્ય મહાવ્રતધારી આચાર્યોની પરંપરાથી આ વાત ચાલતી આવી અને કાળાંતરમાં આ ગ્રંથ લિપિબદ્ધ થયા. તે જ જિનાગમના આધારે હવે આપણે જોઈશું કે તે ત્રણ લોક ક્યા છે? ક્યાં છે? તેમાં ક્યા-ક્યા જીવ ક્યાં રહે છે? આપણે ક્યાં રહીએ છીએ? સિદ્ધ ભગવાન ક્યાં બિરાજમાન છે? અરિહંત ક્યાં છે? આપણે અનાદિથી ક્યાં-ક્યાં જન્મ-મરણ કરતાં આવ્યા છીએ? ક્યાં-ક્યાં ફરીને આવ્યા છીએ?—જોઈએ તો ખરા!

જેણે અમેરિકા, યુરોપ, કાશ્મિર જાવું હોય તો જતાં પહેલાં તે ત્યાંની જાણકારી લે છે, આવ્યા બાદ પણ ત્યાંના ફોટા જોઈ-જોઈને યાદ કરે છે—સ્મરણમાં લાવે છે. આપણે પણ જોઈશું કે આપણે ક્યાં-ક્યાં ફરીને અહીં આવ્યા છીએ.

આપણે સ્કૂલમાં જે ભૂગોળ શીખ્યા છીએ, લૌકિકમાં જે વૈજ્ઞાનિકોએ કહ્યું છે

તેની સાથે આની તુલના કરવાનો જરાય પણ પ્રયત્ન કરતાં નહીં, કારણ કે આપણે તો અલ્પજ્ઞાની છીએ—ક્ષયોપશમજ્ઞાની છીએ. વૈજ્ઞાનિકોએ થોડી ઘણી વાતો શોધી કાઢી છે તેને જ સત્ય માનીને—સ્ટૅન્ડર્ડ માનીને આપણે સર્વજ્ઞની કહેલી વાતોનો—તેમની સત્યતા-અસત્યતાનો નિર્ણય કરવા જઈએ છીએ. શું તમે જાણો છો કે વૈજ્ઞાનિક—સાઈંટિસ્ટ કોને કહેવા? હું કહું છું કે વૈજ્ઞાનિક તેને જ કહે છે કે જેમની શોધ ક્યારે પણ પૂરી નથી થતી, તેઓ તો સદાય કાંઈકને કાંઈક નવું શોધતા રહે છે, કાંઈપણ નવું બનાવતા નથી. અન્ય લોકોથી થોડું કાંઈ વધારે જાણે છે પરંતુ બધું જ નથી જાણતા, જે કાંઈ જાણે છે તેમાં પણ ઘણી પરાધીનતા છે.

સર્વજ્ઞ તો તેમને કહીએ કે જે બધું જ અર્થાત્ ત્રણ લોક અને અલોકના બધા જ દ્રવ્યોને, ત્રણ કાળની તે બધાની અવસ્થાઓને પોતાના જ્ઞાનમાં પ્રત્યક્ષ—સ્પષ્ટ એક સાથે એક સમયમાં જાણે છે. વિશ્વમાં એવી કોઈ પણ વસ્તુ નથી કે જે એમના જ્ઞાનથી બહાર હોય, તેથી આપણને સર્વજ્ઞના કથન અનુસાર ત્રણ લોકનું સ્વરૂપ સમજવું છે. તે પરમ સત્ય છે, તેને આપણા લૌકિક જ્ઞાનના આધારે સિદ્ધ કરવાની જરૂર નથી. સર્વજ્ઞનું સ્વરૂપ અને સર્વજ્ઞની સિદ્ધિ તે આપણો વર્તમાનનો વિષય નથી, તેની ચર્ચા મેં 'કારણ-કાર્ય રહસ્ય' પુસ્તકમાં વિસ્તારથી કરી છે. સર્વજ્ઞ ભગવાનની માત્ર પૂજા કરવી, અષ્ટ દ્રવ્ય ચડાવવા, તેમની ભક્તિ કરવી તે તેમની સાચી શ્રદ્ધા નથી કહેવાતી, પરંતુ તેમની વાણીની—તેમના વચનની શ્રદ્ધા કરવી—વિશ્વાસ કરવો તે જ તેમની સાચી શ્રદ્ધા છે.

ત્રિલોકસાર આદિ ગ્રંથ જોઈશું તો ગણિતના જ્ઞાન અને કથન વિના આ રચના કહી શકતા નથી, પરંતુ મેં બધાને વાયદો કર્યો છે કે હું ગણિત છોડીને ત્રિલોકરચના સમજાવીશ. આ કહેવું એવું છે કે જેવી રીતે હું મૌન રહીને ભણાવીશ. જેને ગણિત પ્રત્યે અરુચિ છે અથવા કાંઈ સમજમાં નથી આવતું તેઓ પરેશાન થઈ જાય છે અને તેનો અભ્યાસ જ છોડી દે છે. પરંતુ આપણે અહીં એકદમ સ્થૂળ પરંતુ મહત્વની વાતો કરીશું, સૂક્ષ્મ ચર્ચા નહીં કરીએ.

અહીં અમારા ઘણા લોકો દ્રવ્યાનુયોગના સારા જાણકાર છે, નિયમિત સ્વાધ્યાયી છે. અનેકોના મનમાં એ સવાલ છે કે, કેટલાય લોકોએ પૂછ્યું પણ હતું કે આ ભૂગોળ જાણવાથી અમારા આત્માનું કલ્યાણ કેવી રીતે થાય? અમે ત્રિકાળી ધ્રુવ ભગવાન આત્મા

છીએ. અમે જાણીએ છીએ કે ત્રિકાળી આત્માને જાણવાથી જ મુક્તિ પ્રાપ્ત થાય છે. અમને તો આત્માને જ જાણવો છે, અન્ય વાતોને જાણવાથી શું ફાયદો?

આત્મા બધાને જાણવાવાળું દ્રવ્ય છે, તે કોને જાણે છે તે તમને ખબર છે? આત્મા સ્વદ્રવ્ય અને પરદ્રવ્યને પણ, સ્વક્ષેત્ર અને પરક્ષેત્રને પણ, સ્વકાળ અને પરકાળને પણ, સ્વભાવ અને પરભાવને પણ જાણે છે. તેનો બધું જ જાણવાનો સ્વભાવ છે, તો સત્ય જાણવાનો સ્વભાવ છે અથવા ખોટું જાણવાનો સ્વભાવ છે અથવા નહીં જાણવાનો સ્વભાવ છે? તેનો નિર્ણય થવો આવશ્યક છે.

ત્રણ લોકના અસ્તિત્વ વિષે, તેની રચના વિષે શું તમે નિઃશંક છો? લોકો કહે પણ છે કે 'સ્વર્ગ-નરક બધી ખોટી વાત છે—કલ્પના છે, લોકોને પાપથી હટાવીને પુણ્યમાં લગાવવા માટે આચાર્યોએ ગ્રંથ લખ્યા છે. શું તમને કોઈ મૃત વ્યક્તિ તરફથી સ્વર્ગ અથવા નરકથી કોઈ ટપાલ, ફોન કંઈ આવ્યું છે?'

જેને આસ્તિકતા નથી હોતી, જેને નિઃશંકિત અંગ નથી તે સમ્યગ્દષ્ટિ કેવો?

પંડિત ટોડરમલજીએ પણ ત્રિલોકસાર ભાષાટીકાની ભૂમિકામાં લખ્યું છે કે "કોઈ પૂછે છે કે 'ભૂગોળના જ્ઞાનથી અમારું કલ્યાણ કઈ રીતે થશે? તેમાં નિશ્ચય ધર્મની અથવા વ્યવહારધર્મની તો કોઈ વાત જ આવી નથી અને કલ્યાણ તો ધર્મનું સાધન કરવાથી થાય છે. એ ગ્રંથમાં તો ક્ષેત્ર આદિનું પ્રમાણ, સ્થાનોના આકાર, નારક આદિ જીવોનું આયુષ્ય, શરીર ઈત્યાદિનું નિરૂપણ છે; તો તેનાથી ધર્મસાધના કેવી રીતે થશે?'

ઉત્તર :—મોક્ષનું કારણ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રધર્મ છે. ત્યાં સમ્યક્ત્વ પહેલો ધર્મ છે. સમ્યક્ત્વની પ્રાપ્તિ સંશય દૂર થવાથી થાય છે. લોકના વિષે અન્યમતીઓની અનેક ભ્રામક કલ્પનાઓ છે. જિનમતમાં કહેલ વિશ્વનું સાચું સ્વરૂપ જાણવાથી આસ્રવ-બંધના ફળ નરક-સ્વર્ગ આદિ કહ્યા છે તેના વિશેષોનું જાણવું થાય છે, આસ્રવ-બંધના અભાવથી સંવર-નિર્જરા થાય છે જેનું ફળ મોક્ષ છે. તે સિદ્ધોના સ્થાન આદિ વિશેષ જાણશું તો તત્ત્વશ્રદ્ધાનમાં સંશય નહીં રહે, શ્રદ્ધાન દૃઢ થશે.

બીજો સમ્યગ્જ્ઞાન ધર્મ છે. આ શાસ્ત્રનો અભ્યાસ કરવાથી મિથ્યાત્વ, કષાય, હિંસા આદિ પાપકાર્યોની વૃદ્ધિ થતી નથી, હાનિ જ થાય છે. તેથી તેનો અભ્યાસ પોતામાં જ સમ્યગ્જ્ઞાનરૂપ છે.

ત્રીજો સમ્યક્ચારિત્ર ધર્મ છે, તે સરાગ, વીતરાગ ભેદ સહિત છે. અશુભ પ્રવૃત્તિ છૂટીને શુભ પ્રવૃત્તિ થવાથી સરાગ ચારિત્ર થાય છે. કોઈ આ શાસ્ત્રથી અશુભનું ફળ નરક આદિ અને શુભનું ફળ સ્વર્ગ આદિ જાણશે તો હિંસાદિ પાપને છોડીને વ્રત આદિ શુભમાં પ્રવર્તશે તથા રાગ-દ્વેષ ઉત્પન્ન કરવાવાળા વિચાર દૂર થવાથી વીતરાગ ચારિત્ર થાય છે. લોકના સ્વરૂપનો વિચાર કરવાથી આ પર્યાય સંબંધી કાંઈપણ પ્રયોજન સિદ્ધ નથી થતું અને વિના પ્રયોજન (લાભ-હાનિ વિના) રાગ-દ્વેષ શું કામ ઉપજશે? તેથી વીતરાગભાવ સહજ જ થાય છે.

અહીં કોઈ પૂછશે કે 'આટલા વિકલ્પ થવાથી વીતરાગતા કેવી રીતે રહેશે?' તેનો ઉત્તર—જડ થવાથી વિકલ્પ દૂર થશે. જ્ઞાનનું સ્વરૂપ તો સવિકલ્પ જ છે. કોઈ જ્ઞેયને જાણશે જ, તેથી જ્ઞેય જાણવારૂપ વિકલ્પોથી વીતરાગતાનો અભાવ નથી થતો, જેનાથી રાગ-દ્વેષ ઉત્પન્ન થાય છે એવા વિકલ્પોથી વીતરાગતાનો અભાવ થાય છે.

આ શાસ્ત્રના અભ્યાસને કાર્યકારી જાણીને તેને જાણવું, વાંચવું, શીખવું, સાંભળવો આદિરૂપ અભ્યાસમાં તત્પર રહેવું યોગ્ય છે.''

પં. ટોડરમલજી આગળ લખે છે કે ''હવે આ શાસ્ત્રના વક્તા અને શ્રોતા કેવા હોવા જોઈએ તે કહીએ છીએ. પ્રથમ તો જિનવચનના શ્રદ્ધાની હોવા જોઈએ, જો શ્રદ્ધાની ન હોય તો પ્રત્યક્ષ અને અનુમાનથી અગોચર એવા ત્રણ લોકના સ્વરૂપને તેઓ કેવી રીતે સત્ય જાણશે? તેમને ધર્મબુદ્ધિ હોવી જોઈએ. ધર્મબુદ્ધિ ન હોય તો તેમાં અન્ય શારીરિક પ્રયોજન તો કાંઈ છે નહીં, તો તેમાં કેમ લાગશે? જો પાંડિત્ય પ્રગટ કરવા માટે લાગશે તો કષાયભાવથી ઉલટાનું ખરાબ જ થશે. ગણિત આદિ જ્ઞાન સહિત હોવા જોઈએ, નહીં તો ગ્રંથનો અર્થ ભાસિત નહીં થાય. કથનનો નિર્ણય કરીને તત્ત્વજ્ઞાન દૃઢ કરવાનો જેમનો અભિપ્રાય હોય, વાદ આદિનો અભિપ્રાય ન હોય. જો આવું ન હોય તો ગ્રંથના અભ્યાસનું ફળ ઉપયોગને નિર્મળ કરવો તે પ્રાપ્ત નહીં થાય. ક્ષમા, સંતોષ, ન્યાયપ્રવૃત્તિ સહિત હોય; જો આમ ન હોય તો શોભા પ્રાપ્ત નહીં થાય.''

પંડિતજી આગળ લખે છે, ''આ જૈનમતનું આગમ છે—જિનેન્દ્ર દ્વારા કથિત છે તેથી પ્રમાણ છે, તેને સિદ્ધ કરવા માટે અન્ય પ્રમાણની આવશ્યકતા નથી. તેનું શ્રદ્ધાન કરીને તેના અભ્યાસ દ્વારા તત્ત્વશ્રદ્ધાની થઈને તત્ત્વજ્ઞાનને વધારીને રાગાદિને

ઘટાડીને મોક્ષમાર્ગી થાઓ અને સિદ્ધ અવસ્થા પ્રાપ્ત કરો.''

ધર્મધ્યાનના ચાર ભેદોમાં સંસ્થાનવિચય ધર્મધ્યાનમાં પણ ત્રિલોક રચનાનું—લોકના સ્વરૂપનું ચિંતવન થાય છે. કાર્તિકેયાનુપ્રેક્ષા નામના ગ્રંથમાં બાર ભાવના અર્થાત્ અનુપ્રેક્ષાઓનું વર્ણન છે. તેમાં લોકભાવના અર્થાત્ લોકાનુપ્રેક્ષાનું વિસ્તૃત વર્ણન છે. આ ભાવનાઓનું ચિંતવન મુખ્યરૂપથી મુનિરાજ કરે છે, સમ્યગ્દષ્ટિ કરે છે. તેનું ચિંતન તો વૈરાગ્યને ઉત્પન્ન કરવાવાળું છે, આનંદ ઉપજાવવાવાળું છે. છઢાળામાં પણ કહ્યું છે, 'વૈરાગ્ય ઉપાવન માઈ ચિન્તૈ અનુપ્રેક્ષા ભાઈ' જો ત્રણ લોકના સ્વરૂપનું ચિંતવન નકામું હોત તો મુનિરાજ તેનું ચિંતવન શું કામ કરતા? તેમનો ટાઈમપાસ થતો ન હતો કે તેમણે આટલા મોટા ગ્રંથ લખ્યા?

વિકલ્પના નામે આપણે તે સમજવા માગતા નથી. લોકો શેનાથી ડરી રહ્યા છે? વિકલ્પોથી—શાસ્ત્રોના વિકલ્પોથી? ઘર-ગૃહસ્થીના વિકલ્પોથી નહીં! ગણિતને, કરણાનુયોગના અભ્યાસને વિકલ્પ કહીને છોડવા માગે છે. આ અભિપ્રાયની મોટી ભૂલ છે. જો તમે જડ, અચેતન થઈ જશો તો વિકલ્પ દૂર થઈ જશે. આપણે વિકલ્પના નામે જડ થવા માગીએ છીએ. આપણને કેવું જ્ઞાન જોઈએ? જ્ઞેય વિનાનું! તમે મને એવો અરીસો આપો કે જેમાં કોઈ પ્રતિબિંબ ન ઝળકતું હોય. અરે! આપણે તેને દર્પણ જ નહીં કહીએ. જેવી રીતે દર્પણનો સ્વભાવ પ્રતિબિંબિત કરવાનો છે તેવી રીતે જ્ઞાનનો સ્વભાવ જાણવાનો છે, તે બધા જ્ઞેયોને જાણે જ છે.

જ્ઞેયને જાણવાથી જ્ઞાનની જ તો સિદ્ધિ અને પ્રસિદ્ધિ થાય છે. જ્ઞાનીને તો બધી જ જગ્યાએ જ્ઞાન જ જ્ઞાન દેખાય છે, કારણ કે જ્ઞેયનો જાણવારૂપ જ્ઞાનની જ પરિણતિ થઈ રહી છે. કોઈ પણ વસ્તુને જાણે—જડને જાણે, શાસ્ત્રને જાણે, અરિહંતને જાણે, જાણવામાં તો આત્મા જ પ્રતિભાસિત થાય છે. કોઈ જ્ઞેયને જાણવાથી વીતરાગતાનો અભાવ નથી થતો પરંતુ ત્યાં જો રાગ-દ્વેષ ઉત્પન્ન થાય છે તો એવા વિકલ્પોથી વીતરાગતાનો અભાવ થાય છે, આપણું નુકશાન થાય છે.

લોકાનુપ્રેક્ષામાં ફક્ત ભૂગોળનું—ભૌગોલિક પરિસ્થિતિનું વર્ણન નથી. ત્યાં પણ જીવોના ભેદ, તેમની સંખ્યા, તે ક્યાં રહે છે, કેવી રીતે રહે છે, ક્યા-ક્યા જીવો ક્યાં જન્મ લે છે, મરીને કોણ ક્યાં જાય છે, કોણ નિર્વાણ પ્રાપ્ત કરી શકે છે આદિ ઘણી

વાતો આવે છે કે જે આપણે ક્રમથી જોવા જઈ રહ્યા છીએ. સર્વપ્રથમ આ લોક ક્યાં છે તે જોઈએ છીએ. ત્રિલોકસારની ગાથા ત્રણ આ પ્રકારે છે—

સવ્વાગાસમણંતં તસ્સ ય બહુમજ્ઝદેસભાગમ્હિ ।
લોગોસંખપદેસો જગસેઢિઘણપ્પમાણો હુ ॥

કાર્તિકેયાનુપ્રેક્ષા ગાથા ૧૧૫માં કહ્યું છે—

સવ્વાગાસમણંતં તસ્સ ય બહુમજ્ઝસંઠિઓ લોઓ ।
સો કેણ વિ ણેય કઓ, ણ ય ધરિઓ હરિહરાદીહિં ॥

સર્વ આકાશ અનંતપ્રદેશી છે, તેના બહુમધ્યભાગમાં–વચ્ચોવચ લોક છે. તે લોક અસંખ્યાતપ્રદેશી છે–ઘનસ્વરૂપ છે–લંબાઈ, પહોળાઈ, ઊંચાઈરૂપ ઘન છે–થ્રી ડાયમેન્શનવાળો છે. તેનું પ્રમાણ જગત્શ્રેણીના ઘનપ્રમાણ છે કે જેની ચર્ચા આગળ કરીશું.

લોગો અકિટ્ટિમો ખલુ અણાઇણિહણો સહાવણિવ્વત્તો ।
જીવાજીવેહિં ફુડો સવ્વાગાસવયવો ણિચ્ચો ॥

જૈનાચાર્યોની એવી વિશેષતા છે કે જિનમતનું કથન કરતા થકા તે જ કથન દ્વારા તે પરમતનું–અન્યમતીઓની ભ્રામક કલ્પનાઓનું ખંડન–નિરાકરણ કરે છે. 'લોક છે' એમ કહેવાથી તેના અસ્તિત્વની સિદ્ધિ થાય છે અને શૂન્યવાદીનું નિકારણ થાય છે; 'એક બ્રહ્મ જ છે, બાકી કાંઈ જ નથી' એમ કહેવાવાળાના મતનું ખંડન થઈ જાય છે. 'અકૃત્રિમ છે, કોઈએ બનાવ્યું નથી' એમ કહેવાથી ઈશ્વરકર્તાવાદનું નિરાકરણ થાય છે. 'કોઈએ ધારણ કર્યો નથી' એમ કહેવાથી 'આ વિશ્વને શેષનાગે ધારણ કર્યો છે' એવા મતનું ખંડન થાય છે. 'અનાદિનિધન છે' એમ કહેવાથી 'આ સૃષ્ટિનો સંહાર થશે' એમ માનવાવાળાનું નિરાકરણ થાય છે. 'જીવ અને અજીવ દ્રવ્યોથી આ લોક ભરેલો છે' એમ કહેવાથી સર્વ છ દ્રવ્યોનું અસ્તિત્વ સિદ્ધ થાય છે, લોકને માયામયી કહેવાવાળાનું નિરાકરણ થાય છે. સર્વ આકાશનો અવયવ કહેવાથી અલોકાકાશની સિદ્ધિ થાય છે. નિત્ય શાશ્વત કહેવાથી ક્ષણિકવાદનું ખંડન થાય છે. આકાશના જેટલા ક્ષેત્રમાં ધર્મદ્રવ્ય, અધર્મદ્રવ્ય વ્યાપ્ત છે, જ્યાં જીવ અને પુદ્ગલ તથા કાળાણુ જોવા મળે છે તેટલા ક્ષેત્રને લોક કહે છે, કારણ કે અહીં 'છહ દ્રવ્ય લોક્યતે' અર્થાત્ અવલોકનમાં આવે છે–જોવા મળે છે.

લોકાકાશના જે ચિત્રો આપણે જોઈએ છીએ તેવું કાગળ જેવું એ લોકાકાશ ફ્લેટ—સપાટ નથી. આપણે તો તેમાં આશીર્વાદ આપતો એક હાથ જોયો છે તથા નીચે લખ્યું છે કે 'પરસ્પરોપગ્રહો જીવાનામ્'. શું આવું લોકાકાશ છે?

લોક તો ઘનસ્વરૂપ છે, થ્રી ડાયમેન્શનલ અર્થાત ત્રણ બાજુવાળો છે. તેની ઊંચાઈ ૧૪ રાજૂ, પહોળાઈ દક્ષિણોત્તર સર્વત્ર ૭ રાજૂ અને પૂર્વ-પશ્ચિમ દિશામાં હીનાધિક છે. નીચે ૭ રાજૂ, મધ્યમાં ૧ રાજૂ, ઉપર ૩$\frac{૧}{૨}$ રાજૂ જઈને પહોળાઈ ૫ રાજૂ અને અંતમાં ફરી ૧ રાજૂ થઈ જાય છે. પૂર્વ-પશ્ચિમની આ ૪ બાજુની એવરેજ - સરારાશ (૭ + ૧ + ૫ + ૧) ÷ ૪ = $\frac{૧૪}{૪}$ = $\frac{૭}{૨}$ રાજૂ છે. હવે આ ત્રણ બાજુઓનો -લંબાઈ, પહોળાઈ અને જાડાઈનો ગુણાકાર કરવાથી આપણને લોકાકાશનું ઘનફળ મળશે. $\cancel{૧૪}^{૭}$ રાજૂ × ૭ રાજૂ × $\frac{\cancel{૧૪}^{૭}}{\cancel{૪}_{\cancel{૨}_{૧}}}$ રાજૂ અર્થાત્ ૭ રાજૂ × ૭ રાજૂ × ૭ રાજૂ = ૩૪૩ ઘનરાજૂ. ૭ રાજૂને જગત્શ્રેણી કહે છે અને લોકને જગત્ઘન કહે છે.

આપને પ્રશ્ન થશે કે આ રાજૂનું શું માપ છે? તેનું પ્રમાણ તો ખૂબ જ મોટું છે. એક રાજૂમાં અસંખ્યાત યોજન હોય છે. એક યોજન સામાન્યરૂપથી ચાર કોસનું હોય છે પરંતુ અહીં મહાયોજનથી ગણતરી કરવી કે જે પાંચસો ગણું મોટું હોય છે અર્થાત્ ૨૦૦૦ કોસ અર્થાત્ ૪૦૦૦ માઈલનું એક યોજન થાય છે.

આપણે આજકાલ જે અવકાશયાન નીકળ્યા છે તેની ગતિ અથવા સૂર્યનું અંતર આપણે પ્રકાશવર્ષોમાં માપીએ છીએ. જેવી રીતે સૂર્ય આઠ પ્રકાશમિનિટ દૂર છે પરંતુ ત્રિલોકસારમાં તેનું અંતર ૮૦૦ યોજન કહ્યું છે. ૧ રાજૂ જગત્શ્રેણીનો સાતમો ભાગ છે કારણ કે ૭ રાજૂને જગત્શ્રેણી કહે છે. જેને ગણિતમાં રુચિ છે તેમના માટે તેનું માપ આ પ્રકારે છે—

અદ્ધાપલ્યના અર્ધચ્છેદોના અસંખ્યાતમા ભાગ વાર ઘનાંગુલને લખીને પરસ્પરમાં

ગુણા કરવાથી જગત્શ્રેણીનું પ્રમાણ આવે છે. કોઈ સંખ્યાને જેટલી વાર બેનો ભાગ આપી શકાય તેને તે સંખ્યાનો અર્ધચ્છેદ કહે છે. જેવી રીતે ૧૬ સંખ્યાનો અર્ધચ્છેદ ૪ છે. અહીં અંકસંદષ્ટિ અર્થાત્ કાલ્પનિક સંખ્યા માનીને સમજાવે છે. જો આપણે પલ્યને ૧૬ માનીએ તો તેના અર્ધચ્છેદ વાર અર્થાત્ ચાર વાર પલ્ય લખીને પરસ્પર ગુણા કરવાથી સૂચ્યંગુલ એટલે અંગુલ આવે છે. ૧૬ × ૧૬ × ૧૬ × ૧૬ = ૬૫૫૩૬ એને જ પણઠ્ઠી કહે છે. અંગુલનો ઘન ઘનાંગુલ છે. તેથી પણઠ્ઠીનો ઘન ઘનાંગુલ માનીએ છીએ. પલ્ય(૧૬) ના અર્ધચ્છેદો (૪)નો અસંખ્યાતમો ભાગ ૨ માનશું. આટલી વાર પણઠ્ઠીનો ઘન લખીને પરસ્પર ગુણા કરવાથી પણઠ્ઠીનો ઘન × પણઠ્ઠીનો ઘન આવશે. આપણે પલ્યને સોળ માન્યો ત્યારે આ જગત્શ્રેણીનું પ્રમાણ આવ્યું. યથાર્થમાં તો પલ્ય મધ્યમ અસંખ્યાતાસંખ્યાતનો એક ભેદ છે. જગત્શ્રેણી અર્થાત્ ૭ રાજૂ, તેને ૭ નો ભાગ દેવાથી ૧ રાજૂનું પ્રમાણ આવે છે. યથાર્થમાં આ પ્રમાણ કેટલું મોટું થશે એ થોડું વિચારવું.

યથાર્થમાં પલ્ય × પલ્ય × પલ્ય.....(પલ્યના અર્ધચ્છેદ વાર) = સૂચ્યંગુલ.

સૂચ્યંગુલ × સૂચ્યંગુલ × સૂચ્યંગુલ = ઘનાંગુલ.

ઘનાંગુલ × ઘનાંગુલ × ઘનાંગુલ ...... (પલ્યના અર્ધચ્છેદના અસંખ્યાતમા ભાગ વાર) = જગત્શ્રેણી.

જગત્શ્રેણી ÷ ૭ = ૧ રાજૂ.

આ લોકના ત્રણ ભેદ છે જેને આપણે ત્રણ લોક—ત્રણ ભુવન— ત્રિલોકના નામથી જાણીએ છીએ—ઊર્ધ્વલોક, મધ્યલોક, અધોલોક. પૂર્વ-પશ્ચિમ જ્યાં મધ્યમાં ૧ રાજૂ પહોળાઈ છે ત્યાંથી નીચે ૭ રાજૂ અધોલોક છે, ઉપર ૭ રાજૂ ઊર્ધ્વલોક છે. વચ્ચે પૂર્વ-પશ્ચિમ ૧ રાજૂ અને દક્ષિણોત્તર ૭ રાજૂ મધ્યલોક છે કે જેની ઊંચાઈ ૧ લાખ અને ૪૦ યોજન છે, જે સુદર્શનમેરુની ઊંચાઈ છે—જમીનની અંદર ૧૦૦૦ યોજન અને ઉપર ૯૯૦૦૦ યોજન તથા ૪૦ યોજનની તેની ચૂલિકા છે.

મેરુતળથી ૭ રાજૂ ઊંચો ઊર્ધ્વલોક છે અને ૭ રાજૂ નીચે અધોલોક છે.

૩૪૩ ઘનરાજૂ પ્રમાણ લોકાકાશમાં અસંખ્યાત પ્રદેશ છે જેને ‘લોકપ્રમાણ

અસંખ્યાત' કહે છે. અસંખ્યાતના પણ અસંખ્યાત પ્રકાર છે. આવલી, પલ્ય, અંગુલ, જગત્શ્રેણી આદિ અસંખ્યાતના જ ભેદ છે. જેવી રીતે લખપતિના લાખોમાં ભેદ છે. ૧ લાખ રૂપિયા જેની પાસે છે તે લખપતિ, હવે તેમાં ૧-૧ પૈસા વધારતાં જઈએ તો તેઓ પણ લખપતિ કહેવાશે. ૯૯૯૯૯૯૯ રૂપિયા અને ૯૯ પૈસા સુધી બધા લખપતિ અથવા લાખોના ભેદ થશે. તેવી રીતે અસંખ્યાતમાંથી લોકાકાશવાળો અસંખ્યાત સમજવો.

એક જીવદ્રવ્યના પણ અસંખ્યાત પ્રદેશ હોય છે. કેટલા અસંખ્યાત? એક લોક પ્રમાણ અસંખ્યાત હોય છે. પ્રત્યેક જીવના પ્રદેશ લોકાકાશ પ્રમાણ અસંખ્યાત હોય છે તેવા અનંત જીવ એક લોકાકાશમાં રહે છે. તે બધામાં સંકોચ-વિસ્તાર શક્તિ હોવાના કારણે તથા પરસ્પર એકક્ષેત્રાવગાહપણાથી રહેવાના કારણે અનંત જીવ આ જ એક લોકમાં રહે છે.

શું તમે જાણો છો કે ૩૪૩ ઘનરાજૂ વ્યાપેલા કોઈ જીવ હોય છે? હાં, કેવળી સમુદ્ઘાતમાં જ્યારે લોકપૂરણ સમુદ્ઘાત અવસ્થા થાય છે ત્યારે તે જીવના સર્વ પ્રદેશ પૂરા લોકાકાશમાં ફેલાઈ જાય છે—૩૪૩ ઘનરાજૂ પ્રમાણ થઈ જાય છે.

શું જીવ સિવાય પણ આ લોકમાં બીજું કાંઈ છે? તો અનંતાનંત પુદ્ગલ પણ છે. જેટલા જીવ છે તેનાથી અનંતાનંતગુણા પુદ્ગલ દ્રવ્ય આ લોકમાં રહે છે, લોકની બહાર નહીં. પુદ્ગલોના પરમાણુ અનંત, બે પરમાણુઓના સ્કંધ અનંત, ત્રણ પરમાણુઓના સ્કંધ અનંત, ક્રમથી વધતા વધતા સંખ્યાત, અસંખ્યાત, અનંત પરમાણુઓના સ્કંધ લોકમાં અનંતાનંત જોવા મળે છે. લોકાકાશના એક-એક પ્રદેશમાં એવા અનંત સ્કંધ એક ક્ષેત્રાવગાહરૂપથી જોવા મળે છે. પૂરા લોકાકાશ પ્રમાણ આકારવાળા સંપૂર્ણ લોકાકાશમાં જે વ્યાપ્ત છે અને જે અનંતાનંત પરમાણુઓનો સ્કંધ છે તેનું નામ મહાસ્કંધ છે. આ એક મહાસ્કંધમાં બધા જીવ રહે છે—બધા જ પરમાણુ, બધા જ સ્કંધ પણ જોવા મળે છે. છએ દ્રવ્ય એકબીજાને અવગાહના આપે છે તેમ છતાં પ્રત્યેક દ્રવ્ય પોતપોતાની સત્તામાં રહે છે.

આ લોકાકાશ પ્રમાણ પૂરો એક ધર્મદ્રવ્ય તથા એક અધર્મદ્રવ્ય છે. લોકાકાશના પ્રદેશ તો છે જ, તેની બહાર બધી જ દિશાઓમાં અનંતાનંત ફેલાયેલો આકાશ છે

કે જેને આપણે અલોકાકાશ કહીએ છીએ, જ્યાં અન્ય દ્રવ્ય જોવા મળતા નથી. લોકાકાશના એક-એક પ્રદેશ પર એક-એક કાળદ્રવ્ય સ્થિત છે. એક-એક પ્રદેશી અસંખ્યાત કાળદ્રવ્ય છે. જેટલા લોકના પ્રદેશ છે તેટલા જ કાળદ્રવ્ય છે. તેથી કાળદ્રવ્યની સંખ્યા લોકપ્રમાણ અસંખ્યાત છે.

તમારો પ્રશ્ન છે કે લોકનો આકાર બદલાતો હશે? અનાદિથી લોકનો આકાર તેવોને તેવો છે. પ્રશ્ન છે કે તો શું લોકાકાશમાં પરિવર્તન નથી થતું? થાય છે, કારણ કે છ દ્રવ્યોના સમૂહથી લોક બનેલો છે. જેવી રીતે દ્રવ્ય નિત્ય છે તેવી રીતે લોક પણ નિત્ય છે અને જેવી રીતે દ્રવ્ય પરિણમનશીલ છે તેવી રીતે લોક પણ પરિણમનશીલ છે. તેથી લોક કહેતાં છ દ્રવ્ય સમજી લેવા જોઈએ તથાપિ અહીં ભૌગોલિક રચનાની મુખ્યતાથી હવે ચર્ચા કરીશું.

અહીં લોકના ત્રણ વિભાગ છે—ઊર્ધ્વલોક, મધ્યલોક અને અધોલોક. તમે ત્રસનાલી શબ્દ સાંભળ્યો હશે. તેને ત્રસનાડી પણ કહે છે. આ ત્રસનાડી શું છે? જ્યાં ત્રસ જીવો રહે છે–જોવા મળે છે તે ત્રસનાડી છે. અનંત જીવ લોકમાં સર્વત્ર રહે છે પરંતુ ત્રસ જીવ અર્થાત્ દ્વીન્દ્રિય, ત્રીન્દ્રિય, ચતુરિન્દ્રિય, અસંજ્ઞી અને સંજ્ઞી પંચેન્દ્રિય જીવ જ્યાં જોવા મળે છે તેને ત્રસનાડી કહે છે. ત્રસ કોને કહેવા? હલનચલન કરે તેને? નહીં, ત્રસનામકર્મનો ઉદય જેને હોય છે તેને ત્રસજીવ કહે છે.

સ્થાવર અર્થાત્ પાંચેય પ્રકારના એકેન્દ્રિય જીવ અર્થાત્ પૃથ્વીકાયિક, જલકાયિક, અગ્નિકાયિક, વાયુકાયિક અને વનસ્પતિકાયિક જીવોને સ્થાવર કહેવામાં આવે છે. આ બધાય એકેન્દ્રિય જીવ છે. સ્થાવર અર્થાત્ બધાય એકેન્દ્રિય જીવો પૂરા લોકમાં ૩૪૩ ઘન રાજૂ ક્ષેત્રમાં રહે છે–તેમાં ઠસાઠસ ભરેલા છે અને ત્રસ જીવો ફક્ત ત્રસનાડીમાં જ રહે છે. હવે ત્રસનાડી ક્યાં છે અને કેવી છે તે જોઈએ.

ત્રસનાડી ૧૪ રાજૂ ઊંચાઈવાળા લોકાકાશની બરાબર મધ્યમાં ઉપરથી નીચે સુધી તેટલી જ–૧૪ રાજૂ ઊંચાઈવાળી છે. લોકાકાશની ઉપરની તરફથી જોતાં તે મધ્યમાં–સેન્ટરમાં છે. પૂર્વ-પશ્ચિમ એક રાજૂ, દક્ષિણોત્તર એક રાજૂ એમ ચોરસરૂપ છે. તેમાં જ ત્રસ જીવ અર્થાત્ દ્વીન્દ્રિયાદિ જીવ રહે છે. અહીં એકેન્દ્રિય જીવ પણ રહે છે. તે તો પૂરા લોકમાં રહે છે, લોકમાં તેમનું જ રાજ્ય છે.

મારો પ્રશ્ન છે કે દેવ ક્યાં રહે છે? ઊર્ધ્વલોકમાં? શું એકલા ઊર્ધ્વલોકમાં જ રહે છે એવું તમે કહી રહ્યા છો?

દેવ તો ઊર્ધ્વલોક, મધ્યલોક, અધોલોક ત્રણે સ્થાનમાં રહે છે. અધોલોકમાં ભવનવાસી, વ્યંતર રહે છે. મધ્યલોકમાં દ્વીપ સમુદ્રો પર વ્યંતરોના આવાસ છે, જ્યોતિષીઓના વિમાન તો મધ્યલોકમાં જ છે, ઊર્ધ્વલોકમાં તો અન્ય વૈમાનિક દેવ રહે જ છે. આમ દેવો ઊર્ધ્વલોક, મધ્યલોક અને અધોલોકમાં રહે છે.

નારકી ક્યાં રહે છે? નારકી અધોલોકમાં રહે છે. દેવ હોય કે નારકી, ત્રસનાડીની બહાર તો રહેતા જ નથી.

તિર્યંચ ક્યાં રહે છે? તિર્યંચ પૂરા લોકમાં રહે છે, કારણ કે એકેન્દ્રિય જીવ તિર્યંચ જ છે. પરંતુ કોઈ પૂછે કે વિકલેન્દ્રિય ક્યાં રહે છે? તો તે માત્ર કર્મભૂમિમાં જ રહે છે, પૂરા મધ્યલોકમાં રહેતા નથી. અઢી દ્વીપમાં જ્યાં કર્મભૂમિ છે ત્યાં વિકલેન્દ્રિય રહે છે તથા અંતિમ સ્વયંભૂરમણ સમુદ્રમાં અને સ્વયંભૂરમણ દ્વીપના પર ભાગમાં પણ તે જીવ રહે છે. આ બધી ચર્ચા વિસ્તારથી પછી આવશે. હવે જોવાનું એ છે કે આપણું ક્ષેત્ર ક્યાં છે? મનુષ્ય અઢી દ્વીપમાં રહે છે કે જે ૪૫ લાખ યોજન વ્યાસવાળો ગોળ ક્ષેત્ર છે—મધ્યલોકની બરાબર મધ્યમાં છે.

ચારે ગતિઓની અપેક્ષા મનુષ્યોનું જ ક્ષેત્ર ખૂબ નાનું છે. મનુષ્ય માટે બધું જ લિમિટેડ છે—અલ્પ છે. મનુષ્યોની સંખ્યા, મનુષ્યોનું આયુષ્ય, તેમના રહેવાનું ક્ષેત્ર, લગાતાર મનુષ્યભવ મળવાનો કાળ ખૂબ જ અલ્પ છે, મનુષ્યપર્યાય પ્રાપ્ત થાય તેવા ભાવ થવા પણ અત્યંત દુર્લભ છે. પંડિત ટોડરમલજી કહે છે કે મનુષ્યભવ તો દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી અત્યંત દુર્લભ છે તો આવો મનુષ્યભવ પ્રાપ્ત કરવા માટે અત્યારે આપણે શું કરવું જોઈએ?

અરે ભાઈ! અત્યારે આપણે મનુષ્ય જ છીએ, તે પ્રાપ્ત કરવા માટે કાંઈ કરવાનું નથી. દુર્લભ એવો મનુષ્યભવ આપણને મળ્યો છે તેનો વધારેમાં વધારે સદુપયોગ કરવાનો છે—લાભ ઉઠાવવાનો છે. શાસ્ત્રાભ્યાસની મુખ્યતા તો અહીં જ છે.

જુઓ, હવે આગળ અવસર્પિણી અને ઉત્સર્પિણીની વાત આવશે. અસંખ્યાત અવસર્પિણી—ઉત્સર્પિણીકાળ વ્યતીત થતાં એક હુંડાવસર્પિણીકાળ આવે છે, જે નિકૃષ્ટ

કાળ છે. તેમાં પણ આ પંચમકાળ છે. આવા નિકૃષ્ટથી નિકૃષ્ટકાળમાં આપણને અત્યંત ઉત્કૃષ્ટ એવી જિનવાણી મળી તેથી આપણે મહાભાગ્યવાન છીએ. પરંતુ આપણે ભાગ્યવાન ત્યારે જ કહેવાશું કે જ્યારે આપણે તેનો લાભ ઉઠાવશું, જિનવાણીના અભ્યાસથી પોતાનું કલ્યાણ કરશું અને પોતાનો મનુષ્યભવ સફળ કરીશું.

હવે મારો પ્રશ્ન છે કે જેમ અઢી દ્વીપની બહાર કોઈ મનુષ્ય જઈ શકતા નથી તેવી રીતે ત્રસનાડીની બહાર કોઈ ત્રસ જીવ જઈ શકે છે કે નથી જઈ શકતા?

હાં, તમારું કહેવું છે કે કેવળી ભગવાન સમુદ્‌ઘાત કરે છે તો તેમના આત્મપ્રદેશ પૂરા લોકાલોકમાં ફેલાઈ જાય છે. બરાબર છે. શું એના સિવાય પણ બીજા પણ કોઈ જીવ ત્રસનાડીની બહાર જાય છે?

ત્રસનાડીની બહાર મારણાંતિક સમુદ્‌ઘાત કરવાવાળા ત્રસ જીવોના પ્રદેશ ત્યાં સુધી ફેલાય છે. કોઈ મરણ સન્મુખ ત્રસ જીવ જે મરીને ત્રસનાડીની બહાર એકેન્દ્રિયમાં ઉત્પન્ન થવાવાળો છે તેના આત્મપ્રદેશ મૂળ શરીરને છોડ્યા સિવાય ઉપજવાના સ્થાન સુધી અંતર્મુહૂર્ત સુધી ફેલાયેલા રહે છે. તે સમયે તેનું આયુષ્ય હજુ ત્રસનું જ ચાલી રહ્યું છે તેથી અમે કહેશું કે તે ત્રસનાડીની બહાર જોવા મળે છે.

હવે ત્રસનાડીની બહારનો કોઈ એકેન્દ્રિય જીવ મરીને ત્રસ થયો તો જ્યાં સુધી તે વિગ્રહગતિમાં ત્રસનાડીની બહાર છે ત્યારે આપણે તેને ત્રસ જ કહેશું, કારણ કે વિગ્રહગતિના પહેલા સમયથી જ તેની ત્રસપર્યાય શરૂ થઈ જાય છે.

૧૪ રાજૂ પ્રમાણ લોકના મધ્યમાં ત્રસનાડીના શિખર પર અર્થાત્ ટૉપ પર ૪૫ લાખ યોજન વ્યાસવાળી સિદ્ધશિલા છે. ત્યાં સિદ્ધ ભગવાન બિરાજમાન છે. તે કેટલી લાંબી-પહોળી છે, સિદ્ધ ભગવાન ક્યાં છે, સિદ્ધશિલાના અંદર અથવા બહાર જીવ રહે છે કે નથી રહેતા? એની ચર્ચા આપણે પછી કરીશું.

આ પ્રકારે આપણે લોકના ત્રણ ભાગ—ઊર્ધ્વલોક, મધ્યલોક તથા અધોલોક તથા ત્રસનાડી કોને કહેવી તે વાત સમજ્યા. હવે આપણે વિદેહક્ષેત્રમાં બિરાજમાન પ્રથમ તીર્થંકરદેવને વંદન કરીશું.

બોલો, વિદેહક્ષેત્રમાં બિરાજમાન પ્રથમ તીર્થંકર શ્રી સીમંધર ભગવાનનો જય હો!

# ૨. આઠ પૃથ્વીઓ, વાતવલય


અહીં, મંગલાચરણમાં ત્રણ ભુવનના મુકુટમણિ—એમ કહ્યું. અહીં મુકુટમણિ કોના માટે કહ્યું? સિદ્ધો માટે. સિદ્ધોને મુકુટમણિ કેમ કહ્યા? સિદ્ધ ભગવાન ત્રણ લોકના શિરોમણિ છે અર્થાત્ લોકના સૌથી ઉપરના ભાગમાં બિરાજે છે.

લોકના ત્રણ વિભાગ—અધોલોક, મધ્યલોક અને ઊર્ધ્વલોક તેનું સ્વરૂપ સમજવા માટે કરવામાં આવે છે. જેવી રીતે આકાશદ્રવ્યના બે ભાગ—બે ટુકડા નથી, એક અખંડ આકાશ છે. પરંતુ આપણે સમજવા માટે જ્યાં માત્ર આકાશદ્રવ્ય જ જોવા મળે છે તે અલોકાકાશ અને આકાશના જેટલા ભાગમાં અન્ય પાંચ દ્રવ્ય પણ જોવા મળે છે એવા આકાશના મધ્યમાં તેના અનંતમા ભાગપ્રમાણ લોકાકાશ એવા બે વિભાગ કહેવામાં આવે છે. લોક કહેવાથી ત્યાં છએ દ્રવ્યો સામેલ થઈ જાય છે અને લોકાકાશ તો માત્ર આકાશદ્રવ્યનો જ ભાગ છે. અહીં આપણે લોકની ચર્ચા કરી રહ્યા છીએ.

છેલ્લા એક કલાકમાં આપણે જે ભણ્યા તેમાંથી થોડા પ્રશ્ન આવ્યા છે. એક પ્રશ્ન આ છે કે લોકના મધ્યમાં—સેંટરમાં આઠ પ્રદેશ છે એમ કહ્યું છે તે શું છે?

જુઓ! લોકાકાશ આકાશદ્રવ્યની બરાબર મધ્યમાં છે કે જે સંપૂર્ણ આકાશદ્રવ્યનું મધ્ય—સેંટર છે, તે જ લોકાકાશનું સેંટર છે, પરંતુ આ સેંટર એક બિંદુ—એક પ્રદેશ નથી. પરંતુ અહીં સેંટરમાં આઠ પ્રદેશ આવે છે. કોઈ સમ સંખ્યાનું સેંટર કાઢવું હોય તો તે એક સંખ્યા નહીં હોય, પૂર્ણાંકમાં કહેવું હોય તો બે સંખ્યા સેંટરમાં આવશે. આ મારા એક હાથની પાંચ આંગળીઓ છે, તેમાં સેંટરની કઈ આંગળી પૂછશું તો તમે મધ્યમા કહેશો. હવે બંને હાથની ભેગી કરીને આ મારી દસ આંગળીઓ છે તેમાંથી સેંટરની આંગળી કઈ છે? આ જે બંને હાથના અંગૂઠા છે તે સેંટરમાં છે, કારણ કે તેની સમ સંખ્યા છે. જો પેપર જેવી એક સપાટી પર સેંટર કાઢવાનું હોય તો બંને તરફ સમ સંખ્યા હોવાથી સેંટરમાં ચાર બિંદુ આવશે અને જો ઘન હોય—ક્યૂબ હોય તો તેના સેંટરમાં આઠ બિંદુ આવશે.

લોક થ્રી ડાયમેન્શનવાળો—ત્રણ ભુજાઓવાળો છે—ઘન છે અને તેની ત્રણેય બાજુઓ સમ સંખ્યામાં છે. ઊંચાઈ ૧૪ રાજૂ છે તે સમ સંખ્યા છે. ૭ રાજૂમાં ૭ સંખ્યા

ન જોવી તે એક જગત્શ્રેણી છે. તે પણ સમ સંખ્યા છે—વર્ગરૂપ સંખ્યા છે, વર્ગધારાઓ સમ સંખ્યા છે. તેથી ત્રણ તરફથી બે-બે-બે ૨ × ૨ × ૨ કુલ આઠ પ્રદેશ હોય છે. 


આ મધ્યના આઠ પ્રદેશ સુમેરુ પર્વતના તળમાં જોવા મળે છે. ત્રસનાડીની બરાબર મધ્યમાં અથવા મધ્યલોકના જમ્બૂદ્વીપની મધ્યમાં સુમેરુપર્વત ૧ લાખ ૪૦ યોજન ઊંચાઈવાળો છે. તેનો પાયો જમીનની અંદર એક હજાર યોજનનો છે અને ત્યાંનું જે સેંટર છે તે લોકનું સેંટર છે. કેવળી સમુદ્ઘાતના સમયે તે જીવના મધ્યપ્રદેશ પણ લોકના આ જ મધ્ય પ્રદેશ પર આવી જાય છે. પછી ભલે તે કેવળી ક્યાંય પણ બિરાજમાન હોય, ભરતક્ષેત્રમાં શિખરજી પર સ્થિત હોય અથવા વિદેહ અથવા ઐરાવતમાં હોય પરંતુ જો તે જીવ કેવળી સમુદ્ઘાત કરે તો પૂરા લોકમાં તેના પ્રદેશ ફેલાશે. લોકાકાશના એક-એક પ્રદેશ પર તે જીવના એક-એક પ્રદેશ સ્થિત થશે. તેથી તે જીવના સેંટરના પ્રદેશ લોકાકાશના સેંટર પર જ આવી જશે. આ તમારા પ્રશ્નનો ઉત્તર થયો.

શાસ્ત્રમાં સંખ્યા કહેવા માટે ઘણા શબ્દ એવા છે કે જેને ઉપમામાન કહે છે—ઉપમા આપીને તે માપ સમજાવવામાં આવે છે તે ઉપમામાન છે. જેવી રીતે આવલી, પલ્ય, સાગર, અંગુલ, ઘનાંગુલ, જગત્શ્રેણી, જગત્પ્રતર, જગત્ઘન. પલ્ય શું છે? ખાડાની ઉપમા દઈને અસંખ્યાતને સમજાવ્યો છે. એક યોજન પહોળો—વ્યાસવાળો અને એક યોજન ઊંડો એક ખાડો—પલ્ય કરવો. તેને ઉત્તમ ભોગભૂમિમાં જન્મેલા સાત દિવસ સુધીના ઘેટાના વાળના અગ્રભાગથી —અગ્ર અર્થાત્ છેલ્લો ભાગ જેનો બીજો વિભાગ ન થઈ શકે એવા સૌથી નાના ખંડોથી—રોમખંડોથી ખચાખચ ભરવો. અહીંના—ભરતક્ષેત્રના ઘેંટાના વાળ નહીં ચાલે કારણ કે ઉત્તમ ભોગભૂમિવાળા મેંઢાના વાળથી અહીંના મેંઢાના વાળ પાંચસો બાર ગુણા મોટા હોય છે. સો વર્ષ પછી એક-એક રોમખંડ કાઢવો, જ્યારે તે ખાડો ખાલી થઈ જાય, તેના જેટલા સમય થયા તે વ્યવહારપલ્ય છે. તેને અસંખ્યાત કરોડ વર્ષના સમયથી ગુણા કરતાં ઉદ્ધારપલ્ય થાય છે જેના દ્વારા દ્વીપ સમુદ્રોની સંખ્યા મપાય છે અને તેને પણ અસંખ્યાત વર્ષોના સમયથી ગુણા કરતાં અદ્ધાપલ્ય આવે છે જેના દ્વારા કર્મોની સ્થિતિ, દેવ-નારકીઓનું આયુષ્ય આદિ


મપાય છે. આવા દસ ક્રોડાક્રોડી અદ્ધાપલ્યોનો એક અદ્ધાસાગર થાય છે. આવા દસ ક્રોડાક્રોડી સાગરનો એક અવસર્પિણી અને તેટલો જ ઉત્સર્પિણી કાળ હોય છે અને બંને મળીને કલ્પકાળ કહેવાય છે કે જે વીસ ક્રોડાક્રોડી સાગરનો હોય છે.

પૂરા લોકનું ક્ષેત્રફળ–ઘનક્ષેત્રફળ આપણે જોયું હતું. ત્રણ બાજુઓનો ગુણાકાર કરતાં તે આવે છે. જેવી રીતે આપણે કોઈને પૂછીએ કે તમારું ઘર કેટલું મોટું છે તો તે સ્ક્વેઅર ફૂટમાં (વર્ગફૂટમાં) કહે છે, ત્યાં બે બાજુનો ગુણાકાર થાય છે. અહીં ઊંચાઈથી પણ ગુણા કરીને ઘનફળ કાઢે છે.


હવે આપણે તેના ત્રણ વિભાગોના–ત્રણ ભુવનોનું ઘનફળ અલગ-અલગ કાઢશું. ઊર્ધ્વલોકની ઊંચાઈ ૭ રાજૂ છે અને દક્ષિણોત્તર પહોળાઈ પણ ૭ રાજૂ છે પરંતુ પૂર્વ પશ્ચિમ પહોળાઈ અસમાન છે. નીચે ૧ રાજૂ, ૩ $\frac{૧}{૨}$ રાજૂ ઊંચાઈ પર ૫ રાજૂ અને ઉપર ઘટતાં-ઘટતાં ફરીને ૧ રાજૂ.


અહીં ૫ + ૧ = ૬; ૬ ÷ ૨ = ૩ રાજૂ એવરેજ પહોળાઈ છે. ઊંચાઈ તો ૭ રાજૂ છે, દક્ષિણોત્તર પણ ૭ રાજૂ છે. ઘનક્ષેત્રફળ = ૩ × ૭ × ૭ = ૧૪૭ ઘનરાજૂ છે.

બીજી પદ્ધતિથી ગણતરી કરવી હોય તો એક ઊભી અને એક આડી લાઈન વચ્ચોવચ્ચ કરશું તો તેના ચાર ટુકડા થશે.




એવા બે ટુકડા ઉલટા કરીને જોડતાં




મળીને ૩$\frac{૧}{૨}$ × ૩ થયા. તેવી જ રીતે ઉપર, નીચેના મળીને

૭ × ૩ થયા. દક્ષિણોત્તર ૭ થી ગુણા કરતાં ઊર્ધ્વલોકનું ઘનફળ ૩ × ૭ × ૭ = ૧૪૭ ઘનરાજૂ આવે છે.

હવે અધોલોકનું ઘનફળ કાઢીએ છીએ. નીચે ૭ રાજૂ અને ઉપર ૧ રાજૂ, એવરેજ ૭ + ૧ = ૮, ૮ ÷ ૨ = ૪ રાજૂ પહોળાઈ છે. દક્ષિણોત્તર ૭ રાજૂ છે. તેથી અધોલોકનું ઘનફળ ૪ × ૭ × ૭ = ૧૯૬ ઘનરાજૂ છે.

પૂરા લોકનું ઘનફળ ૧૪૭ + ૧૯૬ = ૩૪૩ ઘનરાજૂ થાય છે.

મધ્યલોકનું ઘનફળ ૧ રાજૂ × ૭ રાજૂ × ૧ લાખ ચાલીસ યોજન છે. મેરુતળથી લઈને મેરુના શિખર સુધી તેની ઊંચાઈ છે. તેને જ તિર્યક્ કહે છે. તે ઊર્ધ્વલોકનો જ સૌથી નીચેનો ભાગ છે.

હવે આપણે અહીં ચાર્ટ નં. ૧ ના આધારથી લોકમાં જે આઠ પૃથ્વીઓ છે તેને જોઈશું. સાત પૃથ્વીઓ અધોલોકમાં અને એક પૃથ્વી ઊર્ધ્વલોકમાં છે. પૃથ્વી કહેતાં આપણા મનમાં લૌકિક ભૂગોળમાં શીખેલો પૃથ્વીનો ગોળો યાદ આવે છે.


સૌથી પહેલાં પૃથ્વી કોને કહેવી? તેની પરિભાષા શું છે? તે જોઈએ છીએ. જે લોકાકાશના એક છેડેથી બીજે છેડે સુધી અર્થાત્ એક તરફથી બીજી તરફ અંત સુધી ફેલાયેલી છે તે પૃથ્વી છે. પૂર્વથી પશ્ચિમ સુધી અને દક્ષિણથી ઉત્તર સુધી વાતવલયોને છોડીને લોકાકાશના અંત સુધી આડી ચોકોર ફેલાયેલી છે તેને પૃથ્વી કહે છે. જ્યાં આપણે રહીએ છીએ—જે પૃથ્વીની ઉપર આપણે રહીએ છીએ તે પૂર્વ-પશ્ચિમ એક રાજૂ પહોળી અને દક્ષિણોત્તર ૭ રાજૂ છે. તે લોકાકાશના બધા જ છેડાને સ્પર્શી રહી છે. તેની જાડાઈમાં ભવનવાસી, વ્યંતર રહે છે, નારકીઓના બિલ પણ તેમાં જ જોવા મળે છે.

આ પ્રકારે એક-એક રાજૂના અંતરાલથી સાત પૃથ્વીઓ અધોલોકમાં છે અને આઠમી પૃથ્વી કે જેનો નામ ઈષત્પ્રાગ્ભાર છે તે લોકના ઉપરના ભાગમાં સ્થિત છે. આ આઠમી પૃથ્વીના મધ્યમાં સિદ્ધશિલા છે કે જે પૃથ્વીનો જ એક ભાગ છે. આ સિદ્ધશિલા ૪૫ લાખ યોજન પ્રમાણ—મનુષ્યક્ષેત્ર જેટલી નાની છે.

ચાર્ટ નં. ૧માં જુઓ—તેમાં પૂર્વ-પશ્ચિમ પહોળાઈ નીચેની પૃથ્વીઓમાં વધતી જાય છે. દક્ષિણોત્તર પહોળાઈ સર્વત્ર ૭ રાજૂ પ્રમાણ સમાન જ છે. પરંતુ તેની જાડાઈ

નીચે ક્રમથી ઘટતી જાય છે. આ નરકોના નામ અને મોટાઈ ક્રમથી આ પ્રકારે છે.

| | | | |
|---|---|---|---|
| ૧. | રત્નપ્રભા પૃથ્વી | – | ૧ લાખ ૮૦ હજાર યોજન |
| ૨. | શર્કરાપ્રભા પૃથ્વી | – | ૩૨ હજાર યોજન |
| ૩. | વાલુકાપ્રભા પૃથ્વી | – | ૨૮ હજાર યોજન |
| ૪. | પંકપ્રભા પૃથ્વી | – | ૨૪ હજાર યોજન |
| ૫. | ધૂમપ્રભા પૃથ્વી | – | ૨૦ હજાર યોજન |
| ૬. | તમપ્રભા પૃથ્વી | – | ૧૬ હજાર યોજન |
| ૭. | મહાતમપ્રભા પૃથ્વી | – | ૮ હજાર યોજન |
| ૮. | ઈષત્પ્રાગ્ભાર પૃથ્વી | – | ૮ યોજન |

આઠમી પૃથ્વી–ઈષત્પ્રાગ્ભાર લોકના શિખર પર છે જેની જાડાઈ ૮ યોજન છે, જે પૂર્વ-પશ્ચિમ ૧ રાજૂ અને દક્ષિણોત્તર ૭ રાજૂ પહોળી છે. તેની વચ્ચોવચ્ચ સિદ્ધશિલા છે કે જે મધ્યમાં આઠ યોજન જાડી છે, ૪૫ લાખ યોજન વ્યાસવાળી છે અને અંતમાં માખીની પાંખ સમાન પાતળી છે. આપણે તો ચંદ્ર સમાન બતાવીએ છીએ. જરા વિચારો ૧ યોજન માટે એક મિલીમીટર સમજીએ તો ૪૫ લાખ યોજનના ૪૫ લાખ મિલિમીટર અર્થાત્ ૪.૫ કિલોમીટર થાય આટલા વિસ્તારમાં તેનો ગોળાકાર નહીં બરાબર હશે. 

મારો પ્રશ્ન છે કે એ સિદ્ધશિલામાં કેટલા જીવ જોવા મળે છે? અનંત? ક્યાં છે? સિદ્ધશિલાની અંદર છે કે ઉપર?

સાંભળો, સિદ્ધશિલામાં કોઈ સિદ્ધ જીવ નથી તે તો પૃથ્વીની રચના છે. સિદ્ધશિલાની ઉપર ત્રણ વાતવલય હોય છે અને અંતિમ વાતવલયમાં સિદ્ધ ભગવાન બિરાજમાન છે. જો સિદ્ધશિલામાં જવા ઈચ્છો છો તો પૃથ્વીકાયિક થવું પડશે. ત્યાં તો પાંચેય પ્રકારના એકેન્દ્રિય જીવ રહે છે. આ રીતે આપણે ઘણીવાર સિદ્ધશિલા રિટર્ન છીએ. સિદ્ધશિલાનું વર્ણન ત્રિલોકસાર ગાથા ૫૫૭-૫૫૮માં કર્યું છે. આ સફેદ શિલા છે, તેનો ઉપરનું તળિયું સમાન છે, નીચે છત્રાકાર–કટોરા સમાન છે. તેના ઉપર અને નીચે જે વાતવલય છે તેની ચર્ચા આપણે પછી કરીશું.

અધોલોકને જોતાં ૧ રાજૂથી શરૂ કરી નીચે ૭ રાજૂ સુધી તેની પહોળાઈ ક્રમથી વધતી ગઈ છે. તેમાં ૧-૧ રાજૂના અંતરાલથી સાત પૃથ્વીઓ છે. પહેલી પૃથ્વીથી એક રાજૂ નીચે જઈને બીજી પૃથ્વી, બે રાજૂ નીચે જઈને ત્રીજી પૃથ્વી આ રીતે ક્રમથી ૬ રાજૂ નીચે જઈને સાતમી પૃથ્વી સ્થિત છે. બધી પૃથ્વીઓ દક્ષિણોત્તર ૭ રાજૂ પહોળી છે તથાપિ તેની પૂર્વ-પશ્ચિમ પહોળાઈ નીચે વધતી જાય છે. પહેલી પૃથ્વીની પહોળાઈ ૧ રાજૂ છે, અધોલોક નીચે ૭ રાજૂ છે અને ઉપર ૧ રાજૂ છે અર્થાત્ તે ૬ રાજૂ વધ્યો અર્થાત્ પ્રત્યેક રાજૂમાં $\frac{૬}{૭}$ અર્થાત્ છ ભાગ્યા સાત વધતાં વધતાં સાતવાર વધીને $\frac{૬}{૭} \times ૭ = ૬$ રાજૂ વધે છે. પૃથ્વીઓ પણ એક-એક રાજૂ પર અર્થાત્ પ્રતિ પૃથ્વી $\frac{૬}{૭}$ રાજૂ વધીને સાત પૃથ્વીઓ છ રાજૂ સુધી જોવામાં આવે છે.

પ્રત્યેક પૃથ્વી કેટલી નીચે છે અને તેની પૂર્વ-પશ્ચિમ પહોળાઈ કેટલી છે તે નીચે પ્રમાણે સમજી શકીએ છીએ.

પહેલી પૃથ્વી, તેની પહોળાઈ ૧ રાજૂ

બીજી પૃથ્વી ૧ રાજૂ નીચે છે, તેની પહોળાઈ $\frac{૧૩}{૭}$ રાજૂ = ૧$\frac{૬}{૭}$ રાજૂ

ત્રીજી પૃથ્વી ૨ રાજૂ નીચે છે, તેની પહોળાઈ $\frac{૧૯}{૭}$ રાજૂ = ૨$\frac{૫}{૭}$ રાજૂ

ચોથી પૃથ્વી ૩ રાજૂ નીચે છે, તેની પહોળાઈ $\frac{૨૫}{૭}$ રાજૂ = ૩$\frac{૪}{૭}$ રાજૂ

પાંચમી પૃથ્વી ૪ રાજૂ નીચે છે, તેની પહોળાઈ $\frac{૩૧}{૭}$ રાજૂ = ૪$\frac{૩}{૭}$ રાજૂ

છઠ્ઠી પૃથ્વી ૫ રાજૂ નીચે છે, તેની પહોળાઈ $\frac{૩૭}{૭}$ રાજૂ = ૫$\frac{૨}{૭}$ રાજૂ

સાતમી પૃથ્વી ૬ રાજૂ નીચે છે, તેની પહોળાઈ $\frac{૪૩}{૭}$ રાજૂ = ૬$\frac{૧}{૭}$ રાજૂ

એક નંબરના નકશામાં તમે જોઈશો કે આપણે હમેશા $\frac{૬}{૭}$ મેળવીને તેનું પ્રમાણ કાઢ્યું છે. આ રીતે તે પૂર્વ-પશ્ચિમ પહોળાઈમાં તો ક્રમથી વધતી જાય છે પરંતુ જાડાઈમાં ઘટતી જાય છે. ઉપરની પૃથ્વી વધારે જાડી છે, નીચે નીચેની પાતળી છે. તેની મોટાઈ આપણે પહેલાં જોઈ છે, અત્યારે પણ ચાર્ટમાં જોઈ શકીએ છીએ. આ પૃથ્વીઓના નામ પહેલાં આપણે જોયા હતા. તેના જ અન્ય નામ આ પ્રકારે છે. ૧. ઘર્મા, ૨. વંશા, ૩. મેઘા, ૪. અંજના, ૫. અરિષ્ટા, ૬. મઘવી અને ૭. માઘવી.

હવે પહેલી પૃથ્વીમાં શું છે તે જોઈએ. આપણે તે પૃથ્વીની ઉપર રહીએ છીએ. અસંખ્યાત દ્વીપ-સમુદ્ર પણ પૃથ્વી ઉપર છે. આપણે પહેલી પૃથ્વીની મોટાઈ ૧ લાખ ૮૦ હજાર યોજન જોઈ હતી. તેના ત્રણ ભાગ છે. (૧) ઉપરનો ખરભાગ ૧૬ હજાર યોજન જાડો, (૨) વચ્ચેનો પંકભાગ ૮૪ હજાર યોજન જાડાઈવાળો અને (૩) સૌથી નીચેનો અબ્બહુલભાગ ૮૦ હજાર યોજન જાડાઈવાળો છે.

આ રીતે ૭ પૃથ્વીઓ નીચે અને ૮મી ઈષત્પ્રાગ્ભાર પૃથ્વી સંપૂર્ણ લોકાકાશની ઉપરના ભાગમાં ૧ રાજૂ × ૭ રાજૂ પહોળી અને આઠ યોજન જાડી ફેલાયેલી છે કે જેની મધ્યમાં ૪૫ લાખ યોજન પ્રમાણ સિદ્ધશિલા છે.

આ પૃથ્વીઓનો અલ્પ પરિચય થયો. જ્યાં અધોલોકની અને નરકોની વાત આવશે ત્યાં તેની વિસ્તારથી ચર્ચા કરીશું.

હવે મારો પ્રશ્ન છે કે સંપૂર્ણ લોકને તથા અલોકાકાશને આધાર કોનો છે? શું કોઈ વસ્તુ આધાર વિના રહી શકે છે? આધાર આવશ્યક છે કે નહીં?

સાંભળો, વિશ્વની પ્રત્યેક વસ્તુ સ્વયં પોતાના આધારથી છે પરંતુ વ્યવહારમાં, ઉપચારથી, પરની સાપેક્ષતાથી આપણે કહીએ છીએ કે વસ્તુ કોઈના આધારે સ્થિત છે. આ કથન વ્યવહાર કથન છે, વસ્તુ પોતાથી—પોતાના આધારે રહે છે તે નિશ્ચય કથન છે—રિએલિટી છે.

આ બધી પૃથ્વીઓ અને લોકાકાશ પણ કોઈના આધાર વિના જ છે. લોકાકાશ

બધી બાજુથી વાતવલયોથી લપેટાયેલો છે—વેષ્ટિત છે. લોકાકાશનો આકાર અનાદિથી તેવો ને તેવો જ બનેલો છે. સંપૂર્ણ લોકમાં વ્યાપ્ત એક મહાસ્કંધ જોવા મળે છે. લોકાકાશ પ્રમાણ તેના આકારવાળો તે મહાસ્કંધ આઠ પૃથ્વીઓ તથા તેના અંતરાળમાં જોવા મળતા સૂક્ષ્મપૃથ્વીકાયિકના શરીર તેમનું મળેલું એક અખંડ સ્કંધ છે. તેમાં આઠ પૃથ્વીઓ તો જોવા મળે છે તે સ્થૂળ છે પરંતુ તેના અંતરાળમાં જે સૂક્ષ્મ પૃથ્વી છે તે દેખાતી નથી તેનો અર્થ એમ થયો કે આપણે તે પૃથ્વીમાં રહીએ છીએ, ચાલીએ છીએ.

સંપૂર્ણ લોકને બધે તરફથી અર્થાત્ દશે દિશાઓથી વેષ્ટિત ત્રણ વાતવલય છે. ઘેરાયેલા હોવાના કારણે વલય અને વાયુ છે તેથી વાત, આ રીતે તે વાતવલય કહેવાય છે. લોકની નીચે તેનું તળ ૭ રાજૂ × ૭ રાજૂ છે. ત્યાં ૨૦ હજાર—૨૦ હજાર—૨૦ હજાર યોજનોના ત્રણ વાતવલય છે. તેવી જ રીતે નીચેના ૧ રાજૂ પ્રમાણ પાર્શ્વભાગમાં પણ ૨૦-૨૦ હજાર યોજનના ત્રણ વાતવલય છે. ઘનોદધિવાતવલય અંદર તરફ છે, ઘનવાતવલય વચ્ચે છે તથા તનુવાતવલય બહાર તરફ છે.

સાતમી પૃથ્વીની નજીક પાર્શ્વભાગમાં ચારે બાજુથી ઘેરાયેલા આ વાતવલયોની પહોળાઈ ક્રમથી ૭, ૫ અને ૪ યોજન થઈને કુલ ૧૬ યોજન થાય છે. મધ્યલોકની નજીક પાર્શ્વભાગમાં ચારે તરફની પહોળાઈ ક્રમથી ૫, ૪, ૩ યોજન થાય છે. બ્રહ્મ સ્વર્ગના પાર્શ્વભાગમાં તે વધીને ક્રમથી ૭, ૫, ૪ યોજન થાય છે અને ફરી ક્રમથી ઘટીને લોકના શિખરના પાર્શ્વભાગમાં તે ક્રમથી ૫, ૪, ૩ યોજન થઈ જાય છે. લોકના શિખર ઉપર આઠમી પૃથ્વીની ઉપર તેની પહોળાઈ ક્રમથી ૨ કોસ ઘનોદધિવાતવલયની, ૧ કોસ ઘનવાતવલયની અને ૧૫૭૫ ધનુષ અર્થાત્ ૧ કોસમાં ચારસો પચ્ચીસ ધનુષ ઓછું તનુવાતવલયની છે.

આઠેય પૃથ્વીની નીચે—પ્રત્યેકની નીચે ૨૦-૨૦ હજાર યોજનવાળા ત્રણ-ત્રણ વાતવલય છે. પરંતુ કેવળ આઠમી પૃથ્વીની ઉપર પણ ત્રણ વાતવલય છે. (જુઓ ચાર્ટ નંબર-૨). અહીં પૃથ્વીઓને કાળા રંગમાં દર્શાવી છે અને વાતવલયોને બ્લ્યુ, પીળા અને લાલ રંગોની લાઈન દ્વારા બતાવવામાં આવ્યા છે. પૃથ્વીની નીચે પહેલો ઘનોદધિવાતવલય છે, તેની નીચે ઘનવાતવલય છે અને તેની નીચે તનુવાતવલય છે. તેની અને તેની નીચેની પૃથ્વીની વચ્ચે અસંખ્યાત યોજનોનો અંતરાળ છે.

લોકાકાશના તળમાં ૭ રાજૂ × ૭ રાજૂ × ૬૦૦૦૦ યોજન વાતવલયોનું ઘનફળ છે. આ વાતવલયોમાં બધી પૃથ્વીઓનું વજન સહન કરવાની તાકાત છે. બધી પૃથ્વીઓ ત્યાંની ત્યાં જ સ્થિત છે, આમ તેમ થતી નથી. પૂરા લોકાકાશનું વજન, પૃથ્વીઓનું વજન આ વાતવલયો ઉપર નિર્ભર છે. પહેલી પૃથ્વીમાં પહેલી નરક, બીજામાં બીજી નરક એ પ્રકારે ૬ રાજૂ નીચે ૭મી પૃથ્વીમાં સાતમી નરક છે. તેની નીચે ૧ રાજૂ પ્રમાણ નિગોદ છે, તેને નિગોદની કલકલ ભૂમિ કહે છે. ત્યાં નિગોદ જીવ ઠસાઠસ ભરેલા છે. આ ૧ રાજૂ પ્રમાણ ક્ષેત્રને પણ પાર્શ્વભાગમાં અર્થાત્ ચારે તરફથી વીસ-વીસ હજાર અર્થાત્ કુલ સાઈઠ હજાર યોજન પ્રમાણ વાતવલયોએ ઘેરેલી છે.

આઠમી પૃથ્વીની ઉપર પૃથ્વીને લાગીને ઘનોદધિવાતવલય બે કોસ જાડાઈવાળા, વચમાં ઘનવાતવલય એક કોસ જાડાઈવાળા અને અંતમાં બહારની તરફ તનુવાતવલય ૧૫૭૫ ધનુષ જાડાઈવાળા છે કે જે મેં પહેલાં પણ કહ્યું છે. આ સર્વ માપ મહાધનુષ, મહાકોસ અને મહાયોજનોના હોય છે. જે સામાન્ય ધનુષ, કોસ અને યોજનોથી ૫૦૦ગુણા મોટા હોય છે. સામાન્ય યોજન ચાર કોસનો હોય તો મહાયોજન ૨ હજાર કોસનો હોય છે. ૨ હજાર ધનુષનો ૧ કોસ હોય છે. અહીં ૧૫૭૫ કહ્યું તે મહાધનુષ છે કે જે સામાન્ય ધનુષથી ૫૦૦ ગણું હોવાના કારણે તે તનુવાતવલય ૧૫૭૫ × ૫૦૦ = ૭૮૭૫૦૦ ધનુષ છે. અહીં સિદ્ધ ભગવાન અંતમાં બિરાજમાન છે. બધા સિદ્ધોના આત્મપ્રદેશ ઉપરથી એક લેવલમાં છે, પરંતુ તેમની અવગાહના—લંબાઈ-પહોળાઈ તથા ખડ્ગાસન-પદ્માસન આદિ આકાર અલગ-અલગ હોય છે. કોઈ પૂર્વાભિમુખ હોય છે તો કોઈ ઉત્તરાભિમુખ હોય છે. સિદ્ધોની વધારેમાં વધારે અવગાહના ૫૨૫ ધનુષ હોય છે. તે સામાન્ય ધનુષ છે, મહાધનુષ નથી.

તનુવાતવલયની બાહુલ્ય—જાડાઈના ૧૫૦૦ ખંડ કરીએ તો એક ખંડ પ્રમાણમાં સિદ્ધોની ઉત્કૃષ્ટ અવગાહના જાણવી. ૭૮૭૫૦૦ ÷ ૧૫૦૦ = ૫૨૫ ધનુષ તથા તે જાડાઈના નવ લાખ ખંડ કરીએ તો એક ખંડ પ્રમાણ સિદ્ધોની જઘન્ય અવગાહનાનું પ્રમાણ જાણવું. ૭૮૭૫૦૦ ÷ ૯૦૦૦૦૦ = $\frac{૭}{૮}$ ધનુષ પ્રમાણ અર્થાત્ સાડાત્રણ હાથ પ્રમાણ થાય છે.

તમારો પ્રશ્ન છે કે ધનુષ, હાથ, અંગુલ આદિ શું છે? ચાલો, પહેલાં તેને જોઈએ. અનંતાનંત પરમાણુના સ્કંધ અવસન્નાસન્ન નામધારક છે. તેનાથી આઠ-આઠ ગણા મોટા એવા સન્નાસન્ન, તૃટરેણુ, ત્રસરેણુ, રથરેણુ, ઉત્તમ ભોગભૂમિવાળાના વાળનો અગ્રભાગ, મધ્યમ ભોગભૂમિવાળાના વાળનો અગ્રભાગ, જઘન્ય ભોગભૂમિવાળાના વાળનો અગ્રભાગ, કર્મભૂમિવાળાના વાળનો અગ્રભાગ, લીખ, સરસો, યવ, અને અંગુલ એ બાર વસ્તુ હોય છે. આ અંગુલને ઉત્સેધાંગુલ કહે છે તેના દ્વારા નારકી, મનુષ્ય, દેવ આદિના શરીર, દેવોના નગર, મંદિર, ઈત્યાદિના પ્રમાણનું વર્ણન છે. ઉત્સેધાંગુલથી પાંચસોગણું પ્રમાણાંગુલ હોય છે કે જે ભરતક્ષેત્રમાં અવસર્પિણીના પહેલા ચક્રવર્તીની આંગળી—તર્જનીની પહોળાઈનું પ્રમાણ હોય છે. તેના દ્વારા દ્વીપ, સમુદ્ર, પર્વત, નદી આદિના પ્રમાણનું વર્ણન કરે છે. ભરત, ઐરાવત ક્ષેત્રોમાં અલગ-અલગ કાળ વર્તે છે. ત્યાંના મનુષ્યોના પોતપોતાના વર્તમાનકાળના જે અંગુલોના પ્રમાણ હોય છે તેને આત્માંગુલ કહે છે તેના દ્વારા મનુષ્યોના મંદિર, નગર, ઝારી, કળશ આદિનું પ્રમાણ કહેવામાં આવે છે.

છ અંગુલનું એક પાદ, બે પાદની એક વિલસ્તિ, બે વિલસ્તિનો એક હાથ, બે હાથની એક બીખ, બે બીખનો એક ધનુષ, બે હજાર ધનુષનો એક કોસ અને ચાર કોસનો એક યોજન હોય છે. આ બધા ઉત્સેધાંગુલના પ્રમાણથી જોઈએ તો સામાન્ય ધનુષ, કોસ, યોજન હશે અને જો મૂળમાં જ પ્રમાણાંગુલના પ્રમાણથી જોઈએ તો તે મહાધનુષ, મહાકોસ અને મહાયોજનનું પ્રમાણ થશે.

આત્માંગુલનું પ્રમાણ તો પોતપોતાની અવગાહનાના પ્રમાણમાં—તે પ્રપોર્શનમાં જોવા મળે છે. આદિનાથ તીર્થંકરની અવગાહના ૫૦૦ ધનુષ અને મહાવીરની સાત હાથ (એક ધનુષ ત્રણ હાથ) તો સર્વાર્થસિદ્ધિના દેવોની એક હાથ પ્રમાણ ઊંચાઈ હોય છે, તેમના અનુસાર તેમના આત્માંગુલનું પ્રમાણ થશે. બાળકોનું, યુવાનોનું પોતપોતાના આત્માંગુલનું પ્રમાણ અલગ-અલગ થશે.

હવે વાતવલયોની વાત નીકળી છે તો કેવળી સમુદ્‌ઘાતને પણ થોડું સમજી લઈએ. મૂળ શરીરને છોડ્યા વિના આત્મપ્રદેશોના બહાર ફેલાવાને સમુદ્‌ઘાત કહેવાય છે. તેરમા ગુણસ્થાનના અંતિમ અંતર્મુહૂર્તમાં આયુકર્મથી અન્ય ત્રણ અઘાતિકર્મની

સ્થિતિ વધારે હોય તો બધાની એક સમાન સ્થિતિ થવા માટે કેવળી સમુદ્‌ઘાત થાય છે. તેના પહેલા સમયમાં કેવળીના આત્મપ્રદેશ લોકાકાશની ઉપરથી નીચે સુધી વાતવલયોને છોડીને—નીચે સાંઈઠ હજાર યોજન અને ઉપર ત્રણ કોસ અને ૧૫૭૫ ધનુષ છોડીને ૧૪ રાજૂથી થોડા ઓછા ઊંચાઈવાળા, શરીરપ્રમાણ વ્યાસવાળા દંડાકાર ફેલાય છે, તેને દંડ સમુદ્‌ઘાત કહે છે. બીજા સમયમાં કપાટ સમુદ્‌ઘાત થાય છે, તેની જાડાઈ તો શરીર પ્રમાણ રહે છે પરંતુ આડા લોકાકાશના અંત સુધી—પાર્શ્વભાગના વાતવલયને છોડીને—ત્યાં સુધી ફેલાય છે. પૂર્વની તરફ મોઢું હોય તો દક્ષિણોત્તર ફેલાય છે, ઉત્તર તરફ મોઢું હોય તો પૂર્વ-પશ્ચિમ ફેલાય છે.ત્રીજા સમયમાં આગળ-પાછળ પણ સર્વત્ર વાતવલયોને છોડીને લોકના અંત સુધી ફેલાય છે, તેને પ્રતર સમુદ્‌ઘાત કહે છે. ચોથા સમયમાં વાતવલય સહિત લોકના અંત સુધી સર્વત્ર ફેલાઈ જાય છે. તેને લોકપૂરણ સમુદ્‌ઘાત કહે છે. પાંચમા સમયમાં ફરી પ્રતર, છઠ્ઠા સમયમાં કપાટ, સાતમા સમયમાં દંડ અને આઠમા સમયમાં મૂળ શરીરમાં પ્રવેશ કરે છે. બધા કેવળીઓને આવો સમુદ્‌ઘાત થતો નથી.

આ રીતે આપણે વાતવલયોની જાણકારી લીધી. ઘનોદધિવાત ગોમૂત્ર સમાન વર્ણવાળું છે, ઘનવાત મૂંગ સમાન વર્ણવાળું છે અને તનુવાત અનેક વર્ણવાળું છે. સંપૂર્ણ લોક વાતવલયોના આધારે છે. શાસ્ત્રોમાં પણ આવે છે કે ઘનોદધિવાતવલય ઘનવાતવલયના આધારે છે અને અને ઘનવાતવલય તનુવાતવલયના આધારે છે તથા તનુવાતવલય આકાશના આધારે છે. આ કેવળ સાપેક્ષ કથન છે. વસ્તુસ્થિતિ તો એવી છે કે અધિકરણ ગુણ હોવાના કારણે બધા પોતપોતાના આધારથી રહે છે. સિદ્ધોના વિષે પણ કહેશું કે તેઓ સિદ્ધક્ષેત્રમાં રહે છે, જીવ મોક્ષમાં ગયો પરંતુ મોક્ષ નામનું કોઈ સ્થાન નથી, તે તો જીવની અવસ્થા છે. આપણે બધાએ તે પોતાની અવસ્થાને જ પ્રાપ્ત કરવાની છે.

કોઈનો પ્રશ્ન છે કે આ એક નંબરના લોકાકાશના નકશામાં ત્રસનાડી નીચે સુધી કેમ ન ગઈ? વચમાં જ કેમ લટકી ગઈ?

તેનો ઉત્તર આમ છે કે ત્રસનાડીની ઊંચાઈ ૧૪ રાજૂ છે. જો આપણે ફક્ત સામેથી જોઈએ, જેવી રીતે બે નંબરના ચાર્ટમાં દેખાડવામાં આવ્યું છે, તો ઉપરથી નીચે સુધી બતાવે છે. અહીં દક્ષિણોત્તર ૭ રાજૂની વચ્ચે સ્થિત આ ૧ રાજૂ × ૧ રાજૂ પ્રમાણવાળી ત્રસનાડી ઉપરથી લોકના તળ સુધી ફેલાયેલી છે. તમે જે ચાર્ટમાં જોઈ રહ્યા છો તે

લોકનું તળ છે—બેસ છે. થ્રી ડાયમેન્શન હોવાથી એવું લાગે છે. ઉપરથી નીચે સુધી માપો, અહીં મારા ચાર્ટમાં જે બોર્ડ ઉપર લગાવ્યો છે—૧ રાજૂ માટે ચાર સેં.મી. માપ લઈને ગણીને આ બધા ચાર્ટ બનાવ્યા છે. તમારા હાથમાં તો એના ઝેરોક્સ છે, તેથી નાની સાઈઝના છે.

કોઈનો પ્રશ્ન છે કે આ પલ્ય, રાજૂ આદિના મોટા-મોટા પ્રમાણોની કલ્પના નથી કરી શકતા, તેની સિદ્ધિ કેવી રીતે થઈ શકે છે? આ વાત તો અમે પહેલાં જ વિસ્તારથી કહી દીધી છે. આ બધી વાતો સર્વજ્ઞ ભગવાને પ્રત્યક્ષ જાણીને કહી છે. આપણે અલ્પજ્ઞાની છીએ, તેમના કથન અનુસાર રચિત જિનાગમથી આપણે તે વાતો જાણી શકીએ છીએ. જિનાગમ પ્રમાણ છે. આપણે આપણા અલ્પજ્ઞાનથી તેને સિદ્ધ કરી શકતા નથી. કોઈ બાળક સમુદ્રના પાણીને કટોરીથી માપવા ઇચ્છે તો તે કેવી રીતે સંભવ છે? હાં, આ જાણવાથી સર્વજ્ઞના કેવળજ્ઞાનની મહત્તા તો થાય!

આપણને જે વાતો ખબર નથી તે વાતો છે જ નહીં, સર્વજ્ઞ કોઈ હોતા જ નથી—આવું કહેવું તે કુવાના દેડકા સમાન છે. તે કથા તો બધાને ખબર જ હશે. કુવામાં રહેવાવાળો દેડકો એકવાર બહાર ચાલ્યો જાય છે, જતાં જતાં સમુદ્રના તટ પર પહોંચે છે ત્યાં સમુદ્રનું પાણી જોઈને આશ્ચર્યચકિત થઈ જાય છે, પાછો ફરીને પોતાના સાથીઓને સમુદ્રનું વર્ણન સંભળાવે છે તો તેનો કોઈ વિશ્વાસ નથી કરતું. આપણે પણ આ શાંતિથી સાંભળીયે અને સમજીએ. આજે મોબાઈલ અને કમ્પ્યુટર સાયન્સ દ્વારા જે શોધ થઈ છે તે શું આજથી ૫૦-૬૦ વર્ષ પહેલાં તમને જ તેની કલ્પના થઈ શકતી હતી?

આપણે અહીં ખૂબ જ સ્થૂળ કથન કરી રહ્યા છીએ. તેના ગણિત ખૂબ જ સૂક્ષ્મતાથી બતાવેલ છે. જેવી રીતે ગોળ, ચોરસ, ત્રિકોણ ક્ષેત્રનું ક્ષેત્રફળ કાઢવું હોય તો તેમાં તો આજના વિજ્ઞાન દ્વારા કાંઈ અન્ય ઉત્તર આવશે એવું તો નથી. તેના ગણિત અને તેની પદ્ધતિને જોઈએ તો આજનું મોડર્ન ગણિત પણ તેની સામે કાંઈ જ નથી એ વાત સમજમાં આવે છે. વિસ્તારની રુચિવાળાએ મૂળ શાસ્ત્રોથી—આગમ ગ્રંથોથી જાણવાનો જરૂર પ્રયત્ન કરવો જોઈએ. હવે આપણો સમય પૂરો થઈ ગયો છે, તેથી અહીં વિરામ લઈએ છીએ.

બોલો, વિદેહક્ષેત્રમાં બિરાજમાન બીજા તીર્થંકર શ્રી યુગમંધર ભગવાનનો જય હો!

# ૩. અધોલોક - નરક

ત્રિલોકસારના આધારે ત્રણ ભુવનની રચના આપણે અહીં જોઈ રહ્યા છીએ. બે કલાકમાં આપણે ઊર્ધ્વ, મધ્ય અને અધોલોકનું થોડું સ્વરૂપ જોવાનો પ્રયત્ન કર્યો છે. કોઈએ કહ્યું કે ખૂબ જ અઘરું લાગે છે, તમે તો અમને સીધા સિદ્ધશિલામાં પહોંચાડી દ્યો. પરંતુ આપણે નરકમાં પહોંચવું સહેલું છે, તેથી પહેલાં નરકમાં જશું કે જ્યાં આપણે ઘણીવાર જઈ આવ્યા છીએ; ત્યાંની ચર્ચા સમજવી સહેલી છે. આપણે તો ત્રણ ભુવનને જાણવા છે. પહેલાં શું-શું જોયું તેનું રીવીઝન કરીએ છીએ.

આપણે જોયું કે આકાશ દ્રવ્ય અનંત અનંત અનંત અનંતપ્રદેશી છે. અનંત અર્થાત્ કેટલું અનંત? આપણે સિદ્ધાંત પ્રવેશિકામાં શિખ્યા છીએ કે જીવ અનંત છે, તેનાથી અનંતગણા પુદ્‌ગલદ્રવ્ય છે, તેનાથી અનંતગણા ત્રણ કાળના સમય છે, તેનાથી અનંતગણા આકાશદ્રવ્યના પ્રદેશ છે અને તેનાથી પણ અનંતગણા પ્રત્યેક દ્રવ્યના— જીવદ્રવ્યના, પુદ્‌ગલદ્રવ્યના અને અન્ય સર્વ દ્રવ્યના ગુણ છે.

આ જે અનંત પ્રદેશી આકાશદ્રવ્ય છે તેના મધ્યમાં આકાશ દ્રવ્યના અનંતમા ભાગ પ્રમાણ ક્ષેત્રમાં અન્ય પાંચેય દ્રવ્ય જોવા મળે છે, તેને લોકાકાશ કહે છે કે જે અસંખ્યાત પ્રદેશી છે. લોકાકાશમાં જીવ, પુદ્‌ગલ, ધર્મ, અધર્મ અને કાળ દ્રવ્ય જોવા મળે છે, આકાશદ્રવ્ય તો તે પોતે જ છે. આ છ દ્રવ્યના સમૂહને લોક કહે છે. લોકની બહાર અનંતપ્રદેશી આકાશદ્રવ્ય છે કે જેને અલોકાકાશ કહે છે.

લોકાકાશમાં દેખાવાવાળા દ્રવ્ય—રૂપી દ્રવ્ય તો એક જ છે જે પુદ્‌ગલદ્રવ્ય છે, પરંતુ સર્વજ્ઞ ભગવાન તો બધા—છએ દ્રવ્યોને દેખે—જાણે છે. એ લોકની રચના કેવી છે તે આપણે સર્વજ્ઞ ભગવાનની વાણી અનુસાર જાણી રહ્યા છીએ. તે પ્રમાણ છે, તેને અન્ય પ્રમાણ દ્વારા સિદ્ધ કરવાની આવશ્યકતા નથી. તમે મને કહો કે તમારા ગામમાં સૂરજ ઊગે છે, તો તમે કઈ ટોર્ચ—ક્યો દીપક લઈને તે ઊગ્યો કે નહીં તે જુઓ છો? જે બધાને પ્રકાશિત કરે છે એવા દૈદીપ્યમાન સૂર્યને જોવા માટે અન્ય દીપક શું કામના?

આ લોક અસંખ્યાતપ્રદેશી છે, ઉપરથી નીચે સુધી તેની ઊંચાઈ ૧૪ રાજૂ છે,

દક્ષિણોત્તર પહોળાઈ સર્વત્ર ૭ રાજૂ છે, પૂર્વ-પશ્ચિમ પહોળાઈ નીચે ૭ રાજૂ, મધ્યલોક પાસે ૧ રાજૂ, ત્યાંથી ૩.૫ રાજૂ ઉપર જઈને બ્રહ્મ સ્વર્ગની પાસે ૫ રાજૂ અને સૌથી ઉપર લોકાગ્રમાં ૧ રાજૂ છે.

આ લોકાકાશ દશે દિશાઓમાં વાતવલયોથી વિંટળાયેલો છે. તે વાતવલય સૌથી નીચે ૨૦-૨૦-૨૦ હજાર યોજન જાડાઈવાળા છે. સાતમી પૃથ્વીના પાર્શ્વભાગમાં ૭, ૫, ૪ યોજન છે, મધ્યલોકના પાર્શ્વભાગમાં ૫, ૪, ૩ યોજનથી થોડા ઓછા છે; પછી ઉપર વધે છે અને ફરી ઓછું થઈ જાય છે. આઠેય પૃથ્વીઓની દરેકની નીચે પણ ૨૦ હજાર યોજન જાડાઈવાળા ત્રણ-ત્રણ વાતવલય છે. લોકાગ્રમાં આઠમી પૃથ્વી ૧ રાજૂ અને ૭ રાજૂ પહોળાઈવાળી છે તેના ઉપર પણ વાતવલય છે. પહલો ઘનોદધિવાતવલય બે કોસ, ઘનવાતવલય એક કોસ અને તનુવાતવલય ૧૫૭૫ ધનુષ છે. ૨૦૦૦ ધનુષનો એક કોસ હોય છે. આ મહાધનુષ, મહાકોસ, મહાયોજનની વાત છે. તેમાં ૫૨૫ ધનુષ સિદ્ધોની ઉત્કૃષ્ટ અવગાહના છે, જે સામાન્ય ધનુષ છે, મહાધનુષ નથી. બધા સિદ્ધ તનુવાતવલયના અંતિમ ભાગમાં સ્થિત છે.

ફરી પ્રશ્ન છે કે સિદ્ધશિલા કોને કહે છે? શું કામ કહે છે? તેના ઉપર સિદ્ધ જીવ નથી, તેના અંદર નથી, તો તેને સિદ્ધશિલા અથવા સિદ્ધક્ષેત્ર કેમ કહે છે? જુઓ! સિદ્ધશિલા ૪૫ લાખ યોજન વિસ્તારવાળી—વ્યાસવાળી છે. આ ૪૫ લાખ યોજનવાળું બીજું શું છે? હાં, મનુષ્યલોક છે, અઢી દ્વીપ છે કે જ્યાં મનુષ્યો રહે છે.

ચાર ગતિઓમાંથી કઈ ગતિના જીવો સિદ્ધપદને પ્રાપ્ત કરે છે? શું નારકી, તિર્યંચ, દેવ તે જ ગતિથી મોક્ષ જઈ શકે છે? દેવોને તો સિદ્ધશિલા અત્યંત નજીક છે, તો શું તેમને ત્યાંથી મોક્ષ થઈ શકે છે? સર્વાર્થસિદ્ધિ નામના દેવોના વિમાનથી તો સિદ્ધશિલા બાર યોજન ઉપર છે, તો તેમને આટલું નજીક છે છતાં પણ દેવો ત્યાં જઈ શકતા નથી. સર્વાર્થસિદ્ધિથી સિદ્ધશિલાનું અંતર એક વાળ બરાબર છે એવું કોઈક પુસ્તકોમાં આવે છે, ઘણા કહે પણ છે પરંતુ તે વાત સત્ય નથી. મેરુ પર્વતથી એક વાળના અંતરમાં પ્રથમ સ્વર્ગ છે તે વાત જરૂર સત્ય છે. પહેલાં સ્વર્ગનું પહેલું પટલ સુમેરુ પર્વતની ચૂલિકાથી એક વાળની મોટાઈ જેટલા અંતર પર સ્થિત છે એ વાત સત્ય છે પરંતુ સર્વાર્થસિદ્ધિથી ૧૨ યોજન ઉપર સિદ્ધશિલા છે, વાળ જેટલા અંતર પર નથી.

મનુષ્યગતિ સિવાય અન્ય કોઈપણ ગતિથી જીવ મોક્ષ જઈ શકતા નથી, મુનિ પણ થઈ શકતા નથી. તિર્યંચ પાંચમા ગુણસ્થાન સુધી જઈ શકે છે, દેવ અને નારકી ચોથા ગુણસ્થાન સુધી જઈ શકે છે. મનુષ્ય ચૌદમા ગુણસ્થાન સુધી જઈને પછી સિદ્ધ ભગવાન થઈ શકે છે. મનુષ્યલોક ૪૫ લાખ યોજન વિસ્તારવાળો છે અને તેમાં કોઈપણ જગ્યાથી જીવ મોક્ષ જઈ શકે છે.

તમને પ્રશ્ન થઈ શકે છે કે ભોગભૂમિમાં તો સિદ્ધ થવાવાળા કોઈપણ જીવ નથી અને ત્યાં કોઈ મુનિરાજ પણ નથી, ત્યાં તો કેવળ ચોથા ગુણસ્થાન સુધીના જ જીવો છે અને ભોગભૂમિના બધા જ જીવો મરીને દેવગતિમાં જ જન્મ લે છે, તો પછી ૪૫ લાખ યોજન મનુષ્યક્ષેત્રમાંથી ક્યાંયથી પણ જીવ મોક્ષ જઈ શકે છે એ વાત કઈ રીતે બની શકે?

તેનો ઉત્તર છે કે જ્યારે કોઈ મુનિરાજ ધ્યાનમાં લીન હોય ત્યારે પૂર્વભવનો કોઈ વૈરી દેવ તેમને ઉઠાવીને મનુષ્યલોકમાં ક્યાંય પણ ફેકી દે છે—સમુદ્રમાં, પહાડ ઉપર, ભોગભૂમિમાં આદિ ક્યાંય પણ ફેંકી શકે છે. ત્યાં તે મુનિરાજ ક્ષપકશ્રેણી માંડીને અરિહંત અવસ્થા પ્રાપ્ત કરીને સિદ્ધ અવસ્થા પ્રગટ કરે છે અને આકાશની તે જ શ્રેણીમાં ઊર્ધ્વગમન કરીને સિદ્ધાલયમાં બિરાજમાન થાય છે. તે જીવોની અપેક્ષા ૪૫ લાખ યોજન મનુષ્યક્ષેત્રમાં એવી કોઈ જગ્યા નથી કે જ્યાંથી જીવ મોક્ષ ન ગયા હોય. બધી જગ્યાએથી ગયા છે, અહીંથી પણ.

તો પછી આપણે તીર્થક્ષેત્રો, સિદ્ધક્ષેત્રોની વંદના શું કામ કરીએ છીએ? ત્યાં કેમ જઈએ છીએ? કારણ કે ત્યાં આપણને સિદ્ધોનું વિશેષ સ્મરણ થાય છે કે અહીંથી આ મહાપુરુષ સિદ્ધ અવસ્થાને પ્રાપ્ત થયા છે. પરંતુ અઢી દ્વીપમાં એવી કોઈ જગ્યા નથી કે જ્યાંથી કોઈ જીવ મોક્ષ ગયા ન હોય! જન્મતઃ કર્મભૂમિના ચોથા કાળના જીવ જ મોક્ષમાં જશે. આ રીતે ૪૫ લાખ યોજન વ્યાસવાળો ગોળાકાર મનુષ્યલોક છે અને એટલી જ સિદ્ધશિલા છે, અઢી દ્વીપ સમાન ગોળાકાર છે અને એની ઉપરના વાતવલયમાં સિદ્ધ જીવ સ્થિત છે, તેથી તેને સિદ્ધશિલા કહે છે.

સિદ્ધશિલા તો પૃથ્વીકાયિક રચના છે—પૃથ્વી છે, પત્થર છે, શિલા છે. તેને ધવલ, સફેદ, શ્વેત કહો કે સંગમરમર અથવા સ્ફટિકની કહો, બધા પત્થર જ તો છે. આપણને માહાત્મ્ય સિદ્ધશિલાનું આવે છે, ત્યાં તો પાંચેય સ્થાવર જીવ રહે છે, સૂક્ષ્મ જીવ

પણ રહે છે. ત્યાં કોઈ પણ જીવ જન્મ લેશે તો પૃથ્વીકાયિક અથવા અન્યકાયિક સ્થાવર જીવ જ હશે. અનંત સિદ્ધ ભગવાન તનુવાતવલયમાં સ્થિત છે. જ્યાં તેમના આત્મપ્રદેશ છે ત્યાં તે પ્રદેશોમાં પણ પાંચેય પ્રકારના સ્થાવર જીવ વિદ્યમાન છે.

તો મારો પ્રશ્ન છે કે તે જીવો ઘણા જ ભાગ્યવાન હશે? સિદ્ધોના અનંતસુખમાંથી આ જીવોને પણ થોડું સુખ મળતું હશે? ત્યાંના પરમાણુ કે કોઈ વાઈબ્રેશનના કારણે એ જીવોને જલ્દી મોક્ષ થતો હશે?

પ્રત્યેક જીવ પોતપોતાના પ્રદેશોમાં, પોતાના સ્વક્ષેત્રમાં, સ્વચતુષ્ટયમાં અર્થાત્ પોતપોતાના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવમાં રહે છે. એક જ ક્ષેત્રમાં નિવાસ કરવા છતાં પણ એક દ્રવ્ય બીજા દ્રવ્યનું કાંઈ પણ કરી શકતું નથી, કાંઈ અસર થતી નથી, કોઈ મદદ કે હેરાફેરી કરી શકતા નથી. સિદ્ધક્ષેત્રમાં રહેવાવાળા સિદ્ધ જીવો અનંત સુખી છે, પરંતુ તે જ ક્ષેત્રમાં રહેવાવાળા સ્થાવર જીવો અનંત દુ:ખી છે.

મારો હજી એક પ્રશ્ન છે કે આપણે અત્યારે અરિહંતની પાસે જઈ શકતા નથી, પરંતુ અરિહંત તો આપણને મળવા આવી શકે કે નહીં?

ઉત્તર :—હાં, તે અહીં સુધી આવી શકે છે. બપોરે આપણે જોયું હતું કે જ્યારે કેવળી સમુદ્‌ઘાત થાય છે ત્યારે સંપૂર્ણ લોકાકાશમાં તેમના આત્મપ્રદેશો ફેલાઈ જાય છે. જ્યાં આપણે બેઠા છીએ ત્યાં પણ તેમના પ્રદેશો ફેલાય છે. એક સમયમાં વધારમાં વધારે ૪૦ જીવો કેવળી સમુદ્‌ઘાત કરી શકે છે, પરંતુ તે આત્મપ્રદેશોના આવવાથી આપણને કાંઈ લેવા દેવા નથી. આપણે તો આપણા રાગ-દ્વેષમાં મશગૂલ છીએ જેના કારણે દુ:ખી થઈ રહ્યા છીએ. તેમના અને આપણા આત્મપ્રદેશ એક જ ક્ષેત્રમાં આવવાથી કાંઈ ફરક પડતો નથી.

તમારા પ્રશ્નના ઉત્તરમાં આ બધી ચર્ચા ચાલી. હવે આપણે થોડું અધોલોકનું વર્ણન જોઈશું. આપણે અધોલોકમાં જે સાત પૃથ્વીઓ છે તેના નામ, વિસ્તાર અને જાડાઈ જોઈ હતી. અહીં આપણે પૃથ્વી કહી રહ્યા છીએ, નરક નહીં. આ બધી જ પૃથ્વીઓ લોકાકાશના એક અંતથી બીજા અંત સુધી—પાર્શ્વભાગના વાતવલયો સુધી ફેલાયેલી છે. તેમાં રહેવાવાળા પૃથ્વીકાયિકોની વાત અલગ છે. અહીં આપણે એ પૃથ્વીઓની અંદર શું-શું છે? કેવી રચના છે? આદિ વાતો જોઈશું.

પહેલી પૃથ્વીનું નામ 'રત્નપ્રભા' પૃથ્વી છે. એક નંબરના ચાર્ટમાં આ બધી જ

પૃથ્વીઓના નામ, જાડાઈ, પહોળાઈ, નરકના પટલ અને બિલોની સંખ્યા, એ પૃથ્વીઓના અન્ય નામ લખ્યા છે. આ પહેલી પૃથ્વીની જાડાઈ એક લાખ એસી હજાર યોજન છે. તેના ત્રણ ભાગ છે, તેનો પહેલો અર્થાત્ ઉપરનો ભાગ ખરભાગ છે કે જે સોળ હજાર યોજન જાડાઈવાળો છે; બીજો પંકભાગ ચોરાસી હજાર યોજનનો છે અને ત્રીજો અબ્બહુલભાગ એંસી હજાર યોજનનો છે. પહેલાં ખરભાગમાં સોળ પૃથ્વીઓ છે. એક-એક પૃથ્વી હજાર-હજાર યોજન પ્રમાણ મોટી છે કે જે લોકના અંત સુધી ફેલાયેલી છે તથા તેની વચ્ચે કોઈ અંતરાલ નથી. તેમના નામ ઉપરથી નીચે આ પ્રમાણે છે— ૧. ચિત્રા, ૨. વજ્રા, ૩. વૈડૂર્યા, ૪. લોહિતા, ૫. કામસારકલ્પા, ૬. ગોમેદા, ૭. પ્રવાલા, ૮. જ્યોતીરસા, ૯. અંજના, ૧૦. અંજનમૂલિકા, ૧૧. અંકા, ૧૨. સ્ફટિકા, ૧૩. ચંદના, ૧૪. સર્વર્થકા, ૧૫. બકુલા અને ૧૬. શૈલા.

ખરભાગ અને પંકભાગમાં ભવનો હોય છે, જ્યાં ભવનવાસી અને વ્યંતર રહે છે. અસુરકુમારને છોડીને શેષ નવ પ્રકારના ભવનવાસી દેવ ઉપરના ખરભાગમાં રહે છે, ત્યાં વ્યંતરોના પણ ભવન છે. વચ્ચે પંકભાગમાં અસુરકુમાર જાતિના ભવનવાસી તથા રાક્ષસજાતિના વ્યંતર રહે છે. ભવનવાસી અને વ્યતંરોનું પ્રકરણ આવશે ત્યારે આપણે તેની ચર્ચા કરશું.

આપણે અધોલોકના અકૃત્રિમ ચૈત્યાલયોની પૂજન કરીએ છીએ—નમસ્કાર કરીએ છીએ તે ભવનવાસીઓના ભવનોમાં છે. તે ભવન ક્યાં છે?

મધ્યલોકમાં ૧ રાજૂ × ૧ રાજૂની જે ત્રસનાડી છે તેમાં અસંખ્યાત દ્વીપ અને સમુદ્ર છે. તેમાંથી મધ્યના અઢી દ્વીપ અને તેમાં બે સમુદ્ર છે, તેને છોડીને અર્થાત્ મનુષ્યલોકને છોડીને તેની બહાર જે અસંખ્યાત દ્વીપ અને સમુદ્ર છે તેની નીચે ભવન હોય છે. મનુષ્યલોકની નીચે કોઈ ભવન નથી.

પહેલી પૃથ્વીની નીચેનો ભાગ કે જેનું નામ અબ્બહુલભાગ છે કે જે એંસી હજાર યોજનનો છે તેમાં પહેલી નરકના પટલ હોય છે. પટલ અર્થાત્ પ્રસ્તર—લેયર્સ, જેવા આપણા માળ-ફ્લોર હોય છે, પરંતુ નરકોના પટલોની ગણતરી ઉપરથી નીચે તરફ કરવામાં આવે છે. તેમાં નરકોના બિલ હોય છે. જુઓ, પૃથ્વીઓની અંદર ભવનવાસીઓના ભવન અને નરકોના બિલ હોય છે. આમ જોઈએ તો બંને જ પૃથ્વીની

અંદર છે, બહાર તરફ કોઈ કનેક્શન—સુરાગ નથી, સીડી નથી, બારી નથી. તેની આવી સમાનતા હોવા છતાં પણ ભવનવાસી રહે છે તેને ભવન કહે છે અને નારકી રહે છે તેને બિલ કહે છે. એવો ભેદભાવ—એવી પાર્શાલિટી શું કામ? તમે રહો છો તે મહેલ અને અમે રહીએ તે ઝૂંપડી, એવું કેમ?

એનો જવાબ એ છે કે નારકી જીવો પાપી છે અને પાપને કારણે તેનું ફળ ભોગવવા જઈ રહ્યા છે. ત્યાંની ભૂમિ, વાતાવરણ, ગુફા, વૃક્ષ, નદી, શારીરિક પીડા દેવાવાળા અનેક યંત્રાદિ સામગ્રી જ્યાં છે તેને બિલ કહે છે. જેવી રીતે ઉંદર રહે છે તેને બિલ કહે છે, ઘર કહેતા નથી.

આ એંસી હજાર યોજનવાળા અબ્બહુલભાગમાં પહેલી નરક છે કે જેના અનેક પટલ—પાથડા છે. એકની નીચે એક એમ પહેલું, બીજું, ત્રીજું આદિ પટલ છે અને એક-એક પટલમાં લાખો બિલ હોય છે. આ એંસી હજાર યોજનની જાડાઈમાં ઉપરના એક હજાર યોજન છોડી દેવા અને નીચેના પણ એક હજાર યોજન છોડી દેવા. તેની વચ્ચે પહેલી નરકના તેર પટલ છે. આ માત્ર પહેલી નરકની વાત છે. બે પટલોની વચ્ચે ભૂમિ છે. આમ તો એક-એક નરક બિલ સંખ્યાત—અસંખ્યાત યોજનોના હોય છે. આ તેર પટલોમાં ત્રીસ લાખ બિલ છે. પહેલી નરકમાં કુલ ત્રીસ લાખ બિલ છે કે જ્યાં જીવોની સંખ્યા પણ સૌથી વધારે છે. સાતમી નરકથી લઈને ક્રમથી બીજા નરક સુધીના નારકીઓની સંખ્યા અસંખ્યાતગુણા-અસંખ્યાતગુણા છે—પ્રત્યેકમાં અસંખ્યાત છે અને એ બધાને ભેગા કરીને જેટલી સંખ્યા છે તેનાથી પણ અસંખ્યાતગુણા નારકી પહેલી નરકમાં છે.

તેમાં પણ પ્રત્યેક નરકમાં અસંખ્યાત સમ્યગ્દષ્ટિ છે. પહેલી નરકમાં તો ક્ષાયિક સમ્યક્દષ્ટિ મનુષ્ય મરીને સમ્યક્ત્વની સાથે જન્મ લે છે, પરંતુ બીજી બધી નરકોમાં મિથ્યાત્વમાં જન્મ લઈને ત્યાં ગયા પછી સમ્યક્ત્વ પ્રાપ્ત કરે છે. ત્યાં આટલી પ્રતિકૂળતા હોવા છતાં પણ સમ્યક્ત્વ પ્રાપ્ત થાય છે. સમ્યગ્દર્શનનો ઠેકો ફક્ત મનુષ્યગતિમાં જ નથી, ચારેય ગતિઓના જીવ સમ્યગ્દર્શન પ્રાપ્ત કરી શકે છે.

આપણે તો પહેલાં સંયોગોને સરખા કરવામાં જોડાઈ જઈએ છીએ. સ્વાધ્યાય કરવાની વાત આવે છે તો કહીએ છીએ કે અમે પણ તમારી જેમ વૃદ્ધ થશું પછી

સ્વાધ્યાય કરીશું. અત્યારે તો અમારા કમાવવાના દિવસો છે, પછી નિરાંતે જરૂર સ્વાધ્યાય કરીશું. હું તો હંમેશા કહું છું કે મને એકપણ એવો નવયુવક નથી મળ્યો કે જે કહેતો હોય કે અત્યારે મારે કમાવવાના દિવસો છે, હું વૃદ્ધાવસ્થામાં લગ્ન કરીશ. અરે! તે પૈસા પણ કમાય છે, લગ્ન પણ કરે છે, છોકરા પણ થાય છે અને તેની સંભાળ પણ કરે છે. ત્યાં કોઈ અડચણ નથી આવતી, પરંતુ સ્વાધ્યાય નથી કરવો એટલે બહાના બનાવે છે.

હવે તેર પટલોમાં ત્રીસ લાખ બિલ કેવી રીતે હોય છે તે જોઈએ. તેના માટે તેર નંબરનો ચાર્ટ જુઓ.

પ્રત્યેક નરકના પ્રત્યેક પટલમાં અનેક બિલ હોય છે, તેમાંથી મધ્યમાં—સેન્ટરમાં જે બિલ છે તેને ઇન્દ્રક બિલ કરે છે. એક-એક પટલમાં પોતપોતાનું ઇન્દ્રક બિલ છે કે જેના નામ અલગ-અલગ છે. શાસ્ત્રમાં તે નામ પ્રસિદ્ધ છે. આપણે અહીં તેની ચર્ચા નહીં કરીએ, પરંતુ ઇન્દ્રક કોને કહેવું? શ્રેણીબદ્ધ કોને કહેવું? પ્રકીર્ણક કોને કહેવું? તેની ચર્ચા કરીશું.

જે સૌથી મધ્યમાં હોય તેને ઇન્દ્રક બિલ કહે છે. ચાર્ટમાં તેને લાલ રંગથી દેખાડ્યો છે. તેના પૂર્વ, પશ્ચિમ, દક્ષિણ, ઉત્તર દિશાઓમાં તથા અગ્નિ, નૈઋત્ય, વાયવ્ય, ઈશાન વિદિશાઓમાં પણ પંક્તિઓમાં—લાઈનબદ્ધ બિલ હોય છે કે જેને શ્રેણીબદ્ધ બિલ કહે છે. શ્રેણી અર્થાત્ પંક્તિ—લાઈન. વિદિશા સમજો છો ને? અગ્નિ આદિ નથી સમજતા! સાંભળો, અગ્નિ અર્થાત્ સાઉથ-ઈસ્ટ, નૈઋત્ય અર્થાત્ સાઉથ-વેસ્ટ, વાયવ્ય અર્થાત્ નોર્થ-વેસ્ટ અને ઈશાન અર્થાત્ નોર્થ-ઈસ્ટ. દિશાઓને પણ ક્રમથી કહેવી હોય તો પૂર્વ, દક્ષિણ, પશ્ચિમ, ઉત્તર કહેવી જોઈએ. તેને ક્લોકવાઈઝ અર્થાત્ ઘડિયાલનો કાંટો જે દિશામાં ફરે છે તેમ કહેવું જોઈએ.

જે કોઈપણ રીતે આમ-તેમ ફેલાયેલા છે, કોઈ નાના, કોઈ મોટા છે, કોઈ ગોળ, ત્રિકોણ, ચોકોણ આદિ અલગ-અલગ અનેક આકારોવાળા બિલ છે, ફૂલ સમાન વિખરાયેલા છે, તે બધા પ્રકીર્ણક બિલ કહેવાય છે.

પ્રત્યેક પટલમાં એક ઇન્દ્રક અર્થાત્ મધ્યનું એક બિલ હોય છે, આઠેય દિશાઓમાં શ્રેણીબદ્ધ બિલ છે તથા જે આમ-તેમ ક્યાંય પણ વચ્ચે-વચ્ચે ફેલાયેલા પડ્યા છે તે બધા પ્રકીર્ણક બિલ છે. અહીં આપણે પહેલી નરકના પહેલા પટલની વાત કરી રહ્યા છીએ.

જ્યારે બીજા, ત્રીજા આદિની વાત કરીશું તો ઉપરથી નીચે ક્રમથી ગણીશું. પ્રથમ નરકના પ્રથમ પટલમાં પૂર્વ-દક્ષિણ-પશ્ચિમ-ઉત્તરમાં ૪૯-૪૯-૪૯-૪૯ શ્રેણીબદ્ધ બિલ છે. અહીંના ઈન્દ્રક બિલનું નામ સીમંતક બિલ અર્થાત્ સીમંતક ઈન્દ્રક બિલ છે. તે કેટલું મોટું હોય છે તે ખબર છે? ૪૫ લાખ યોજન વ્યાસવાળું છે.

અત્યાર સુધી આપણે મનુષ્યલોક ૪૫ લાખ યોજન અને સિદ્ધશિલા ૪૫ લાખ યોજનના જોયા. હવે પહેલી નરકના પહેલા પટલનું ઈન્દ્રક બિલ પણ ૪૫ લાખ યોજનનું જોયું. જ્યારે આપણે સ્વર્ગમાં જઈશું અર્થાત્ સ્વર્ગની ચર્ચા કરીશું ત્યારે જોઈશું કે પહેલા સ્વર્ગના પહેલા પટલનું ઈન્દ્રક વિમાન પણ ૪૫ લાખ યોજનનું છે. અહીં નીચે નરકમાં ઈન્દ્રક બિલ છે અને ઉપર સ્વર્ગમાં ઈન્દ્રક વિમાન છે.

આપણા દ્વાદશાંગમાં જેમાં સમાન ક્ષેત્ર, સમાન સંખ્યા આદિ કહ્યા છે તે અંગનું શું નામ છે? સમવાયાંગ. કોણે એવો જવાબ આપ્યો?

બ્ર. વિમળાબહેને. હાં તમે સામે જ બેઠા છો ને! બીજું કોણ હોય!

અત્યારે તો અહીં નરકની વાત ચાલી રહી છે, અહીંથી નીચે-નીચે સાતમી નરકનું જે ઈન્દ્રક બિલ છે, ત્યાં તો એક જ પટલ છે; તેનું નામ અવધિસ્થાન ઈન્દ્રક છે, તે એક લાખ યોજન વ્યાસવાળું છે. જુઓ, ઉપરનું પહેલું ઈન્દ્રક બિલ ૪૫ લાખ યોજન અર્થાત્ અઢી દ્વીપ જેટલું તથા અંતિમ ઈન્દ્રક બિલ એક લાખ યોજન અર્થાત્ જંબૂદ્વીપ જેટલું છે. આ રીતે ઈન્દ્રક બિલનો વિસ્તાર નીચે-નીચે ઘટતો ગયો છે.

હવે શ્રેણીબદ્ધ અને પ્રકીર્ણક બિલોમાં શું હોય છે તે જોઈએ. પહેલી નરકના પહેલા પટલમાં ચારેય દિશાઓમાં ૪૯-૪૯-૪૯-૪૯ શ્રેણીબદ્ધ બિલ હોય છે તથા વિદિશાઓમાં એક-એક ઓછા અર્થાત્ ૪૮-૪૮-૪૮-૪૮ શ્રેણીબદ્ધ બિલ હોય છે.

પહેલી નરકના બીજા પટલમાં મધ્યમાં એક ઈન્દ્રક બિલ, દિશાઓમાં ૪૮-૪૮-૪૮-૪૮ બિલ અને વિદિશાઓમાં ૪૭-૪૭-૪૭-૪૭ બિલ હોય છે. ત્રીજા, ચોથા પટલમાં આ પ્રમાણે ઘટતાં-ઘટતાં જાય છે.

હવે એક નંબરના ચાર્ટમાં જુઓ. પહેલી નરકમાં તેર પટલ, બીજી નરકમાં

અગિયાર પટલ, ત્રીજી નરકમાં નવ પટલ, ચોથી નરકમાં સાત પટલ, પાંચમી નરકમાં પાંચ પટલ, છઠ્ઠી નરકમાં ત્રણ પટલ અને સાતમી નરકમાં એક પટલ—આ રીતે કુલ પટલોની સંખ્યા ઓગણપચાસ થાય છે. પ્રત્યેક પટલમાં એક-એક ઓછા થયા તો કેટલીવાર ઓછા થયા? ૪૮ વાર ઓછા થયા. શરૂઆતમાં દિશાઓમાં ૪૯-૪૯ શ્રેણીબદ્ધ બિલ હતા, ત્યાંથી પ્રતિપટલ એક-એક ઘટતા ૪૮-૪૭-૪૬ થતાં-થતાં ૪૯માંથી ૪૮ ઘટવાથી દિશાઓમાં ૧-૧ જ શ્રેણીબદ્ધ બિલ રહી ગયા. વિદિશાઓમાં શરૂઆતમાં ૪૮-૪૮ હતા, અંતમાં એક પણ ન રહ્યા. એવી રીતે સાતમી નરકની મધ્યમાં એક ઇન્દ્રક બિલ અને ચાર દિશાઓમાં પ્રત્યેકમાં એક-એક બિલ એમ ચાર બિલ, આ પ્રકારે કુલ પાંચ જ બિલ છે.

પહેલા નરકમાં તેર પટલોમાં કુલ ત્રીસ લાખ બિલ છે. અહીં પહેલા પટલની ચારેય દિશાઓમાં ૪૯-૪૯-૪૯-૪૯ બિલ છે અને વિદિશાઓમાં ૪૮-૪૮-૪૮-૪૮ બિલ છે, જે પ્રતિપટલ દિશા અને વિદિશાઓમાં એક-એક ઓછા થઈને અર્થાત્ પ્રતિપટલ આઠ શ્રેણીબદ્ધ ઘટીને તેર પટલોના કુલ શ્રેણીબદ્ધ બિલ ૪૪૨૦ થાય છે, તેમાં પ્રત્યેક પટલના એક-એક ઇન્દ્રક એમ તેર ઇન્દ્રક મેળવીને ૪૪૩૩ થાય છે, બાકી જે બચ્યા તે પ્રકીર્ણક બિલ છે અર્થાત્ ૩૦૦૦૦૦૦ માંથી ૪૪૩૩ બાદ કરતાં શેષ રહેલા ૨૯૯૫૫૬૭ પ્રકીર્ણક બિલ વિખરાયેલા ફૂલોની જેમ જોવા મળે છે.

પહેલી નરકનો ઇન્દ્રક બિલ ૪૫ લાખ યોજનનો અર્થાત્ સંખ્યાત યોજનનો છે, શ્રેણીબદ્ધ બિલ અસંખ્યાત યોજનના છે અને પ્રકીર્ણક બિલ કેટલાક સંખ્યાત યોજનના અને કેટલાક અસંખ્યાત યોજનના છે. $\frac{૧}{૫}$ પ્રકીર્ણક સંખ્યાત યોજનવાળા છે અને $\frac{૪}{૫}$ પ્રકીર્ણક અસંખ્યાત યોજનવાળા છે.

શ્રેણીબદ્ધ અને પ્રકીર્ણકોની કુલ સંખ્યા કેવી રીતે કાઢવી તેના સૂત્ર ત્રિલોકસારમાં આપેલ છે. તેના આધારથી તરત જ તેનો જવાબ મળે છે, પરંતુ તેની ચર્ચા અહીં નહીં કરીએ.

પહેલી નરકમાં ૧૩ પટલ અને કુલ ૩૦ લાખ બિલ છે, બીજી નરકમાં ૧૧ પટલ અને કુલ ૨૫ લાખ બિલ છે, ત્રીજી નરકમાં ૯ પટલ અને કુલ ૧૫ લાખ બિલ છે, ચોથી નરકમાં ૭ પટલ અને કુલ ૧૦ લાખ બિલ છે, પાંચમી નરકમાં ૫

પટલ અને કુલ ૩ લાખ બિલ છે, છઠ્ઠી નરકમાં ત્રણ પટલ અને કુલ ૯૯૯૯૫ અર્થાત્ એક લાખમાં પાંચ ઓછા બિલ છે અને સાતમી નરકમાં એક જ પટલ છે કે જેમાં ફક્ત પાંચ જ બિલ છે. આ બધી નરક બિલોની સંખ્યા છે.

બીજી નરકમાં ૨૬૮૪ શ્રેણીબદ્ધ બિલ + ૧૧ ઈન્દ્રક, ત્રીજી નરકમાં ૧૪૭૬ શ્રેણીબદ્ધ + ૯ ઈન્દ્રક, ચોથી નરકમાં ૭૦૦ શ્રેણીબદ્ધ + ૭ ઈન્દ્રક, પાંચમી નરકમાં ૨૬૦ શ્રેણીબદ્ધ + ૫ ઈન્દ્રક, છઠ્ઠી નરકમાં ૬૦ શ્રેણીબદ્ધ + ૩ ઈન્દ્રક તથા સાતમી નરકમાં ૪ શ્રેણીબદ્ધ + ૧ ઈન્દ્રક બિલ છે. કુલ બિલોમાંથી એને ઘટાડતા પોતપોતાના પ્રકીર્ણકોની સંખ્યા આવે છે.

ઈન્દ્રક બિલોનો વ્યાસ–વિસ્તાર નીચે ક્રમથી ઘટતો જાય છે. અન્ય બિલોની સંખ્યા અને વિસ્તાર અર્થાત્ સાઈઝ બંને નીચે-નીચે ઘટતા જાય છે.

પરંતુ ઉપરના નરકોમાં–પટલોમાં આયુષ્ય ઓછું છે, નીચેની નરકોમાં આયુષ્ય વધારે છે. નરકોમાં ઓછામાં ઓછું આયુષ્ય દસ હજાર વર્ષનું તથા વધારેમાં વધારે આયુષ્ય તેત્રીસ સાગરનું છે. નારકીઓની ઊંચાઈ ઉપર ઓછી અને નીચે વધારે છે અર્થાત્ પ્રથમ નરકના પ્રથમ પટલમાં ત્રણ હાથથી શરૂ કરીને નીચે સાતમી નરકમાં પાંચસો ધનુષ થાય છે.

ઉપરના પટલોના ઉત્કૃષ્ટ આયુષ્યમાં એક સમય વધારતા નીચેના પટલોનું જઘન્ય આયુષ્ય થાય છે. શરીરની ઊંચાઈ પણ પ્રતિ પટલ વધતી જાય છે. જેવી રીતે પહેલી નરકના પહેલા પટલમાં જઘન્ય આયુષ્ય દસ હજાર વર્ષનું છે અને ઉત્કૃષ્ટ આયુષ્ય ૯૦ હજાર વર્ષનું છે. બીજા પટલમાં જઘન્ય આયુષ્ય એક સમય અધિક ૯૦ હજાર વર્ષ છે અને ઉત્કૃષ્ટ આયુષ્ય ૯૦ લાખ વર્ષનું છે. ત્રીજા પટલમાં ઉત્કૃષ્ટ આયુષ્ય અસંખ્યાત પૂર્વ કોટિ, તેનાથી આગળ $\frac{૧}{૧૦}$ સાગર, આ રીતે વધતાં-વધતાં તેરમા પટલમાં ઉત્કૃષ્ટ આયુષ્ય એક સાગર છે. ઊંચાઈ પણ ત્રણ હાથથી શરૂ થઈને વધતાં વધતાં તેરમા પટલમાં સાત ધનુષ ત્રણ હાથ છ અંગુલ થાય છે અને નીચેના નરકોના અંતિમ પટલમાં બમણી-બમણી થતી જાય છે. આપણે નીચેના કોષ્ટકમાં ફક્ત પ્રત્યેક નરકના અંતિમ પટલમાં ઉત્કૃષ્ટ આયુષ્ય અને શરીરની ઊંચાઈ જોઈશું.

| | ઊંચાઈ | ઉત્કૃષ્ટ આયુષ્ય |
|---|---|---|
| ૧ લી પૃથ્વી | ૭ ધનુષ ૩ હાથ ૬ અંગુલ | ૧ સાગર |
| ૨ જી પૃથ્વી | ૧૫ ધનુષ ૨ હાથ ૧૨ અંગુલ | ૩ સાગર |
| ૩ જી પૃથ્વી | ૩૧ ધનુષ ૧ હાથ | ૭ સાગર |
| ૪ થી પૃથ્વી | ૬૨ ધનુષ ૨ હાથ | ૧૦ સાગર |
| ૫ મી પૃથ્વી | ૧૨૫ ધનુષ | ૧૭ સાગર |
| ૬ ઠ્ઠી પૃથ્વી | ૨૫૦ ધનુષ | ૨૨ સાગર |
| ૭ મી પૃથ્વી | ૫૦૦ ધનુષ | ૩૩ સાગર |

અહીં નરકને જ પૃથ્વી કહી છે, પરંતુ નરક તો માત્ર ત્રસનાડીમાં જ છે, પૃથ્વીઓ તો લોકના અંત સુધી ફેલાયેલી છે. બિલોનો આડો વિસ્તાર વધારે છે– સંખ્યાત, અસંખ્યાત યોજનનો છે, બિલોની ઊંચાઈ સંખ્યાત યોજનની છે. સાતે નરકોના કુલ ૮૪ લાખ બિલ છે. આ નરક બિલ ગોળ, ત્રિકોણ, ચોકોર આદિ અનેક આકારવાળા છે અને અનેક દુઃખ આપવાવાળી સામગ્રીથી ભર્યા પડ્યા છે. ત્યાં અત્યંત દુર્ગંધ છે અને સદાય અંધકાર જ વ્યાપ્ત રહે છે. આ બિલોના છતમાં મધમાખીના છત્તા સમાન આ નારકીઓને ઉપજવાના ઉપપાદ સ્થાન લટકે છે. તે ઊંટ આદિ પ્રાણીઓના મોઢા સમાન આકારવાળા છે, ઉપર અંદરથી પોલા અને પહોળા હોય છે અને મોઢા સાંકડા હોય છે. અહીં અંતર્મુહૂર્તમાં નારકીઓના શરીરની રચના થઈ જાય છે અને તીવ્ર શસ્ત્રોથી કપાતા-કપાતા નારકી જીવ તે ઉપપાદસ્થાનથી ચ્યુત થઈને નરકભૂમિ પર પટકે છે, ત્યાંથી ઉપર ઉછળીને ફરી ત્યાં જ પડે છે. પહેલી નરકમાં $\frac{૧૨૫}{૧૬} = ૭\frac{૧૩}{૧૬}$ યોજન ઉપર ઉછળે છે, આગળ બમણા-બમણા ઉપર ઉછળે છે. સાતમી પૃથ્વીમાં પાંચસો યોજન ઉપર ઉછળે છે, પછી નીચે પડીને કપાતા રહે છે.

ત્યાં રહેવાવાળા જૂના નારકી આવીને કઠોર શબ્દ બોલતા તેને મારે છે, તેમના ઘાવ ઉપર ખારું પાણી નાખે છે. જેવી રીતે અહીં કોલેજોમાં રેગિંગ કરે છે ને! કદાચ તેમના પૂર્વના સંસ્કાર હશે. નવા નારકી પણ અવધિજ્ઞાન દ્વારા પૂર્વ વૈર જાણીને તેમને

મારે છે, સ્વયં પણ માર ખાય છે.

નારકી પોતાના શરીરની શિયાળ (ભેડિયા), વાઘ, સર્પ, વીંછી, ગીધ, કૂતરા આદિરૂપ તથા શસ્ત્ર, અગ્નિ આદિરૂપ વિક્રિયા કરે છે. નરકમાં મોટા ભીમકાય પર્વત, પીડા દેવાવાળા સેંકડો યંત્રોથી ભરેલી ગુફાઓ, અગ્નિથી વ્યાપ્ત લોહમયી પ્રતિમાઓ છે, શસ્ત્રો સમાન પત્રોથી યુક્ત અસિપત્ર વન છે, મિથ્યા શાલ્મલી વૃક્ષ છે, વૈતરણી નદી છે કે જેનું જળ ખારું છે તથા દુર્ગંધિત રક્ત અને પીપથી યુક્ત છે જેમાં કરોડો કીડાઓ ભરેલા છે. અહીં કોઈ બે ઇન્દ્રિય નથી હોતા, નારકી જ વિક્રિયાથી તેના રૂપ ધારણ કરે છે. અહીં ભયંકર ઉષ્ણતા હોય છે તેના ભયથી નારકી નદીમાં કૂદે છે તો તે જળથી સર્વાંગ બળવા લાગે છે, છાયા માટે અસિપત્ર વનમાં જાય છે તો શસ્ત્ર સમાન પત્રોથી શરીર છેદાઈ જાય છે. હાંડી(કુંભી)માં રાખીને એક બીજાને પકાવે છે (ચડાવે છે). મોટી મોટી કડાઈમાં ઉકળતા તેલમાં નાખે છે. અહીંની ભૂમિના સ્પર્શમાત્રથી હજારો વીંછીઓના એક સાથે ડંખ જેવી વેદના થાય છે. પહેલી નરકથી પાંચમી નરકના $\frac{૩}{૪}$ ભાગ સુધી અતિ ઉષ્ણતા છે—અગ્નિથી પણ અધિક તથા તેનાથી નીચે સાતમી નરક સુધી અતિ શીત વાતાવરણ છે.

નારકીઓના શરીર અનેક રોગોથી ગ્રસ્ત હોય છે. ભૂખ, તરસ, ભય આદિની તીવ્ર બાધાઓ સહન કરવી પડે છે. ત્યાંની અત્યંત દુર્ગંધિત માટી ખાય છે પરંતુ ભૂખ મટતી નથી. પહેલી નરકના પહેલા પટલની માટી મનુષ્યક્ષેત્રમાં નાખીએ તો તેની દુર્ગંધથી અડધા કોસના મનુષ્ય મરી જશે. કેમ, વિશ્વાસ નથી થતો? અહીં ભોપાલમાં ગેસ દુર્ઘટના થઈ હતી તો શું થયું હતું?

શરીરના ખંડ-ખંડ થવા છતાં પણ પારા સમાન પાછા ભેગા થઈ જાય છે. અહીં આયુષ્ય પૂર્ણ ભોગવ્યા વિના મરતા જ નથી. આપણે મનુષ્ય તો કષાયવશ અથવા સંયોગોથી કંટાળીને આત્મહત્યા કરી લઈએ છીએ, પરંતુ ત્યાં નરકોમાં એવી કોઈ સુવિધા—ચાન્સ નથી. મનુષ્ય વિચારે છે કે હું મરી જઈશ તો દુઃખોથી છુટકારો થશે, પરંતુ તેને ખબર નથી કે આવા પરિણામોથી મરીને નરકોમાં સાગરો સુધી આવી વેદના—કષ્ટ ભોગવવું પડે છે કે જેમાંથી કોઈ છૂટકારો નથી. આ બધા ક્ષેત્ર સંબંધી દુઃખ છે. ત્યાં થવાવાળા સંક્લેશ પરિણામોને કારણે આર્ત-રૌદ્ર ધ્યાન થતા જ રહે છે જે માનસિક દુઃખ છે. રોગ આદિથી ઉત્પન્ન થવાવાળી વેદના શારીરિક દુઃખ છે. અસુરકુમાર જાતિના ભવનવાસી દેવ ત્રીજી નરક સુધી જઈને

પરસ્પર ઝઘડાવે છે, એક બીજાએ પૂર્વભવની યાદ અપાવીને ઝઘડા કરાવે છે.

તમારો પ્રશ્ન હતો કે ત્યાં જવાવાળા દેવોને ત્યાંની આ પરિસ્થિતિથી દુઃખ નથી થતું? તેના જવાબમાં હું તમને પ્રતિ પ્રશ્ન કરું છું કે આપણને સંયોગથી સુખ-દુઃખ થાય છે? હોસ્પિટલમાં રોગીઓને દુઃખ થાય છે, ડોક્ટરોને કેમ નથી થતું? જેલમાં કેદીઓને દુઃખ થાય છે, જેલરને કેમ નથી થતું? આપણે જે દુઃખી થઈએ છીએ તે આપણા મોહ-રાગ-દ્વેષના કારણે દુઃખી છીએ. શરીરમાં એકત્વબુદ્ધિના કારણે સંયોગથી સુખ અથવા દુઃખ માનવું એવી મિથ્યા માન્યતારૂપ ભ્રાંતિનું દુઃખ છે.

પ્રત્યેક નરકમાં અસંખ્યાત નારકી સમ્યગ્દષ્ટિ છે. નરકની તીવ્ર વેદના અને અત્યંત પ્રતિકૂળતામાં રહેવા છતાં પણ ત્યાં અસંખ્યાત જીવ સમ્યક્ત્વ પ્રાપ્ત કરે છે. અહીં ઉપદેશ સાંભળીને પણ અનસૂનો કરી દે છે. ભોગોની તીવ્ર રુચિ, પરિગ્રહની તીવ્ર લાલસામાં નરકાયુ બાંધીને ત્યાં જન્મ લે છે. ત્યાં કોઈ વિચાર કરે છે કે હું કોણ છું? તત્ત્વનું ભાવભાસન, તત્ત્વચિંતન કરીને ત્યાં પણ સમ્યક્ત્વ પ્રાપ્ત કરી શકે છે. ઉપરના સ્વર્ગના દેવ પણ નીચે ત્રીજી નરક સુધી જાય છે પરંતુ તે પીડા દેવા માટે નહીં પણ ઉપદેશ દેવા માટે જાય છે. સીતાનો જીવ રાવણને ઉપદેશ દેવા જાય છે એવું આપણે પ્રથમાનુયોગમાં વાંચીએ છીએ અને આપણે અહીં રાવણને ગાળો આપીએ છીએ, લોકો તેના પૂતળાને બાળે છે.

નરકોમાં આટલું દુઃખ છે તો ત્યાં જીવ જન્મે છે જ શું કામ? શું કામ જાય છે?—પાપભાવ કરીને જાય છે, અત્યંત સંક્લેશ પરિણામ કરીને જાય છે. તીવ્ર કષાય, અતિ આરંભ અને અતિ પરિગ્રહ કરીને અથવા કરવાના ભાવથી ત્યાં જાય છે. જીવ અહીં પૈસાના લોભમાં પાપ કરે છે, તે પૈસાને ભોગવી શકશે કે નહીં તેની ખબર નથી, પરંતુ તે પાપને અવશ્ય ભોગવશે. અહીંના ધન સંપત્તિ, ઘર, મકાન બધું જ અહીં છોડીને તે પરભવમાં જાય છે, સાથે કાંઈ જ લઈ જઈ શકતો નથી. હાં, તેના માટે કરેલા પાપના કારણે બંધાયેલા કર્મ જરૂર સાથે લઈ જાય છે. કહે છે કે હું મારા પત્ની અને બાળકો માટે રાત-દિવસ મહેનત કરું છું. જરા વિચાર કરો, જો અહીંની કમાઈ પરભવમાં સાથે લઈ જવાની વ્યવસ્થા—કોઈ ફેસિલિટી હોત તો આ લોભી જીવ પોતાના પત્ની અને બાળકો માટે કેટલું છોડી જાત? શું કહ્યું? તમે કહો છો કે કાંઈ પણ છોડી જાત નહીં!

હવે ક્યા જીવ મરીને કઈ નરક સુધી જઈ શકે છે એ વાત જોઈશું. અસંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચ પહેલી નરકમાં જઈ શકે છે, નીચેના નરકોમાં જઈ શકતા નથી. સરીસૃપ અર્થાત્ સરડો, ગરોળી આદિ Reptiles બીજા નરક સુધી જઈ શકે છે.

કોઈનો પ્રશ્ન છે કે અસંજ્ઞી તિર્યંચ સમાન શું અસંજ્ઞી મનુષ્ય પણ જઈ શકે છે?

ઉત્તર :—મનુષ્ય અસંજ્ઞી હોતા જ નથી, બધા જ મનુષ્ય પર્યાપ્ત હોય અથવા અપર્યાપ્ત, સંજ્ઞી પંચેન્દ્રિય જ છે.

તમારો પ્રશ્ન છે કે સમ્મૂર્ચ્છન લબ્ધિઅપર્યાપ્ત મનુષ્ય નરકમાં જશે કે નહીં?

લબ્ધિઅપર્યાપ્ત જીવ, ભલે તે તિર્યંચ હોય કે મનુષ્ય, તિર્યંચમાં પણ એકેન્દ્રિયથી લઈ સંજ્ઞી પંચેન્દ્રિય સુધીના લબ્ધિઅપર્યાપ્ત જીવ ન તો નરકગતિનો બંધ કરી શકે છે, ન દેવગતિનો, તેથી તેઓ ત્યાં જઈ શકતા નથી. તે તિર્યંચગતિ અથવા મનુષ્યગતિમાં જશે. સમ્મૂર્ચ્છન પંચેન્દ્રિય પર્યાપ્ત જીવ મરીને નરકમાં જઈ શકે છે.

ત્રીજા નરક સુધી પક્ષી આદિ, ચૌથા નરક સુધી સર્પ આદિ, પાંચમા નરક સુધી સિંહ આદિ, છઠ્ઠા નરક સુધી સ્ત્રી અને સાતમી નરક સુધી મનુષ્ય અને મત્સ્ય જઈ શકે છે. જે જીવને વજ્રવૃષભનારાચ સંહનન છે એવા મનુષ્ય અને મત્સ્ય જ સાતમી નરકમાં જઈ શકે છે. જેવી રીતે મોક્ષમાં જવાવાળા માટે વજ્રવૃષભનારાચ સંહનનનો નિયમ છે, તેવી જ રીતે સાતમી નરકમાં જવાવાળા માટે પણ તે નિયમ છે.

તમારો પ્રશ્ન છે કે તંદુલમત્સ્ય સાતમી નરકમાં જાય છે એવું અમે સાંભળ્યું છે, તે તો એટલો નાનો છે તેને વજ્રવૃષભનારાચ સંહનન કેવી રીતે હોઈ શકે?

નાના યા મોટા આકારને કારણે સંહનન નથી હોતું, વજ્રવૃષભનારાચ સંહનન તિર્યંચોમાં મત્સ્યને જ હોઈ શકે છે, વાઘ, સિંહ આદિને નહીં; તેઓ તો મરીને ફક્ત પાંચમી નરક સુધી જ જઈ શકે છે. સાતમી નરકનો નારકી મરીને નિયમથી સિંહ આદિ હિંસક પશુ જ થાય છે. તે જીવને સાતમી નરકમાં જન્મ લેવો હોય તો વચ્ચે મત્સ્ય થઈને ત્યાં જઈ શકે છે. સાતમી નરકથી મરીને કોઈ મત્સ્ય ન થઈ શકે કારણ કે મત્સ્ય સમ્મૂર્ચ્છન જીવ છે અને બધા જ નારકી મરીને સંજ્ઞી પંચેન્દ્રિય ગર્ભજ તિર્યંચ અથવા મનુષ્ય થાય છે, સમ્મૂર્ચ્છનમાં જન્મ નથી લેતા.

જે ચક્રવર્તી ચક્રવર્તીપદમાં ભોગ ભોગતા—રાજપાટ કરતા મિથ્યાત્વમાં મરે છે તે નિયમથી સાતમી નરકમાં જન્મ લે છે, સમ્યગ્દષ્ટિ તો મુનિદીક્ષા લે છે અને તેમાંથી કોઈ સ્વર્ગમાં જાય છે તો કોઈ તે જ ભવમાં મોક્ષ પ્રાપ્ત કરે છે.

આપણે તંદુલમત્સ્યની વાત જોઈ રહ્યા હતા. મોટા રાઘવમત્સ્ય (મહામત્સ્ય)ના શરીરના આધારે તંદુલમત્સ્ય રહે છે અને જુએ છે કે આ તો મોઢું ખુલ્લું રાખીને સૂતો છે. સેંકડો માછલીઓ તેના મોઢાની અંદર જઈને પાછી બહાર આવી રહી છે. અરે! હું હોત તો મોઢું બંધ કરીને બધાને ખાઈ જાત. તેણે કેટલી માછલી ખાધી? એક પણ નહીં. તેની વાત છોડો. આપણે પણ શું કરીએ છીએ ? બીજાઓની ધન-સંપત્તિ, વૈભવ, બંગલા જોઈને શું વિચારીએ છીએ? ટી.વી. જોતા સમયે બેઠા-બેઠા ટી.વી. સિરિયલના પાત્રોને શું-શું શીખામણ આપીએ છીએ, અનુમોદના કરીએ છીએ ? જુઓ, આ બધા ભાવોથી જે કર્મનો બંધ થાય છે તેના ફળ ભોગવવા માટે આ નરક આદિ સ્થાનોમાં જીવે અવશ્ય જવું પડે છે.

સાતમી નરકનો નારકી ત્યાં સમ્યક્ત્વની પ્રાપ્તિ કરી શકે છે. કોઈ જીવ જન્મના અંતર્મુહૂર્ત પછી સમ્યક્ત્વ પ્રાપ્ત કરીને લગભગ તેત્રીસ સાગર સુધી સમ્યગ્દષ્ટિ રહ્યો, તોપણ મરણ સમય પહેલાં તે નિયમથી મિથ્યાત્વમાં જઈને તિર્યંચ સંબંધી આયુષ્યનો બંધ કરીને મિથ્યાત્વમાં જ મરે છે, સાસાદનમાં પણ નહીં. એટલું જ નહીં તે જે હિંસક પશુની પર્યાયમાં જન્મ લેશે, તે ભવમાં પણ તેને સમ્યક્ત્વ નથી થતું.

પ્રશ્ન :— તો મહાવીરના જીવને સિંહ પર્યાયમાં સમ્યક્ત્વ કેવી રીતે થયું?

ઉત્તર :— સિંહને સમ્યક્ત્વ નથી થતું એવું ક્યારે કહ્યું? સાતમી નરકથી મરીને જે સિંહાદિમાં જન્મ લે છે, તે વિવક્ષિત ભવની વાત છે.

ક્યા નરકથી નીકળેલો જીવ કેટલીવાર ત્યાં જઈ શકે છે આદિના પણ નિયમ છે. તેની ચર્ચા આગળ કરીશું. તમારા જે પ્રશ્ન છે, તે લેખિતરૂપથી આપજો, વિષય આવતા તેનું સમાધાન કરીશ.

બોલો, વિદેહક્ષેત્રમાં બિરાજમાન ત્રીજા તીર્થંકર શ્રી બાહુ ભગવાનનો જય હો!

# ૪. નારકીઓમાં ગતિ-આગતિ

ત્રણ લોકની રચના ત્રિલોકસારના આધારે અર્થાત્ સર્વજ્ઞ ભગવાનના વચનોના આધારે આપણે જોઈ રહ્યા છીએ. એ કોઈની કલ્પનાની વાતો નથી, પરંતુ સર્વ સત્ય વાતો છે. ચાર ગતિના જીવોની ચર્ચા કરતા થકા મનુષ્યપર્યાય દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવથી કેટલી દુર્લભ છે તે વાતની ચર્ચા કરી હતી.

કોઈએ પૂછ્યું છે કે મનુષ્યભવ અત્યંત દુર્લભ છે અને મનુષ્ય જ મોક્ષનો પુરુષાર્થ કરે છે; પરંતુ મોક્ષ તો પછીની વાત છે, તેથી આપણે અત્યારે મનુષ્યભવ માટે પુરુષાર્થ કરીએ અને પછી મોક્ષનો પુરુષાર્થ કરીએ?

પુરુષાર્થ તો ભવના અભાવ માટે કરવામાં આવે છે. ભવ માટે જે પુરુષાર્થ કરવા ઈચ્છે તે તો મિથ્યા માન્યતા છે, કુપુરુષાર્થ છે. જેની માન્યતામાં એક ભવની પણ ઈચ્છા બાકી હોય, ભલે તે જીવ મહાવિદેહક્ષેત્રના મનુષ્ય પણ કેમ ન થવા ઈચ્છતો હોય, તેની એક ભવની અભિલાષામાં અનંત ભવોની અભિલાષા પડી છે. આપણે તો ભવના અભાવનો પુરુષાર્થ કરવાનો છે. પુરુષાર્થ કરવો અર્થાત્ પોતાનું સ્વરૂપ ઓળખવું કે જે અત્યંત સુલભ વાત છે. અરે! અહીં તો આપણને અત્યંત દુર્લભ એવો મનુષ્યભવ પ્રાપ્ત થયો છે તેને તો ખોઈ નાખવા ઈચ્છીએ છીએ અને જે નથી તેની પાછળ દોડવા માગીએ છીએ. જેમાં પોતાની ઈચ્છા અનુસાર કાંઈ નથી થતું તેનો પ્રયત્ન કરતા રહેવાને પુરુષાર્થ માનીએ છીએ, કારણ કે આપણે પુરુષાર્થને ખોટું સમજ્યા છીએ.

મનુષ્યભવ મેળવવા માટે પ્રયત્ન કરશો તો આ મનુષ્યભવનું શું થશે? મનુષ્ય તો આપણે છીએ જ, હવે આ મનુષ્યભવને સાર્થક કરવાનો છે. અનેક લોકો પુરુષાર્થનો સાચો અર્થ ન સમજીને પોતપોતાની મતિ કલ્પના અનુસાર અલગ-અલગ વિપરીતરૂપથી કાંઈ પણ માની લે છે, ધર્મનું સ્વરૂપ વિપરીતરૂપથી વિચારે છે. અમે અમેરિકા જઈએ છીએ ત્યાં જોયું કે ત્યાં ઘણી જગ્યાએ લોકો સ્વાધ્યાય કરવા માટે ભેગા થાય છે. તેમાં શાસ્ત્રનો થોડો અંશ વાચીને પછી ચર્ચા કરે છે, પ્રત્યેક વ્યક્તિ તેના ઉપર પોતાનો મત—પોતાની કલ્પના વ્યક્ત કરે છે. 'હું આમ વિચારું છું, મારી માન્યતા આવી છે'—આદિ વાતો થાય છે. જ્યાં બે, ચાર અનેક લોકો ભેગા થાય છે ત્યાં મત ભિન્નતા તો થાય જ છે. પરંતુ બધા જ્ઞાનીઓનો એક જ મત હોય છે. આપણે તો સ્વાધ્યાય કરતા સમયે જે પરમાગમમાં લખ્યું

છે, આચાર્યોએ—જ્ઞાનીઓએ સમજાવ્યું છે, તેને તે અપેક્ષાઓને સમજીને સાચો તત્ત્વનિર્ણય કરીને પોતાનો નિર્ણય કરવાનો છે. દ્રવ્યાનુયોગની સાથે-સાથે આ કરણાનુયોગ આદિ અન્ય અનુયોગોનો પણ અભ્યાસ કરવો જોઈએ. દ્રવ્યાનુયોગને બદલે આનો અભ્યાસ કરીએ એમ નથી. કોઈ પણ અનુયોગનું કાંઈ કામ નથી એમ નથી. ચારેય અનુયોગોનો સાર વીતરાગતા છે, તે વીતરાગતા કેવી રીતે કાઢવી તે સમજવું આપણી જવાબદારી છે.

આ બધા જીવોની સંખ્યા કેટલી છે? તેઓ ક્યાં-ક્યાં જોવા મળે છે?—તે જોઈએ છીએ તો આપણને સંસારનો ભય લાગે છે. સંસારનો ભય લાગે તો સારું જ છે. પંચ પરાવર્તનરૂપ સંસારનું સ્વરૂપ જરૂરથી સમજવા જેવું છે. ખબર તો પડે કે આપણે અનાદિથી છીએ તો આપણે કેવી રીતે કાળ વ્યતીત કર્યો છે. આપણે તો પૈસા કમાઈએ છીએ અને ખર્ચ કરીએ છીએ, આમ કરતાં કરતાં વર્ષો વીતી જાય છે અને ભવનો અંત નજીક આવે છે તો લાગે છે કે આપણે શું કર્યું? શું મેળવ્યું? આ મનુષ્યભવનો સાચો ઉપયોગ નહીં કરીએ—પોતાનું સ્વરૂપ ઓળખવાનો પ્રયત્ન નહીં કરીએ, તો આ ભવ પ્રાપ્ત કરીને પણ ન કરવા બરાબર છે.

પુરુષાર્થ તો મોક્ષનો હોય છે, રાગ-દ્વેષનો નહીં. આપણે સમજી વિચારીને રાગ-દ્વેષ, શુભાશુભ પરિણામ નથી કરી શકતા, આપણે એ પરિણામોના સ્વામી નથી. હું ઈચ્છું તેવા રાગ-દ્વેષ કરી શકું છું તે માન્યતા જ મિથ્યા છે. જો તમે રાગ-દ્વેષને ઓછા કરી શકો છો તો હું કહીશ કે રાગ-દ્વેષ કરો જ નહીં, પૂર્ણ વીતરાગી થઈ જાઓ. અહીં તો ભેદવિજ્ઞાન કરવાનો પુરુષાર્થ જીવ કરે છે, તેનાથી જ સમ્યગ્દર્શન થાય છે, તેનાથી જ મોક્ષમાર્ગ પર અગ્રેસર થઈને કેવળજ્ઞાનની પ્રાપ્તિ થાય છે. હું તો જ્ઞાનમાત્ર છું, શરીરથી અને મારામાં થવાવાળા રાગ-દ્વેષથી ભિન્ન છું એમ જાણીને પોતાને જ જાણતા રહેવું તે જ કરવા જેવું છે. તે સરળ છે અને થાય પણ સહજ જ છે, પરંતુ વિપરીત માન્યતાને કારણે તેનો મર્મ જ સમજમાં નથી આવતો.

આપણે જોયું કે ૪૫ લાખ યોજન વ્યાસવાળા ક્ષેત્રમાં અનંત સિદ્ધ ભગવાન બિરાજમાન છે, કારણ કે દર છ મહિના અને આઠ સમયમાં ૬૦૮ જીવ મોક્ષ પ્રાપ્ત કરે જ છે અને તેવું અનાદિથી થઈ રહ્યું છે. અનાદિથી આવા છ મહિના અને આઠ સમય અનંતાનંત વીતી ચૂક્યા છે. તેથી અત્યાર સુધી અનંતાનંત જીવ સિદ્ધ અવસ્થાને

પ્રાપ્ત કરી ચૂક્યા છે. જે વાત અનંતાનંત જીવોએ પ્રાપ્ત કરી છે તે નિશ્ચયથી અત્યંત સુગમ અને સુલભ હોવી જોઈએ.

વર્તમાનમાં અસંખ્યાત જીવ સમ્યગ્દષ્ટિ છે. તેમાં દેવ અસંખ્યાત, નારકી અસંખ્યાત અને તિર્યંચ અસંખ્યાત છે તથા મનુષ્ય કરોડો છે. આ વાત જો અસંભવ જ હોત તો આ જીવોએ સમ્યક્ત્વ કેવી રીતે પ્રાપ્ત કર્યું? તેથી આ પુરુષાર્થ અને તેના ફળ સ્વરૂપ સમ્યક્ત્વની પ્રાપ્તિ દુર્લભ નથી, રુચિ થવી દુર્લભ છે. આ મનુષ્યભવની દુર્લભતા સમજમાં આવી જાય તો ત્યાં જરૂર પુરુષાર્થ કરવાની વાત વિચારશે.

અહીં નરકની વાત ચાલી રહી હતી કે નરકમાં કોણ જાય છે? ત્યાંથી નીકળીને કોણ ક્યાં જન્મ લે છે? ક્યાં કેટલીવાર જન્મ લે છે? તેના સંબંધમાં કરણાનુયોગના કેટલાક નિયમો હોય છે. આ નિયમ કોઈએ બનાવ્યા નથી, આ બધી સહજ વ્યવસ્થા છે, અરિહંત ભગવાને તે કહ્યા છે. એવું શા માટે? આ પ્રશ્નને અહીં કોઈ અવકાશ જ નથી, એવો પ્રશ્ન વ્યર્થ છે. ધવલા નામના ગ્રંથમાં આચાર્ય વીરસેનસ્વામી શિષ્યની શંકાના રૂપમાં સ્વયં એવા પ્રશ્ન ઊભા કરે છે અને જવાબમાં લખે છે કે "એવો જ સ્વભાવ છે, તમારા પ્રશ્નનો જવાબ આપવા માટે વસ્તુનો સ્વભાવ-વસ્તુ વ્યવસ્થા બાધ્ય નથી."

હવે નરકમાં જવાવાળા જીવો સંબંધી થોડી વિશેષતાઓ જોઈએ.

કોઈ જીવ સમ્યક્ત્વની સાથે નરકમાં જન્મ લેશે તો પહેલી નરકમાં જ જશે, કારણ કે કોઈ પણ જીવ સમ્યક્ત્વની સાથે બીજીથી લઈને સાતમી નરક સુધી જન્મ લઈ શકતો નથી. સમ્યક્ત્વની સાથે નરકમાં જવાવાળા જીવ સમ્યક્ત્વ થતાં પહેલાં મિથ્યાત્વ અવસ્થામાં નરકાયુનો બંધ કરીને ત્યારબાદ સમ્યક્ત્વ પ્રાપ્ત કરે છે. કારણ કે સમ્યક્ત્વ થયા પછી કોઈ મનુષ્ય-તિર્યંચને આયુ બંધાય તો નિયમથી દેવાયુ જ બંધાય છે.

અહીં નરકાયુની વાત છે, નરકગતિની નહીં. એકવાર જે આયુષ્ય બંધાય છે પછી તેમાં કોઈ પરિવર્તન—બદલાવ નથી થતો.

જેવી રીતે શ્રેણિક રાજાએ યશોધર મુનિરાજના ગળામાં મરેલો સર્પ નાખીને મિથ્યાત્વ અવસ્થામાં સાતમી નરકનું ૩૩ સાગરનું આયુષ્ય બાંધ્યું હતું. પછી સમ્યગ્દષ્ટિ

થયા, ક્ષાયિક સમ્યક્ત્વ પ્રાપ્ત કર્યું, તીર્થંકર પ્રકૃતિનો બંધ પણ શરૂ થયો. ત્યારે નરકાયુની સ્થિતિ ઘટીને ૮૪૦૦૦ વર્ષ રહી ગઈ. હવે તેઓ પ્રથમ નરકમાં છે, તીર્થંકર પ્રકૃતિનો બંધ પણ પ્રતિસમય કરી રહ્યા છે અને ત્યાંથી આવીને આ ભરતક્ષેત્રના ઉત્સર્પિણી કાળના પ્રથમ તીર્થંકર થશે.

કોઈ જીવે મિથ્યાત્વમાં બીજા અથવા ત્રીજા નરક સંબંધી આયુષ્ય બાંધ્યું હોય, પછી તેણે સમ્યક્ત્વ પ્રાપ્ત કર્યું અને તીર્થંકર પ્રકૃતિનો બંધ પણ શરૂ કર્યો હોય તો તેવા જીવ સમ્યક્ત્વ સાથે નરકમાં નહીં જાય. અહીં મરણના એક અંતર્મુહૂર્ત પહેલાં મિથ્યાત્વમાં જઈને મિથ્યાત્વમાં મરીને નરકમાં ઉપજે છે અને એક અંતર્મુહૂર્તમાં સમ્યક્ત્વ પ્રાપ્ત કરીને તીર્થંકર પ્રકૃતિ બાંધવાનું શરૂ કરે છે. ત્યાંથી નીકળીને તીર્થંકર બને છે. હવે આ જીવોનું સમ્યક્ત્વ છૂટતું નથી, ત્યાં તો તેઓ ક્ષયોપશમ સમ્યક્ત્વની સાથે સ્થિત છે, મનુષ્યમાં આવ્યા બાદ તેમને ક્ષાયિક સમ્યક્ત્વની પ્રાપ્તિ થાય છે.

ક્ષાયિક સમ્યગ્દષ્ટિનું સમ્યક્ત્વ છૂટતું નથી. નરકમાં સમ્યક્ત્વની સાથે જવાવાળા જીવ ક્ષાયિક સમ્યગ્દષ્ટિ જ હોવા જોઈએ અથવા કે જેમણે ક્ષાયિકની શરૂઆત કરીને જે અંતર્મુહૂર્તમાં ક્ષાયિક થવાવાળા છે એવા કૃતકૃત્યવેદક સમ્યક્ત્વની સાથે પણ કોઈ જીવ પહેલી નરકમાં ઉત્પન્ન થઈ શકે છે. નરકની વાત છોડો, જેણે પહેલાં તિર્યંચ આયુષ્ય બાંધ્યું હોય અને પછી સમ્યક્ત્વ પ્રાપ્ત કર્યું હોય તે જીવ સમ્યક્ત્વની સાથે મરીને ભોગભૂમિનો તિર્યંચ થાય છે. તેના માટે પણ શર્ત છે કે તે ક્ષાયિક સમ્યક્ત્વ પ્રાપ્ત કરીને જ સમ્યક્ત્વની સાથે ત્યાં જન્મ લે છે.

હવે અહીં પાંચમા કાળમાં કોઈ ક્ષાયિક સમ્યક્ત્વ પ્રાપ્ત કરી શકતું નથી, તેથી સમ્યક્ત્વની સાથે ભોગભૂમિનો તિર્યંચ પણ નહીં થાય. તિર્યંચની વાત છોડો, જો સમ્યક્ત્વની સાથે મરીને ભોગભૂમિના મનુષ્ય થાય તો તેને પણ ક્ષાયિક સમ્યક્ત્વ હોવું આવશ્યક છે. હાં, વેદક સમ્યક્ત્વની સાથે મરીને દેવ થઈ શકે છે. કોઈ ભોગભૂમિમાં જન્મ લેવા ઇચ્છે છે, તો કોઈ વિદેહક્ષેત્રમાં જન્મ લેવા ઇચ્છે છે. વિચારી લો, અહીંથી આ પંચમ કાળમાં મરીને ત્યાં જન્મ લેવાવાળા જીવ મિથ્યાત્વની સાથે જ ત્યાં જશે. દેવ અને નારકી સમ્યગ્દષ્ટિ મરીને કર્મભૂમિના મનુષ્યોમાં જ્યાં ચોથો કાળ છે ત્યાં ઉત્પન્ન થશે. આ ભરતક્ષેત્રમાં આ પંચમ કાળમાં કોઈ મનુષ્ય સમ્યક્ત્વની સાથે જન્મ લઈ શકતો નથી.

ક્ષાયિક સમ્યક્ત્વ પ્રાપ્ત કરવાવાળો જીવ કર્મભૂમિનો મનુષ્ય જ હોવો જોઈએ કે જે ચોથા, પાંચમા, છઠ્ઠા અથવા સાતમા ગુણસ્થાનવર્તી વેદક સમ્યગ્દષ્ટિ થઈ જે તીર્થંકર, કેવળી અથવા શ્રુતકેવળીના પાદમૂળમાં જ ક્ષાયિક સમ્યક્ત્વની પ્રાપ્તિ કરે છે. તેથી પહેલાં સમ્યગ્દષ્ટિ હોય તે જ ક્ષાયિક થશે. મિથ્યાત્વમાંથી કોઈ જીવ સીધો ક્ષાયિક સમ્યગ્દષ્ટિ થઈ શકે નહીં. ઉપશમ સમ્યક્ત્વમાંથી પણ કોઈ જીવ સીધો ક્ષાયિક સમ્યક્ત્વની પ્રાપ્તિ કરી શકતો નથી. ક્ષાયિક સમ્યક્ત્વ પ્રાપ્ત કરે છે—એનો અર્થ એ છે કે અનંતાનુબંધીની ચાર અને દર્શનમોહનીયની ત્રણ પ્રકૃતિઓનો સત્તામાંથી જ નાશ કરે છે–ક્ષય કરે છે.

પહેલાં અનંતાનુબંધીના પરમાણુ ચારિત્રમોહનીયની શેષ પ્રકૃતિઓમાં સંક્રમિત થઈને નષ્ટ થાય છે, તેને અનંતાનુબંધીની વિસંયોજના કહે છે. આ કાર્ય તો ચારેય ગતિમાં થઈ શકે છે, પરંતુ મનુષ્ય જ દર્શનમોહનીયની ક્ષપણા કરે છે અર્થાત્ ક્રમથી મિથ્યાત્વ, સમ્યગ્મિથ્યાત્વનો ક્ષય કરે છે. એટલા કાળમાં મરણ નથી થતું. હવે એક સમ્યક્ પ્રકૃતિ બાકી રહે છે તેને પણ ક્ષય કરે છે, પરંતુ તે અંતર્મુહૂર્ત કાળમાં મરણ થઈ શકે છે અને જે આયુષ્યનો બંધ પહેલાં થઈ ચૂક્યો છે, જીવ મરીને તે ગતિમાં–ચારેય ગતિઓમાં જન્મ લઈ શકે છે. આ અવસ્થાને કૃતકૃત્યવેદક સમ્યક્ત્વ કહે છે. ત્યાં પહોંચીને સમ્યક્ પ્રકૃતિનો પણ ક્ષય થઈને જીવ ક્ષાયિક સમ્યગ્દષ્ટિ બને છે.

આ રીતે આપણે જોયું કે દર્શનમોહનીયની ક્ષપણાનો પ્રારંભ માત્ર કર્મભૂમિના મનુષ્ય જ કરે છે, અન્ય ગતિના જીવ પ્રારંભ કરી શકતા નથી, ભોગભૂમિવાળા જીવો પણ કરતા નથી. હાં, કૃતકૃત્યવેદક અથવા ક્ષાયિક થઈને જીવ ચારેય ગતિઓમાં જઈ શકે છે–પૂર્વમાં જે આયુષ્ય બંધાયું હોય ત્યાં જશે અથવા પછી આયુષ્ય બાંધીને દેવગતિમાં જશે અથવા બની શકે છે કે ક્ષાયિક સમ્યક્ત્વ પ્રાપ્ત કરીને તે જ ભવમાં તે જીવ મોક્ષ અવસ્થા પ્રગટ કરશે.

તીર્થંકર પ્રકૃતિના બંધનો પ્રારંભ પણ કર્મભૂમિના મનુષ્યને જ તીર્થંકર અથવા કેવળીના પાદમૂળમાં થાય છે. સમ્યગ્દષ્ટિને જ આ બંધ થાય છે–ઔપશમિક, વેદક અથવા ક્ષાયિક ત્રણેય પ્રકારના સમ્યગ્દષ્ટિ આ બંધનો પ્રારંભ કરી શકે છે. એકવાર તીર્થંકર પ્રકૃતિ બંધાવાનું શરૂ થશે તો લગાતાર પ્રતિસમય બંધાતી જ રહેશે, આઠમા

ગુણસ્થાન સુધી બંધાતી રહે છે. તીર્થંકર પ્રકૃતિનો બંધ જેણે શરૂ કર્યો છે એવા મનુષ્ય મરીને દેવ થાય છે અથવા પહેલાં નરકાયુ બાંધી હોય તો ત્રીજા નરક સુધી જઈ શકે છે, પરંતુ ભોગભૂમિના તિર્યંચ અથવા મનુષ્ય નથી થતા. દેવ અથવા નરકમાં જઈને ત્યાં પણ તીર્થંકર પ્રકૃતિનો બંધ કરતા રહે છે અને ત્યાંથી મનુષ્યમાં આવીને કેવળજ્ઞાન થતા તીર્થંકરપદ પ્રાપ્ત કરે છે.

આ પ્રકારે આપણે જોયું કે ત્રીજા નરક સુધીનો જીવ કે જે ત્યાં પણ તીર્થંકર પ્રકૃતિનો બંધ કરી રહ્યો છે, ત્યાંથી નીકળીને તીર્થંકર થઈ શકે છે. ચોથી નરકથી નીકળીને કોઈ જીવ તીર્થંકર નથી થઈ શકતો, પરંતુ તે જ ભવમાં મોક્ષ જઈ શકે છે અર્થાત્ સામાન્ય કેવળી થઈ શકે છે. પાંચમી નરકથી નીકળીને કોઈ જીવ મનુષ્ય થઈને મુનિ અવસ્થા સુધી જઈ શકે છે. છઠ્ઠી નરકથી નીકળેલો જીવ સકળ સંયમી નથી થઈ શકતો, પરંતુ પાંચમા ગુણસ્થાન સુધી જઈ શકે છે. સાતમી નરકથી નીકળેલો જીવ તે ભવમાં ત્રીજું, ચોથું કે પાંચમું ગુણસ્થાન પણ પ્રાપ્ત કરી શકતો નથી અર્થાત્ સમ્યક્ત્વ જ પ્રાપ્ત કરતો નથી તો પડીને સાસાદનમાં પણ નથી આવી શકતો, માત્ર મિથ્યાત્વ ગુણસ્થાનમાં જ રહે છે. સાતમી નરકથી નીકળીને જીવ હિંસક પશુ–સંજ્ઞી પંચેન્દ્રિય, ગર્ભજ તિર્યંચ જ થાય છે, પહેલીથી છઠ્ઠી સુધીના નારકી ત્યાંથી મરીને સંજ્ઞી પંચેન્દ્રિય ગર્ભજ તિર્યંચ અથવા પર્યાપ્ત મનુષ્યોમાં જ જન્મે છે, સમ્મૂર્ચ્છન તિર્યંચોમાં પણ જન્મતા નથી.

તમારો પ્રશ્ન છે કે તીર્થંકર પ્રકૃતિનો પ્રારંભ તીર્થંકરના પાદમૂળમાં થાય છે, તો શું અન્ય ભવમાં જવાવાળાનું મરણ તીર્થંકરની સામે થાય છે?

તીર્થંકર પ્રકૃતિના બંધનો પ્રારંભ તીર્થંકર અથવા કેવળીના સાંનિધ્યમાં–તેમના પાદમૂળમાં થાય છે, પરંતુ એકવાર બંધાવું શરૂ થઈ જાય છે તો લગાતાર બંધ ચાલુ જ રહે છે. પછી તીર્થંકરની ઉપસ્થિતિની કોઈ જરૂર નથી. પૂરા જીવન સુધી અને મરીને અન્ય ભવમાં પણ તીર્થંકર પ્રકૃતિ પ્રતિસમય બંધાતી રહે છે, પછી ભલે તે ક્યાંય પણ જઈને મૃત્યુ પામે. તીર્થંકરની સામે મરે એવું કાંઈ નથી. જેવી રીતે કૃષ્ણનું મરણ સંક્લેશ પરિણામોથી વન-જંગલમાં થયું, મરીને ત્રીજા નરકમાં ગયા; મરતાં સમયે મિથ્યાત્વમાં જઈને મરણ થયું, ત્યાં જન્મ લઈને અંતર્મુહૂર્તમાં વેદક સમ્યક્ત્વ પ્રગટ કરીને તીર્થંકર પ્રકૃતિનો બંધ શરૂ કર્યો. આવા જીવો ફરીવાર મિથ્યાત્વમાં નથી આવતા. જ્યાં સુધી મિથ્યાત્વમાં જાય છે, તે અંતર્મુહૂર્ત કાળમાં તીર્થંકર પ્રકૃતિનો બંધ નથી થતો. બીજા અને

ત્રીજા નરકમાં જવાવાળા જીવ જો તીર્થંકર પ્રકૃતિનો બંધ કરી રહ્યા હોય તો તેમના માટે જ આ નિયમ છે.

નરકથી નીકળેલો જીવ શું થઈ શકે છે તે આપણે જોયું, તે શું નથી થઈ શકતો તે આપણે જોઈશું. ત્યાંથી આવેલો જીવ નારાયણ નથી થઈ શકતો. નારાયણ શું છે તે તમને ખબર છે?

જુઓ, ૬૩ શલાકાપુરુષ હોય છે જેમાં ૨૪ તીર્થંકર, ૧૨ ચક્રવર્તી, ૯ નારાયણ, ૯ પ્રતિનારાયણ અને ૯ બળભદ્ર હોય છે. આ કર્મભૂમિના આર્યખંડના અવસર્પિણી અને ઉત્સર્પિણીના ચોથા કાળની–દુખમા-સુખમા કાળની વાત છે. તેમાં નરકથી આવેલો જીવ નારાયણ નથી થતો, બળભદ્ર નથી થતો, પ્રતિનારાયણ નથી થતો, ચક્રવર્તી પણ નથી થતો; પણ તીર્થંકર થઈ શકે છે. ત્રીજી નરક સુધીથી નીકળેલો જીવ તીર્થંકર થઈ શકે છે.

કરણાનુયોગ તો આવા નિયમોથી ભરેલો પડ્યો છે. તમે કહેશો કે એકવાર નરકથી નીકળેલો જીવ ફરી વધારેમાં વધારે ત્યાં કેટલીવાર જઈ શકે છે? કારણ કે આપણે ક્યાંય પણ જઈને આવીએ છીએ તો સારું લાગે તો વારંવાર ત્યાં જઈએ છીએ, તેવી રીતે નરકમાં કેટલીવાર જઈ શકે?

અસંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચ મરીને પહેલી નરકમાં જાય છે પરંતુ ત્યાંથી નીકળીને ફરી અસંજ્ઞી તો થઈ શકતો નથી, સંજ્ઞી પંચેન્દ્રિય ગર્ભજ જ થશે. ગર્ભજ અર્થાત્ માતા-પિતાના નિમિત્તથી જન્મ લે તે.

હમણાં પૂછ્યું હતું ને, ગર્ભજ અને સમ્મૂર્ચ્છન શું હોય છે?

સમ્મૂર્ચ્છન અર્થાત્ માતા-પિતાના નિમિત્ત વિના વાતાવરણમાંથી શરીરના પરમાણુ ગ્રહણ કરીને અંતર્મુહૂર્તમાં શરીરની રચના થાય છે. એકેન્દ્રિયથી ચતુરિન્દ્રિય સુધીના જીવ તો નિયમથી સમ્મૂર્ચ્છન જ હોય છે. બધા જ લબ્ધિઅપર્યાપ્ત તિર્યંચ અને મનુષ્ય પણ સમ્મૂર્ચ્છન હોય છે. પર્યાપ્ત પંચેન્દ્રિય તિર્યંચ–સંજ્ઞી અને અસંજ્ઞી ગર્ભજ પણ હોઈ શકે છે અથવા સમ્મૂર્ચ્છન પણ હોઈ શકે છે. મગરમચ્છ, મત્સ્ય આદિ સમ્મૂર્ચ્છન જીવ છે. સ્વયંભૂરમણ સમુદ્રમાં અસંખ્યાત સમ્મૂર્ચ્છન મહામત્સ્ય પંચમ ગુણસ્થાનવર્તી છે. જન્મ પછી એક અંતર્મુહૂર્તમાં તે સમ્યક્ત્વની પ્રાપ્તિ કરી શકે છે.

આપણી વાત અસંજ્ઞી પંચેન્દ્રિયની ચાલી રહી છે, તે મરીને પહેલી નરકમાં ગયા, ત્યાંથી નીકળીને સંજ્ઞી પંચેન્દ્રિય(તિર્યંચ અથવા મનુષ્ય) થયા, પછી અસંજ્ઞી થઈને ફરી નરકમાં ગયા. ત્યાંથી નીકળીને વચ્ચે સંજ્ઞીનો જન્મ લઈને પછી અસંજ્ઞી થયા અને ફરી પહેલી નરકમાં ગયા. આવું વધારેમાં વધારે આઠ વાર થઈ શકે છે. આ લગાતારની વાત નથી પણ વચમાં એક સંજ્ઞીનો ભવ છે.

બીજી નરક સુધી જવાવાળા સરીસૃપ આદિ તેનાથી નીચે નથી જઈ શકતા. બીજી નરકથી નીકળીને સંજ્ઞી થઈને ફરી બીજી નરકમાં ગયા, ફરી સંજ્ઞીમાં જન્મ લઈને ફરી મરીને ફરી બીજી નરકમાં ગયા. આ રીતે સાત વાર જઈ શકે છે.

દેવગતિમાંથી ભવનત્રિક, સૌધર્મ, ઈશાન આદિના દેવ મરીને એકેન્દ્રિયમાં જઈ શકે છે, પરંતુ નરકથી મરીને જીવ એકેન્દ્રિય નથી થતો, સંજ્ઞી પંચેન્દ્રિય જ થાય છે.

પ્રશ્ન :— નરકમાં એવા ક્યા પુણ્યનું બંધ કરી રહ્યો છે કે જેથી તે સંજ્ઞી પંચેન્દ્રિય જ થાય છે?

ઉત્તર :— અરે! હું પુછું છું કે બાદર નિગોદનો જીવ મરીને મનુષ્ય થઈને તે જ ભવમાં મોક્ષ જઈ શકે છે, તો તે ક્યું પુણ્ય કરતો હશે?

તે પણ તો મનુષ્યગતિ, મનુષ્યાયુ, વજ્રવૃષભનારાચ સંહનન આદિ બાંધીને આવે છે. આપણે તો ક્રિયાઓમાં જ પુણ્ય શોધીએ છીએ, પરંતુ અહીં તો પરિણામોની વાત થઈ રહી છે. નરકોમાં ભલે અશુભ લેશ્યા જ હોય, તેમના પરિણામોમાં મંદતા આવે છે—વિશુદ્ધતા થાય છે, તેનાથી પુણ્યબંધ પણ થાય છે. ત્યાં સમ્યક્ત્વ પ્રાપ્ત કરી શકે છે, તો સંજ્ઞી પર્યાય પ્રાપ્ત થવાની શું વાત છે! પોતપોતાના નરકની પોતપોતાની લેશ્યા હોય છે—પહેલી નરકમાં કાપોત લેશ્યા, વચ્ચેની નરકોમાં નીલ લેશ્યા અને સૌથી નીચે કૃષ્ણ લેશ્યા હોય છે.

પ્રશ્ન :— તમે દ્રવ્યલેશ્યાની વાત કરો છો કે ભાવલેશ્યાની?

ઉત્તર :— આ ભાવલેશ્યાની વાત છે—જીવોના પરિણામની વાત છે. બધા નારકીની દ્રવ્યલેશ્યા અર્થાત્ શરીરનો વર્ણ કૃષ્ણ જ હોય છે, અત્યંત કાળા હોય છે. ત્રીજા નરકમાં આ જીવ છ વાર જઈ શકે છે, ચોથીમાં પાંચ વાર, પાંચમીમાં ચાર વાર, છઠ્ઠીમાં ત્રણ વાર જઈ શકે છે. સાતમી નરકમાંથી નીકળીને કોઈ મનુષ્ય નથી થતું, સંજ્ઞી પર્યાપ્ત ગર્ભજ તિર્યંચ જ થાય છે, પછી મત્સ્ય થઈને ફરી સાતમી નરકમાં જાય

તો બે વાર જઈ શકે છે.

પ્રશ્ન :— ક્લોનમાં શું જીવ છે?

ઉત્તર :— આ વિષય આપણો નથી, છતાં પણ આપણે જોઈએ. વૈજ્ઞાનિકોએ જીવને ઉત્પન્ન કર્યો કે પુદ્ગલને? તમે કહેશો કે તેણે પોતાની ઈચ્છાનુસાર જેવા જોઈએ તેવા આકાર, વર્ણનું શરીર બનાવ્યું ને! વિશિષ્ટ નામકર્મના ઉદયવાળા જીવ ત્યાં આવીને ઉત્પન્ન થાય છે. શરીરની રચના તો તે જીવની પર્યાપ્તિઓથી થાય છે.

પ્રશ્ન :— ક્લોનનો જીવ ગર્ભજ છે કે કેવો છે?

ઉત્તર :— ત્યાં તો અનેક ગર્ભ–'ફર્ટિલાઈઝ્ડ એગ્જ' બનાવવામાં આવે છે. સ્ત્રીબીજ અને પુરુષબીજનો સંયોગ કૃત્રિમ રીતે લેબોરેટરીમાં કરીને અનેક ગર્ભ તૈયાર કરે છે–તેના ઉપર અનેક પ્રયોગ કરવામાં આવે છે. તેમાંથી કોઈ એક ગર્ભ ફરીથી માના પેટમાં રાખવામાં આવે છે, જ્યાં તે સામાન્ય ગર્ભ સમાન વધે છે. આ બધા કૃત્રિમ ગર્ભ પણ પર્યાપ્ત ગર્ભજ મનુષ્યભવ જ છે. તેના પર લાખો રૂપિયા ખર્ચ કરે છે. ત્યાં લેબોરેટરીમાં જે અનેક ગર્ભ તૈયાર કર્યા હતા તે નષ્ટ કરવામાં આવે છે–આટલા બધા પર્યાપ્ત ગર્ભજ મનુષ્યભવ ત્યાં જ નષ્ટ થઈ જાય છે,તે દુર્લભ મનુષ્યભવનો શું લાભ થયો?

ક્યારેક ક્યારેક એક કરોડ પૂર્વનું આયુષ્ય બાંધીને મનુષ્યમાં જન્મ લે છે, ત્યાં પણ પર્યાપ્તિ પૂર્ણ થતાં એક અંતર્મુહૂર્તમાં કદલીઘાતથી મરણ થઈ શકે છે. એવી ઘણી વાતો છે કે જેના ઉપર આપણે વિચાર નથી કરતા, એટલું જ વિચારીએ છીએ કે હમણાં તો અમે કમાવીશું, મોજ કરીશું, બાકી બધું વૃદ્ધાવસ્થામાં કરીશું. કોઈના પણ આયુષ્યનો કાંઈ ભરોસો નથી, કોણ કેટલું આયુષ્ય લઈને આવ્યો છે અને પોતાનું કેટલું આયુષ્ય બાકી રહ્યું છે તેની પણ કાંઈ ખબર નથી; તેથી જે કાંઈ કરવું છે અર્થાત્ સ્વાધ્યાય, ભેદવિજ્ઞાન આદિ તત્કાલ જ કરવાયોગ્ય છે, ભવિષ્યના ભરોસે રહેવા જેવું નથી. હવે આપણે નરકની ચર્ચામાં વધારે આગળ વધીએ છીએ.

પ્રશ્ન :— પૃથ્વીઓના નામ રત્નપ્રભા આદિ છે. ત્યાં તેની જેવી પ્રભા હોય છે તે અનુસાર તેમના નામ રાખવામાં આવ્યા છે?

ઉત્તર :— બધી પૃથ્વીઓ સ્ફટિક સમાન હોય છે, ફક્ત ઉપરની પ્રભા અલગ-

અલગ હોય છે.

પ્રશ્ન :— રત્નપ્રભા નામ છે તો શું નરકોમાં અંધારું નથી થતું?

ઉત્તર :— રત્નપ્રભા નામક પૃથ્વીની ઉપલા ખરભાગમાં રત્નો સમાન પ્રભા હોય છે. તેમાં સોળ ભૂમિ–લેયર્સ છે કે જે એક-એક હજાર યોજન પહોળી છે. બે ભૂમિઓની વચ્ચે કોઈ અંતરાળ નથી. તેના નામ આપણે પહેલા જોયા હતા. આ બધાની લંબાઈ-પહોળાઈ પ્રથમ પૃથ્વી સમાન લોકના અંત સુધી છે. તેમાં ભવનવાસીઓના ભવન છે, ત્યાં અકૃત્રિમ ચૈત્યાલય છે, ત્યાં જિનબિંબ, ચૈત્યવૃક્ષ આદિ કેવા છે? તેની વિસ્તારથી ચર્ચા આપણે ભવનવાસીઓના પ્રકરણમાં કરીશું. તે પહેલાં નરકોમાંથી બહાર તો નીકળશું!

રત્નપ્રભા પૃથ્વીના પંકભાગમાં કીચડ સમાન પ્રભા હોય છે. નીચેના અબ્બહુલ ભાગમાં પાણીની અધિકતા હોય છે. તેમાં નરકોના બિલ જોવા મળે છે. જમીનમાં મૃદંગ અથવા માટલું દાટી દ્યો તે રીતે આ જમીનમાં વચ્ચે પોલી જગ્યા–કેવ્હિટી અર્થાત્ નરકબિલ છે અને બધી તરફ જમીન હોય છે. બે નરકબિલોની વચ્ચે જમીન હોય છે. નરકોના બિલ પણ અસંખ્યાત અસંખ્યાત યોજનના હોય છે. જેવી રીતે ઉંદરના બિલ જમીનની અંદર હોય છે તેવી રીતે નરકના બિલ પણ જમીનની અંદર હોય છે, પરંતુ ઉંદર ઉપર આવે છે તેવી રીતે નરકબિલ અન્ય ક્યાંય અથવા આપસમાં જોડાયેલા ન હોવાથી બહાર કોઈ સુરાગ અથવા કનેક્શન નથી હોતું. જેવી રીતે આપણને સૂર્ય, ચંદ્રનો પ્રકાશ મળે છે, ભોગભૂમિમાં અને સ્વર્ગમાં કલ્પવૃક્ષોનો પ્રકાશ હોય છે, તેવી રીતે નરકોમાં પ્રકાશ હોતો નથી. ત્યાંની ભૂમિ ઠંડી અથવા ગરમ હોય છે, પરંતુ ત્યાં અંધારું જ હોય છે. આપણે જ્યાં રહીએ છીએ તે પૃથ્વીનો ઉપરનો ભાગ છે અને નરક તે પૃથ્વીઓની અંદર હોય છે.

કોઈનો પ્રશ્ન છે કે કેટલા યોજન ખોદશું તો નરક મળી જશે?

ઉત્તર :— નરકમાં જવા માટે એક લાખ યોજન તો ખોદવું જ પડશે. એક યોજન પણ ઘણું મોટું છે. ખોદતાં ખોદતાં નરકમાં જવાની શું જરૂર છે? આપણા પરિણામોથી જ અનંતવાર આપણે નરકમાં જઈ આવ્યા છીએ.

રત્નપ્રભા નામની પહેલી પૃથ્વીની પહેલી ચિત્રા ભૂમિ–ચિત્રા પૃથ્વી ઉપર આપણે રહીએ છીએ. તે સ્ફટિકની–રત્નોની બનેલી છે, પરંતુ અત્યારે તેની ઉપર ધૂળ-માટી જામી ગઈ છે. જ્યાં સમ્મેદશિખર છે ત્યાં તે ચિત્રા પૃથ્વીમાં સ્વસ્તિક બનેલો છે. જ્યારે છઠ્ઠા

કાળના અંતમાં પ્રલય થાય છે ત્યારે બધી જ ધૂળ-માટી ઉડી જાય છે અને પૃથ્વી રત્નો જેવી નિર્મલ-સ્વચ્છ થઈ જાય છે.

પ્રશ્ન :— નરકોમાં અંધારું છે તો કેવી રીતે જોવે છે?

ઉત્તર :— જેવી રીતે બિલાડી, વાઘ, સિંહ આદિ પ્રાણી અંધારામાં જોઈ શકે છે, તેવી જ રીતે નારકી પણ અંધારામાં જોઈ શકે છે.

તમારો પ્રશ્ન છે કે ત્યાં ક્યો કાળ ચાલે છે?

ઉત્તર :— જેવી રીતે વિદેહક્ષેત્રમાં સદાય ચોથો કાળ ચાલે છે, સ્વર્ગમાં સદાય પહેલો કાળ ચાલે છે, તેવી જ રીતે નરકોમાં સદાય છઠ્ઠો કાળ ચાલે છે. અહીં ભરત-ઐરાવત ક્ષેત્રોના આર્યખંડમાં છ કાળ હોય છે. ભોગભૂમિમાં ક્યાંક પહેલો, ક્યાંક બીજો, ક્યાંક ત્રીજો કાળ હોય છે કારણ કે ઉત્તમ, મધ્યમ, જઘન્ય ભોગભૂમિમાં તે અનુક્રમથી જોવા મળે છે. અહીં માત્ર દુઃખરૂપ સંયોગોની અપેક્ષા છઠ્ઠો કાળ કહ્યો છે, આયુષ્ય અથવા શરીરની લંબાઈની અપેક્ષાએ નહીં.

ભરતક્ષેત્રના આર્યખંડમાં અવસર્પિણીમાં છ અને ઉત્સર્પિણીમાં છ કાળ હોય છે. અવસર્પિણીનો પહેલો કાળ ઉત્તમ ભોગભૂમિનો ચાર ક્રોડાક્રોડી સાગરનો છે, તેને સુષમાસુષમા અથવા સુખમાસુખમા કહે છે. બીજો કાળ મધ્યમ ભોગભૂમિનો ત્રણ ક્રોડાક્રોડી સાગરનો છે, તેને સુષમા કહે છે. ત્રીજો કાળ જઘન્ય ભોગભૂમિનો બે ક્રોડાક્રોડી સાગરનો છે, તેને સુષમાદુષમા કહે છે. ત્યારબાદ ત્યાં જ કર્મભૂમિનો પ્રારંભ થાય છે, તે ચોથો કાળ દુષમાસુષમા કહેવાય છે. મોક્ષ જવાનો–શ્રેણી ચઢવાનો પુરુષાર્થ આ કાળમાં જ થઈ શકે છે. નરકનો પણ દરવાજો અહીં ખુલે છે, કારણ કે ભોગભૂમિના બધા જીવ મરીને દેવોમાં જ ઉત્પન્ન થાય છે. આ ચોથો કાળ ૪૨ હજાર વર્ષ કમ એક ક્રોડાક્રોડી સાગરનો હોય છે. પાંચમો કાળ એકવીસ હજાર વર્ષ અને છઠ્ઠો કાળ પણ એકવીસ હજાર વર્ષનો હોય છે. તેના નામ ક્રમશઃ દુષમા અને દુષમાદુષમા છે. તેને ઉલટા ગણીએ તો ઉત્સર્પિણીના છ કાળ થશે. બધા મળીને અવસર્પિણી કાળના દસ ક્રોડાક્રોડી સાગર અને ઉત્સર્પિણી કાળના પણ દસ ક્રોડાક્રોડી સાગર થાય છે. બંને મળીને એક કલ્પકાળ થાય છે કે જે વીસ ક્રોડાક્રોડી સાગરનો હોય છે.

મારો તમને પ્રશ્ન છે કે ઉત્સર્પિણીના અંતિમ તીર્થંકર પછી અવસર્પિણીના પ્રથમ તીર્થંકર થયા તો કેટલા કાળ બાદ થયા? આપણે ત્યાં આદિનાથ ભગવાન પ્રથમ તીર્થંકર થયા તો કેટલા કાળ બાદ થયા?

ઉત્તર :— કેમ? નથી ખબર? અહીં ઉત્સર્પિણીના ત્રણ અને અવસર્પિણીના ત્રણ ભોગભૂમિનો કાળ જે અઢાર ક્રોડાક્રોડી સાગર છે, તેટલા કાળ બાદ વૃષભદેવ તીર્થંકર થયા. તેમની પહેલાં એટલા કાળ સુધી ભરતક્ષેત્રથી કોઈ મોક્ષ ગયું ન હતું, મુનિ અથવા પંચમ ગુણસ્થાનવર્તી પણ થયા ન હતા. આદિનાથ ભગવાનના કાળમાં મોક્ષ જવાની શરૂઆત થઈ તેથી તેને આદિપુરુષ કહે છે. મહાવીર ભગવાનના કાળમાં શ્રેણિક રાજા થયા હતા. ચોરાસી હજાર વર્ષનું નરકાયુ ભોગવીને તેઓ ઉત્સર્પિણીના પ્રથમ તીર્થંકર થશે અર્થાત્ અવસર્પિણીના પાંચમો, છઠ્ઠો તથા ઉત્સર્પિણીના છઠ્ઠા તથા પાંચમો કાળ વીતી જશે અને તેઓ આ ભરતક્ષેત્રના ચોથા કાળમાં જન્મ લઈને પ્રથમ તીર્થંકર થશે. તમે કહી રહ્યા છો કે બધુ જ બરાબર ફિટ થઈ ગયું. તે સહજ જ હોય છે. આપણે વિચારીને તેમાં કાંઈ પણ કરી શકતા નથી. જ્યારે, જ્યાં, જેમ થવાનું છે; ત્યારે, ત્યાં, તેમ જ થશે. જો અમારા દસ ભવ બાકી છે, તો દસ ભવ કરીને જ આપણે મોક્ષે જશું. કોઈ જીવ અત્યારે એકેન્દ્રિય આદિ પર્યાયમાં ક્યાંય પડ્યો છે અને એક ભવ કરીને થોડાં જ કાળમાં મોક્ષ જવાવાળો છે, તો અવશ્ય તેવા પરિણામ થશે અને મનુષ્યાયુ આદિ યથાયોગ્ય પ્રકૃતિઓ બાંધીને તે મનુષ્ય થઈને યથાસમય મોક્ષ પ્રાપ્ત કરશે જ.

આપણને ડર છે કે ક્યાંક હું મરી ન જાઉં! અરે! મોઢેથી તો બોલો છો કે અમને મોક્ષ જોઈએ અને આ ભવનો અંત થવાના ડરથી ડરી રહ્યા છો! મોક્ષ જતાં પહેલાંનો એક ભવ ઓછો થયો તેમાં દુઃખની શું વાત છે?

ભલે ભવ એટલા જ રહે, પરંતુ આ ભવનું આયુષ્ય તો વધારી શકીએ કે નહીં? અમેરિકા જઈને તો મૃત્યુને ટાળી શકીશું અથવા આયુષ્યને વધારી શકીશું કે નહીં?

આ માન્યતા કેવી છે ખબર છે? આપણે અન્ય કર્મોનો તો નાશ કરવા ઈચ્છીએ છીએ પરંતુ આયુષ્ય કર્મને રાખવા ઈચ્છીએ છીએ. શાસ્ત્રમાં આયુકર્મને કારાવાસ—બેડીની ઉપમા આપી છે. તે આપણને વિવક્ષિત પર્યાયથી છૂટવા નથી દેતું. લૌકિકમાં આપણે જાણીએ છીએ કે જો કારાવાસની દિવાલ તૂટી જાય તો કેદી ભાગી જશે પરંતુ આપણે એવા

હોંશિયાર છીએ કે આખું જીવન આ કારાગૃહને–શરીરને સજાવવામાં–પુષ્ટ કરવામાં વ્યતીત થાય છે અને જો કારાવાસ તૂટવાનો અવસર આવે તો ડૉક્ટરની પાસે જઈને તેની મરમ્મત કરાવીએ છીએ. ઉપરથી વાતો પણ કરીએ છીએ કે શરીર ટકી રહેશે તો અમે મોક્ષનો પુરુષાર્થ કરીશું, આ શરીર અમને મોક્ષમાર્ગ પ્રાપ્ત કરાવી દેશે. અરે ચેતન! શું આ જડ શરીર તને મોક્ષ આપશે?

હવે તમારા લોકોના પ્રશ્નોના સમાધાન કરીને આગળ વધશું.

પ્રશ્ન :— વર્તમાન ચોવીસીના બધા જ તીર્થંકર સ્વર્ગથી આવ્યા છે અને ભવિષ્યના તીર્થંકર નરકથી પણ આવી રહ્યા છે, એવું કેમ?

ઉત્તર :— એવી કોઈ વાત નથી. નરકથી આવ્યા હોય કે સ્વર્ગથી આવ્યા હોય; તીર્થંકર તો તીર્થંકર જ હોય છે. સ્વર્ગથી આવે એટલે મહાન અને નરકથી આવે એટલે હીન એવું નથી.

પ્રશ્ન :— ક્ષાયિક સમ્યગ્દૃષ્ટિ પ્રથમ નરકમાં જાય છે, ત્યાં તેમનો વ્યવહાર કેવો હોતો હશે? અહીં પણ સમ્યગ્દૃષ્ટિનો વ્યવહાર કેવો હોય છે?

ઉત્તર :— જુઓ, આપણે બાહ્યક્રિયાના આધારે સમ્યગ્દૃષ્ટિને ઓળખવા માગીએ છીએ, એ વાત ખોટી છે. ચોથા ગુણસ્થાનવાળા અવિરત સમ્યગ્દૃષ્ટિ અર્થાત્ અસંયમી છે. ત્યાં પણ રાગ-દ્વેષના પરિણામ થાય છે પરંતુ તે પોતાને રાગ-દ્વેષથી ભિન્ન જાણે છે, અનુભવ કરે છે, એવી જ પ્રતીતિ બની રહે છે. પોતાનામાં થવાવાળા રાગ-દ્વેષનું તેમને સ્વામિત્વ નથી. ભલે તેમને ક્રોધ આવતો હોય પરંતુ બાહ્ય વ્યવહારથી કોઈની ઓળખાણ ન થઈ શકે. કારણ કે અભિપ્રાયના હિસાબે બાહ્યનો વ્યવહાર બદલે જ એમ નથી. જ્યાં અંતરંગમાં સ્થિરતા વધે છે એવા ઉપરના ગુણસ્થાનોમાં બાહ્ય દશામાં પણ પરિવર્તન આવે છે. આપણી દૃષ્ટિ બાહ્યમાં જ જામેલી છે. આપણે દિશા બદલવા નથી ઇચ્છતા, દશા બદલવા ઇચ્છીએ છીએ. અભિપ્રાયમાં તો એ સમ્યગ્દૃષ્ટિ નારકી જીવને પણ 'હું જીવ છું, હું જ્ઞાયક છું' એવી પ્રતીતિ, એવો અનુભવ ચાલે છે, પરંતુ અધિક માત્રામાં સ્થિરતા નથી. તેમને અનંતાનુબંધી છે જ નહીં, પરંતુ ત્રણ કષાય ચોકડી હજી વિદ્યમાન છે અને ઉત્પન્ન થવાવાળા રાગના તે સ્વામી નથી. મુનિરાજોમાં સ્થિરતા વધારે હોય છે અને ત્રણ કષાય ચોકડીરૂપ રાગ તેમને ઉત્પન્ન જ નથી થતો, માત્ર સંજ્વલનના ઉદયરૂપ

રાગ જોવા મળે છે.

પ્રશ્ન :— નારકી જીવોનું અવધિજ્ઞાન કુઅવધિ હોતું હશે?

ઉત્તર :— સમ્યગ્દૃષ્ટિ નારકીઓને સુઅવધિજ્ઞાન હોય છે અને પહેલા તથા બીજા ગુણસ્થાનવાળાઓને કુઅવધિ અર્થાત્ વિભંગજ્ઞાન હોય છે. દેવો અને નારકીઓમાં તે ભવમાં અવધિજ્ઞાન હોય જ છે તેથી તેને 'ભવપ્રત્યય' અવધિજ્ઞાન કહે છે.

હવે તે અવધિજ્ઞાનનું ક્ષેત્ર કેટલું છે તે જોઈએ છીએ.

પહેલી પૃથ્વીના નારકીઓમાં અવધિજ્ઞાનનું ક્ષેત્ર ચાર કોસ હોય છે કે જે ક્રમથી પ્રત્યેક પૃથ્વીમાં અડધો-અડધો કોસ ઘટતું-ઘટતું અર્થાત્ દ્વિતીય આદિ પૃથ્વીઓમાં ક્રમથી સાડા ત્રણ, ત્રણ, અઢી, બે, દોઢ અને એક કોસ અવધિક્ષેત્ર હોય છે. સાતમી નરકના નારકીઓમાં અવધિક્ષેત્રની મર્યાદા એક કોસ છે.

પ્રશ્ન :— પાંચમા, છઠ્ઠા કાળમાં ધર્મનો લોપ—નાશ થઈ જશે?

ઉત્તર :— અત્યારે આપણે અવસર્પિણીના પાંચમા દુખમા કાળમાં છીએ, તેના અંત સુધી ધર્મ રહેશે. અંતમાં શ્રી વીરાંગદ મુનિ, સર્વશ્રી આર્યિકા, અગ્નિલ શ્રાવક અને પંગુસેના નામના ઉત્કૃષ્ટ શ્રાવિકા થશે. પંચમ કાળના અંતમાં સંન્યાસ મરણથી મરીને તેઓ સૌધર્મ સ્વર્ગમાં જન્મ લેશે. ત્યારબાદ ધર્મનો લોપ થશે. છઠ્ઠા કાળના અંતમાં પ્રલય થશે. પછી ઉત્સર્પિણીનો પહેલો (આપણા છઠ્ઠા સમાન) અને બીજો (આપણા પાંચમા સમાન) કાળ હશે. એ દુખમા કાળના અંતમાં હજાર વર્ષ બાકી રહ્યા હશે ત્યારે ક્રમથી સોળ કુલકરોની ઉત્પત્તિ થશે. તે જીવોને કેવી રીતે રહેવું, કેવી રીતે વ્યવહાર કરવો, કેવી રીતે આચરણ કરવું આદિ વાતો શીખડાવશે.

પ્રશ્ન :— અલોકાકાશમાં અંધકાર હોય છે કે પ્રકાશ?

ઉત્તર :— અંધારું અને અજવાળું તો પુદ્‌ગલ છે. અલોકાકાશમાં તો માત્ર આકાશદ્રવ્ય જ છે, ત્યાં પુદ્‌ગલદ્રવ્ય છે જ નહીં. ત્યાં નથી અંધારું કે નથી પ્રકાશ!

હવે સમય થઈ ગયો છે. શેષ પ્રશ્નોના ઉત્તર યથા અવસર પર આપીશ.

બોલો, વિદેહક્ષેત્રમાં બિરાજમાન ચોથા તીર્થંકર શ્રી સુબાહુ ભગવાનનો જય હો!

# ૫. શલાકાપુરુષ, અન્ય શંકા સમાધાન

અહીં ત્રિલોકસારના આધારથી ત્રણ ભુવનનું સ્વરૂપ જોઈ રહ્યા છીએ. ત્રણ ભુવન કહો કે ત્રિલોક કહો એક જ વાત છે.

છઢાળાના મંગલાચરણમાં લખ્યું છે—

તીન ભુવન મેં સાર, વીતરાગ વિજ્ઞાનતા ।
શિવસ્વરૂપ શિવકાર, નમહૂં ત્રિયોગ સમ્હારિકૈં ॥

ત્રણ ભુવનમાં—આ લોકમાં છ દ્રવ્ય જોવા મળે છે. જીવ અનંત છે, પુદ્ગલ અનંતાનંત છે, ધર્મ, અધર્મ, આકાશ એક-એક છે, કાળદ્રવ્ય અસંખ્યાત છે. આકાશદ્રવ્ય તો લોક-અલોક મળીને છે. આ બધામાં સારભૂત વીતરાગ વિજ્ઞાનતા છે. આપણે બધા સ્વયં વીતરાગ વિજ્ઞાન સ્વરૂપ છીએ અને પોતાનો આશ્રય કરવાથી પર્યાયમાં પણ વીતરાગ વિજ્ઞાનતા પ્રગટ થાય છે. જેમણે આવી વીતરાગ વિજ્ઞાનતા પ્રગટ કરી છે તે અરિહંત અને સિદ્ધોને પણ આપણે તેમના જેવા બનવા માટે નમસ્કાર કરીએ છીએ.

અહીં ત્રિલોકસારના મંગલાચરણમાં ત્રીજા છંદમાં હમણા આપણે ગાયું હતું, 'તીન ભુવન થિતિ જાનિકૈં, આપ આપમય હોય'—ત્રણ ભુવનની સ્થિતિ અર્થાત્ સ્વરૂપ જાણીને, સંપૂર્ણ વિશ્વનું સ્વરૂપ જાણીને એમ કહ્યું છે, તો તેને શું કામ જાણવું? અહો! જાણવું તો આપણો સ્વભાવ છે. જીવ પોતાને પણ જાણે છે અને પરને પણ જાણે છે. જે એમ કહે છે કે 'બસ હું જ હું છું, અન્ય કાંઈ છે જ નહીં, બધી જ માયા છે' એવી ભ્રામક કલ્પનાની સાથે કોઈ પોતાનો અનુભવ કરવા ઈચ્છે, સમ્યગ્દર્શન પ્રાપ્ત કરવા ઈચ્છે તો તેમ ત્રણ કાળમાં પણ થઈ શકતું નથી. જે છે—જેમનું અસ્તિત્વ છે તથા જે વસ્તુઓ જેવી છે તેમનો તેવો જ જ્ઞાનમાં સ્વીકાર થવો જોઈએ.

કરણાનુયોગના વિષયમાં જે ગણિત છે તેની તો આપણે પરીક્ષા કરી શકીએ છીએ. જેવી રીતે દ્વીપના—સમુદ્રના ક્ષેત્રફળ કાઢવા હોય, ગોળ, ત્રિકોણ, ચોકોર, શંખાકૃતિ ક્ષેત્રનું ક્ષેત્રફળ કાઢવું હોય, તો આપણે કાઢી શકીએ છીએ, તેની સત્યતાની પરીક્ષા કરી શકીએ છીએ; પરંતુ મેરુ પર્વતની ઊંચાઈ કેટલી છે, નરકમાં કેટલા બિલ છે આ વાતો આપણે માપી શકતા નથી, કેવળીની વાણી અનુસાર જ જાણવું પડે છે—જેને આગમ પ્રમાણ કહેવામાં આવે છે. કેવળી ભગવાને આ બધી વસ્તુઓને પ્રત્યક્ષ જાણીને

કહી છે અને જો કોઈએ તેમની વાણીનો વિશ્વાસ ન હોય તો તે વાત નિશ્ચિત થાય છે કે તેને ભગવાનની શ્રદ્ધા પણ નથી.

આપણે પેથોલોજીસ્ટની પાસે લોહી અથવા શરીરના અન્ય અવયવોની તપાસ કરવા માટે જઈએ છીએ. લોહીની તપાસ કરીને ડૉક્ટર આપણને રિપોર્ટ લખીને આપે છે જેમ કે બ્લડ શુગર આટલું-આટલું છે. તેના ઉપર આપણને કેટલા ટકા ભરોસો છે? શું કહ્યું? સો એ સો ટકા! બની શકે છે કે રિપોર્ટ ટાઈપ કરવામાં ટાઈપીસ્ટે ભૂલ કરી છે. એ રિપોર્ટને જોઈને જીવ બીજા સ્પેશ્યાલિસ્ટની પાસે દોડે છે અને તે જેમ કહે, ઠીક તેમજ બધી જ વાતો આચરણમાં લાવે છે. શું ખાવું અને શું ન ખાવું, શું કરવું આદિ વાતો જેવી કહેવામાં આવે ઠીક તે જ રીતે આચરણ શરૂ કરી દે છે. ત્યાં જરાય પણ શંકા કરતો નથી. તેને પૂછતો નથી કે કોણે જોયું છે? તેનું કારણ એક જ છે કે તેની 'હું શરીર છું' એવી માન્યતા અનાદિથી દઢ છે, જેને કોઈ હલાવી શકતું નથી—અરિહંત ભગવાન પણ હલાવી શકતા નથી.

પ્રત્યેક દ્રવ્ય અનાદિનિધન છે, અનંત ગુણસ્વરૂપ છે, તે પોતાનાથી જ પોતાનામાં જ પરિણમન કરતું રહે છે, તેની પર્યાય પોતાનાથી જ થાય છે, અન્ય કોઈ તેને મદદ કરે—અસર કરે—ધક્કો મારીને શરૂ કરે એવું નથી. નિમિત્તથી કોઈ કાર્ય થતું નથી. છ દ્રવ્યોના સમૂહરૂપ આ લોક પણ અનાદિનિધન છે, અનાદિથી છે અને અનંતકાળ સુધી રહેશે. તેનો રક્ષણકર્તા, ધારણકર્તા, સંહારકર્તા કોઈપણ નથી. કોઈપણ નવા જીવ ઉત્પન્ન થશે નહીં, કોઈ નવા પુદ્ગલ ઉત્પન્ન થશે નહીં. સંસારમાં આ જે અનંત જીવ પરિભ્રમણ કરી રહ્યા છે—જન્મ-મરણ કરી રહ્યા છે તેઓ ક્યાંકથી મરીને અન્ય જગ્યાએ જન્મ લે છે, તેમની સંખ્યા વધતી નથી કે ઘટતી નથી.

એક જ કુટુંબમાં અનેક સદસ્ય અહીં મનુષ્યપર્યાયમાં ભેગા થયા છે. કોઈ નરકથી આવ્યું હશે, કોઈ સ્વર્ગથી, કોઈ તિર્યંચથી અને કોઈ મનુષ્યથી. મોક્ષથી પણ કોઈ આવતું હશે કે નહીં?—ના, એ તો વન વે ટ્રાફિક છે. એકવાર નિર્વાણ થઈ ગયા પછી તે જીવ ફરી જન્મ ધારણ કરી શકતો નથી. અન્યમતી માને છે કે ભગવાન અહીં અવતાર—જન્મ લે છે, એ વાત ખોટી છે.

કોઈનો પ્રશ્ન આવ્યો છે કે કાલે જે ત્રેસઠ શલાકાપુરુષોની વાત કરી તે કાંઈ અમારી સમજમાં ન આવી. તે શલાકા શું છે?

ઉત્તર :— કાલે જે ત્રેસઠ શલાકાપુરુષોની વાત કરી હતી, તે મહાપુરુષ–શ્રેષ્ઠ પુરુષ હોય છે. આપણે તો અહીંયાની–ભરતક્ષેત્રની વાત કરી રહ્યા છીએ. અહીં આર્યખંડમાં છ કાળ બતાવ્યા હતા–અવસર્પિણીના છ અને ઉત્સર્પિણીના છ. અત્યારે અહીં અવસર્પિણીનો પાંચમો કાળ ચાલી રહ્યો છે. જ્યારે અહીંયા ચોથા કાળની શરૂઆત થાય છે ત્યારે ક્રમથી ચોવીસ તીર્થંકરો થાય છે. તેમના નામ તો યાદ છે ને? વૃષભદેવ અર્થાત્ આદિનાથથી લઈને મહાવીર સુધી એક પછી એક એમ કુલ ચોવીસ તીર્થંકર થયા છે. શરૂ શરૂમાં બે તીર્થંકરોની વચ્ચે કાળનું અંતર ખૂબ જ મોટું હોય છે. પહેલા આદિનાથ અને બીજા અજિતનાથ તીર્થંકર વચ્ચે કેટલું અંતર હતું?–હાં, પચાસ લાખ કરોડ સાગર. એક સાગર ગણતાં ગણતાં તો નહીં, પરંતુ સાંભળતાં સાંભળતાં પણ પરસેવો છૂટી જાય છે.

ચોથો કાળ તો એક ક્રોડાક્રોડી સાગરનો છે. ક્રોડાક્રોડીનો અર્થ ૧ કરોડ × ૧ કરોડ છે. શરૂ શરૂમાં આયુષ્ય પણ મોટું હતું. વૃષભદેવનું આયુષ્ય કેટલું હતું, ખબર છે ને? હાં, ૮૪ લાખ પૂર્વ. ૮૩ લાખ પૂર્વ તો તેઓ રાજપાટમાં હતા. આ પૂર્વ શું છે તે જોઈએ. ૮૪ લાખ પૂર્વાંગોનું એક પૂર્વ થાય છે અને ૮૪ લાખ વર્ષનું એક પૂર્વાંગ થાય છે. બીજી ભાષામાં કહેવું હોય તો ૮૪ લાખ વર્ષ × ૮૪ લાખ વર્ષ = ૧ પૂર્વ = ૭૦ લાખ ૫૬ હજાર કરોડ વર્ષ. આ રીતે ૧ પૂર્વ, ૨ પૂર્વ, ૧૦૦૦ પૂર્વ, ૧ લાખ પૂર્વ, ૮૪ લાખ પૂર્વનું આદિનાથ ભગવાનનું આયુષ્ય હતું. કર્મભૂમિના મનુષ્ય, તિર્યંચનું ઉત્કૃષ્ટ આયુષ્ય ૧ કરોડ પૂર્વનું હોય છે. ભોગભૂમિમાં તો પલ્યોનું આયુષ્ય હોય છે. કર્મભૂમિ, ભોગભૂમિ આદિની ચર્ચા આપણે પછી કરવાના છીએ. થોડી વાતો એવી છે કે જે પહેલાં સાંભળશું અને પછી સમજશું. કેટલીક વાતો એવી પણ હોય છે કે જે પહેલાં વિસ્તારથી સમજીએ છીએ અને પછી તેનું વિવેચન થાય છે.

કર્મપ્રકૃતિઓમાં પણ તેવું થાય છે. કેટલીક પ્રકૃતિઓ પહેલાં બંધાય છે અને પછી ઉદયમાં આવે છે. તમે કહેશો કે એમાં શું આશ્ચર્ય છે? પહેલાં બંધાય અને પછી જ તો ઉદયમાં આવશે. હાં સાંભળો, કેટલીક પ્રકૃતિઓ એવી છે કે જે પછી બંધાય છે અને પહેલાં ઉદયમાં આવે છે. તમને ખબર છે? જુઓ અમારા ઘણા બધા સ્વાધ્યાયી અહીં બેઠા છે, ઉત્તર દેવા માટે તૈયાર છે પરંતુ મૌન લઈને બેઠા છે. અમારી રોજની એવી જ પદ્ધતિ છે. કારણ કે અમે ઈચ્છીએ છીએ કે નવા લોકોને વિચાર કરવા માટે વધારે સમય આપવામાં આવે, તેમને ઉત્તર આપવાનો પહેલો અવસર મળે.

હાં, બોલો પ્રેરણાબેન! સાચો જવાબ છે. આહારક શરીર અને આહારક આંગોપાંગ નામક પ્રકૃતિ બંધાય છે સાતમાં—આઠમાં ગુણસ્થાનમાં અને તેનો ઉદય છઠ્ઠા ગુણસ્થાનમાં આવે છે. ઉપરના ગુણસ્થાનમાં બંધાય છે અને પછી નીચેના છઠ્ઠા ગુણસ્થાનમાં આવે ત્યારે તેનો ઉદય થાય છે. મુનિરાજ સાતમાથી છઠ્ઠામાં અને છઠ્ઠાથી સાતમામાં આવતા જતા રહે છે. અંતર્મુહૂર્ત-અંતર્મુહૂર્તમાં છઠ્ઠું-સાતમું થતું રહે છે.

તમારો પ્રશ્ન છે કે આઠમામાં બાંધવાવાળો પાછો છઠ્ઠામાં કેવી રીતે આવશે? કોણ જવાબ આપવા ઈચ્છે છે? હાં, બરાબર છે; ઉપશમશ્રેણીમાં આઠમું, નવમું, દસમું, અગિયારમું અને ફરી ક્રમથી જ દસમું, નવમું, આઠમું, સાતમું અને છઠ્ઠું ગુણસ્થાન પ્રાપ્ત કરે છે. કોઈપણ જીવ અગિયારમાં ગુણસ્થાનથી સીધો મિથ્યાત્વમાં નથી જતો, છઠ્ઠા સુધી તો ક્રમથી જ આવે છે, મૃત્યુ થતાં સીધો ચોથામાં જાય છે. આહારક સંબંધી પ્રકૃતિ બાંધી હોય તે મુનિરાજને જો કોઈ પ્રશ્ન હોય અથવા તીર્થવંદનાનો વિકલ્પ હોય તો તેમના મસ્તકથી એક હાથ પ્રમાણ, સપ્તધાતુ રહિત, સફેદ, પુરુષાકાર પુતળું નીકળે છે અને તીર્થોની વંદના કરીને અથવા પ્રશ્નના સમાધાન માટે તીર્થંકર પાસે જઈને ત્યાં જતા જ તેનું સમાધાન પામીને, એક અંતર્મુહૂર્તમાં પાછું ફરીને મૂળ શરીરમાં પ્રવેશ કરે છે. છઠ્ઠા ગુણસ્થાનના અંતર્મુહૂર્ત કાળથી પણ આ આહારક શરીરનું બનવું અને જઈએ પાછા આવવાનો સમય ઓછો છે.

આપણી વાત તો શલાકાપુરુષોની ચાલી રહી હતી. જે જીવોએ પહેલાં તીર્થંકર પ્રકૃતિ બાંધી છે, તે જીવોને કેવળજ્ઞાન થતાં અર્થાત્ તેરમા ગુણસ્થાને તીર્થંકર પ્રકૃતિનો ઉદય થાય છે, તેમના સમવસરણની રચના થાય છે, તેમની દિવ્યધ્વનિ છૂટે છે, તેમના મહાન પુણ્યના ઉદયથી અન્ય પણ અનેક અતિશય થાય છે.

તીર્થંકર પ્રકૃતિના બંધની શરૂઆત કોણ કરે છે એ વાત તો આપણે પહેલાં જોઈ હતી, યાદ છે ને? કર્મભૂમિના મનુષ્ય, ચોથાથી સાતમા ગુણસ્થાનવર્તી, તીર્થંકર અથવા કેવળીના પાદમૂળમાં આ પ્રકૃતિના બંધનો પ્રારંભ કરે છે. ત્યારબાદ તે પ્રતિસમય તીર્થંકર પ્રકૃતિને બાંધતા જ રહે છે, પછી ભલે તે રાજપાટ કરે, ઘર, વ્યાપાર સંભાળે અથવા પૂજા-પાઠ કરે. આઠમા ગુણસ્થાન સુધી તેનો નિરંતર બંધ થાય છે.

પરંતુ આ પ્રકૃતિ બંધાય છે કઈ રીતે? કારણ કે સમવસરણમાં તો અનેક જીવ જાય

છે, બધાને તો નથી બંધાતી ! શાસ્ત્રમાં તો તેના કારણોની ચર્ચા કરતા થકા ષોડશકારણ ભાવના—સોળ ભાવનાઓનું વર્ણન આવે છે. તમારામાંથી કોઈ તીર્થંકર પ્રકૃતિ બાંધવા ઈચ્છે છે? એકદમ શોર્ટકટમાં—સંક્ષેપમાં કહીશ. આપણી પાસે—આપણા આગમમાં બધા જ રસ્તા છે. કેટલા જીવ અહીંયા છે કે જે તીર્થંકર પ્રકૃતિ બાંધવા ઈચ્છે છે?

જુઓ, જે જીવ કોઈપણ પ્રકૃતિ બાંધવા ઈચ્છે છે તેને બંધ સારો લાગે છે. જેને કર્મના—પુણ્યકર્મના ઉદયમાં પ્રાપ્ત સંયોગ સારા લાગે છે, જે કહે છે કે અમે પૂર્વમાં ખૂબ જ પુણ્ય કર્યું હતું તેથી જ તો આ સારો સંયોગ પ્રાપ્ત થયો છે, તે જીવને પુણ્યપ્રકૃતિઓનો બંધ સારો લાગે છે. જેને બંધ સારો લાગે છે તેને મોક્ષ સારો લાગતો નથી. આપણે તો આપણા જ અભિપ્રાયને જોવાનો છે. કોઈના ઉપર વ્યંગ-કટાક્ષ નથી કરવાનો. જો અંદર માન્યતામાં આ મિથ્યા અભિપ્રાય પડ્યો છે અને ઉપર ઉપરથી આચરણમાં કાંઈ સુધાર કરવા ઈચ્છીએ છીએ, તો કાંઈપણ લાભ નથી થતો. જે રીતે કોઈ અંદર શલ્ય—કાંટો અથવા ફૉરેન બૉડી શરીરમાં ઘુસી છે અને ઉપરથી મલમપટ્ટી લગાવે તો ઉલટું ઈન્ફેક્શન થશે, ઘાવ ઠીક થશે નહીં.

આપણે રાગ-દ્વેષને કંટ્રોલ કરવા ઈચ્છીએ છીએ અને કાંઈ શુભભાવ થયા તો માનીએ છીએ કે અમે આગળ વધી ગયા—સારા થઈ ગયા. તીર્થંકર પ્રકૃતિ પણ સહજ બંધાય છે, તેને બંધયોગ્ય પરિણામ સહજ થાય છે; બાંધવાની ઈચ્છાવાળાને તો બંધાતી જ નથી કારણ કે તે તો સમ્યગ્દૃષ્ટિને જ બંધાય છે.

તમે કહેશો કે અમે તો સમજી વિચારીને અહીં દેવલાલીમાં શિબિર માટે આવ્યા છીએ અને તમે કહો છો કે આ શુભભાવ સહજ થાય છે?

ઉત્તર :— અહીં બેઠા બેઠા અથવા પૂજન કરતા સમયે અથવા ધ્યાનના નામે બેસીએ છીએ ત્યારે અન્ય વિકલ્પ—કોઈ અશુભભાવ કેમ આવે છે? મંજુબેન! અશુભ વિકલ્પ સહજ આવે છે કે તમે કરો છો? તે તો સહજ આવે છે, છે ને! અશુભ તો સહજ આવે છે અને શુભ? શુભભાવ તો આપણે કરીએ છીએ. આપણે શુભભાવના કર્તા બનીને બેઠા છીએ, આ આપણી ભૂલ છે. આ બધો જ સહજનો ખેલ છે. નાટક સમયસારમાં આવે છે કે 'જ્ઞાની કહે સહજ કા ધંધા.'

તીર્થંકર પ્રકૃતિ પણ સહજ જ બંધાય છે. આ શુભ-અશુભભાવ તો સહજ જ

આવે છે, શુદ્ધભાવ પણ સહજ જ થાય છે. ધર્મ તો સહજ જ થાય છે.

જે જીવ તીર્થંકર પ્રકૃતિ બાંધે છે, તે તીર્થંકર થાય જ છે. જે ભવમાં તીર્થંકર પ્રકૃતિ બાંધવાનું શરૂ કર્યું છે, તે ભવમાં તે જીવ તીર્થંકર થઈને મોક્ષ જઈ શકે છે અથવા એક ભવ દેવનો અથવા નરકનો કરીને મનુષ્યમાં આવીને તીર્થંકર થઈને મોક્ષ જઈ શકે છે. તિર્યંચોને તીર્થંકર પ્રકૃતિનો બંધ નથી થતો અને તીર્થંકર પ્રકૃતિ બાંધવાવાળા મનુષ્ય મરીને ભોગભૂમિના મનુષ્ય પણ નથી થઈ શકતા. આપણે ત્યાં ભરતક્ષેત્રમાં બધા તીર્થંકરોના પાંચ-પાંચ કલ્યાણક થાય છે. ગર્ભકલ્યાણક, જન્મકલ્યાણક, તપકલ્યાણક (દીક્ષાકલ્યાણક), કેવળજ્ઞાનકલ્યાણક, મોક્ષકલ્યાણક—આ કલ્યાણકોમાં ઈન્દ્ર આદિ દેવો આવીને પૂજા કરે છે. જન્મકલ્યાણક આદિની વાત આપણે મેરુ પર્વત સંબંધી પ્રકરણમાં જોઈશું. જેમને પાંચેય કલ્યાણક હોય છે તે જીવ સ્વર્ગથી અથવા નરકથી આવવાવાળા તીર્થંકર પ્રકૃતિ બાંધવાવાળા જીવ છે, જેમણે તેના પણ પૂર્વના મનુષ્યભવમાં તીર્થંકર પ્રકૃતિનો બંધ શરૂ કર્યો હતો.

વિદેહક્ષેત્રમાં આવા જીવ પણ થઈ શકે છે કે જે જન્મ થયા બાદ તીર્થંકર પ્રકૃતિનો બંધ પ્રારંભ કરે છે અને તે જ ભવમાં તીર્થંકર થાય છે. તેમને ગર્ભ અને જન્મ તો થઈ ચૂક્યા, હવે જો તેમના ચોથા, પાંચમા ગુણસ્થાનવર્તી થવા પર તીર્થંકર પ્રકૃતિનો બંધ પ્રારંભ થાય તો તેમને તપકલ્યાણક, કેવળજ્ઞાનકલ્યાણક અને મોક્ષકલ્યાણક—આ ત્રણ કલ્યાણક થાય છે અને જો મુનિ થયા બાદ તીર્થંકર પ્રકૃતિનો બંધ પ્રારંભ થાય તો તેમને અંતિમ બે જ કલ્યાણક હોય છે.

જેમને દેવાયુનો બંધ થયો હોય એવા તીર્થંકર પ્રકૃતિ બાંધવાવાળા મનુષ્ય મરીને સૌધર્મ સ્વર્ગથી સર્વાર્થસિદ્ધિ સુધી ક્યાંય પણ ઉત્પન્ન થઈ શકે છે. જેને સમ્યક્ત્વ થતાં પહેલાં નરકાયુ બંધાયુ હોય અને પછી સમ્યગ્દર્શન થઈને જેમને તીર્થંકર પ્રકૃતિ બંધાવાનું શરૂ થયું હોય તે જીવ મરીને પહેલી, બીજી અથવા ત્રીજી નરકમાં ઉત્પન્ન થાય છે. તીર્થંકર પ્રકૃતિ બાંધવાવાળા મનુષ્ય અલ્પ-સંખ્યાત હોવા છતાં પણ મરીને દેવ અથવા નારકી થાય છે અને ત્યાંનું તો સાગરોનું આયુષ્ય હોય છે, તેથી પૂર્વોક્ત સ્વર્ગોમાં અને નરકોમાં પ્રત્યેકમાં અસંખ્યાત-અસંખ્યાત જીવ એવા જોવા મળે છે કે જે તીર્થંકર પ્રકૃતિનો બંધ કરી રહ્યા છે અને ત્યાંથી મનુષ્યમાં આવીને તીર્થંકર થવાવાળા છે.

કેવળજ્ઞાન થતાં તીર્થંકર પ્રકૃતિનો ઉદય શરૂ થાય છે, તેરમા અને ચૌદમા

બંને ગુણસ્થાનમાં તેનો ઉદય નિરંતર રહે છે. કેવળજ્ઞાન થતાં, જેટલું આયુષ્ય શેષ હોય તેટલો તેમનો તીર્થંકરપદનો કાળ છે. તેમનો સૌથી ઓછો કાળ પૃથક્ત્વ વર્ષ તો હોય જ છે. સામાન્ય કેવળીનો તેરમા ગુણસ્થાનનો જઘન્ય કાળ એક અંતર્મુહૂર્ત હોઈ શકે છે. તેવી રીતે તીર્થંકરોનો આટલો અલ્પકાળ નથી હોતો.

આપણે શલાકાપુરુષોને જોઈ રહ્યા હતા, આપણો મૂળ વિષય છૂટી ન જાય. તેમાંથી ચોવીસ તીર્થંકરોની વાત કરી. બાર ચક્રવર્તી હોય છે, તેઓ છ ખંડના અધિપતિ હોય છે. આપણી પાસે પણ ઘણા ખંડ છે—શ્રીખંડ, વેખંડ (એક ઔષધિ), લોખંડ, દોરખંડ (દોરડું). શું કહો છો? હાં, પાખંડ. તે તો અનાદિથી છે. પરંતુ તેની વાત નથી. ભરત, ઐરાવત, વિદેહ આ બધા ક્ષેત્રોમાં પાંચ-પાંચ મ્લેચ્છખંડ અને એક-એક આર્યખંડ હોય છે. અઢી દ્વીપ—મનુષ્યલોકના પ્રકરણમાં આની ઉપર વધારે ચર્ચા કરીશું.

પૂર્વમાં જે સમ્યગ્દૃષ્ટિ પુરુષ થાય છે, તે દેવોમાં જન્મ લઈને ત્યાંથી મનુષ્યમાં જન્મ લઈને પછી ચક્રવર્તી પદ પ્રાપ્ત કરે છે. અહીં ચોથા કાળમાં એવા ૧૨ ચક્રવર્તી હોય છે. તમારો પ્રશ્ન છે કે તીર્થંકર પ્રકૃતિ સમાન ચક્રવર્તી નામની પણ કોઈ પ્રકૃતિ હોય છે?

ઉત્તર :— આ નામની કોઈ પ્રકૃતિ ૧૪૮ પ્રકૃતિઓમાં તો નથી. આ પદ તો મહાન સાતિશય પુણ્યપ્રકૃતિના ઉદયમાં પ્રાપ્ત થાય છે, આવું પુણ્ય સમ્યગ્દૃષ્ટિને જ બંધાય છે. ચક્રવર્તીને અતુલ વૈભવ પ્રાપ્ત થાય છે. તેને ૧૪ રત્નોની પ્રાપ્તિ થાય છે, તેમાંથી એક ચક્રરત્ન છે કે જેને કારણે તે બધા રાજાઓને પોતાને આધીન કરી લે છે. તેમના પુણ્યની વિભૂતિ એવી હોય છે કે તેમને કોઈ ઝગડો-લડાઈ કરવી પડતી નથી. આ તો આ હુંડાવસર્પિણીમાં એવું થયું કે ચક્રવર્તીનું પણ માનભંગ થયું—ભરત ચક્રવર્તી અને બાહુબલીના યુદ્ધમાં ભરતની હાર થઈ હતી.

કાલે આપણે અવસર્પિણીની વાત કરી હતી, એવી અસંખ્યાત અવસર્પિણી ગયા બાદ એક એવો કાળ આવે છે કે જેને હુંડાવસર્પિણી કહે છે કે જે આપણે અહીં અત્યારે ચાલી રહ્યો છે. આ કાળમાં ઘણી એવી વાતો બની છે કે જે અન્ય અવસર્પિણીઓમાં નથી હોતી. આદિનાથ ભગવાન ત્રીજા કાળના અંતમાં થયા, તીર્થંકરોને પુત્રી નથી હોતી પરંતુ આદિનાથને થઈ, ભરત ચક્રવર્તીનું માનભંગ થયું, ચોથા કાળની વચ્ચે

જ કેટલાય કાળ સુધી ધર્મનો લોપ રહ્યો આવી થોડી ઘણી વાતો બની.

ચક્રવર્તીની સંપદા આ પ્રકારે હોય છે—

ચક્રવર્તી પાસે ૮૪ લાખ હાથી હોય છે, તેટલા જ રથ હોય છે, ૧૮ કરોડ ઘોડા હોય છે, છ ઋતુઓને યોગ્ય વસ્તુને આપવાવાળું કાળનિધિ, ભાજન-પાત્ર આપવાવાળું મહાકાળનિધિ, અન્ન આપવાવાળું પાંડુનિધિ, આયુધ આપવાવાળું માણવક નિધિ, વાજિંત્ર આપવાવાળું શંખનિધિ, મંદિર આપવાવાળું નૈસર્પનિધિ, વસ્ત્ર આપવાવાળું પદ્મનિધિ, આભૂષણ આપવાવાળું પિંગળનિધિ, અનેક પ્રકારના રત્નસમૂહ આપવાવાળું નાનારત્નનિધિ—આ પ્રકારે નવનિધિ હોય છે. ગાડાના આકારની નિધિ હોય છે કે જેમાંથી એવી વસ્તુઓ નીકળતી રહે છે. ચક્રવર્તીને ૧૪ રત્નોની પ્રાપ્તિ થાય છે, તે આ પ્રકારે છે—૧-ચક્રરત્ન, ૨-અસિરત્ન, ૩-છત્રરત્ન, ૪-દંડરત્ન કે જે સૈન્યની ભૂમિને સ્વચ્છ કરે છે, ૫-મણિરત્ન—ચૂડામણિ હોય છે કે જે ઇચ્છિત પદાર્થોનું દાન આપે છે, ૬-ચર્મરત્ન, ૭-કાંકિણીરત્ન—આ સાત અચેતન રત્ન છે. જ્યારે ચક્રવર્તી પોતાની સેના સહિત વિજયાર્ધની ગુફા સુધી આવે છે ત્યારે આ રત્નથી ગુફાઓના દરવાજા ખુલી જાય છે. આ ગુફાઓમાં બે નદીઓ છે કે જે ગંગાનદીમાં મળે છે. તેમના નામ ઉન્મગ્ના અને નિમગ્ના છે. ઉન્મગ્નામાં કોઈપણ વસ્તુ પડી જાય તે બહાર આવે છે અને નિમગ્નામાં અત્યંત હલકી વસ્તુ પણ પડી જાય તો તે અંદર જતી રહે છે. ગુફાઓને પાર કરવામાં આ અલગ-અલગ રત્ન કામ આવે છે. અન્ય સાત સચેતન રત્ન આ પ્રકારે છે— ૧-ગૃહપતિરત્ન, ૨-સેનાપતિરત્ન, ૩-ગજરત્ન, ૪-અશ્વરત્ન, ૫-પુરોહિતરત્ન, ૬-સ્થપતિ અર્થાત્ સ્થાપત્ય વિશારદ (એંજિનીયર) અને ૭-સ્ત્રીરત્ન.

ચક્રવર્તીને ૯૬ હજાર રાણીઓ, ૩૨ હજાર પુત્ર આદિ હોય છે. આ બધો તેમના પુણ્યનો વૈભવ છે કે જે સાંભળીને આપણને ઘણું સારું લાગે છે. પરંતુ એ નિયમ છે કે જે ચક્રવર્તી ચક્રવર્તીપદમાં મરે છે, તે મરીને સાતમી નરકમાં જન્મ લે છે, જ્યાં ૩૩ સાગરનું આયુષ્ય છે. અહીં તો ચક્રવર્તીપદ સારું લાગી રહ્યું હતું, ક્ષણભરમાં મરીને સાતમી નરકમાં ચાલ્યો જાય છે. ત્યાં કેવી કેવી પરિસ્થિતિ થાય છે અને કેવા કેવા પરિણામ થાય છે તે બધું આપણે કાલે જોઈ લીધું. આપણને પણ આપણા અનુકૂળ સંયોગ ઘણા સારા લાગે છે, તેને થોડા સમય માટે છોડીને પોતાના કલ્યાણની વાતો સાંભળવી સારી નથી લાગતી. તે ચક્રવર્તી પણ અનુકૂળતામાં રચ્યા-પચ્યા રહે છે,

ભોગ તેમને સુહાવના લાગે છે ત્યારે તો તે ચક્રવર્તી પદમાં જ રહે છે. અન્ય ચક્રવર્તી કે જે રાજપાટનો ત્યાગ કરીને મુનિપદ લે છે, તેમાંથી કેટલાક તો મોક્ષ જાય છે અને કેટલાક સ્વર્ગમાં જાય છે. એવા બાર ચક્રવર્તી આ ભરતક્ષેત્રમાં ચોથા કાળમાં થાય છે— અવસર્પિણી તથા ઉત્સર્પિણીમાં પણ.

અન્ય પણ શલાકાપુરુષ ક્યા જોયા હતા? હાં, નવ નારાયણ, નવ પ્રતિનારાયણ, નવ બળભદ્ર. બળભદ્ર જાણીતા લાગે છે ને? અહીં દેવલાલીમાં? સવારે દર્શન કર્યા? કેટલાના? આઠના. કેટલા થયા છે? નવ. એક બળભદ્ર બલરામ કે જે કૃષ્ણના ભાઈ હતા તે સ્વર્ગમાં ગયા છે, શેષ આઠ મોક્ષ ગયા છે. નારાયણને જ વાસુદેવ કહે છે અને પ્રતિનારાયણને પ્રતિવાસુદેવ કહે છે. નારાયણ, પ્રતિનારાયણ અને બળભદ્ર એક જ કાળમાં થાય છે.

નારાયણ અને બળભદ્ર ભાઈ-ભાઈ હોય છે. કેવા ભાઈ? પિતરાઈ નહીં, સૌતેલા ભાઈ હોય છે, બંનેની મા અલગ-અલગ હોય છે. જેવી રીતે રામ બળભદ્ર અને લક્ષ્મણ નારાયણ બંને દશરથ રાજાના પુત્ર હતા, પરંતુ બંનેની માતા અલગ-અલગ હતી. રામ કૌશલ્યાના પુત્ર હતા અને લક્ષ્મણ સુમિત્રાના પુત્ર હતા. નારાયણ અને બળભદ્રમાં અત્યંત પ્રેમ હોય છે.

બીજા કોઈ નારાયણ અને બળભદ્રનું નામ ખબર છે? કૃષ્ણ અને બલરામ.

એવો નિયમ છે કે પ્રતિનારાયણ ત્રિખંડી હોય છે—ત્રણ ખંડના અધિપતિ—અર્ધચક્રી હોય છે. જેવી રીતે ચક્રવર્તી છ ખંડના અધિપતિ હોય છે, તેવી રીતે પ્રતિનારાયણ ત્રણ ખંડના અધિપતિ હોય છે, તે પ્રતિનારાયણ દુષ્ટ પ્રવૃત્તિના હોય છે અને નારાયણ તેનો વધ કરે છે.

નારાયણ બળભદ્રની પહેલાં મરે છે, જેવી રીતે કૃષ્ણનું મૃત્યુ તેમના ભાઈ બલરામની પહેલાં અને લક્ષ્મણનું મૃત્યુ રામચંદ્રની પહેલાં થયું હતું. બળદેવને પોતાના ભાઈ નારાયણ પ્રત્યે અત્યંત અનુરાગ, અત્યંત પ્રેમ સહજ હોય છે. તેથી તે મરી ગયા એવું માનવા માટે પણ તેઓ તૈયાર થતા નથી અને છ-છ મહિના સુધી તેમનું શબ ખભા પર લઈને તેમને નવડાવાનો, ખવડાવવાનો પ્રયત્ન કર્યા કરે છે, તેમને મનાવે છે, ખૂબ જ શોક કરે છે.

આપણને સવાલ ઊઠે કે શું સમ્યગ્દષ્ટિ પણ આવું કરી શકે છે? આપણે તેમની બાહ્ય ક્રિયાઓ જોઈએ છીએ અને વિચારીએ છીએ કે જે ક્રિયા આપણા જેવા અજ્ઞાની પણ ન કરી શકે, તે ક્રિયા તેઓ કેવી રીતે કરે છે? શું તેમને એટલું પણ સમજાતું ન હતું? પ્રથમાનુયોગ વાચીએ છીએ તો એવું લાગે કે આવા કેવા સમ્યગ્દષ્ટિ, કે જે છ-છ મહિના તેમનું શબ લઈને ફરે છે! તેનું સમાધાન એ છે કે તેવો જ તેમનો આપસમાં પ્રેમ હોય છે અને છ મહિના સુધી એવી જ તેમની બુદ્ધિ ભ્રષ્ટ થઈ જાય છે, છતાં પણ ચારિત્રમોહનીય કર્મના વશ થઈને આવું થાય છે. ત્યાં મિથ્યાત્વ અને અનંતાનુબંધીનો ઉદય નથી. અન્ય જે ચારિત્રમોહનીય છે, તે કારણે આવું થાય છે.

આ રીતે પ્રત્યેક ચતુર્થ કાળમાં ૬૩ શલાકાપુરુષ હોય છે. મારો તમને એક પ્રશ્ન છે કે આ અવસર્પિણી કાળમાં પણ ત્રેસઠ શલાકાપુરુષ થયા હશે ને કારણ કે એ તો અબાધિત નિયમ છે?

ઉત્તર :— નહીં, ચાર ઓછા થયા છે, ૫૯ જ થયા છે. આમાં કોઈ કોઈનો ડબલરોલ થયો છે, જો બધાય અલગ-અલગ જીવ હોત તો ૬૩ થઈ જાત. આપણા કેટલાક તીર્થંકર એવા હતા કે જે ચક્રવર્તી પણ હતા. ક્યા?—શાંતિનાથ, કુંથુનાથ અને અરનાથ. મહાવીરનો જીવ પહેલાં ત્રિપૃષ્ઠ નારાયણ હતો. ક્યારે હતો?—શ્રેયાંસનાથ તીર્થંકરના સમયમાં. પછી તે જીવ ક્યાં ગયો હશે?—હાં, નરકમાં. નારાયણ અને પ્રતિનારાયણ મરીને નિયમથી નરકમાં જાય છે અને બળભદ્ર કોઈ મોક્ષમાં અને કોઈ સ્વર્ગમાં જાય છે. આ ૬૩ શલાકાપુરુષો સિવાય અન્ય પણ મહાપુરુષો થાય છે. જેવી રીતે કે કામદેવ, તીર્થંકરના માતા-પિતા, નારદ, રુદ્ર આદિ. તેમની પણ પોતપોતાની વિશેષતાઓ જોવા મળે છે.

રુદ્ર પણ આગળ ચાલીને મોક્ષ જાય છે. પરંતુ એ ભવમાં ભાવલિંગી સંત થઈને પણ પછી ભ્રષ્ટ થઈ જાય છે અને નરકમાં ચાલ્યા જાય છે. જુઓ! જીવોના પરિણામ કેવા-કેવા થઈ શકે છે! કોઈ ભાવલિંગી સંત હોય, કરોડ પૂર્વના આયુષ્યમાં મોટો ભાગ ભાવલિંગીની અવસ્થામાં વ્યતીત થાય, પરંતુ પરિણામ એવા બગડી જાય છે કે મિથ્યાત્વમાં ચાલ્યા જાય છે, મિથ્યાત્વમાં આયુષ્યબંધ કરીને નરક-નિગોદમાં પણ જઈ શકે છે. તેથી આપણા પરિણામ ક્યારે કેવા થઈ જશે તેનો ભરોસો નથી.

આપણે વૃદ્ધાવસ્થામાં ધર્મ કરવા ઇચ્છીએ છીએ. આપણે કોના ભરોસે રહીએ

છીએ? અત્યારના પરિણામોની ગેરેંટી નથી અને ભવિષ્યકાળમાં વૃદ્ધાવસ્થાના પરિણામોના ભરોસે રહેવા ઇચ્છીએ છીએ. મરાઠીમાં કહેવત છે કે લોઢી ગરમ હોય ત્યારે જ રોટલી શેકી શકાય છે. ન સમજ્યા? સાંભળો, તમે સ્ત્રીઓ રોટલી બનાવી રહ્યા છો એટલામાં કોઈનો ફોન આવી જાય તો ગેસ બંધ કરીને વાતો કરવા લાગો છો, અડધા પોણા કલાકની છુટ્ટી જ સમજો. પછી શું કરો છો? ઠંડી લોઢી પર જ રોટલી શેકો છો કે? નહીં ને? તેવી જ રીતે અત્યારે તો સ્વાધ્યાય કરવાના, શાસ્ત્ર સાંભળવાના પરિણામ છે;ખબર નહીં, ભવિષ્યમાં ક્યારે કેવા પરિણામ હોય! જો અત્યારે નહીં સાંભળીએ તો સાંભળીને સમજવું, તેની ઉપર વિચાર કરવો, 'તે એમ જ છે' એવો તત્ત્વનિર્ણય કરવો આદિ ક્યારે કરીશું? બીજાઓને મરતાં જોઈએ છીએ પરંતુ પોતાને અમર માનીને બેઠા છીએ.

ક્યા પરિણામમાં ક્યારે કેવા પ્રકારનો આયુષ્ય બંધાશે અને ક્યાં જઈને જન્મ લેશે તેની કાંઈ ખબર નથી. સંપૂર્ણ લોકમાં જીવ ક્યાં જઈને પટકાશે તેની ખબર નથી—નરકમાં, નિગોદમાં ક્યાંય પણ જઈ શકે છે. અત્યારે તો જે સંયોગ પ્રાપ્ત થયા છે તેને છોડવા નથી માગતો અને આગળ જઈને ખબર નહીં કેવા સંયોગ પ્રાપ્ત થશે! ખબર નથી કે આગળ કેવી ગતિ મળશે કે જેમાં પોતાના કલ્યાણની વાત પણ વિચારી શકીએ છીએ કે નહીં?

આ રીતે આપણે શલાકાપુરુષ વિષે જોયું. અત્યાર સુધી આપણે જોયું કે સંપૂર્ણ લોકમાં ઉપર ઊર્ધ્વલોક છે, વચમાં મધ્યલોક છે અને નીચે અધોલોક છે. અધોલોકમાં નરકોની રચના, ત્યાંની પ્રતિકૂળતાની વાતો જોઈ. એવી પ્રતિકૂળતામાં પણ અંસખ્યાત જીવ સમ્યગ્દર્શન પ્રાપ્ત કરે છે—વેદક સમ્યક્ત્વ અથવા પ્રથમોપશમ સમ્યક્ત્વ પ્રાપ્ત કરે છે. કોઈપણ સંયોગથી આપણો માર્ગ રોકાયેલો રહેતો નથી. એ વાતની ખબર પડે છે. આપણે તો સંયોગોમાં રુચિ પડી છે. ત્યાં નરકોના પ્રતિકૂળ સંયોગોની તો તેને રુચિ થઈ શકતી નથી. ત્યાં પણ અનેક જીવ વિચાર કરે છે કે આ કેવી પરિસ્થિતિ બની રહી છે? કેવી તીવ્ર વેદના થઈ રહી છે? કેવા પરિણામ થઈ રહ્યા છે? આ રાગ-દ્વેષ-સંક્લેશ આદિ પરિણામોથી હું ભિન્ન છું—એવા તત્ત્વવિચારોમાં જીવ સમ્યક્ત્વ પ્રાપ્ત કરે છે.

એક પ્રશ્ન એવો આવ્યો છે કે એકેન્દ્રિય જીવ નરકમાં નથી જતા? ત્યાં પણ તો પૃથ્વી હોય છે.

જુઓ, નરકનું ક્ષેત્ર અલગ વાત છે અને નારકી થવું અલગ વાત છે. જ્યાં

નરક છે ત્યાં પૃથ્વી તો છે જ, ત્યાં બાદર પૃથ્વીકાયિક જીવ છે. તે સાતે પૃથ્વીઓના આધારે પાંચેય પ્રકારના બાદર એકેન્દ્રિય જીવ રહે છે, પરંતુ તે નરકગતિના જીવ નથી. આ પૃથ્વીઓની નીચે ત્રણ-ત્રણ વાતવલય છે, વચ્ચે અસંખ્યાત યોજનોનો અંતરાળ છે. પાંચેય પ્રકારના સૂક્ષ્મ જીવ તો સર્વત્ર છે—પૂરા લોકાકાશમાં સ્થાવર જીવ રહે છે. પૃથ્વીકાયિક, જલકાયિક, અગ્નિકાયિક, વાયુકાયિક બધા જીવ સંપૂર્ણ લોકમાં અસંખ્યાત-અસંખ્યાત છે અને નિગોદ શરીર પણ અસંખ્યાત છે, પરંતુ એક-એક નિગોદ શરીરમાં અનંત-અનંત જીવ જોવા મળે છે. તે અનંત કેટલા છે ખબર છે? ત્રણ કાળમાં જેટલા સિદ્ધ થશે તેનાથી પણ અનંતગુણા જીવ એક નિગોદ શરીરમાં રહે છે—સૂક્ષ્મ નિગોદમાં પણ અને બાદર નિગોદમાં પણ. બાદર નિગોદ કે જે બટેટા, ડુંગળી, ગાજર, લસણ, મૂળા, થોર—એલોવેરામાં જોવા મળે છે—નાની કટકીમાં અસંખ્યાત શરીર અને એક-એક શરીરમાં અનંત જીવ. એક શરીરમાં જોવા મળતા જીવોના અનંતમા ભાગ પ્રમાણ જીવ પણ ત્રણ કાળમાં સિદ્ધ થતા નથી. જીવોની અનંતતા આપણા ખ્યાલમાં નથી આવતી તેથી લોકોને લાગે છે કે આટલા જીવો સિદ્ધ થઈ જશે તો અહીં કોણ બચશે? કોઈ કહે છે પણ કે તમે લોકો આટલો સ્વાધ્યાય કરો છો અને કરાવો છો, જો બધા જ સ્વાધ્યાય કરીને સિદ્ધ થઈ જશે તો શું થશે? અમારી મિલ્કત કોણ સંભાળશે? ભગવાને આટલું બધું નિર્માણ કર્યું છે, તેને કોણ ભોગવશે? ખાશે કોણ? આવું પૂછવાવાળાઓએ સંપૂર્ણ વિશ્વને પોતાનું ભોગ્ય માની રાખ્યું છે.

તમારા અનેક પ્રશ્નના ઉત્તરમાં આ ચર્ચા થઈ રહી હતી. એકેન્દ્રિયથી ચતુરિન્દ્રિય સુધીના જીવો મરીને નારકી નથી થતાં, દેવગતિમાં પણ જઈ શકતા નથી. આ બધા નિયમ છે. કઈ ગતિના કે માર્ગણાના જીવ કઈ કર્મ પ્રકૃતિ ક્યારે બાંધી શકે છે? કોને કઈ પ્રકૃતિઓને ક્યારે ઉદય થાય છે? તે બધા નિયમ છે કે જે નિશ્ચિત છે, તેમાં કોઈ પરિવર્તન કરી શકતું નથી, આપણે ફક્ત તેને જાણી શકીએ છીએ. આપણે તેને અથવા તે ભાવોને બદલી શકતા નથી.

હવે અહીં નરકનું વર્ણન સમાપ્ત થયું, પરંતુ અધોલોકનું વર્ણન સમાપ્ત થયું નથી. પહેલી રત્નપ્રભા પૃથ્વીની ઉપરના બે ભાગમાં અર્થાત્ ખરભાગ અને પંકભાગમાં ભવનવાસી અને વ્યંતર જાતિના દેવગતિના દેવ રહે છે કે જે અધોલોકમાં રહેવાવાળા દેવગતિના જીવ છે. આપણને લાગે છે કે બધા જ દેવ ઊર્ધ્વલોકમાં અને નારકી

અધોલોકમાં રહે છે, પરંતુ એમ નથી. નારકી તો માત્ર અધોલોકમાં પોતપોતાના નરકબિલમાં જોવા મળે છે, પરંતુ દેવગતિના જીવ તો ઊર્ધ્વલોક, મધ્યલોક, અધોલોકમાં યથાયોગ્ય સ્થાનોમાં રહે છે. જ્યોતિષી મધ્યલોકમાં રહે છે.

તે ભવનવાસી, વ્યંતર, જ્યોતિષી શું છે તે જોઈએ. ત્રણેયને મળીને ભવનત્રિક કહેવાય છે. તમે છઢાળામાં વાંચ્યું કે સાંભળ્યું હશે કે સમ્યગ્દૃષ્ટિ મનુષ્ય કે તિર્યંચ સમ્યક્ત્વની સાથે આ ભવનત્રિકમાં જન્મ લેતા નથી, ત્યાંના જીવ જન્મથી સમ્યગ્દૃષ્ટિ નથી હોતા; પછી ભલે તે પાછળથી સમ્યક્ત્વ પ્રાપ્ત કરી શકે છે—ચતુર્થ ગુણસ્થાનવર્તી થઈ શકે છે, પરંતુ અસંયત સમ્યગ્દૃષ્ટિ અથવા દેશસંયત—પંચમ ગુણસ્થાનવર્તી જીવ પૂજનીય નથી હોતા—તેમની અર્ઘ્ય-પૂજા-આરતી કરી શકાય નહીં—ચરણાનુયોગના પણ નિયમ હોય છે, તેને જાણીને વિવેકપૂર્ણ આચરણ કરવું યોગ્ય છે, નહીં તો મિથ્યાત્વનો દોષ લાગે છે. ભવનત્રિકના યક્ષ, દેવ, દેવીઓને ભગવાન માનવા, તેમની પૂજા કરવી ગૃહીત મિથ્યાત્વ છે, તે તો ભગવાનના ભક્ત છે, ભગવાન નથી. આપણે વિના વિચાર્યે દેખા-દેખી આ બધું કરીએ છીએ—કાંઈ વિચાર કરતાં નથી.

ભવનવાસી દેવ ભવનોમાં રહે છે. આપણે ત્યાં જેવી રીતે ગર્ભગૃહ અથવા તળઘર હોય છે, તેવી રીતે પ્રથમ પૃથ્વીના ખરભાગ અને પંકભાગમાં પૃથ્વીની વચમાં જ આ દેવોના રહેવાના સ્થાન—ભવન હોય છે. ત્યાં તે દેવોના રહેવાના પ્રાસાદ, જિનમંદિર, અકૃત્રિમ ચૈત્યાલય આદિ હોય છે. આપણે ત્રણ લોકના અકૃત્રિમ ચૈત્યાલયોની પૂજા કરીએ છીએ ત્યારે અધોલોકના ૭ કરોડ ૭૨ લાખ જિનચૈત્યાલયોને નમસ્કાર કરીએ છીએ, અર્ઘ્ય ચડાવીએ છીએ; ઊર્ધ્વલોકના ૮૪ લાખ ૯૭ હજાર ૨૩ અકૃત્રિમ ચૈત્યાલયોને અને મધ્યલોકના ૪૫૮ અકૃત્રિમ ચૈત્યાલયોને આપણે અર્ઘ્ય ચડાવીએ છીએ. તેમની રચના અને વર્ણન આપણે પછી જોઈશું. વ્યંતરોમાં કેટલાય વ્યંતરોના ભવન હોય છે, કેટલાયના આવાસ હોય છે અને કેટલાયના ભવનપુર પણ હોય છે. તેની ચર્ચા પણ પછી આવશે. વ્યંતરોના અને જ્યોતિષીઓના પણ અકૃત્રિમ ચૈત્યાલય હોય છે કે જે અસંખ્યાત છે. તે સિવાય ચૈત્યવૃક્ષ, માનસ્તંભ, જિનબિંબ, ચૈત્ય અનેક જગ્યાએ હોય છે, સર્વત્ર જિનબિંબ બિરાજમાન છે, જિનધર્મ જ ચાલે છે.

આ હુંડાવસર્પિણી કાળ એવો આવ્યો છે કે જેમાં અન્યમતિના દેવી-દેવતાઓની આટલી પ્રચુરતા છે. વિદેહક્ષેત્રમાં આવા કુલિંગી અને કુધર્મી નથી હોતા. આપણે ત્યાં

આ કાળમાં કુધર્મીઓની અધિકતા છે, તેથી અમને ચિંતા થાય છે કે આપણા જૈનધર્મનું શું થશે? તમને ચિંતા થાય છે કે નથી થતી?

કોઈને એ ચિંતા નથી થતી કે મારું શું થશે? જે જિનધર્મનું અવલંબન લેશે તે ટકશે. ધર્મ તો શાશ્વત રહેવાવાળી વસ્તુ છે, વસ્તુવ્યવસ્થા શાશ્વત છે અને તેનો ઉપદેશ આપવાવાળા તીર્થંકરોનો હમેશા સદ્ભાવ રહેશે, ક્યારેય પણ તેનો અભાવ નહીં રહે.

આ કાળમાં અહીં ભરતભૂમિમાં કોઈ તીર્થંકર નથી, મુનિરાજના દર્શન પણ દુર્લભ છે પણ વિદેહક્ષેત્રમાં તીર્થંકર સદાય બિરાજમાન રહે છે. ધર્મનો અને ધર્મના ઉપદેશ દેવાવાળાનો ત્રણકાળમાં ક્યારેય અભાવ થતો નથી. આપણે તો એવા દુર્ભાગી છીએ કે આવા નિકૃષ્ટ કાળમાં અહીં જન્મ થયો, છતાં પણ એટલા ભાગ્યવાન છીએ કે તીર્થંકરોએ જે ઉપદેશ આપ્યો છે, તે આચાર્યોની પરંપરાથી આપણને આજસુધી ઉપલબ્ધ થયો છે, જ્ઞાનીઓએ તે સરળ કરીને સમજાવ્યો છે. કુંદકુંદ આચાર્ય, અમૃતચંદ્ર આચાર્ય, જયસેન આચાર્ય, નેમિચંદ્ર સિદ્ધાંત ચક્રવર્તી, વીરસેન આચાર્ય અને આવા કેટલાય દિગ્ગજ આચાર્યોએ ગ્રંથ રચના કરીને મૂળ માર્ગ સુરક્ષિત તો રાખ્યો જ છે, તેને વધારે સરળ કરીને સમજાવ્યા પણ છે. આ ગ્રંથ તો આપણા મંદિરોમાં, શાસ્ત્રના કબાટમાં રાખવામાં આવે છે. આપણે ત્યાં પણ એમ જ પડ્યા રહ્યા હતા. નાનપણમાં અમે તેની પૂજા કરતા હતા, પરંતુ તેના અભ્યાસથી જ તે વાતો આજે અમારા જ્ઞાનમાં આવી રહી છે—અમે અમારા કલ્યાણની વાત વિચારી શકીએ છીએ.

આપણે શાસ્ત્રોની જરૂર સંભાળ કરવી જોઈએ. ધર્મી જીવોએ શાસ્ત્રના પ્રચાર-પ્રસારના, તીર્થક્ષેત્રોની રક્ષાના ભાવ જરૂર આવે છે, પરંતુ માત્ર શાસ્ત્ર છપાવવાથી તેની રક્ષા નહીં થાય, પૈસા દેવાથી તેની રક્ષા નહીં થાય, પરંતુ શાસ્ત્ર તો જાણવાવાળાના આધારે રહેશે, પુસ્તકોના આધારે નહીં. શાસ્ત્રોનો અભ્યાસ કરવાથી તેનો અર્થ જરૂર સમજમાં આવે છે. વ્યવહારમાં તો આપણે કુશળ છીએ, નવી વસ્તુ જલ્દી શીખી જઈએ છીએ. આ શાસ્ત્રોની રુચિ હશે તો કાંઈ સમજમાં ન આવે એવી વાત બની જ શકતી નથી.

ભવનોની ચર્ચા આપણે પછી કરીશું.

બોલો, વિદેહક્ષેત્રમાં બિરાજમાન પાંચમા તીર્થંકર શ્રી સંજાતક ભગવાનનો જય હો!

# ૬. અધોલોકના દેવ–ભવનવાસી

ત્રિલોકસારના આધારે આપણે અહીં ત્રણ લોકનું સ્વરૂપ જોઈ રહ્યા છીએ. મેં કહ્યું હતું કે ત્રસનાડી ૧ રાજૂ × ૧ રાજૂ પહોળી, જાડી હોય છે અને ૧૪ રાજૂ ઊંચી હોય છે. આ સંબંધમાં અનેક લોકોએ પ્રશ્ન પૂછ્યા અને કહ્યું કે તે ૧૩ રાજૂ ઊંચી હોઈ જોઈએ કારણ કે નીચે ૧ રાજૂ તો નિગોદ છે. કોઈએ મને છાપેલો ચાર્ટ પણ દેખાડ્યો કે જેમાં તેની ઊંચાઈ ૧૩ રાજૂ લખી છે. તેથી હું ત્રિલોકસારનો આધાર આપવા માગું છું. ત્રિલોકસારની ગાથા નંબર ૧૪૩ છે. આપણે પહેલાં ગાથા વાંચશું અને પછી તેનો અર્થ કરીશું.

**લોયબહુમજ્ઝદેસે રુક્ખે સારવ્વ રજ્જુપદરજુદા ।**
**ચોદ્દસરજ્જુત્તુંગા તસણાલી હોદિ ગુણણામા ॥૧૪૩॥**

**લોકબહુમધ્યદેશે વૃક્ષે સાર ઇવ રજ્જુપ્રતરયુતા ।**
**ચતુર્દશરજ્જૂત્તુંગા ત્રસનાલી ભવતિ ગુણનામા ॥૧૪૪॥**

**લોકબહુમધ્યદેશે** અર્થાત્ લોકના બહુમધ્યપ્રદેશમાં અર્થાત્ બરાબર સેંટરમાં **વૃક્ષે સાર ઇવ** અર્થાત્ જેવી રીતે વૃક્ષની અંદર સાર હોય છે, છાલ આદિ તો ઉપર ઉપર હોય છે પરંતુ વચમાં સાર હોય છે, તેવી રીતે ત્રસનાડી લોકના સેંટરમાં–મધ્યમાં હોય છે. તે કેટલી છે? **રજ્જુપ્રતરયુતા** રજ્જુપ્રતર અર્થાત્ એક પ્રતરરજ્જૂ–એક સ્કવેઅર રાજૂ–૧ રાજૂ × ૧ રાજૂ તેને ભુજ અને કોટી કહે છે. વળી કેવી છે? **ચતુર્દશ રજ્જુ** ઉત્તુંગા–ચૌદ રાજૂ ઉત્તુંગ અર્થાત્ ઊંચી છે. **ત્રસનાલી ભવતિ ગુણનામા**–જેવું તેનું નામ છે તેવી છે અર્થાત્ ત્રસ જીવોનો સદ્‌ભાવ ત્રસનાડીમાં જ હોય છે, બહાર નથી. ઉપપાદ, મારણાંતિક અને કેવળી સમુદ્‌ઘાત કરવાવાળા ત્રસ જીવોનું ત્રસનાડીની બહાર પણ અસ્તિત્વ જોવા મળે છે, તેની મુખ્યતા નથી. ત્રસનાડીની બહાર માત્ર સ્થાવર જીવ જોવા મળે છે, સ્થાવર તો ત્રસનાડીમાં પણ સર્વત્ર છે.

એનો અર્થ એવો નથી કે પૂરી ત્રસનાડીમાં ત્રસ જીવો હોવા જ જોઈએ, તેના કોઈ હિસ્સામાં ન પણ હોય. દ્વીન્દ્રિય, ત્રીન્દ્રિય, ચતુરિન્દ્રિય જીવ પણ માત્ર મધ્યલોકમાં અઢી દ્વીપમાં તથા અંતિમ સ્વયંભૂરમણ સમુદ્રમાં અને સ્વયંભૂરમણ દ્વીપના અપરાર્ધમાં જોવા મળે છે. તેને ત્રસનાલી અથવા ત્રસનાડી પણ કહે છે–એક જ વાત છે. આપણે

પહેલાં જોયું હતું કે લોકાકાશનું ઘનફળ ૭ રાજૂ × ૭ રાજૂ × ૭ રાજૂ અર્થાત્ જગત્શ્રેણીનું ઘન અર્થાત્ ૩૪૩ ઘનરાજૂ છે. તેમાંથી ત્રસનાડીનું ઘનફળ ૧ રાજૂ × ૧ રાજૂ × ૧૪ રાજૂ અર્થાત્ ૧૪ ઘનરાજૂ ઓછા કરતાં ૩૨૯ ઘનરાજૂ રહ્યા કે જ્યાં ત્રસ જીવ નથી રહેતા. સ્થાવર તો પૂરા ૩૪૩ ઘનરાજૂ ક્ષેત્રમાં રહે છે.

કોઈના મનમાં શંકા રહી જાય છે કે અહીંયા અથવા ત્યાં આવું વાંચ્યું હતું, તે શંકાને દૂર કરવા માટે અહીં ત્રિલોકસારના આધારે ચર્ચા ચાલી રહી છે.

એકવાર મેં ફલટણમાં જૈન ભૂગોળનો વિષય શિબિરમાં ચલાવ્યો હતો. ત્યાં મંદિરની દિવાલ ઉપર જે ચિત્ર બનાવ્યું હતું તેમાં લોકાકાશની ઉપર આઠમી પૃથ્વીની ઉપર ૨૦-૨૦ હજાર યોજન જાડાઈવાળા ત્રણ વાતવલય દેખાડ્યા હતા. જ્યારે મેં ત્યાંના શ્રી સુભાષજી ગાંધીના નિદર્શનમાં વાત લાવી ત્યારે તેમણે મોક્ષશાસ્ત્ર નામક રામજીભાઈની ટીકાના અંતિમ કવર પેજ ઉપર છપાયેલું ચિત્ર દેખાડ્યું કે જેમાં આ ભૂલ છે. તેમને આગમનો આધાર દેખાડતાં તેમણે તત્કાળ જ તે ચિત્રોને સુધારવા માટે આદેશ આપ્યો હતો. પંડિત ટોડરમલજીએ પણ કહ્યું છે કે લખવામાં ક્યાંક કોઈ ભૂલ રહી જાય છે, તો જેના જ્ઞાનમાં—પકડમાં તે આવે છે તેનું કર્તવ્ય છે કે આગમના આધારે તેને સુધારે.

હવે અધોલોકના પ્રકરણમાં આપણે ખરભાગ અને પંકભાગની ચર્ચા કરવી છે, તે છે તો અધોલોકમાં પરંતુ ત્યાં દેવગતિના જીવ ભવનવાસી અને વ્યંતર રહે છે. આપણે ત્યાંના અકૃત્રિમ ચૈત્યાલયોની વાત કરી હતી. એ પણ જોયું હતું કે ભવનવાસીઓના ભવન હોય છે પરંતુ વ્યંતરોના ભવન, આવાસ અને ભવનપુર પણ હોય છે. ભવન કોને કહેવા, આવાસ કોને કહેવા અને ભવનપુર કોને કહેવા? ભવન તો પૃથ્વીની અંદર હોય છે—મોટાં મોટાં અનેક યોજન વિસ્તારવાળા ચોકોર, લગભગ ત્રણસો યોજન ઊંચાઈવાળા હોય છે. પ્રત્યેક ભવનમાં સો-સો યોજન ઊંચા એક પર્વત હોય છે કે જેની ઉપર અકૃત્રિમ જિન ચૈત્યાલય હોય છે. એક-એક ચૈત્યાલયમાં ૧૦૮-૧૦૮ જિનબિંબ બિરાજમાન છે કે જે પાંચસો ધનુષ ઊંચાઈવાળા છે, જે રત્નમયી છે. ત્યાં ચૈત્યવૃક્ષ આદિ પણ હોય છે જે પછી જોઈશું. ભવનોનો વિસ્તાર પણ પછી જોઈશું. પહેલાં આવાસ શું છે તે જોઈએ.

પૃથ્વીની ઉપર ઊંચા સ્થાનોમાં—તળાવ, વૃક્ષ, પર્વત આદિ ઉપર વ્યંતરોના

જે નિવાસસ્થાન છે તેને આવાસ કહે છે. વ્યંતર તો અનેક જગ્યાએ રહે છે–ખરભાગ અને પંકભાગમાં તો રહે જ છે પરંતુ જેવી રીતે આપણે પૃથ્વીની ઉપર રહીએ છીએ તેવી જ રીતે તેઓ પણ પૃથ્વીની ઉપર, વૃક્ષ, પર્વતો અને સમુદ્રોની ઉપર પણ રહે છે. મેરુગિરિ, નાભિગિરિ, વૃષભગિરિ, યમકગિરિ, કંચનગિરિ ઈત્યાદિ અનેક પર્વતો પર પણ વ્યંતરોના નિવાસસ્થાન છે. સમુદ્ર તથા ભૂમિ ઉપર અલગ-અલગ સ્તર પર–અલગ-અલગ લેવલ પર એક લાખ યોજનની ઊંચાઈ સુધી અલગ-અલગ જાતિના વ્યંતર દેવોના નિવાસસ્થાન છે, જેને આવાસ કહે છે. પૃથ્વીની અંદર હોય તે ભવન, પૃથ્વીથી ઊંચા સ્થાનોમાં અલગ-અલગ સ્તર પર જોવા મળે છે તે આવાસ છે તથા જે સમભૂમિ પર હોય છે, જેવી રીતે આપણે સમભૂમિ પર રહીએ છીએ, તેવી રીતે તેમના રહેવાના જે સ્થાન છે તેને ભવનપુર કહે છે.

આ એક-એક ભવનમાં અસંખ્યાત-અસંખ્યાત દેવ રહે છે. દેવગતિમાં ચાર પ્રકારના દેવ છે—ભવનવાસી, વ્યંતર, જ્યોતિષી અને વિમાનવાસી અર્થાત્ વૈમાનિક. સૌધર્માદિ સ્વર્ગોમાં રહેવાવાળા વૈમાનિક દેવ કહેવાય છે. પ્રત્યેક સ્વર્ગમાં–પ્રત્યેક વિમાનમાં, આ વિમાન અર્થાત્ હવાઈજહાજ નથી, તો પ્રત્યેકમાં અસંખ્યાત દેવ રહે છે છતાં પણ વૈમાનિકોથી ભવનવાસી વધારે છે, તેનાથી પણ વ્યંતર વધારે છે અને સૌથી વધારે સંખ્યા જ્યોતિષી દેવોની છે. આપણે જેને ગ્રહ, તારા, નક્ષત્ર, ચંદ્ર, સૂર્ય કહીએ છીએ, તે તો જ્યોતિષી દેવોના વિમાન છે. ૧ લાખ યોજનની ઊંચાઈવાળા મધ્યલોકમાં ૭૯૦થી લઈને ૯૦૦યોજન સુધીના ૧૧૦ યોજનના પટ્ટામાં આ બધા જોવા મળે છે. મધ્યલોકના પ્રકરણમાં આપણે તેની સંખ્યાનો હિસાબ લગાવીશું.

આ વિમાન તો પૃથ્વીના ખંડ છે. જેવી રીતે લીંબુ કાપીને તેને ઉપર સીધુ અને નીચે ગોળ રાખીએ તેવી રીતે આ પૃથ્વીના મોટા મોટા ખંડ દેવોના વિમાન કહેવાય છે. પૃથ્વી તો લોકાકાશના એક છેડાથી બીજા છેડા સુધી ફેલાયેલી હોય તેને કહે છે, આ તો ખંડ છે. સૂર્ય-ચંદ્ર આદિ જ્યોતિષી દેવોના વિમાન છે, પરંતુ તેને વૈમાનિક દેવ નથી કહેતા.

જેવી રીતે નરકમાં ૪૯ પટલ જોયા, તેવી રીતે સ્વર્ગમાં પણ ૬૩ પટલ હોય છે. પ્રત્યેક પટલમાં અનેક વિમાન હોય છે. આ વિમાનોમાં રહેવાવાળા વિમાનવાસી દેવોના પણ બે ભેદ હોય છે—૧. કલ્પવાસી, ૨. કલ્પાતીત. સોળમા સ્વર્ગ સુધીના જીવો કલ્પવાસી છે અને ઉપરના નવ ગ્રૈવેયક, નવ અનુદિશ અને પાંચ અનુત્તર વિમાનના દેવ કલ્પાતીત છે.

જ્યાં ઈન્દ્ર, પ્રતીન્દ્ર, લોકપાલ, ત્રાયસ્ત્રિંશ, અનીક આદિ ભેદ જોવા મળે છે, તે દેવોને કલ્પવાસી કહે છે. જેવી રીતે આપણે અહીં કોઈ રાજા છે તેના નગરમાં કોઈ સેનાપતિ છે, સભાપતિ છે, મંત્રી છે, સૈનિક છે, નગરવાસી છે, તેવી રીતે ત્યાં પણ ભેદ જોવા મળે છે; તથા જ્યાં સ્વામી-સેવકનો કોઈ ભેદ નથી, પ્રત્યેક જીવ અહમિન્દ્ર છે તેને કલ્પાતીત કહે છે. આ સોળ સ્વર્ગ યુગલમાં જોવા મળે છે, જેવી રીતે સૌધર્મ-ઈશાન અર્થાત્ પહેલું અને બીજું સ્વર્ગ. પ્રત્યેક જોડીમાં જેનું નામ પહેલાં લઈએ છીએ તે દક્ષિણ દિશાનું સ્વર્ગ છે અને બીજું ઉત્તર દિશાનું છે. આ વિમાનોની રચના, સંખ્યા આદિની ચર્ચા આપણે ઊર્ધ્વલોકમાં વૈમાનિકોના પ્રકરણમાં વિસ્તારથી કરીશું. અત્યારે તો ભવનવાસીઓની ચર્ચા કરીશું.

કલ્પવાસીઓ સમાન ભવનવાસીઓમાં પણ દસ-દસ પ્રકારના ભેદ છે. તેમના પદ—ગ્રેડ અલગ-અલગ છે. ત્યાં એક ઈન્દ્ર હોય છે, એક પ્રતીન્દ્ર હોય છે. ઈન્દ્રની સમાન પ્રતીન્દ્ર હોય છે. જેવી રીતે આપણે ત્યાં રાજા હોય છે, તેવી રીતે ત્યાં ઈન્દ્ર હોય છે. પ્રતીન્દ્ર અર્થાત્ યુવરાજ. ધ્યાન રાખવું કે અહીં તો રાજાના પુત્રને યુવરાજ કહે છે પરંતુ ત્યાં દેવોને કોઈ પુત્ર-પુત્રી નથી હોતા. દેવોમાં ઉત્પત્તિના સ્થાન-ઉપપાદ ગૃહમાં રત્નજડિત ઉપપાદ શૈય્યા હોય છે, જ્યાં જીવ અંતર્મુહૂર્તમાં પર્યાપ્તિ પૂર્ણ કરીને યુવાનરૂપે જ જન્મ લે છે. ત્યાં કોઈ બાળક જન્મતા નથી કે જેમને ઉછેરવા પડે અર્થાત્ જેમનું બાલસંગોપન (હિંદી ભાષામાં બાલ શબ્દનો અર્થ બાલક પણ થાય છે અને વાળ પણ થાય છે.) કરીને તેમને મોટા કરવા પડે. ત્યાં ચિંતા ન દેવોને છે કે નથી દેવીઓને. આપણો તો મોટાભાગનો સમય બાળકોની અને વાળની દેખરેખ—સંભાળમાં જ ચાલ્યો જાય છે, ચિંતા પણ તેના વિષે જ હોય છે. સ્વર્ગમાં નથી તો બાળક કે નથી તો વાળ! ત્યાં તો નખકેશ રહિત સુંદર સપ્તધાતુ રહિત શરીર હોય છે. અહીં તો નખ-સૌંદર્ય(!) અને કેશ-સૌંદર્ય(!) માટે કેટલો સમય બરબાદ થાય છે તેની તે-તે પાર્લરમાં જવાવાળાને જ ખબર છે. શરીર જ હું છું એમ માન્યું છે તો આ વાતો આમ જ ચાલશે.

તો આપણે જોયું કે એક ઈન્દ્ર હોય છે અને એક પ્રતીન્દ્ર હોય છે. ચાર લોકપાલ હોય છે કે જેને દિગિન્દ્ર પણ કહે છે—દિશાઓના ઈન્દ્ર, જે સેનાપતિ સમાન હોય છે. સોમ, યમ, વરુણ અને કુબેર તેના ચાર પ્રકાર છે. પૂર્વ દિશામાં સોમ, દક્ષિણ દિશામાં યમ, પશ્ચિમમાં વરુણ અને ઉત્તરમાં કુબેર હોય છે. તે બધા રહે છે તો પોતપોતાની જગ્યામાં—પોતપોતાના સ્વર્ગોમાં પરંતુ વિહાર કરીને અન્યત્ર જાય છે. પંચકલ્યાણકોમાં, ક્રીડા

કરવા માટે અસંખ્યાત દ્વીપ સમુદ્રોમાં જાય છે પરંતુ પોતાનું સ્થાન છોડતા નથી, વિક્રિયાથી એક અથવા અનેક શરીર બનાવે છે—ડુપ્લીકેટ શરીર બનાવે છે. બધા જ શરીરોમાં આત્મપ્રદેશ અખંડ રીતે ફેલાય છે.

ત્રાયસ્ત્રિંશત્ અર્થાત્ ૩૩ કે જેઓ રાજાના પુત્ર સમાન હોય છે, સામાનિક અર્થાત્ રાજાના પરિવાર સમાન અને તનુરક્ષક અર્થાત્ અંગરક્ષક સમાન.

પ્રશ્ન :— અંગરક્ષક શું કામ હોય છે? ત્યાં કોઈ લડાઈ, આક્રમણ થાય છે કે શું?

ઉત્તર :— અહીં લડાઈ થવા ન થવાનો સવાલ નથી. તેમના અંગરક્ષક, તેમની મોટી-મોટી સેના એ તે તેમનો વૈભવ છે, તેમના પુણ્યનો ઉદય છે. જેવી રીતે આપણા પ્રધાનમંત્રી, રાષ્ટ્રપતિની સાથે તેમના અંગરક્ષક—કમાંડો ચાલે છે. અંગરક્ષક, વાહન આદિ દેવ હીન જાતિના દેવ હોય છે, તેઓ ઇન્દ્રોનું સન્માન કરે છે, તેમની આજ્ઞામાં રહે છે.

પારિષદ નામના દેવ હોય છે. જેવી રીતે રાજાની સભામાં બેસવાવાળા હોય છે, તેવી રીતે અંતઃપારિષદ કે જે ઉત્કૃષ્ટ અંદરની સભામાં બેસે છે, મધ્યપારિષદ કે જે મધ્યની સભામાં બેસે છે અને બાહ્યપારિષદ કે જે બહારની સભામાં બેસે છે. રાજાની જેવી સેના હોય છે તેવા અનીક જાતિના દેવ હોય છે. તેના પણ સાત પ્રકાર કહ્યા છે—જેવી રીતે હાથીની સેના, ઘોડાની સેના આદિ. આ અનીક જાતિના દેવ જ તેનું રૂપ બનાવે છે. ત્યાં કોઈ હાથી, ઘોડા આદિ તિર્યંચ નથી હોતા. જેવી રીતે ઐરાવત હાથી છે તે તો વિક્રિયાથી તેનું રૂપ ધારણ કરેલા હોય છે, નહીં તો આટલા લાખ યોજન મોટો, હજાર સૂંઢવાળો હાથી ક્યાં રાખતા હશે? શું ખવડાવતા હશે? શાસ્ત્રમાં ઐરાવત હાથીનું વર્ણન આવે છે તેની એક-એક સૂંઢ પર સરોવર, સરોવરમાં કમળ, કમળ પર નૃત્ય કરતી, વાજિંત્ર વગાડતી દેવાંગનાઓ હોય છે.

અહીં અનીક જાતિના દેવોની વાત ચાલી રહી હતી. એક જ દેવ હજારો હાથી આદિના રૂપ ધારણ કરી શકે છે. એક પ્રકીર્ણક જાતિના દેવ હોય છે, જેવી રીતે અહીં નગરવાસી હોય છે. જેવી રીતે અહીં દાસ-દાસી હોય છે તેવી રીતે ત્યાં આભિયોગ્ય જાતિના દેવ હોય છે. કિલ્વિષક જાતિના દેવ હોય છે જેવી રીતે આપણે અહીં ગાયન આદિ ક્રિયાથી આજીવિકા કરવાવાળા હોય છે. ત્યાં કોઈ આજીવિકા અર્થાત્ રૂપિયા, પૈસા, ડોલરનો વ્યવહાર નથી થતો, બસ તેઓ ગાયન આદિ કરે છે. આ પ્રકારે આ દસ-દસ પ્રકારના દેવો ભવનવાસીઓમાં

અને કલ્પવાસીઓમાં પણ જોવા મળે છે. પરંતુ જ્યોતિષી અને વ્યંતરોમાં આમાંથી આઠ જ પ્રકારના દેવ જોવા મળે છે. તેમાં ચાર પ્રકારના લોકપાલ અને ત્રાયસ્ત્રિંશત્ નથી હોતા. તેમાં ઈન્દ્ર-પ્રતીન્દ્ર, સામાનિક, તનુરક્ષક, પારિષદ, અનીક, પ્રકીર્ણક, આભિયોગ્ય અને કિલ્વિષક—એમ આઠ પ્રકારના દેવ જોવા મળે છે. તેમની જે અવસ્થા–જે પોઝીશન છે તે તેની તે જ રહે છે, જે હીન જાતિના દેવ છે તે તેવા જ રહેશે. ત્યાં કોઈ હડતાલ કરવાની સહૂલિયત નથી, તેઓ ઈન્દ્રોની આજ્ઞાનું ઉલ્લંઘન કરી શકતા નથી—નકારી શકતા નથી. આજે અમે કામ પર નહીં આવીએ, એ કામ મારું નથી આદિ વાતો ત્યાં નથી ચાલતી. આ સહૂલિયત અહીં જ છે–ભોગવી લો!

દેવોને વૈક્રિયિક શરીર હોય છે કે જે આઠ ગુણોથી યુક્ત હોય છે. તેમને અણિમા આદિ ૠદ્ધિઓ હોય છે, જે આ પ્રકારે છે—અણિમા, મહિમા, ગરિમા, લઘિમા, પ્રાપ્તિ, પ્રાકામ્ય, ઈશિત્વ, વશિત્વ. તેના અર્થ આ પ્રકારે છે—

(૧) **અણિમા** : શરીરને અણુ સમાન નાનું બનાવવામાં સમર્થ હોવું.

(૨) **મહિમા** : પોતાના શરીરને મેરુ સમાન ખૂબ જ વિશાળ બનાવી શકે છે, જેવી રીતે ઐરાવત હાથી કે જે જંબૂદ્વીપ જેટલો એક લાખ યોજન મોટો હોય છે. તે ભરતક્ષેત્રના અયોધ્યામાં કેવી રીતે આવતો હશે? અહીં આવીને નાનું રૂપ બનાવી લે છે.

(૩) **ગરિમા** : ગુરુ અર્થાત્ ભારે. શરીરને વજ્ર સમાન ભારે બનાવી શકે છે.

(૪) **લઘિમા** : લઘુ અર્થાત્ હલકુ. શરીરને એકદમ હલકુ બનાવી શકે છે જેવી રીતે કરોળિયાના જાળ પર પણ ચાલે તો પણ કાંઈ થતું નથી. પોતાના શરીરને વાયુથી પણ હલકું બનાવી લે છે.

(૫) **પ્રાપ્તિ** : ભૂમિ પર સ્થિત રહીને સૂર્ય-ચંદ્ર આદિને આંગળીના અગ્રભાગથી સ્પર્શ કરી શકે એવું સામર્થ્ય. વૈક્રિયિક શરીરમાં તો આ ૠદ્ધિ હોય જ છે પરંતુ મુનિઓને પણ તપના પ્રભાવથી આવી વૈક્રિયિક ૠદ્ધિ પ્રાપ્ત થાય છે કે જે ઔદારિક શરીરમાં પણ આવું કરી શકે છે. વિષ્ણુકુમાર મુનિની કથા તો બધાને ખબર જ છે. તમને નથી ખબર? અકંપનાચાર્ય આદિ ૭૦૦ મુનિઓના સંઘ પર ઘોર ઉપસર્ગ થઈ રહ્યો હતો. બલિ નામના મંત્રીએ રાજા પાસેથી સાત દિવસનું રાજ્ય માંગ્યું હતું. પોતે રાજા થઈને

તેણે મુનિઓના સંઘની ચારે તરફ આગ લગાડી હતી. કોઈ અન્ય મુનિએ અવધિજ્ઞાનથી જાણ્યું હતું કે વિષ્ણુકુમાર મુનિને વિક્રિયાઋદ્ધિ પ્રાપ્ત થઈ છે. વિષ્ણુકુમારે બ્રાહ્મણનું રૂપ લઈને વિક્રિયાથી ચમત્કાર દેખાડી બલિ રાજાને શરણમાં લીધો હતો અને ઉપસર્ગનું નિવારણ કર્યું હતું. રક્ષાબંધનની આ કથા પ્રસિદ્ધ છે. હાં, તેમને ફરીવાર મુનિપદ અંગીકાર કરવું પડ્યું હતું. કારણ કે આ કાર્ય મુનિપદને યોગ્ય ન હતું. આ પ્રાપ્તિ ઋદ્ધિ છે.

**(૬) પ્રાકામ્ય** : જળ સમાન પૃથ્વીમાં અને પૃથ્વી સમાન જળ પર ચાલવાનું સામર્થ્ય.

**(૭) ઈશિત્વ** : સંપૂર્ણ જગતમાં પોતાનું પ્રભુત્વ સ્થાપિત કરવાનું સામર્થ્ય હોવું.

**(૮) વશિત્વ** : સંપૂર્ણ જગતને વશમાં કરવાનું સામર્થ્ય હોવું.

આ રીતે આઠ ગુણ અથવા સામર્થ્ય દેવોમાં જોવા મળે છે.

તત્ત્વાર્થસૂત્રમાં પ્રતીન્દ્રનું નામ અલગથી કહ્યું નથી, તે તો ઈન્દ્ર સમાન જ છે. ઈન્દ્ર અને પ્રતીન્દ્ર બધે જ છે–ભવનત્રિકમાં તથા કલ્પવાસીઓમાં પણ હોય છે. જ્યારે સમવસરણમાં ઉપસ્થિત રહેવાવાળા સો ઈન્દ્રોની સંખ્યા ગણીએ છીએ ત્યારે ઈન્દ્ર અને પ્રતીન્દ્ર બંનેને ગણીએ છીએ.

અત્યારે તો આપણે તેના દસ ભેદ જોયા—ગ્રેડ જોયા–જાતિ જોઈ. ભવનવાસીના દસ પ્રકારના કુળ જોવા મળે છે તે આ પ્રકારે છે—૧. અસુરકુમાર, ૨. નાગકુમાર, ૩. સુપર્ણકુમાર, ૪. દ્વીપકુમાર, ૫. ઉદધિકુમાર, ૬. વિદ્યુતકુમાર, ૭. સ્તનિતકુમાર, ૮. દિક્કુમાર, ૯. અગ્નિકુમાર, ૧૦. વાતકુમાર. આમાંથી અસુરકુમાર દેવ પહેલી પૃથ્વીના પંકભાગમાં રહે છે. અને શેષ નવ પ્રકારના દેવ ખરભાગમાં રહે છે. વ્યંતરોના પણ આઠ પ્રકારના ભેદ છે, જે પછી જોઈશું. તેમાંથી રાક્ષસ જાતિના વ્યંતરદેવ પંકભાગમાં રહે છે, અન્ય ખરભાગમાં તથા અન્યત્ર પણ રહે છે.

અમને તો તે જ વ્યંતર ખબર છે કે જે ભૂત બનીને આપણી ટી.વી. સીરીયલમાં દેખાડવામાં આવે છે. આપણે તેમની બધી કાલ્પનિક વાર્તાઓ સાંભળીએ–જોઈએ છીએ, પરંતુ જ્યારે આપણે તેની આગમોક્ત ચર્ચા સાંભળશું, તેના રત્નમહેલોનું સ્વરૂપ સાંભળશું તો આપણને પણ વ્યંતર બનવાનો

વિકલ્પ આવશે, પણ એવો વિકલ્પ લાવતા નહીં. અરે! ઋદ્ધિધારી ભાવલિંગી સંતોના પણ પરિણામ બગડી જાય, સંયોગની મહિમા આવી જાય, કષાય થઈ જાય તો સમ્યક્ત્વથી ભ્રષ્ટ થઈને અસુરકુમાર આદિ દેવોમાં ઇન્દ્ર બનીને ત્યાં ઉત્પન્ન થાય છે. ત્યાંના ઇન્દ્ર પણ ખૂબ પુણ્યોદયના કારણે જ બને છે. ત્યાંના સાધારણ જાતિના દેવો તો અજ્ઞાનવશ કરેલા તપશ્ચરણ આદિથી પણ બને છે, પરંતુ ત્યાંના મહાઋદ્ધિધારી ઇન્દ્ર આદિ થઈને તેઓ જ જન્મ લે છે કે જેમણે પૂર્વભવમાં સંયમ ધારણ કર્યું હોય છે, તપ કર્યું હોય છે, ભાવલિંગી સંત પણ સંયમ અને સમ્યક્ત્વથી ભ્રષ્ટ થઈને ત્યાંના ઇન્દ્રાદિક મહર્દ્ધિક દેવ થઈને જન્મે છે.

આ જે આપણે દસ પ્રકારના ભવનવાસીના કુળ જોયા, તેમાં પ્રત્યેકમાં બે-બે ઇન્દ્ર હોય છે—એક દક્ષિણવાળો ઇન્દ્ર અને એક ઉત્તરવાળો ઇન્દ્ર. જેવી રીતે અસુરકુમાર જાતિના દેવોમાં દક્ષિણેન્દ્રનું નામ છે ચમર અને ઉત્તરેન્દ્રનું નામ છે વૈરોચન. આ રીતે દસ પ્રકારના કુળ જોયા, તેમાં પ્રત્યેકમાં બે-બે ઇન્દ્ર એ રીતે વીસ ઇન્દ્ર અને વીસ પ્રતીન્દ્ર ભેગા કરીને ભવનવાસીના ચાલીસ ઇન્દ્ર થાય છે. વ્યંતરોમાં આઠ પ્રકાર છે, તેમાં પ્રત્યેકના બે-બે ઇન્દ્ર, તેથી સોળ ઇન્દ્ર અને સોળ પ્રતીન્દ્ર ભેગા કરીને બત્રીસ ઇન્દ્ર થયા.

સોળ સ્વર્ગમાં કેટલા ઇન્દ્ર હશે? સોળ? નહીં, ત્યાં તો બાર જ ઇન્દ્ર હોય છે અને તેટલા જ પ્રતીન્દ્ર ભેગા કરીને ચોવીસ થયા. મારો સવાલ છે કે આપણે અહીં પંચકલ્યાણકોમાં સોળ ઇન્દ્ર કેમ બનાવવામાં આવે છે? મેં આ પ્રશ્ન પ્રતિષ્ઠાચાર્યોને તથા પ્રતિષ્ઠા કરાવવાવાળાને પણ પૂછ્યો હતો. કોઈ હસીને ટાળી દે છે, કોઈ કહે છે કે એવી પદ્ધતિ થઈ ગઈ છે, કોઈ સાચું કારણ પણ કહે છે કે પૈસા ભેગા કરવા માટે કરે છે. તેની બોલીથી વધારે રાશિ ભેગી થાય છે.

આપણે કુલ સો ઇન્દ્ર જોવા છે ને! જ્યોતિષીઓમાં ચંદ્ર ઇન્દ્ર છે અને સૂર્ય પ્રતીન્દ્ર છે, કુલ ૯૮ થયા. મનુષ્યોમાં ચક્રવર્તી અને તિર્યંચોમાં સિંહ અથવા અષ્ટાપદને ઇન્દ્ર ગણીને કુલ સો ઇન્દ્ર થાય છે. તીર્થંકરોના સમવસરણમાં આ સો ઇન્દ્ર ઉપસ્થિત રહે છે.

આપણે ભવનવાસીના દસ પ્રકારના કુળ જોયા, તેમાં પ્રત્યેકના બે-બે ઇન્દ્ર હોય છે—દક્ષિણના અને ઉત્તરના ઇન્દ્રો. તેમના નામ તથા તેની આજ્ઞામાં કેટલા ભવન હોય છે તેને નીચે પ્રમાણે જોઈએ છીએ.

| ક્રમ | કુળનું નામ | દક્ષિણેન્દ્રના | | ઉત્તરેન્દ્રના | | કુલ ભવન |
|---|---|---|---|---|---|---|
| | | નામ | ભવન | નામ | ભવન | |
| ૧ | અસુરકુમાર | ચમર | ૩૪ લાખ | વૈરોચન | ૩૦ લાખ | ૬૪ લાખ |
| ૨ | નાગકુમાર | ભૂતાનંદ | ૪૪ લાખ | ધરણાનંદ | ૪૦ લાખ | ૮૪ લાખ |
| ૩ | સુપર્ણકુમાર | વેણુ | ૩૮ લાખ | વેણુધારી | ૩૪ લાખ | ૭૨ લાખ |
| ૪ | દ્વીપકુમાર | પૂર્ણ | ૪૦ લાખ | વશિષ્ટ | ૩૬ લાખ | ૭૬ લાખ |
| ૫ | ઉદધિકુમાર | જલપ્રભ | ૪૦ લાખ | જલકાંત | ૩૬ લાખ | ૭૬ લાખ |
| ૬ | વિદ્યુતકુમાર | ઘોષ | ૪૦ લાખ | મહાઘોષ | ૩૬ લાખ | ૭૬ લાખ |
| ૭ | સ્તનિતકુમાર | હરિષેણ | ૪૦ લાખ | હરિકાંત | ૩૬ લાખ | ૭૬ લાખ |
| ૮ | દિક્કુમાર | અમિતગતિ | ૪૦ લાખ | અમિતવાહન | ૩૬ લાખ | ૭૬ લાખ |
| ૯ | અગ્નિકુમાર | અગ્નિશિખી | ૪૦ લાખ | અગ્નિવાહન | ૩૬ લાખ | ૭૬ લાખ |
| ૧૦ | વાતકુમાર | બલંબ | ૫૦ લાખ | પ્રભંજન | ૪૬ લાખ | ૯૬ લાખ |
| ભવનોની કુલ સંખ્યા ૭ કરોડ ૭૨ લાખ | | | | | | |

આ ભવનોનો વિસ્તાર જઘન્ય તો સંખ્યાત કરોડ યોજનોનો તથા ઉત્કૃષ્ટ અસંખ્યાત કરોડ યોજનોનો હોય છે. મધ્યલોકના મધ્યના અસંખ્યાત દ્વીપ સમુદ્ર છોડીને બહારના અસંખ્યાત દ્વીપ સમુદ્રોની નીચેના ભાગમાં આ ભવન જોવા મળે છે. તે ચોકોર આકારવાળા હોય છે. તેનું બાહુલ્ય–મોટાઈ ૩૦૦ યોજનનું છે અર્થાત્ ભવનોની છત આટલી ઊંચી હોય છે. સુગંધિત ફૂલોથી શોભાયમાન તેમની રત્નમયી ભૂમિ હોય છે, તેવી જ રીતે રત્નમયી ભીંતીઓ હોય છે કે જે નિત્ય પ્રકાશિત હોય છે. બધી ઈન્દ્રિયોને સુખદાયક ચંદન આદિ વસ્તુઓથી આ ભવનો સિંચિત હોય છે.

પ્રત્યેક ભવનની મધ્યમાં સો યોજન ઊંચો પર્વત છે અને તેની ઉપર એક અકૃત્રિમ જિન ચૈત્યાલય છે. પ્રત્યેક ચૈત્યાલયમાં ૧૦૮ જિન પ્રતિમાઓ છે કે જે રત્નોથી નિર્મિત છે–રત્નજડિત નથી–કોઈએ બનાવી નથી, શાશ્વત છે. આ પ્રતિમાઓ ૫૦૦ ધનુષ ઊંચી પદ્માસનસ્થ બિરાજમાન છે.

અહીં કોઈએ પ્રશ્ન પૂછ્યો છે કે તમે અકૃત્રિમ ચૈત્યાલયોને નમસ્કાર કરો છો, પરોક્ષ પૂજન પણ કરો છો, તેનું આટલું વર્ણન કરો છો કે ત્યાં રત્નમયી, વજ્રમયી, અનેક વર્ણોના રત્નોથી બનેલી પ્રતિમા છે. અમે પણ અહીં મૂર્તિ પર રત્ન લગાવીએ છીએ, આંગી ચડાવીએ છીએ, તો શું દોષ છે?

જુઓ, એકવાર આનો ખુલાસો કર્યો હતો કે રત્નમયી હોવી અલગ વાત છે અને રત્નજડિત હોવી અલગ વાત છે. તમે અનેક જગ્યાએ રત્નોથી બનેલી મૂર્તિ જોઈ હશે—જેવી રીતે સંગમરમર અથવા સ્ફટિકના પત્થરમાંથી બનાવે છે; પરંતુ જો રત્નોથી મૂર્તિનો શ્રૃંગાર કરે, રત્નજડિત મુકુટ અથવા આભૂષણ પહેરાવે તો વીતરાગતા ક્યાં રહી? જેવી રીતે જો આપણને શ્રૃંગારની ઈચ્છા થાય છે, આપણે આપણા રાગનું પોષણ કરવા ઈચ્છીએ છીએ તો આપણે બાળકોનો શ્રૃંગાર કરીએ છીએ, તેને તેવા કપડાં પહેરાવીએ છીએ, આપણી અતૃપ્ત ઈચ્છાઓ બાળકો ઉપર પૂરી કરીએ છીએ, તેવી રીતે આપણા રાગનું પ્રદર્શન અને પ્રયોગ અર્હંતો પર કરવું શું ઉચિત છે?

આ મૂર્તિઓ કોઈએ બનાવી નથી, આ રચના સદાય જેવીની તેવી જ રહે છે. ફક્ત અરિહંતોની જ પ્રતિમાઓ છે એવું નથી પરંતુ ચામર ઢોળવાવાળા દેવોની મૂર્તિઓ પણ જિનબિંબોના પાર્શ્વભાગમાં બનેલી છે.

કોઈનો પ્રશ્ન છે કે આ ક્યા ભગવાનની પ્રતિમાઓ છે?—કોઈ વિશિષ્ટ તીર્થંકરોની આ પ્રતિમાઓ નથી પરંતુ સામાન્ય રીતે તીર્થંકર અરિહંતોના પ્રાતિહાર્ય આદિ વૈભવ ત્યાં રચાયેલા છે, ચામર ઢારવાવાળા ઈન્દ્રની મૂર્તિઓ પણ છે. આપણે અહીં મંદિરોમાં જે મૂર્તિઓ બિરાજમાન કરીએ છીએ ત્યાં ચિહ્ન બનાવીને ભગવાનના નામથી સ્થાપના કરીને તેની પૂજા કરીએ છીએ, તે તો આપણે બનાવેલી છે. જો તમે કહેશો કે પૂર્વમાં જે તીર્થંકર થઈ ગયા તેમની મૂર્તિઓ છે, તો તે તીર્થંકર થયા તેમના પહેલાં પણ તે મૂર્તિઓ હતી. આ જિનધર્મ, વસ્તુવ્યવસ્થા અનાદિથી છે, તો આ અકૃત્રિમ ચૈત્યાલય, જિનબિંબ પણ અનાદિથી છે, અકૃત્રિમ છે. અરિહંત, સિદ્ધ અનાદિથી છે, મોક્ષમાર્ગ અનાદિથી છે. અરે! પૂજા કરવાવાળા આપણે જીવદ્રવ્ય પણ અનાદિથી છીએ, અકૃત્રિમ છીએ. ભવનવાસીઓની બીજી પણ થોડી વાતો—મુકુટ ચિહ્ન, ચૈત્યવૃક્ષ, માનસ્તંભ આદિ વાતો આપણે હવે પછીના વ્યાખ્યાનમાં જોઈશું.

બોલો, વિદેહક્ષેત્રમાં બિરાજમાન છટ્ઠા તીર્થંકર શ્રી સ્વયંપ્રભ ભગવાનનો જય હો!

# ૭. અધોલોકના દેવ – વ્યંતર

સર્વજ્ઞ ભગવાનના વચન અનુસાર ત્રિલોકસાર ગ્રંથની રચના થઈ છે, તેના જ આધારે આપણે ત્રિલોકનું સ્વરૂપ જોઈ રહ્યા છીએ. અધોલોકની ચર્ચામાં આપણે ભવનવાસીઓની વાત કરી રહ્યા હતા. તેમાં ઈન્દ્ર, સામાનિક, લોકપાલ આદિ દસ પ્રકારની તો જાતિ જોઈ અને અસુરકુમાર, નાગકુમાર આદિ દસ પ્રકારના કુળ જોયા. આ દસ ભેદોની ઓળખાણ માટે તેમના મુકુટમાં અલગ-અલગ ચિહ્ન હોય છે, તેમની ધ્વજાઓ અલગ-અલગ હોય છે, પ્રત્યેકના ચૈત્યવૃક્ષ અલગ-અલગ હોય છે. ચૈત્યવૃક્ષના મૂળમાં પ્રત્યેક દિશામાં પાંચ-પાંચ પદ્માસનસ્થ જિનપ્રતિમાઓ હોય છે. પ્રત્યેક પ્રતિમાની સામે ઉત્તુંગ રત્નમયી માનસ્તંભ હોય છે. આ રીતે એક-એક દિશામાં પાંચ-પાંચ માનસ્તંભ હોય છે અને તે માનસ્તંભોમાં એક-એક દિશામાં સાત-સાત પ્રતિમાઓ હોય છે. તેથી આ વૃક્ષને ચૈત્યવૃક્ષ કહે છે. દેવો ત્યાં જઈને નિત્ય જ તેમની પૂજા કરે છે. જો તમે ક્યારે પણ દેવગિરિ ગયા હોય તો જોયું હશે કે ત્યાં માનસ્તંભમાં એક-એક દિશામાં પાંચ-પાંચ પ્રતિમાઓ બિરાજમાન છે.

આ દસ પ્રકારના દેવોના મુકુટમાં જોવા મળતા ચિહ્ન તથા તેમના ચૈત્યવૃક્ષોના નામ નીચે પ્રમાણે છે.

| ભવનવાસીના ભેદ | મુકુટનું ચિહ્ન | ચૈત્યવૃક્ષ |
|---|---|---|
| (૧) અસુરકુમાર | ચૂડામણિ રત્ન | અશ્વત્થ વૃક્ષ |
| (૨) નાગકુમાર | સર્પ | સપ્તપર્ણ વૃક્ષ |
| (૩) સુપર્ણકુમાર | ગરુડ | શાલ્મલી વૃક્ષ |
| (૪) દ્વીપકુમાર | હાથી | જમ્બૂ વૃક્ષ |
| (૫) ઉદધિકુમાર | મત્સ્ય | વેતસ વૃક્ષ |
| (૬) વિદ્યુતકુમાર | સ્વસ્તિક | કદંબ વૃક્ષ |
| (૭) સ્તનિતકુમાર | વજ્ર | પ્રયંગુ વૃક્ષ |
| (૮) દિક્કુમાર | સિંહ | સરિસોં વૃક્ષ |

| | | |
|---|---|---|
| (૯) અગ્નિકુમાર | કલશ | પલાશ વૃક્ષ |
| (૧૦) વાતકુમાર | ઘોડો | રાજદ્રુમ વૃક્ષ |

કોઈનો પ્રશ્ન છે કે પંક અર્થાત્ કિચડ, તો પંકભાગમાં, કીચડમાં આ રચના કેવી રીતે બનાવી હશે?

ઉત્તર :— પંકભાગ તો તેનું નામ છે. આપણે જોયું હતું કે અહીંની ભૂમિ, દિવાલો બધુ જ રત્નનું હોય છે. તેને કોઈએ બનાવ્યું નથી, એમ જ અકૃત્રિમ સહજ રચના છે. આપણને મુંબઈવાસીઓને એટલું આશ્ચર્ય કેમ લાગે છે? લગભગ આખું મુંબઈ પણ તો કીચડમાં–પાણીને હટાવીને તેમાં ઊભું કરવામાં આવ્યું છે.

શાસ્ત્રોમાં પ્રત્યેક જાતિના દેવોની, દેવાંગનાઓની સંખ્યા, તેમના નામ, તેમના વાહક દેવોના નામ આદિ ઘણી ચર્ચા છે, તેને છોડીને આગળ વધીએ છીએ. અસુરકુમારોનું ઉત્કૃષ્ટ આયુ એક સાગર છે. દક્ષિણેન્દ્રનું એક સાગર અને ઉત્તરેન્દ્રનું કંઈક અધિક એક સાગર છે. સર્વત્ર ઉત્તરના ભવનવાસીનું આયુષ્ય કંઈક અધિક જાણવું. ભવનવાસીમાં અસુરકુમારનું ઉત્કૃષ્ટ આયુષ્ય સૌથી વધારે છે. બીજા નાગકુમાર દેવોનું ઉત્કૃષ્ટ આયુ ત્રણ પલ્ય, ત્રીજા સુપર્ણકુમારનું અઢી પલ્ય, ચોથા દ્વીપકુમારનું બે પલ્ય તથા પાંચમાથી દસમા સુધીના શેષ છ પ્રકારના દેવોનું આયુષ્ય દોઢ પલ્ય હોય છે. આ બધા ભેદોમાં તેમનું જઘન્ય આયુષ્ય દસ હજાર વર્ષનું હોય છે.

અસુરકુમાર દેવોની ઊંચાઈ ૨૫ ધનુષ તથા શેષ નવ પ્રકારના દેવોની ઊંચાઈ દસ ધનુષ છે. અસુરકુમાર દેવોને પંદર દિવસ પછી એકવાર શ્વાસોચ્છ્વાસ હોય છે તથા એક હજાર વર્ષ પછી એકવાર આહાર હોય છે. દેવોમાં આ નિયમ છે કે જેટલા સાગરનું આયુષ્ય હોય તેટલા પક્ષ (પંદર દિવસ) જતાં શ્વાસોચ્છ્વાસ હોય છે તથા તેટલા હજાર વર્ષ વ્યતીત થતાં આહાર હોય છે. નાગકુમાર આદિ ત્રણ પ્રકારના દેવોમાં સાડા બાર મુહૂર્ત જતાં ઉચ્છ્વાસ અને સાડા બાર દિવસ પછી આહાર હોય છે. આગળના ત્રણ પ્રકારમાં તેનું પ્રમાણ સાડા સાત મુહૂર્ત અને સાડા સાત દિવસ હોય છે.

હવે અધોલોકના પ્રકરણમાં વ્યંતરોની ચર્ચા કરીશું. તેમની સંખ્યા અસંખ્યાત હોય છે. તેઓ અધોલોક તથા મધ્યલોકમાં રહે છે. ભવનવાસી અને કલ્પવાસી

દેવોના જાતિ અપેક્ષાએ આપણે દસ-દસ ભેદ જોયા હતા, યાદ છે ને! ઈન્દ્ર, લોકપાલ, સામાનિક, ત્રાયસ્ત્રિંશત્ આદિ. આમાંથી લોકપાલ અને ત્રાયસ્ત્રિંશત્‌ને છોડીને શેષ આઠ ભેદ વ્યંતરોમાં હોય છે અર્થાત્ વ્યંતરોમાં—(૧) ઈન્દ્ર (પ્રતીન્દ્ર), (૨) સામાનિક, (૩) પારિષદ, (૪) તનુરક્ષક, (૫) અનીક, (૬) પ્રકીર્ણક, (૭) આભિયોગ્ય, (૮) કિલ્વિષક— આ આઠ ભેદ જાતિ અપેક્ષાએ હોય છે. વ્યંતરોમાં કુળની અપેક્ષાએ પણ આઠ ભેદ હોય છે; ભવનવાસીઓના આપણે અસુરકુમાર આદિ દસ ભેદ જોયા હતા. વ્યંતરોના આઠ પ્રકારના કુળ આ પ્રકારે છે—(૧) કિન્નર, (૨) કિમ્પુરુષ, (૩) મહોરગ, (૪) ગંધર્વ, (૫) યક્ષ, (૬) રાક્ષસ, (૭) ભૂત અને (૮) પિશાચ.

આમાંથી રાક્ષસોના ભવન પંકભાગમાં જોવા મળે છે, અન્ય સાત પ્રકારના વ્યંતરોના ભવન ઉપર ખરભાગમાં જોવા મળે છે તથા તેમના આવાસ ચિત્રા પૃથ્વી અને સમુદ્ર ઉપર લાખ યોજન સુધી જોવા મળે છે.

વ્યંતરોના શરીરનો વર્ણ જોઈએ. કિન્નરોનો વર્ણ પ્રિયંગુફળ સમાન, કિમ્પુરુષોનો ધવલ વર્ણ, મહોરગોનો શ્યામવર્ણ, ગંધર્વોનો સુવર્ણ સમાન વર્ણ; યક્ષ, રાક્ષસ, ભૂતોનો શ્યામ વર્ણ અને પિશાચોનો કૃષ્ણ વર્ણ હોય છે. આ બધા દેવો અલંકારાદિથી યુક્ત હોય છે.

વ્યંતરોના ભવનોમાં પણ ચૈત્યવૃક્ષ હોય છે. આ વૃક્ષોના મૂળમાં એક-એક દિશામાં ચાર-ચાર પ્રતિમાઓ હોય છે, ભવનવાસીઓને ત્યાં પાંચ-પાંચ પ્રતિમાઓ હોય છે. અહીં ધ્વજા, તોરણ આદિ હોય છે. પ્રતિમાજીની આગળ માનસ્તંભ પણ હોય છે. ત્રણ પીઠ પર માનસ્તંભ હોય છે, ત્રણ કોટ હોય છે. તેમાં મોતીઓની માળા, દિવ્ય ઘંટા આદિ હોય છે. એમના ચૈત્યવૃક્ષોના નામ આ પ્રકારે છે.

| **વ્યંતરોના કુળ** | **દક્ષિણેન્દ્ર** | **ઉત્તરેન્દ્ર** | **ચૈત્યવૃક્ષ** |
|---|---|---|---|
| (૧) કિન્નર | કિમ્પુરુષ | કિન્નર | અશોક વૃક્ષ |
| (૨) કિમ્પુરુષ | સત્પુરુષ | મહાપુરુષ | ચમ્પા વૃક્ષ |
| (૩) મહોરગ | મહાકાય | અતિકાય | નાગકેશરી વૃક્ષ |
| (૪) ગંધર્વ | ગીતરતિ | ગીતયશા | તુંવડી વૃક્ષ |

| | | | | |
|---|---|---|---|---|
| (૫) | યક્ષ | માણિભદ્ર | પૂર્ણભદ્ર | વટ વૃક્ષ |
| (૬) | રાક્ષસ | ભીમ | મહાભીમ | કંટતરુ વૃક્ષ |
| (૭) | ભૂત | સુરૂપ | પ્રતિરૂપ | તુલસી વૃક્ષ |
| (૮) | પિશાચ | કાલ | મહાકાલ | કદમ્બ વૃક્ષ |

આ ઈન્દ્રોની બે-બે વલ્લભિકા દેવાંગનાઓ હોય છે અને તે એક-એકની હજાર-હજાર પરિવાર દેવાંગનાઓ હોય છે. મનુષ્યગતિમાં તપ કરીને પછી જીવ ભ્રષ્ટ થઈને વ્યંતરોમાં, જ્યોતિષીઓમાં જાય છે.

શાસ્ત્રોમાં આ વલ્લભિકાઓના નામ, સામાનિક, તનુરક્ષક આદિની સંખ્યા, એક-એક અનીકની સાત પ્રકારની સેના હોય છે તેના નામ વિસ્તારથી લખ્યા છે. તેની ચર્ચા છોડીને વ્યંતરોના ઈન્દ્રોના નગર વિષે વર્ણન જોઈએ. જ્યાં આ નગર જોવા મળે છે એ દ્વીપોના નામ ક્રમથી આ પ્રકારે છે—(૧) અંજનક, (૨) વજ્રધાતુક, (૩) સુવર્ણ, (૪) મનઃશિલક, (૫) વજ્ર, (૬) રજત, (૭) હિંગુલક અને (૮) હરિતાલ.

કિન્નરકુળના ઈન્દ્રોના અંજનક દ્વીપમાં નગર છે, તેમાં કિમ્પુરુષ ઈન્દ્રના નગર દક્ષિણ દિશામાં છે અને કિન્નર ઈન્દ્રના નગર ઉત્તર દિશામાં છે. આ પ્રમાણે બધામાં જાણવું. પ્રત્યેકના પાંચ-પાંચ નગર હોય છે—મધ્યમાં એક અને ચારે દિશામાં ચાર નગર હોય છે. મધ્યનું નગર છે તેને ઈન્દ્રનું નામ આપીને પછી "પુર" લગાવે છે અને પૂર્વ-દક્ષિણ-પશ્ચિમ-ઉત્તરના નગરોના નામમાં ઈન્દ્રના નામની આગળ ક્રમથી પ્રભ, કાંત, આવર્ત, મધ્ય શબ્દ લગાવે છે. જેવી રીતે કિન્નર ઈન્દ્રના પાંચ નગરમાંથી મધ્યના નગરનું નામ કિન્નરપુર, પૂર્વ દિશામાં કિન્નરપ્રભ, દક્ષિણ દિશામાં કિન્નરકાંત, પશ્ચિમ દિશામાં કિન્નરાવર્ત અને ઉત્તર દિશામાં કિન્નરમધ્ય છે. આ પ્રત્યેકનો વિસ્તાર એક લાખ યોજનનો છે.

જંબૂદ્વીપ જેટલા મોટા તેમના એક-એક નગર છે, તે સમતળ ભૂમિ પર છે. જેવી રીતે આપણે જંબૂદ્વીપ પર છીએ, તેવી રીતે તેમના પોતપોતાના દ્વીપો પર નગર બનેલા છે અર્થાત્ પર્વતાદિ પ્રદેશો પર અથવા અન્ય જગ્યાએ નથી, પરંતુ વિવક્ષિત દ્વીપોમાં ભૂમિ પર બનેલા છે. તે નગરોની ચારે તરફ કોટ હોય છે કે જેની ઊંચાઈ ૩૭$\frac{૧}{૨}$ યોજન, પહોળાઈ ૧૨$\frac{૧}{૨}$ યોજન

અને જાડાઈ ૨$\frac{૧}{૨}$ યોજન હોય છે. એ કોટોના મધ્યમાં પ્રવેશ કરવા માટે દરવાજા હોય છે. દ્વારની ઉપર ૭૫ યોજન ઊંચા સુંદર પ્રાસાદ હોય છે, તેની અંદર સુધર્મા નામની સભા હોય છે. તે ૧૨$\frac{૧}{૨}$ યોજન લાંબી, ૬$\frac{૧}{૪}$ યોજન પહોળી અને ૯ યોજન ઊંચી હોય છે.

તમે સુધર્મા સભાનું નામ તો સાંભળ્યું હશે. ઈન્દ્રોની સભાને સુધર્મા સભા કહે છે. ત્યાં ઈન્દ્ર, સામાનિક, લોકપાલ આદિ બધા બેસે છે. ત્યાં કઈ દિશામાં કોણ બેસશે, તેમની દેવીઓ ક્યાં બેસશે તેના પણ સ્થાન નિશ્ચિત હોય છે.

નગરની બહાર બે-બે હજાર યોજન આગળ જઈને ચારે દિશાઓમાં એક લાખ યોજન લાંબા અને પચાસ હજાર યોજન પહોળા રમણીય વનખંડ અર્થાત્ બગીચાઓ હોય છે.

આ ઈન્દ્રોની જે ગણિકા મહત્તરી હોય છે તેના નગર પણ પોતપોતાના ઈન્દ્રોના દ્વીપમાં જ, પોતપોતાના ઈન્દ્રોના ઈન્દ્રપુરીના બંને પાર્શ્વભાગમાં હોય છે, તે ચોરાસી હજાર યોજન લાંબા-પહોળા હોય છે.

અન્ય વ્યંતરોના નગર અનેક દ્વીપ અને અનેક સમુદ્રોમાં હોય છે. આ નગરોને ભવનપુર કહે છે.

રત્નપ્રભા પૃથ્વીના ખરભાગમાં વ્યંતરોના ચૌદ હજાર ભવન છે અને પંકભાગમાં રાક્ષસકુળના વ્યંતરોના સોળ હજાર ભવન છે. જમીન અથવા સમુદ્રથી એક હાથ ઊંચાઈથી લઈને એક લાખ યોજનની ઊંચાઈ સુધી વ્યંતરોના રહેવાના જે સ્થાન છે તેને આવાસ કહે છે. તેમાં રહેવાવાળા વ્યંતરોના નામ આ પ્રમાણે છે—

પૃથ્વીથી એક હાથ ઉપરના ક્ષેત્રમાં જેના આવાસ છે તે નીચોપપાદ છે, તેના ઉપર દસ હજાર હાથ ઉપરના ક્ષેત્રમાં દિગ્વાસી છે, તેની ઉપર દસ હજાર હાથ ઉપરના ક્ષેત્રમાં અંતરનિવાસી છે, તેની ઉપર દસ હજાર હાથ ઊંચા ક્ષેત્રમાં કુષ્માંડ છે, તેની ઉપર વીસ હજાર હાથ ઊંચા ક્ષેત્રમાં ઉત્પન્ન નામના વ્યંતર છે, તેનાથી આગળ ઉપર-ઉપર વીસ વીસ હજાર હાથ અંતરાળમાં ક્રમથી અનુત્પન્ન, પ્રમાણક, ગંધ, મહાગંધ, ભુજંગ, પ્રીતિક, આકાશોત્પન્ન વ્યંતર છે. તેના આવાસ આપણને દેખાતા નથી તથા તેના માટે કોઈ

આધારની જરૂર હોતી નથી.

વ્યંતરોનો ઉચ્છ્‌વાસ કંઈક અધિક પાંચ મુહૂર્ત જતાં તથા તેમનો આહાર કંઈક અધિક પાંચ દિવસ જતાં હોય છે. નીચોપપાદ આદિ વાનવ્યંતરોનું આયુષ્ય આ પ્રમાણે છે—નીચોપપાદનું દસ હજાર વર્ષ, દિગ્વાસીઓનું વીસ હજાર વર્ષ, અંતર-નિવાસીઓનું ત્રીસ હજાર વર્ષ, કુષ્માંડોનું ચાલીસ હજાર વર્ષ, ઉત્પન્નોનું પચાસ હજાર વર્ષ, અનુત્પન્નોનું સાંઈઠ હજાર વર્ષ, પ્રમાણકોનું સિત્તેર હજાર વર્ષ, ગંધોનું એંસી હજાર વર્ષ, મહાગંધોનું ચોરાસી હજાર વર્ષ, ભુજંગોનું પલ્યના આઠમા ભાગ પ્રમાણ, પ્રીતિકોનું પલ્યનું ચોથો ભાગ અને આકાશોત્પન્નનું અડધા પલ્યનું આયુષ્ય હોય છે.

ભવનવાસી અને વ્યંતરોની ચર્ચા આપણે અધોલોકમાં કરી, જ્યોતિષીઓની ચર્ચા મધ્યલોકમાં કરીશું. હવે આપણે સ્વર્ગમાં જઈએ અર્થાત્ ઊર્ધ્વલોક તરફ ચાલીએ છીએ. ત્યાં આપણે વૈમાનિક દેવોની ચર્ચા કરીશું. દેવગતિના જીવોના આ ચાર ભેદ આપણે પહેલાં જ જોયા હતા. વૈમાનિકોમાં પણ કલ્પવાસી અને કલ્પાતીત બે ભેદ છે. પહેલા સ્વર્ગથી સોળમા સ્વર્ગ સુધી કલ્પવાસી દેવ છે અને ઉપર નવ ગ્રૈવેયક, નવ અનુદિશ અને પાંચ અનુત્તર વિમાનવાસી દેવ કલ્પાતીત છે. કલ્પવાસીમાં ઈન્દ્ર આદિ દસ ભેદ જોવા મળે છે.

આ ઊર્ધ્વલોક સાત રાજૂ પ્રમાણ ઊંચો છે—મેરુતળથી તેની ઊંચાઈ આટલી છે. અહીં ત્રસનાડીમાં આ બધા જ વિમાન છે–વિમાન અર્થાત્ પૃથ્વીના ખંડ કે જેના ઉપર અસંખ્યાત-અસંખ્યાત દેવો રહે છે. નરક સમાન સ્વર્ગમાં પણ પટલ જોવા મળે છે. સોળમા સ્વર્ગ સુધીના સ્વર્ગ આઠ યુગલોમાં જોવા મળે છે. પ્રત્યેક યુગલમાં જે પહેલું નામ છે તે દક્ષિણનું સ્વર્ગ છે અને બીજું ઉત્તરનું છે. જેવી રીતે સૌધર્મ સ્વર્ગ દક્ષિણમાં છે અને ઈશાન સ્વર્ગ ઉત્તરમાં છે–આ બંને એક જ સપાટી પર–એક જ લેવલ પર છે. આગળના યુગલોમાં પણ એમ જ સમજવું. તેમના નામ આ પ્રમાણે છે—(૧-૨) સૌધર્મ-ઈશાન, (૩-૪) સનત્‌કુમાર-માહેન્દ્ર, (૫-૬) બ્રહ્મ-બ્રહ્મોત્તર, (૭-૮) લાંતવ-કાપિષ્ઠ, (૯-૧૦) શુક્ર-મહાશુક્ર, (૧૧-૧૨) શતાર-સહસ્રાર, (૧૩-૧૪) આનત-પ્રાણત અને (૧૫-૧૬) આરણ-અચ્યુત.

ચાર્ટ નં. ૧૪માં તેમના નામ જોવા. આ સ્વર્ગના પટલોની સંખ્યા તથા વિમાનોની

સંખ્યા આપણે પછી જોઈશું.

આ સોળ સ્વર્ગોની ઉપર નવ ગ્રૈવેયક છે, તેના ત્રણ-ત્રણના ત્રણ ગ્રુપ છે. નીચેના ત્રણ અધસ્તન ગ્રૈવેયક, મધ્યના ત્રણ મધ્યમ ગ્રૈવેયક અને ઉપરના ત્રણ ઉપરિમ ગ્રૈવેયક કહેવાય છે. આ ત્રણેયના પ્રત્યેકના ત્રણ-ત્રણ ભેદ છે—અધો, મધ્ય અને ઊર્ધ્વ. અધો અર્થાત્ અધઃસ્તન-નીચેનો, ઊર્ધ્વ અર્થાત્ ઉપરિમ—ઉપરનો.

તેની ઉપર એક જ લેવલ—સપાટી ઉપર નવ અનુદિશ છે અને તેની ઉપર એક જ લેવલ પર પાંચ અનુત્તર વિમાન છે.

હવે તેનું સ્થાન જોઈએ. મેરુતળથી દોઢ રાજૂ ઉપર સુધી સૌધર્મ-ઈશાન યુગલ છે, તેની ઉપર દોઢ રાજૂ સુધી સનત્કુમાર-માહેન્દ્ર યુગલ છે, તેની ઉપર અડધા-અડધા રાજૂમાં ક્રમથી એક-એક એવા છ યુગલ છે. આ રીતે છ રાજૂમાં સોળ સ્વર્ગ છે. ઉપર એક રાજૂમાં ક્રમથી નવ ગ્રૈવેયક, અનુદિશ અને અનુતર વિમાન છે.

તમે ગ્રૈવેયકનું નામ ઘણીવાર સાંભળ્યું હશે. હાં, છહઢાળામાં આવે છે ને! શું સાંભળ્યું છે?

**મુનિવ્રતધાર　અનંતબાર　ગ્રૈવેયક　ઉપજાયો,**
**પૈ નિજ આતમજ્ઞાન બિના સુખ લેશ ન પાયો.**

પ્રશ્ન :— એવું શું કામ કહે છે?

ઉત્તર :— મિથ્યાત્વ અવસ્થામાં કોઈ જીવ વધારેમાં વધારે ઉપર ક્યાં સ્વર્ગ સુધી જઈ શકે છે? તો નવમા ગ્રૈવેયક સુધી જઈ શકે છે; પરંતુ તેમાં પણ નિયમ છે કે જિનેન્દ્ર ભગવાનના આગમમાં જેવું મુનિનું સ્વરૂપ કહ્યું છે—જેવું અંતરંગ સ્વરૂપ અને બાહ્ય આચરણ કહ્યું છે— તેવું બાહ્ય આચરણ તો યથોચિત પાલન કરે, પરંતુ હજી સમ્યક્ત્વ થયું નથી તેને મિથ્યાત્વ ગુણસ્થાનવર્તી દ્રવ્યલિંગી મુનિ કહે છે, તેઓ સાચા દ્રવ્યલિંગી છે. દ્રવ્યલિંગ ધારણ કર્યા વિના ભાવલિંગી હોઈ શકતા નથી. એમ પણ બની શકે છે કે દ્રવ્યલિંગ ધારણ કર્યા પછી જીવ ચોથા અથવા પાંચમા ગુણસ્થાનમાં હોય અથવા ચોથા, પાંચમા ગુણસ્થાનવર્તી જીવોએ દ્રવ્યલિંગ ધારણ કર્યું હોય પરંતુ હજી સાતમું ગુણસ્થાન પ્રાપ્ત થયું નથી, ભાવલિંગ પ્રગટ થયું નથી.

આવા દ્રવ્યલિંગી મુનિ નવમા ગ્રૈવેયક સુધી જઈ શકે છે. અહીં મિથ્યાત્વ સહિત ઉપર ક્યાં સુધી જઈ શકે છે તેની વાત થઈ રહી હતી. તે જીવ મુનિઓના આચારોનું આગમ અનુસાર પાલન કરે છે, અત્યંત મંદકષાયી હોય છે પરંતુ હજી અભિપ્રાયમાં મિથ્યાબુદ્ધિ ચાલે છે. કેટલાય શાસ્ત્રોના અભ્યાસી છે—અગિયાર અંગના પાઠી પણ હોઈ શકે છે, સંયમ પાળતા દેખાય છે પરંતુ તેમને સંયમી કહી શકતા નથી. ચોથા ગુણસ્થાન સુધીના જીવ અસંયમી જ હોય છે. ધવલા ગ્રંથમાં આચાર્ય વીરસેનસ્વામીએ તેમના આચારોને દ્રવ્યયમ કહ્યું છે, સંયમ કહ્યું નથી. છઠ્ઠા-સાતમા ગુણસ્થાનવર્તી અને ઉપરના ગુણસ્થાનવર્તી જીવોને જ સંયમી કહે છે.

જેવી રીતે આપણે અલગ-અલગ શક્તિઓનો પ્રયોગ જોઈએ છીએ, તેમાં રેકોર્ડ બનાવવાવાળાના નામ ગીનીઝ બુકમાં આવે છે, તેવી રીતે આ જીવો પણ મુનિના આચાર પાળે છે પરંતુ હજી શરીરમાં—રાગમાં એકત્વબુદ્ધિ પડી છે. આ અઠ્યાવીસ મૂળગુણોનું પાલન કરવાનો અને મુનિયોગ્ય આચરણ કરવાના શુભરાગનો હું કર્તા છું, તે રાગ કરવા યોગ્ય છે અને રાગ કરતાં-કરતાં વીતરાગતા થશે અને હું મોક્ષમાર્ગી છું, મુનિ છું એવી તેમની માન્યતામાં મિથ્યાબુદ્ધિ ચાલે છે, તેઓ વિચાર કરે છે કે જુઓ! હું કેટલું કષ્ટ સહન કરું છું! આ દુઃખને સહન કરવું તો આર્તધ્યાન થયું. મોક્ષ અનંત સુખરૂપ અવસ્થા છે તો મોક્ષમાર્ગમાં દુઃખ હોતું હશે? જ્યાં સમ્યગ્દર્શન થતાં જ અતીન્દ્રિય સુખ પ્રગટે છે, નિરાકુળતા થાય છે અને આગળના ગુણસ્થાનોમાં વધતા જાય છે, ત્યાં મુનિરાજોને તો પ્રચુર સુખ છે, તેઓ પ્રચુર આનંદમાં લીન રહે છે.

આપણને સંયોગોમાં ઈષ્ટ-અનિષ્ટતા લાગે છે, તે આપણી મિથ્યા માન્યતા છે અને તે માન્યતાની સાથે મુનિઓના સંયોગ તરફ જોઈને આપણે કહીએ છીએ કે 'બિચારા મુનિરાજ! આટલી ઠંડીમાં નગ્ન રહીને બધુ સહન કરી રહ્યા છે!' આ મિથ્યાદષ્ટિની માન્યતા છે. મુનિઓની આવી માન્યતા નથી હોતી. કષ્ટ સહન કરવું તેમનું સ્વરૂપ નથી. તેમની બધી ક્રિયાઓ સહજ હોય છે, જેટલી અંતરમાં સ્થિરતા હોય છે તેટલા પ્રમાણમાં બાહ્યમાં શુભ પરિણામ અને વૃત્તિ સહજ હોય છે. આ સહજ નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છે.

'હું કોણ છું' આ વિશેની મિથ્યા માન્યતા તો મૂળમાં ભૂલ છે. હું તમને એક

ગણિત દેખાડું છું, તે સાચું છે કે નહીં તે તમારે કહેવાનું છે. ૨ + ૨ = ૫, ૫ + ૫ = ૧૦, ૧૦ + ૧૦ = ૨૦, ૨૦ + ૨૦ = ૪૦, ૪૦ + ૪૦ = ૮૦, ૮૦ + ૮૦ = ૧૬૦ ...... આ ગણિત બરાબર છે ને? નહીં, મૂળમાં જ બે અને બે ચારને બદલે બે અને બે પાંચ ગણ્યા છે, આગળ કરોડો સુધી ગણતાં જઈએ તોપણ મૂળમાં જ ભૂલ થઈ છે, તો આગળનો બધો જ હિસાબ ખોટો થશે. તેવી જ રીતે મિથ્યામાન્યતારૂપ ભૂલ મૂળમાં પડી છે અને મોક્ષ પ્રાપ્તિ માટે તપ કરે છે—બાહ્યતપ કરે છે, એને તો શાસ્ત્રમાં બાળતપ કહ્યું છે—એકડા વગરના મીંડા—અંક વગરના મીંડા—શૂન્ય કહ્યું છે. તે કાંઈ કાર્યકારી થશે કે નહીં? હાં, સંસાર વધારવા માટે ઘણું જ કાર્યકારી છે, તે મોક્ષપ્રાપ્તિ માટે કાંઈપણ કામનું નથી. જે નિર્જરા મોક્ષમાર્ગમાં કાંઈ કામની નથી તેને અકામનિર્જરા કહે છે—આ સંવરપૂર્વકની નિર્જરા નથી, ઉદયરૂપ નિર્જરા છે. અજ્ઞાની કરોડો ભવો સુધી તપ કરે તોપણ તેની જેટલી નિર્જરા થઈ શકે છે તેનાથી અસંખ્યાતગુણી નિર્જરા જ્ઞાનીની—મુનિની એક ક્ષણમાત્રમાં થાય છે.

આ નિર્જરા શું હોય છે? અને અસંખ્યાતગુણી શું છે? જુઓ, આપણે પ્રતિસમય અનંત કર્મપરમાણુ બાંધીએ છીએ, જેને એક સમયપ્રબદ્ધ કહે છે અને પૂર્વમાં બંધાયેલ કર્મમાંથી તેટલા જ અનંત પરમાણુ નીકળી જાય છે—ખરી જાય છે જેને ઉદય કહે છે અને આપણી પાસે—આપણા સ્ટોકમાં અનંતાનંત પરમાણુ સત્તામાં પડ્યા રહે છે. આનું તાત્પર્ય એ છે કે જેટલા કર્મ પરમાણુ નવા બંધાય છે તેટલા જ જૂનામાંથી નીકળીને ખરી જાય છે, પરંતુ મુનિઓને એવું નથી. તેમને તો બંધાય છે એક સમયપ્રબદ્ધ અને ખરે છે અસંખ્યાતગુણા!

મિથ્યાદૃષ્ટિ જીવ તો મિથ્યાત્વ અવસ્થામાં બંધયોગ્ય બધી પ્રકૃતિઓને બાંધતો રહે છે અર્થાત્ મિથ્યાત્વ, ૧૬ કષાય આદિ બધી કર્મ પ્રકૃતિઓ તથા અન્ય પણ બંધાય છે; પરંતુ મુનિઓને તો ૫૫ પ્રકૃતિઓનો બંધ જ નથી થતો. તેમને આટલી બધી પ્રકૃતિઓની બંધવ્યુચ્છિત્તિ થાય છે. મિથ્યાદૃષ્ટિ તપ કરશે તોપણ થોડા કાળ માટે પુણ્યપ્રકૃતિનો બંધ કરશે. થોડા કાળ માટે કેમ કહ્યું? તમે કહો કે શુભભાવ કરીને કોઈ પહેલા સ્વર્ગમાં ગયું ત્યાં તો કોઈ હિંસા, જૂઠ, ચોરી, આદિ પાપ તો નથી કરી રહ્યો, તો તે જીવ મરીને ઉપર કયા સ્વર્ગ સુધી જઈ શકે છે? કેમ, કઈ વાતની ચર્ચા થઈ રહી છે? અરે! સ્વર્ગનો કોઈ પણ જીવ મરીને સ્વર્ગમાં ઉત્પન્ન નથી

થતો, તેને તો નિયમથી નીચે મનુષ્ય અથવા તિર્યંચમાં આવવું પડે છે. શુભ કરીને સ્વર્ગમાં ગયો છે, ત્યાં શુભનું ફળ ઈચ્છાથી ભોગવી રહ્યો છે. ત્યાંનું આયુષ્ય તો પલ્યો અને સાગરોનું હોય છે, તેથી જ તેઓ અમર કહેવાય છે. ક્યારે સાંભળ્યું છે કે નહીં? ભક્તામર સ્તોત્રમાં તેને ભક્ત અમર કહ્યું છે.

તેમનું આયુષ્ય છ મહિના બાકી રહેતાં તેમના ગળાની માળા મુરઝાઈ જાય છે, ત્યારે ખબર પડે છે કે હવે અહીંનું આયુષ્ય પુરુ થયું છે. ત્યારે મિથ્યાદષ્ટિ જીવ એટલો શોક, એટલા સંક્લેશ પરિણામ કરે છે કે કોઈ મરીને એકેન્દ્રિયમાં બાદર પૃથ્વીકાયિક, બાદર જલકાયિક અને પ્રત્યેક વનસ્પતિકાયિકમાં જઈને જન્મ લે છે. સ્વર્ગમાંથી કોઈ જીવ સીધો નિગોદમાં નથી જતો.

અજ્ઞાની જીવના એવા તપથી શું લાભ થયો?

અહીં વાત ગ્રૈવેયકોની ચાલી રહી હતી. ત્યાં ભાવલિંગી મુનિ તો જાય જ છે પરંતુ મિથ્યાત્વ રહેતા પણ દ્રવ્યલિંગી ત્યાં સુધી જન્મ લઈ શકે છે, તેની વાત આપણે જોઈ. તેમાં પણ એક નિયમ એ છે કે ગ્રૈવેયકમાં જવાવાળા એ મનુષ્યોને ઉપરના ત્રણ ઉત્તમ સંહનનમાંથી કોઈ એક સંહનન હોવું આવશ્યક છે, જે આ પંચમ કાળના મનુષ્યોમાં નથી જોવા મળતા. આ પંચમ કાળના દ્રવ્યલિંગી હોય કે ભાવલિંગી હોય, ગ્રૈવેયકમાં જઈ શકતા નથી.

સંહનન નામ સાંભળ્યું છે ને? મનુષ્યમાં અને દ્વીન્દ્રિય આદિ તિર્યંચોમાં સંહનન નામકર્મના ઉદયમાં વિશિષ્ટ સંહનન અર્થાત્ શરીર અને હાડકાની મજબૂતી જોવા મળે છે, તેને સંહનન કહે છે. તેના છ ભેદ છે—૧. વજ્રવૃષભનારાચ સંહનન, ૨. વજ્રનારાચ સંહનન, ૩. નારાચ સંહનન, ૪. અર્ધનારાચ સંહનન, ૫. કીલિત સંહનન અને ૬. અસંપ્રાપ્તાસૃપાટિકા સંહનન.

એમાંથી પહેલા ત્રણ ઉત્તમ સંહનન છે. ભરતક્ષેત્રમાં ચોથા કાળમાં છએ સંહનનવાળા જીવ હોય છે, પરંતુ પંચમ કાળમાં નીચેના ત્રણ સંહનનવાળા જ હોય છે.

આમ તો મોક્ષ જવાવાળા જીવના તે અંતિમ ભવમાં વજ્રવૃષભનારાચ સંહનન જ હોય છે. કોઈપણ સંહનન જીવને ન તો સ્વર્ગમાં લઈ જાય છે ન તો મોક્ષમાં! સાતમી

નરક જવાવાળા જીવને પણ વજ્રવૃષભનારાચ સંહનન જ હોવું જોઈએ. આ તો સહજ નિમિત્ત-નૈમિત્તિક સંબંધ હોય છે. કરણાનુયોગમાં એવા નિમિત્તોના નિયમોને જોઈને ત્યાંના કાર્યનો અંદાજ લગાવી શકાય છે. જેવી રીતે કર્મભૂમિની સ્ત્રીને નીચેના ત્રણ સંહનન જ હોય છે, તેથી સ્ત્રીને મોક્ષ નથી થતો. ચોથા કાળમાં પણ સ્ત્રીને મોક્ષ નથી થતો. તિર્યંચ તથા મનુષ્યગતિની સ્ત્રીને વધારેમાં વધારે પાંચમું ગુણસ્થાન પ્રાપ્ત થઈ શકે છે.

છતાં પણ જો કોઈ મતમાં કહેતાં હોય કે સ્ત્રીને મુક્તિ હોય છે તો અમને ખ્યાલમાં આવે છે કે અહીં નિમિત્તનું પણ સાચું જ્ઞાન નથી, આથી તેનું કથન સર્વથા ખોટું છે—આવો સાચો નિર્ણય આપણે કરી શકીએ છીએ.

નવ ગ્રૈવેયકની ઉપર એક સ્તરમાં અનુદિશ નામના નવ વિમાન છે—મધ્યમાં એક ચાર દિશામાં એક-એક એવા ચાર અને ચાર વિદિશાઓમાં એક-એક એવા ચાર. તેની ચર્ચા પછી કરીશું.

અનુદિશોની ઉપર પાંચ અનુત્તર વિમાન છે. મધ્યમાં એક અને ચાર દિશામાં એક-એક એમ ચાર વિમાન છે. આ પ્રકારે આપણે સ્વર્ગોના નામ જોયા. તેમાં ક્યાં, કેટલા પટલ હોય છે? કેટલા વિમાન હોય છે? વિગેરેની ચર્ચા આપણે યથા અવસરે કરીશું.

બોલો, વિદેહક્ષેત્રમાં બિરાજમાન સાતમા તીર્થંકર શ્રી વૃષભાનન ભગવાનનો જય હો!

# ૮. ઊર્ધ્વલોક-સ્વર્ગોના વિમાન

અહીં ત્રિલોકસારના આધારે આપણે ત્રણ લોકની રચના અને તેનું સ્વરૂપ જોઈ રહ્યા છીએ. જુઓ, આ સર્વજ્ઞ ભગવાનની વાણી છે. ભગવાનના વચન અનુસાર તેનું વિવેચન થઈ રહ્યું છે. ભગવાન વીતરાગી અને સર્વજ્ઞ હોય છે. સર્વજ્ઞ ભગવાને પોતાના કેવળજ્ઞાનમાં પ્રત્યક્ષ—સાક્ષાત્ જાણીને તેનું કથન કર્યું છે, તે કોઈ મનઘડત વાતો નથી.

સર્વજ્ઞની વાણી સ્વયં પ્રમાણ છે, તેને અન્ય પ્રમાણ દ્વારા પ્રમાણિત અર્થાત્ સિદ્ધ કરવાની આવશ્યકતા નથી. મને કહેજો, સવારમાં સૂર્ય ઊગી ગયો તે તમે કઈ ટોર્ચથી જોઈને કહો છો? તે તો સ્વયં પ્રકાશિત છે અને તેના નિમિત્તે અન્ય ચીજો પણ પ્રકાશિત થાય છે. જે પોતાના અલ્પજ્ઞાનથી સર્વજ્ઞની વાણીને પ્રમાણિત કરવા ઇચ્છે છે તે તેની ભૂલ છે, મિથ્યા માન્યતા છે, તેને સર્વજ્ઞના સ્વરૂપનો નિર્ણય નથી. સર્વજ્ઞના વચન અનુસાર વસ્તુસ્વરૂપ અને ત્રિલોકરચનાને જાણીને પોતાની માન્યતામાં કોઈ ભૂલ હોય તો સુધારવાની છે, પરંતુ લોકો તેનાથી ઉલટું કરવા ઇચ્છે છે. તેઓ પોતાની મિથ્યામાન્યતા અથવા જૂઠ અથવા અલ્પજ્ઞાનના આધારે સર્વજ્ઞની વાણી સાચી છે કે નહીં તે પ્રમાણિત કરવા ઇચ્છે છે.

આ ચર્ચા પહેલાં જ વ્યાખ્યાનમાં થઈ ગઈ છે. 'વિજ્ઞાનના આધારે, આજકાલના ભૂગોળના આધારે આ વાતો સમજાવો'—આવું કહેવાવાળા શરૂથી જ શિબિરમાં આવ્યા નથી એ તેમની ભૂલ છે. અહીં જે પ્રમાણની વાત થઈ રહી છે તેને જાણો અને પોતાના જ્ઞાનમાં જે કાંઈ ત્રુટિ (ઉણપ) છે તેને દૂર કરો. પોતે પોતાના જ્ઞાનથી જ સિદ્ધ કરવા ઇચ્છે છે તો પોતાની જ માન્યતામાં અટકી રહો, તેમાં તો તમારું જ નુકશાન થવાવાળું છે.

અહીં કેટલાક પ્રશ્ન આવ્યા છે, તેનું સમાધાન કરીને આપણે આગળ વધીશું, કારણ કે તે વિના વિષય પણ સમજમાં નથી આવતો.

પ્રશ્ન :— બે નંબરનો ચાર્ટ કે જે વાતવલય સંબંધી છે તેમાં આ ૭, ૫, ૪ વગેરે વગેરે શું લખ્યું છે?

ઉત્તર :— વાતવલયના ચાર્ટ નંબર બેમાં લોકાકાશ સામેથી દેખાડ્યો છે જેમાં તેનો પૂર્વ-પશ્ચિમ વિસ્તાર દેખાય છે. લોકાકાશ તો ઘનસ્વરૂપ છે, તે આપણે એક નંબરના ચાર્ટના આધારે ઘણીવાર જોયો છે. લોકાકાશનો દક્ષિણોત્તર વિસ્તાર ૭ રાજૂ પ્રમાણ પહોળો સર્વત્ર છે કે જે અહીં દેખાડ્યો નથી. ફક્ત 'ફ્રન્ટ વ્હ્યૂ' દેખાડ્યો છે.

લોકાકાશના તળમાં તથા પ્રત્યેક પૃથ્વીની નીચે ૨૦ હજાર યોજન મોટાઈવાળા ઘનોદધિવાતવલય છે. તેની નીચે અહીં જે પીળા રંગમાં દેખાડ્યું છે તે ઘનવાતવલય છે તે પણ ૨૦ હજાર યોજન મોટાઈવાળો છે. સૌથી નીચે તનુવાતવલય પણ ૨૦ હજાર યોજન મોટાઈવાળો છે.

લોકાકાશનું તળ ૭ રાજૂ દક્ષિણોત્તર અને ૭ રાજૂ પૂર્વ-પશ્ચિમ છે, તેમાં ત્રણેય વાતવલય ૨૦-૨૦-૨૦ હજાર યોજનવાળા છે. ચારે તરફ પાર્શ્વભાગમાં અર્થાત્ સાઈડમાં એક રાજૂ ઊંચાઈ સુધી તેમની મોટાઈ એટલી જ છે અર્થાત્ ૨૦-૨૦-૨૦ હજાર યોજન રહે છે. ત્યાં ઘટીને સાઈડમાં ક્રમથી ઘનોદધિવાતવલય ૭ યોજન, ઘનવાતવલય ૫ યોજન અને તનુવાતવલય ૪ યોજન અર્થાત્ ત્રણેય મળીને ૧૬ યોજન રહી જાય છે. ૬૦ હજાર યોજનથી ઘટીને ૧૬ યોજન રહી જાય છે. તેની ઉપર થોડું-થોડું ઘટતાં જ્યાં મધ્યલોક છે ત્યાં ઘનોદધિવાતવલય ૫ યોજન, ઘનવાતવલય ૪ યોજન અને તનુવાતવલય ૩ યોજન રહી જાય છે. ઉપર પછી વધતાં થકા બ્રહ્મસ્વર્ગની નજીક તે ક્રમથી ૭ યોજન, ૫ યોજન અને ૪ યોજન હોય છે. ઉપર ફરી પણ ઘટતાં થકા પાર્શ્વભાગમાં ચારે તરફ સાઈડમાં ક્રમથી ૫ યોજન, ૪ યોજન અને ૩ યોજન રહી જાય છે.

લોકાકાશના અગ્રભાગમાં આ આઠમી ઈષત્પ્રાગ્ભાર પૃથ્વી છે, તેની નીચે તો ૨૦-૨૦ હજાર યોજનના ત્રણ વાતવલય છે જ પરંતુ આ પૃથ્વીની ઉપર પણ ઉલટા ક્રમથી તે ત્રણ વાતવલય છે. ઘનોદધિવાતવલય બે કોસ મોટો છે અને પૃથ્વીને લાગીને જ છે, વચમાં ઘનવાતવલય એક કોસ મોટો છે તથા અંતમાં તનુવાતવલય ૧૫૭૫ ધનુષ મોટો છે. તેની ચર્ચા થઈ હતી છતાં પણ સમજમાં ન આવ્યું એટલે પુનઃ ચર્ચા કરી છે.

પ્રશ્ન :— અનુત્તર વિમાનમાં જે મધ્યનું સર્વાર્થસિદ્ધિ વિમાન છે ત્યાંથી સિદ્ધશિલા

કેટલી ઉપર છે?

ઉત્તર :— ૧૨ યોજન ઉપર છે. સિદ્ધશિલા આઠમી ઈષત્પ્રાગ્ભાર પૃથ્વીની વચ્ચોવચ્ચ છે. આ પૃથ્વીની નીચે ત્રણ વાતવલય છે તેમાં ઘનોદધિવાતવલયમાં અનુત્તર વિમાન છે.

પ્રશ્ન :—સર્વાર્થસિદ્ધિના દેવો સિદ્ધશિલા સુધી જઈ શકે છે કે શું?

ઉત્તર :— નથી જઈ શકતા.

પ્રશ્ન :— તેઓ નીચે ક્યાં સુધી જઈ શકે છે?

ઉત્તર :— તેમના ગમન કરવાની શક્તિ એટલી છે કે નીચે સાતમી પૃથ્વી સુધી જઈ શકે છે, પરંતુ તેમને ગમન કરવાના ભાવ જ નથી થતા. તેઓ ક્યારે પણ ગમન કરીને નીચે નથી જતા. પંચકલ્યાણકોમાં પણ તેઓ નથી જતાં. સૌધર્મ ઈન્દ્ર તો જન્મકલ્યાણકના સમયે આવીને નૃત્ય કરે છે, બધા ઈન્દ્ર પાંચે કલ્યાણકોમાં આવીને પૂજા કરે છે, સમવસરણમાં ભગવાનની દિવ્યધ્વનિ સાંભળે છે, તો તેમાંથી કોણ સારું? ત્યાં સારું અથવા ખરાબ કાંઈ નથી. બંને જ ચતુર્થ ગુણસ્થાનવર્તી જીવ છે. અહીં પણ કોઈ જોરશોરથી નાચી-ગાઈને પૂજા કરે છે તો કોઈ શાંતભાવથી નમસ્કાર આદિ કરે છે, સ્વાધ્યાય કરે છે. બાહ્ય ક્રિયાથી સારું-ખરાબ નથી થતું, ફળ તો પરિણામોથી—અભિપ્રાયોથી લાગે છે.

પૂજા-ભક્તિ આદિ ક્રિયાઓ દેખાય છે. આપણે કોઈને દેખાડવા માટે તે ક્રિયાઓ કરીએ છીએ અથવા તો કોઈ અન્યની ક્રિયાઓ જોઈ જોઈને તેમાં દોષ શોધીએ છીએ કે જે એકદમ ખોટી વાત છે. આપણે તો આપણી વાત—આપણા પરિણામ જોવાના છે, આપણું કલ્યાણ કરવાનું છે.

પ્રશ્ન :— ચિત્રા પૃથ્વી ક્યાં છે?

ઉત્તર :— રત્નપ્રભા નામક પહેલી પૃથ્વીનો ખરભાગ ૧૬ હજાર યોજન જાડાઈવાળો છે. તેમાં હજાર-હજાર યોજન જાડાઈવાળી ૧૬ પૃથ્વીઓ છે, તેમાંથી સૌથી ઉપરની પહેલી પૃથ્વીનું નામ ચિત્રા છે, બીજી વજ્રા છે, જેના નામ આપણે પહેલાં જોયા છે. આપણે બધા આ ચિત્રા પૃથ્વીની ઉપર રહીએ છીએ.

પ્રશ્ન :— ખરભાગ, પંકભાગ અને અબ્બહુલભાગ કેવળ પહેલી પૃથ્વીમાં જ છે કે બધી સાતે પૃથ્વીમાં જોવા મળે છે?

ઉત્તર :— આ ત્રણ ભાગ માત્ર પહેલી રત્નપ્રભા પૃથ્વીમાં જ હોય છે, અન્ય દ્વિતીય આદિ પૃથ્વીમાં નથી હોતા. ત્યાં કેવળ નરકબિલ જ હોય છે.

એક પ્રશ્ન ખૂબ જ માર્મિક છે. વાત એમ છે કે દેવોનું જેટલા સાગર વર્ષોનું આયુષ્ય હોય છે, તેટલા હજાર વર્ષ વ્યતીત થતાં તેમને આહારની ઈચ્છા થાય છે અને તેઓ આહાર લે છે અર્થાત્ તેમના કંઠમાંથી અમૃત ઝરે છે અને તેઓ તૃપ્ત થઈ જાય છે. તેમનો આહાર આપણી જેવો નથી હોતો, ન તો તેઓ કાંઈ બનાવે છે અને ન કાંઈ ખાય છે અર્થાત્ તેમને કવલાહાર નથી હોતો. આ હિસાબે તે સર્વાર્થસિદ્ધિના દેવોનું આયુષ્ય ૩૩ સાગરનું હોય છે તો તેમને ૩૩ હજાર વર્ષ પછી આહારની ઈચ્છા થાય છે. આમાં એક માતાજીનો પ્રશ્ન છે કે દેવ આટલા વર્ષો સુધી આહાર નથી લેતા તો તેમને તપ કહેશું કે નહીં?

ઉત્તર :— દેવ હજારો વર્ષો સુધી આહાર નથી લેતા, એટલું જ નહીં તેમને તો આટલા વર્ષો સુધી આહારની ઈચ્છા પણ નથી હોતી છતાં પણ તેમને તપ નથી હોતું, તેને તપ નથી કહેતા અને આપણને તો ઈચ્છા ઘણી હોય છે, ખૂબ જ ભૂખ લાગે છે છતાં પણ આપણે ઈચ્છાઓને દબાવી ચોવીસ કલાક ઉપવાસ કરીએ છીએ–ખોરાક નથી લેતા તો આપણને લાગે છે કે આપણે તપ કર્યું. દશલક્ષણ પર્વમાં–પર્યુષણ પર્વમાં એક, પાંચ, દસ દિવસના ઉપવાસ કરીને માને છે કે અમે ઘણું તપ કર્યું. આપણે ભોજન નહીં કરવાનું નામ તપ છે એવું સમજીએ છીએ, તેથી પ્રશ્ન ઊભો થાય છે કે દેવોને હજારો વર્ષ સુધી ભોજન નથી કર્યું છતાં તેમને તપ કેમ નથી કહેતા?

જુઓ, તપ કહો અથવા સંયમ કહો, તે તો અંતરંગમાં જે મુનિયોગ્ય સ્થિરતા હોય છે, તેને કહે છે. ઉપવાસ કોને કહેવો? ઉપ અર્થાત્ નજદીક–પાસે અને વાસ અર્થાત્ રહેવું. પોતાના આત્માની પાસે રહેવું અર્થાત્ આત્મામાં લીન રહેવું. એવી અવસ્થામાં બાહ્યમાં આહાર આદિનો વિકલ્પ નથી આવતો, ઈચ્છા જ ઉત્પન્ન નથી થતી. ઈચ્છા ઉત્પન્ન ન થવાનું નામ 'ઈચ્છાનિરોધસ્તપઃ' છે, ઈચ્છાને દબાવવાનું નહીં. ઉપવાસમાં તો કષાય અને આહારને ઓછા કરવામાં આવે છે. આપણે ઉપવાસના નામે ભોજન તો છોડી દઈએ છીએ પરંતુ કષાયોની વૃદ્ધિ થતી રહે છે. લોકો વિચારે છે કે ચાલો દુકાને

જઈશું અથવા પાના આદિ રમીને ટાઈમપાસ કરીશું. આજકાલ તો ટી.વી. છે તેની સામે બેસીને લોકો સમય બરબાદ કરે છે.

કોઈ સ્વાધ્યાય કરે છે પરંતુ તે મુનિયોગ્ય તપ નથી કારણ કે તપનું ફળ નિર્જરા છે. તત્ત્વાર્થસૂત્રમાં આવ્યું છે 'તપસા નિર્જારા ચ.' તો જે અજ્ઞાની મિથ્યાદૃષ્ટિએ ભોજનનો ત્યાગ કર્યો તો તેને કેટલી નિર્જરા થશે? ઉપવાસ કરીને જે વધારે કૃશ થઈ જાય શું તેની વધારે નિર્જરા થતી હશે? એવું નથી. મિથ્યાત્વ અવસ્થામાં કોઈપણ ક્રિયા કરે તેનાથી તેની નિર્જરા થતી જ નથી. નિર્જરા તો ચોથા ગુણસ્થાનથી શરૂ થાય છે અને જેને તપ અને સંયમ કહે છે તે તો છઠ્ઠા ગુણસ્થાનથી લઈને ઉપરના ગુણસ્થાનોમાં હોય છે.

દેવોને સમ્યક્ત્વ તો હોઈ શકે છે પરંતુ તેમનું ગુણસ્થાન તો ચોથું જ રહેશે, ઉપરનું નહીં. તેથી તેમને તપ હોતું જ નથી. ચોથા ગુણસ્થાન સુધી તો અસંયમ જ છે. નહીં ખાવાને સંયમ અથવા તપ નથી કહેતા, વસ્ત્ર ન પહેરવાને સંયમ નથી કહેતા. સં + યમ અર્થાત્ સમ્યક્રૂપથી જે પોતાના આત્મામાં સ્થિત છે, તે મુનિરાજોને સંયમ હોય છે. પોતાના આત્મસ્વરૂપમાં સ્થિરતા થવી જ સાચી આરાધના છે, તે જ સામાયિક છે, તે જ આલોચના છે, તે જ પ્રતિક્રમણ છે, તે જ પ્રત્યાખ્યાન છે, તે જ સમાધિ આદિ છે.

પ્રશ્ન :— તમે કહો છો કે આત્માની દૃષ્ટિ કરવી છે અને આ બધી તો બહારની વાતો છે, તો હવે અમે આત્મામાં જઈએ કે બહાર જઈએ?

ઉત્તર :— તમે આત્મામાં જવા ઈચ્છો છો તો અત્યારે તમે કોણ છો? ક્યાં છો? આપણે ક્યાંય અંદર-બહાર જવાનું નથી. અરે! આપણે સ્વયં આત્મા જ તો છીએ.

પ્રશ્ન :— તો લોકાકાશનું સ્વરૂપ સમજવામાં આપણને બહારની દૃષ્ટિ કરવી છે કે અંદરની તરફ?

ઉત્તર :— વાસ્તવમાં આ પ્રશ્ન જ એટલા માટે ઊઠી રહ્યા છે કે જીવોને તે ખબર જ નથી કે જ્ઞાન શું છે અને દૃષ્ટિ શું છે! આ ત્રિલોકસારની તથા અન્ય આગમ ગ્રંથોની રચના મુનિરાજોએ કરી છે, તો તેમની અંદરની દૃષ્ટિ હતી કે બહારની દૃષ્ટિ હતી? બાહ્યચીજના જ્ઞાનને બાહ્યદૃષ્ટિ નથી કહેતા. દૃષ્ટિ તો પ્રતીતિને—શ્રદ્ધાને કહે છે. દૃષ્ટિ અર્થાત્ જેમાં આપણે 'હુંપણું' સ્થાપિત કરીએ છીએ. આપણા

શુદ્ધાત્મ સ્વરૂપમાં–ત્રિકાળી સ્વભાવમાં 'હુંપણું' સ્થાપિત થવાને સમ્યગ્દૃષ્ટિ અર્થાત્ યથાર્થ દૃષ્ટિ કહે છે, તથા બાહ્ય વસ્તુઓમાં–રાગાદિભાવોમાં 'હુંપણું' સ્થાપિત કરવું તેને બહિર્દૃષ્ટિ-મિથ્યાદૃષ્ટિ કહે છે.

સમયસાર ગ્રંથમાં દૃષ્ટિપ્રધાન કથન છે, દૃષ્ટિનો વિષય જે પોતાનો શુદ્ધાત્મા તેની ચર્ચા છે. પ્રવચનસારમાં જ્ઞાનપ્રધાન કથન છે. તેમાં છ દ્રવ્ય, તેનું સ્વરૂપ, ઉત્પાદવ્યયધ્રુવતા–આ પ્રકારે બધા જ્ઞેયોનું તથા જ્ઞાનનું વર્ણન છે. આ લોકાલોક આપણા જ્ઞાનનું જ્ઞેય છે અને જ્ઞેયને જાણવાવાળો આત્મા છે. હું આત્મા છું અને બધા પદાર્થ મારા જ્ઞેય છે, તે મારે ભોગ્ય અથવા ઉપભોગ્ય નથી, હું તેનો કર્તા અથવા ભોક્તા નથી. હું જ્ઞાન છું, તે જ્ઞેય છે, તે મારાથી ભિન્ન છે. મંગલાચરણમાં રોજ ગાઈ રહ્યા છીએ કે 'તીન ભુવન થિતિ જાનિકેં....' 'જાણીને' કહ્યું છે. અહીં જ્ઞાનનો નિષેધ નથી. 'આપ આપમય હોય' હું તો પોતાના સ્વસ્વરૂપ જ છું. આ બધી વસ્તુઓ ભિન્ન છે, ભિન્ન વસ્તુઓને જાણવાવાળો હું છું. આ વસ્તુઓ જ્ઞાનમાં આવે છે, તેનાથી તો જ્ઞાનની સિદ્ધિ થાય છે.

તેથી પોતાને પોતારૂપ અને પરવસ્તુને પરરૂપ સમજવું તે સ્વ-પરભેદવિજ્ઞાન છે. સ્વ તથા પરને જાણવું તે તો જ્ઞાનનું કાર્ય છે તથા હું 'હું' સ્વરૂપ છું એવો સ્વીકાર–એવી પ્રતીતિ થવી તે દૃષ્ટિનું કાર્ય છે. આવી જ્યારે દૃષ્ટિ થઈ જાય છે ત્યારે જ્ઞાન શું આરામ કરતું હશે? હજી દૃષ્ટિનું કામ ચાલી રહ્યું છે, તો જ્ઞાનને થોડો આરામ કરવો છે ને? અરે! જ્ઞાન તો જાણવાનું કામ કરતો જ રહેશે. પ્રત્યેક ગુણમાં નિરંતર પરિણમન થાય છે. હું સ્વસ્વરૂપ છું એવી જ્યારે દૃષ્ટિ છે ત્યારે જ્ઞાન સ્વને પણ જાણે છે અને પરને પણ જાણે છે—સ્વને સ્વરૂપથી જાણે છે અને પરને પરરૂપથી જાણે છે. દૃષ્ટિ દૃષ્ટિનું કાર્ય કરે છે અને જ્ઞાન જ્ઞાનનું કાર્ય કરે છે.

સ્કૂલમાં આપણે આપણા બાળકોને લેવા જઈએ છીએ, ત્યાં સેંકડો બાળકો જ્ઞાનમાં આવે છે, તેમાં પોતાનું પણ બાળક છે તેને પણ જાણીએ છીએ, પરંતુ તેને તે 'પોતાનું છે' એમ જાણીએ–માનીએ છીએ.

આ જુઓ, મારા હાથમાં આ પેન છે. બોલો, બહેન તમને શું દેખાય છે?—'મને પેન દેખાય છે' આ તમારો જ જવાબ છે. તમે કહ્યું કે 'મને' દેખાઈ રહ્યું છે તેનો અર્થ તમે તમને–પોતાને જાણી રહ્યા છો. તમારા બાજુવાળાને દેખાઈ રહ્યું છે

એમ તમે નથી કહ્યું. આટલી બધી વાતો આપણા જાણવામાં આવી રહી છે ત્યાં તો 'મારા' જ્ઞાનમાં આવે છે એ રીતે સ્વનો અહેસાસ બધા જ પ્રાણીમાત્રને થાય છે. આ જ્ઞાયક—જાણવાવાળો આત્મા આબાલ-ગોપાલ બધાના જ્ઞાનમાં આવી રહ્યો છે પરંતુ 'આ જ હું છું' એવી પ્રતીતિ નથી થઈ રહી. આપણે બધાને જાણવાનો નિષેધ કરીને પોતાના જ્ઞાનલક્ષણનો નાશ કરવા ઇચ્છીએ છીએ, તેનો નાશ થતો નથી પરંતુ પોતાના અભિપ્રાયમાં આપણે એવું માની લઈએ છીએ.

આપણે ક્યાંય અંદર-બહાર કરવાનું નથી. આપણે તો અંદર જ અંદર છીએ, ક્યાંય બહાર ગયા જ નથી. હું મારા સ્વરૂપે જ છું, જ્ઞાનમાત્ર જ છું એવી દૃષ્ટિ-પ્રતીતિ બની રહેશે. પરને જાણવાથી કાંઈ નુકશાન થવાવાળું નથી. અજ્ઞાની માને છે કે આ બધી વસ્તુઓનું જ્ઞાન બંધ થઈ જાય તો હું આત્મામાં ચાલ્યો જઈશ, તે વિપરીત માન્યતા છે. જે બધાને જાણે છે તે જ તો હું છું, તે 'હું'ની દૃષ્ટિ કરવાની છે. દૃષ્ટિ અને જ્ઞાનનો ભેદ નહીં જાણવાથી આ પ્રશ્ન ઊભો થાય છે.

આ એક બીજો પ્રશ્ન છે કે જેમાં પ્રશ્નકારને હજી વધારે મુંઝવણ—કન્ફ્યુઝન છે.

પ્રશ્ન :— આ જે ત્રસનાડી છે તે બહારની રચના છે, તેવી જ રીતે આપણી અંદર પણ રચના છે એમ કહેવું હતું? જેવી રીતે બહાર આ ત્રસનાડી છે તેવી જ રીતે આપણામાં આ કરોડ રજ્જૂ છે—સ્પાઈનલ કૉર્ડ છે?

ઉત્તર :— આ સ્પાઈનલ કોર્ડ અર્થાત્ મજ્જારજ્જુ શરીરનું અંગ છે કે તમારું? શરીરમાં 'હું'પણું માનીને આ બધી ભ્રાંતિ ચાલી રહી છે. કોઈ નાડી અથવા કુંડલિની જાગ્રત થાય છે એવી બધી ઝંઝટ છોડી દ્યો. આપણે આપણા સ્વરૂપ પ્રત્યે જાગ્રત થઈ જઈએ તો જેને જાગ્રત થવું છે તે થઈ જશે. શરીરની રચનાથી આપણને કાંઈ લેવા-દેવા નથી. શરીર તો તદ્દન ભિન્ન પર પદાર્થ છે, આપણે તો ફક્ત અત્યારે તેના દ્વારા ઓળખાઈએ છીએ. અન્ય લોકો આ શરીર દ્વારા આપણને ઓળખી રહ્યા છે, પરંતુ આ આપણી વાસ્તવિક ઓળખાણ નથી.

આપણા જ્યાં આત્મપ્રદેશ છે ત્યાં જ શરીરના પરમાણુ છે અને તેમાં પણ અનંત પરમાણુઓનું આવાગમન ચાલું રહે છે. જેવી રીતે આપણે કર્મો વિષે શિખ્યા હતા કે અનંત કર્મ પરમાણુ પ્રતિસમય બંધાય છે અને ખરે છે, તેવી જ રીતે શરીરના પણ અનંત

પરમાણુ પ્રતિસમય આવે છે અને જે છે, તેમાંથી અનંત પરમાણુ પ્રતિ સમય ચાલ્યા જાય છે. આપણે તો દર્પણમાં શરીરને જોઈને બધું ઠીકઠાક છે, હું તેવો જ છું એમ માની લઈએ છીએ.

જેવી રીતે આપણે આપણા ગામની નદી ૨૫ વર્ષથી જોતા આવ્યા છીએ, તે બિલકુલ તેવી ને તેવી જ દેખાય છે; પરંતુ તમે મને કહો કે અડધા કલાકથી તમે કોઈ નદીના કિનારે ઊભા હોય તો તેનું તે જ પાણી છે કે નહીં?—ના, તેવું ને તેવું દેખાવા છતાં પણ પહેલાંનું પાણી મીલો દૂર વહીને ચાલ્યું ગયું છે અને ઉપરથી પ્રવાહરૂપથી નવું પાણી આવ્યું છે. શરીરમાં પણ નવા-નવા અનંત પરમાણુ આવે છે, જૂના પરમાણુઓમાંથી અનંત ચાલ્યા જાય છે, તો કોનો જન્મદિવસ મનાવો છો? તે પણ સાદો નહીં 'હેપ્પી' બર્થ ડે! અહીં તો કાયમ તેનો તે જ રહેવાવાળો તો હું સ્વયં આત્મા શાશ્વત છું, પરંતુ શરીરને સ્વ માનીને તેની ગુલામીમાં ખુશી માનવાવાળાને આટલો વિચાર ક્યાં આવે છે!

પ્રશ્ન :— આ અનુપ્રેક્ષા શું હોય છે? આત્મચિંતન કરવું અર્થાત્ કઈ અનુપ્રેક્ષા વધારે કરવી? આત્મચિંતનમાં અને અનુપ્રેક્ષાના ચિંતનમાં કોને કેટલો સમય આપવો?

ઉત્તર :— જુઓ, જ્યારે શાસ્ત્રનો સ્વાધ્યાય થાય છે તો આવા પ્રશ્ન નથી થતા, પરંતુ પ્રશ્ન ઊઠે છે તો આપણે સાચો સ્વાધ્યાય કરવાથી બધા પ્રશ્નોના ઉત્તર સમજમાં આવે છે. પહેલામાં પહેલા આત્માનું સ્વરૂપ કેવું છે એ વાતનું આપણે સમયસાર આદિ શાસ્ત્રથી નિર્ણય કરવાનો છે. કરણાનુયોગના શાસ્ત્રોથી પણ તે જ નિર્ણય કરવાનો છે કે આત્મા શું છે? કર્મ શું છે?

અહીં તો આપણે ક્ષેત્રની ચર્ચા કરી રહ્યા છીએ, ત્રિલોકની ચર્ચા કરી રહ્યા છીએ. તેમાં ક્યું દ્રવ્ય ક્યાં સ્થિત છે તે જાણી રહ્યા છીએ. તેમાં આત્માનું સ્વરૂપ કેવું છે? તે કઈ પર્યાયમાં ક્યાં સ્થિત છે? ક્યાં-ક્યાં ક્યા-ક્યા શરીર ધારણ કરીને અનાદિથી ફરી રહ્યા છીએ એ વાતની ખબર પડે છે. આત્મા શું કરી શકે છે અને શું કરી શકતો નથી તેનું જ્ઞાન આપણને સ્વાધ્યાયથી થાય છે. સ્વાધ્યાયથી આપણી ભ્રાંતિઓ દૂર થાય છે, આપણા પ્રશ્નોના જવાબ તો મળે જ છે, તત્ત્વોનો સમ્યક્ નિર્ણય થઈને આપણને આત્મદર્શન અર્થાત્ સમ્યગ્દર્શન પણ થાય છે.

કોઈ વિવક્ષિત ચિંતનથી સમ્યગ્દર્શન થવાની વાત નથી. આત્માનો નિર્ણય

ન થાય—તત્ત્વોનો નિર્ણય ન થાય ત્યાં સુધી તત્ત્વચિંતન-વિકલ્પ કાર્યકારી છે. વિકલ્પ કરવાથી સમ્યગ્દર્શન નથી થતું, તત્ત્વનિર્ણય થતાં, વિકલ્પાતીત થવાથી સમ્યક્ત્વ થાય છે. જીવ વિકલ્પ રહિત પણ સહજ થાય છે. લોકોને આ પ્રશ્ન થાય છે કે ક્યો વિકલ્પ કરીએ? અથવા આ વિકલ્પોને કેવી રીતે છોડીએ? વિકલ્પ થાય છે પણ પોતાની મેળે અને છૂટે છે પણ પોતાની મેળે જ!

જ્ઞાનીને પણ જ્યારે આત્મસ્થિરતા નથી ત્યારે વિકલ્પ થશે. દ્રવ્યાનુયોગના છ દ્રવ્ય, સાત તત્ત્વ, નિમિત્ત-નૈમિત્તિક સંબંધ, ઉત્પાદ-વ્યય-ધ્રુવતા, પાંચ સમવાય, ક્રમબદ્ધપર્યાય આદિ અનેક સિદ્ધાંતોનો સાચો નિર્ણય થવો અત્યંત આવશ્યક છે.

પ્રશ્ન :— તો પછી આ ઝમેલો શું કામ? આ ભૂગોળની વાતો અમને કેમ સમજાવી રહ્યા છો? આ વાતોથી શું લેવા દેવા? આપણી જ દૃષ્ટિ કરવી છે તો આ વાતોથી શું પ્રયોજન?

ઉત્તર :— જાણવું આત્માનો સ્વભાવ છે, તો સાચું જાણવું તેનો સ્વભાવ છે કે નહીં જાણવો તેનો સ્વભાવ છે? મુનિરાજ આત્મજ્ઞાની હોય છે, તેમને આત્મસ્થિરતા ઘણી છે, પ્રચુર અતીન્દ્રિય આનંદનું વેદન તેમને હોય છે. શુદ્ધોપયોગને મુનિનું લક્ષણ કહ્યું છે, છતાં પણ જ્યારે તેમને આત્મસ્થિરતા નથી થતી ત્યારે શુભોપયોગના કાળમાં તેમને તત્ત્વોનું સ્વરૂપ, કર્મોની અવસ્થાઓ, ત્રિલોકની રચના આદિ સંબંધી ચિંતન થતું રહે છે. અરિહંત આદિ પ્રતિ તેમને ભક્તિ હોય છે, તેમને પ્રવચનવત્સલતા હોય છે. અહીં આચાર્ય, ઉપાધ્યાય અને સાધુને પ્રવચન કહ્યા છે અને તેમના પ્રત્યે જે વાત્સલ્યભાવ છે તેને પ્રવચનવાત્સલ્ય કહ્યું છે. 'ધવલા'માં તો પંચમગુણસ્થાનવર્તી અને ચતુર્થગુણસ્થાનવર્તીને પણ પ્રવચન કહ્યા છે. તેમના પ્રત્યે જે ગુણાનુરાગ હોય છે તે પ્રવચનભક્તિ અથવા પ્રવચનવાત્સલ્ય છે. જ્ઞાની જીવ જ્યારે શુદ્ધોપયોગમાં ટકી શકતા નથી, શુભોપયોગમાં આવે છે ત્યારે તેમને અલગ-અલગ પ્રકારના શુભભાવ સહજ આવે છે. ક્યું ચિંતન કરવું તે પ્રશ્ન નિરર્થક છે. આ ભાવ—આ વિકલ્પ ઈચ્છાથી નથી થતા. તમારો પ્રશ્ન છે કે સમજી વિચારી ક્યા ભાવ કરવા? ક્યા ભાવ કરવા અને ક્યા ન કરવા?

જે આવવાયોગ્ય ભાવ છે તે જ થાય છે તથા આવવાયોગ્ય ભાવ થાય જ છે. આપણે તો તે નિર્ણય કરવાનો છે કે રાગભાવથી હું ભિન્ન છું, રાગ પણ મારો જ્ઞેય છે, હું તો માત્ર

તેને જાણવાવાળો છું, તેને કરવાવાળો–તેનો સ્વામી હું નથી. આ પ્રશ્નમાં આપણે ખૂબ જ ગુંચવાઈ ગયા છીએ, છતાં પણ મને લાગે છે કે જ્યાં સુધી સાચો તત્ત્વનિર્ણય નહીં થાય ત્યાં સુધી શિબિરોના માધ્યમથી આ પ્રશ્નોના સમાધાન અને ભ્રાંતિઓનું નિરાકરણ કરવું યોગ્ય છે. અહીં સામૂહિકરૂપથી જ પ્રશ્નસંબંધી ચર્ચા કરીશ. કારણ કે રોજ છ કલાક બોલવાનું છે, તેથી વ્યક્તિગતરૂપથી વધારે ચર્ચા કરવા હું અસમર્થ છું.

અકૃત્રિમ ચૈત્યાલયો સંબંધી ફરી પ્રશ્ન આવ્યો છે કે ત્યાં જે જિનપ્રતિમાઓ છે તે રત્નજડિત છે કે શું?

તે રત્નોથી બનેલી છે–રત્નમયી છે, કોઈએ બનાવી નથી, તે રત્નજડિત નથી. 'જડિત' સમજો છો? જેવી રીતે અંગૂઠીમાં હીરો જડેલો હોય તો તેને હીરાથી જડિત કહેશું, તેની વિસ્તારથી ચર્ચા તો થઈ ગઈ છે.

કોઈ પૂછે છે કે આપણે ભગવાનની મૂર્તિને અલંકાર આદિ પહેરાવીએ છીએ, મૂર્તિઓને ફૂલ, રત્ન, વસ્ત્ર આદિથી શોભાયમાન કરીએ છીએ, આપણા સમાધાન માટે તેમના પગ ઉપર ચંદન આદિના ટપકા લગાવીએ છીએ તો તમે તેનો નિષેધ શા માટે કરો છો?

નિષેધ કોઈ વ્યક્તિનો નથી થતો, નિષેધ વિપરીત માન્યતાનો કરવામાં આવે છે. આપણે વીતરાગી ભગવાનને પોતાની માન્યતામાં સરાગી માની લઈએ છીએ. આપણે સ્વયં રાગી છીએ તેથી આપણી માન્યતામાં આપણે વીતરાગી ભગવાનનું સ્વરૂપ બગાડી નાખીએ છીએ અર્થાત્ ભગવાન સંબંધી આપણી માન્યતા ખોટી હોય છે. સાચા દેવ-ગુરુ-ધર્મના સ્વરૂપનો નિર્ણય આપણે કરવાનો છે, તે સંબંધી આપણી માન્યતા સાચી છે કે નહીં તે આપણે જોવાનું છે. આ થર્મોમીટરથી પુરી દુનિયાને તપાસવા જવાનું નથી. આ મુનિ સાચા છે કે નહીં તેની ચર્ચા છોડીને સાચા મુનિના સ્વરૂપનો, સાચા દેવના સ્વરૂપનો નિર્ણય કરવાનો છે.

કેટલાક લોકો કહે છે કે જ્યારે આપણે મુનિ બનીશું ત્યારે આપણે નિર્ણય કરીશું, અત્યારે શું નિર્ણય કરવાનો? અત્યારે તો અમને શ્રાવક જ રહેવા દ્યો. એમ નહીં ચાલે. આપણે જો મોક્ષમાર્ગ પ્રગટ કરવો હોય તો મોક્ષમાર્ગ ચતુર્થ ગુણસ્થાનથી શરૂ થાય છે, તો ત્યાંથી લઈને પૂરા મોક્ષમાર્ગ અને મોક્ષના સ્વરૂપને જાણવું જરૂરી છે. તે જીવોના અંતરંગ-બહિરંગ સ્વરૂપ કેવા હોય છે તે સંબંધીમાં જ્ઞાન અને નિર્ણય હશે તો જ મોક્ષમાર્ગ પ્રગટ થશે.

જો સાચા દેવાદિનો નિર્ણય ન હોય અને કુલાચારથી કોઈ માત્ર સાચા દેવોની જ પૂજા-ભક્તિ-વંદના કરે છે તોપણ શાસ્ત્રમાં તેને ગૃહીત મિથ્યાત્વ કહ્યું છે. ઘણી જ કડક વાત છે. જ્યાં સુધી જીવ વીતરાગતા અને સર્વજ્ઞતાનું સ્વરૂપ જાણીને તેનો નિર્ણય નથી કરતો, ત્યાં સુધી તેની માન્યતા જ કુદેવ છે, કુગુરુ છે અને કુધર્મ છે.

એક પ્રશ્ન એ પણ છે કે દેવગતિના દેવ ભગવાનની પૂજા કઈ રીતે કરે છે? તેનું સમાધાન—તેનું વર્ણન અકૃત્રિમ ચૈત્યાલયોના પ્રકરણમાં આગળ આવશે. અત્યારે આપણો વિષય આગળ વધશે.

વિમાનવાસી દેવોની ચર્ચામાં આપણે વિમાનોના નામ જોયા હતા. જેવી રીતે નરકોમાં પટલ હોય છે, તેવી રીતે સ્વર્ગમાં પણ પટલ હોય છે. અલગ-અલગ સ્તર પર —અલગ-અલગ લેયર્સ પર વિમાન હોય છે. સૌધર્મ-ઈશાન યુગલમાં સૌધર્મમાં ૩૨ લાખ અને ઈશાનમાં ૨૮ લાખ વિમાન છે, પરંતુ તે બધા ૩૧ પટલોમાં વિભાજિત છે. તમે અહીં ચાર્ટ નં. ૧૪મામાં જોશો. તેમાં સ્વર્ગોના નામ, તેના પટલોની અને વિમાનોની સંખ્યા લખી છે. તેના નામ નીચેથી ઉપર વાંચવા. પહેલો—બીજો સ્વર્ગ નીચે છે, શેષ બધા સ્વર્ગ ક્રમથી ઉપર-ઉપર છે.

જેવી રીતે નરકોમાં પ્રત્યેક પટલની વચ્ચેવાળા ઇન્દ્રક બિલ કહ્યા હતા, તેવી જ રીતે સ્વર્ગોના વિમાનોમાં પ્રત્યેક પટલની મધ્યમાં ઇન્દ્રક વિમાન હોય છે. ચારે દિશાઓમાં પંક્તિબદ્ધ રચના હોય છે, તેને શ્રેણીબદ્ધ વિમાન કહે છે તથા તેમની વચમાં વિખરાયેલા ફૂલ સમાન ક્યાંય પણ જોવા મળે છે તેને પ્રકીર્ણક વિમાન કહે છે. પ્રત્યેક પટલના ઇન્દ્રક વિમાન, પૂર્વ-દક્ષિણ-પશ્ચિમ આ ત્રણ દિશાઓના શ્રેણીબદ્ધ વિમાન તથા તેમની વચ્ચેવાળા પ્રકીર્ણક વિમાન તે બધા દક્ષિણેન્દ્રની આજ્ઞામાં રહે છે—તેના આધિપત્યમાં છે. પહેલા સ્વર્ગનું પહેલું પટલ સૌથી નીચે છે, ત્યાંથી ઉપર તરફ ગણીશું.

આ પહેલા પટલના ઇન્દ્રક વિમાનનું નામ છે ઋતુઇન્દ્રક, તે ૪૫ લાખ યોજન વ્યાસવાળું છે. તેવી જ રીતે ૪૫ લાખ યોજન વિસ્તારવાળું બીજું શું-શું છે? પહેલા નરકના પહેલા પટલનું સીમંતક નામનું ઇન્દ્રકબિલ, અઢી દ્વીપ અર્થાત્ મનુષ્યલોક અને સિદ્ધશિલા પણ ૪૫ લાખ યોજન વિસ્તારવાળા છે.

સ્વર્ગોના પટલોમાં માત્ર દિશાઓમાં જ શ્રેણીબદ્ધ વિમાન હોય છે, વિદિશાઓમાં

નથી હોતા. નરકોના પટલોમાં તો આપણે દિશાઓમાં અને વિદિશાઓમાં પણ શ્રેણીબદ્ધ બિલ જોયા હતા. નરકોમાં પહેલા પટલમાં ચારે દિશાઓમાં પ્રત્યેકમાં ૪૯-૪૯ અને ચારે વિદિશાઓમાં પ્રત્યેકમાં ૪૮-૪૮ શ્રેણીબદ્ધ બિલ હોય છે. સ્વર્ગના પહેલા પટલમાં ચારે દિશાઓમાં પ્રત્યેકમાં ૬૨-૬૨ શ્રેણીબદ્ધ વિમાન હોય છે કે જે પ્રતિપટલ ૧-૧ થી ઘટતા જાય છે.

પ્રત્યેક પટલમાં દક્ષિણેન્દ્રની પાસે વિમાનોની સંખ્યા વધારે છે કારણ કે પૂર્વ અને પશ્ચિમના શ્રેણીબદ્ધ વિમાન તેના આધિપત્યમાં હોય છે. ચાર્ટ નં. ૧૪મામાં સૌધર્મ ઈન્દ્રના વિમાન લાલ રંગમાં અને ઈશાન ઈન્દ્રના વિમાન બ્લ્યુ રંગમાં બતાવ્યા છે, તેનાથી આ વાત સારી રીતે સમજમાં આવશે. આ ચાર્ટના આધારે આપણે પ્રત્યેક સ્વર્ગના પટલોની સંખ્યા જોઈશું.

સૌધર્મ-ઈશાન સ્વર્ગમાં ૩૧ પટલ, સનત્કુમાર-માહેન્દ્રમાં ૭ પટલ, બ્રહ્મયુગલમાં ૪ પટલ, લાંતવયુગલમાં ૨ પટલ, શુક્રયુગલમાં ૧ પટલ, શતારયુગલમાં ૧ પટલ છે. આનત-પ્રાણતના ૩ પટલ તથા આરણ-અચ્યુતના ૩ પટલ—આ રીતે આનત આદિ ચાર સ્વર્ગના કુલ છ પટલ છે. નવ ગ્રૈવેયકના પ્રત્યેક ગ્રૈવેયકના ૧-૧ પટલ મળીને કુલ નવ પટલ છે. અનુદિશનું ૧ પટલ તથા અનુત્તરનું પણ ૧ પટલ છે. આ પ્રકારે કુલ પટલોની સંખ્યા ૬૩ છે.

હવે આ સ્વર્ગોના વિમાનોની સંખ્યા જોઈએ છીએ.

સૌધર્મમાં ૩૨ લાખ અને ઈશાનમાં ૨૮ લાખ મળીને સૌધર્મયુગલમાં ૬૦ લાખ વિમાન છે. સનત્કુમારમાં ૧૨ લાખ અને માહેન્દ્રમાં ૮ લાખ મળીને સનત્કુમારયુગલમાં ૨૦ લાખ વિમાન છે. બ્રહ્મયુગલમાં કુલ ૪ લાખ, લાંતવયુગલમાં ૫૦ હજાર, શુક્રયુગલમાં ૪૦ હજાર, શતારયુગલમાં ૬ હજાર વિમાન છે. આ વિમાનોની સંખ્યા છે, પ્રત્યેક વિમાનમાં અસંખ્યાત-અસંખ્યાત દેવ હોય છે. ફક્ત સર્વાર્થસિદ્ધિ નામક અનુત્તર વિમાનમાં જ સંખ્યાત દેવ હોય છે.

આનત આદિ ૪ સ્વર્ગમાં ૭૦૦ વિમાન છે. ગ્રૈવેયકોના ૩-૩ના ગ્રુપ આપણે જોયા હતા તેમાંથી અધઃસ્તન ત્રણ ગ્રૈવેયકોમાં કુલ ૧૧૧ વિમાન છે, મધ્ય ત્રણ ગ્રૈવેયકોમાં કુલ ૧૦૭ વિમાન છે તથા ઊર્ધ્વ ત્રણ ગ્રૈવેયકોમાં કુલ ૯૧ વિમાન છે. અનુદિશમાં

નવ વિમાન છે, ત્યાં મધ્યમાં ૧ ઈન્દ્રક, ચાર દિશાઓમાં એક-એક શ્રેણીબદ્ધ તથા ચાર વિદિશાઓમાં એક-એક પ્રકીર્ણક એમ નવ વિમાન છે. અનુત્તરમાં પાંચ વિમાન છે. ત્યાં એક ઈન્દ્રક વિમાન જેનું નામ સર્વાર્થસિદ્ધિ છે, પૂર્વ દિશામાં વિજય, દક્ષિણમાં વૈજયંત, પશ્ચિમમાં જયંત અને ઉત્તરમાં અપરાજિત વિમાન છે.

આ બધા વિમાનોની કુલ સંખ્યા ૮૪૯૭૦૨૩ છે. જ્યારે આપણે ઊર્ધ્વલોકના અકૃત્રિમ જિન ચૈત્યાલયોને અર્ઘ્ય ચડાવીએ છીએ, ત્યારે આ સંખ્યા ત્યાં બહુ ઉત્સાહથી ગાઈને કહીએ છીએ. ત્યાંના પ્રત્યેક વિમાનમાં એક-એક અકૃત્રિમ જિન ચૈત્યાલય છે, તે એક-એકમાં ૧૦૮-૧૦૮ અકૃત્રિમ જિનબિંબ છે તેને આપણે અહીંથી પરોક્ષ નમસ્કાર કરીએ છીએ. ત્યાં તો સર્વત્ર જિનધર્મ જ ચાલે છે. ત્યાં જન્મ થતાં અન્ય દેવ તેનું સ્વાગત કરે છે, વાજિંત્ર વગાડે છે, સ્નાન કરાવીને અલંકાર આદિ ધારણ કરાવીને તેમની સાથે જિનદેવનું પૂજન-અભિષેક કરે છે. સમ્યગ્દૃષ્ટિ સ્વયમેવ કરે છે અને મિથ્યાદૃષ્ટિ દેવ અન્ય દેવો દ્વારા સંબોધન કરવાથી કરે છે. જેવી રીતે આપણે અહીં જૈનકુળમાં જન્મેલા બાળકને સવા મહિના એટલે ચાલીસ દિવસ થતા માની સાથે મંદિરમાં લઈ જાય છે, તેના કાનમાં ણમોકાર મંત્ર બોલે છે તથા બાળક આઠ વર્ષનું થતાં સુધી માની જવાબદારી હોય છે કે તે અષ્ટમૂળગુણનું પાલન કરે અર્થાત્ મદ્ય-માંસ-મધુનું તથા પાંચ ઉદુંબર ફળોનું સેવન ન કરે. બાળક રોજ જિનમંદિર જાય, ણમોકાર મંત્ર આદિ પાઠ બોલે, શીખે, અભક્ષ્યભક્ષણ ન કરે, છ દ્રવ્ય, સાત તત્ત્વાદિની વાતો શીખે, સદાચારયુક્ત નૈતિક જીવન અંગીકાર કરે એ બધી માની જવાબદારી છે, ઘરના અન્ય સદસ્યોની પણ જવાબદારી છે. આઠ વર્ષ પૂર્ણ થતાં મનુષ્યપર્યાયના જીવનું એટલું સામર્થ્ય હોય છે કે તે સમ્યગ્દર્શન પ્રાપ્ત કરી શકે છે. એટલું જ નહીં પુરુષ હોય તો મુનિદશા ધારણ કરી શકે છે અને કેવળજ્ઞાન પણ પ્રાપ્ત કરી શકે છે.

બોલો, વિદેહક્ષેત્રમાં બિરાજમાન આઠમા તીર્થંકર શ્રી અનંતવીર્ય ભગવાનનો જય હો !

# ૯. વૈમાનિક ઈન્દ્ર

સર્વજ્ઞ ભગવાનની વાણી અનુસાર લખાયેલા ત્રિલોકસાર ગ્રંથના આધારે આપણે લોકનું અર્થાત્ ત્રણ ભુવનનું સ્વરૂપ જોઈ રહ્યા છીએ. અધોલોકનું સવિસ્તાર વર્ણન જોયા પછી હવે આપણે ઊર્ધ્વલોકની ચર્ચા કરી રહ્યા છીએ. લોકાકાશના મધ્યથી સાત રાજૂ ઉપર સુધી ઊર્ધ્વલોક છે કે જેમાં ૧ લાખ યોજન ઊંચાઈવાળો મધ્યલોક સામેલ છે. અધોલોકમાં તો પૃથ્વીઓ છે કે જે લોકના એક અંતથી બીજા અંત સુધી ફેલાયેલી છે પરંતુ સ્વર્ગમાં પૃથ્વીના ખંડ ફેલાયેલા છે કે જેને વિમાન કહે છે અને ત્યાં રહેવાવાળા દેવોને વૈમાનિક કહે છે.

૧૪ નંબરના ચાર્ટના આધારે આપણે આ સ્વર્ગના પટલ અને વિમાનોની સંખ્યા જોઈ. પ્રત્યેક પટલ પ્રતિ વિમાનોની સંખ્યા ઉપર-ઉપર ઓછી થતી જાય છે, તેવી જ રીતે ઇન્દ્રક વિમાનનો વિસ્તાર પણ ઘટતો જાય છે. પહેલા પટલના ૪૫ લાખ યોજન વિસ્તારવાળા ઇન્દ્રકથી ઘટતાં-ઘટતાં અંતિમ અનુત્તર વિમાનના સર્વાર્થસિદ્ધિ નામક ઇન્દ્રકનો વિસ્તાર ૧ લાખ યોજન રહી જાય છે. આપણે ક્યાં કેટલા વિમાન હોય છે તેની ચર્ચા છેલ્લા વ્યાખ્યાનમાં કરી હતી પણ ક્યાં કેટલા ઇન્દ્ર હોય છે તે જોવાનું બાકી છે.

પહેલા યુગલમાં દક્ષિણનો સૌધર્મ ઇન્દ્ર છે અને ઉત્તરનો ઈશાન ઇન્દ્ર છે, એવા બે ઇન્દ્ર છે. તેમના નામથી જ સ્વર્ગના નામ છે. બીજા યુગલમાં પણ સનત્કુમાર અને માહેન્દ્ર નામના બે ઇન્દ્ર છે.

બ્રહ્મ-બ્રહ્મોત્તર નામના ત્રીજા યુગલમાં એક જ ઇન્દ્ર છે કે જેનું નામ બ્રહ્મ ઇન્દ્ર છે. બ્રહ્મ દક્ષિણના વિમાન છે, બ્રહ્મોત્તર ઉત્તરના વિમાન છે પરંતુ બધા જ વિમાન એક જ ઇન્દ્રની આજ્ઞામાં છે. અહીં બે અલગ-અલગ ઇન્દ્ર નથી.

આગળ લાંતવ-કાપિષ્ઠમાં પણ એક જ લાંતવ ઇન્દ્ર છે. શુક્ર-મહાશુક્રમાં પણ એક જ ઇન્દ્ર છે કે જેનું નામ મહાશુક્ર ઇન્દ્ર છે તથા શતાર-સહસ્રારમાં એક સહસ્રાર ઇન્દ્ર છે. સાતમા યુગલ આનત-પ્રાણતમાં બે ઇન્દ્ર છે—એક આનત ઇન્દ્ર અને એક પ્રાણત ઇન્દ્ર. આઠમા યુગલ આરણ-અચ્યુતમાં પણ બે ઇન્દ્ર છે—એક આરણ ઇન્દ્ર

અને એક અચ્યુત ઈન્દ્ર.

આ રીતે પહેલા બે યુગલોમાં બે-બે એમ ચાર ઈન્દ્ર, ત્યારબાદ ચાર યુગલોમાં પ્રત્યેકમાં એક-એક એમ ચાર ઈન્દ્ર અને ઉપરના સાતમા અને આઠમા યુગલમાં પ્રત્યેકમાં બે-બે એમ ચાર ઈન્દ્ર છે. આ પ્રકારે સોળ સ્વર્ગમાં બાર ઈન્દ્ર હોય છે. અહીં પણ જેટલા ઈન્દ્ર છે તેટલા જ પ્રતીન્દ્ર હોય છે અર્થાત્ બાર ઈન્દ્ર અને બાર પ્રતીન્દ્ર હોય છે.

પ્રશ્ન :— ઈન્દ્રક વિમાન મધ્યમાં છે તો પછી તે દક્ષિણેન્દ્રનું છે કે ઉત્તરેન્દ્રનું ?

ઉત્તર :— ત્યાં દક્ષિણેન્દ્રનું જ આધિપત્ય ચાલે છે, ઉત્તરેન્દ્રનું નહીં. એવી જ સહજ વ્યવસ્થા છે. ત્યાં કોઈ પાર્શ્યાલિટી નથી.

પ્રશ્ન :— પ્રત્યેક વિમાનમાં અકૃત્રિમ જિન ચૈત્યાલય છે તો તે મૂર્તિઓની પ્રતિષ્ઠા કોણે કરી? આપણે કહીએ છીએ ને કે અપ્રતિષ્ઠિત પ્રતિમા પૂજ્ય નથી?

ઉત્તર :— આ પ્રતિમાઓ અનાદિથી જ છે, અનાદિથી જ ઈન્દ્રાદિક બધા દેવો તેની પૂજા કરતા આવ્યા છે. તે અકૃત્રિમ જિનબિંબ પૂર્ણતઃ વંદનીય, પૂજનીય જ છે.

હવે આપણે જોઈશું કે ઈન્દ્ર ક્યાં રહે છે ? કારણ કે જેમ સૌધર્મ ઈન્દ્રના ૩૨ લાખ વિમાન છે તો તેમાંથી ક્યા સ્થાનમાં ક્યાં વિમાનમાં સૌધર્મ ઈન્દ્ર રહે છે?

સૌધર્મ ઈન્દ્ર ૩૧મા પટલમાં રહે છે. ૩૧મા પટલનું પ્રભ નામક ઈન્દ્રક વિમાન છે, તેની દક્ષિણ દિશાના અઢારમા શ્રેણીબદ્ધ વિમાનમાં સૌધર્મ ઈન્દ્ર રહે છે. ઈશાન ઈન્દ્ર તે જ એકત્રીસમા પટલમાં ઉત્તર દિશાના અઢારમા શ્રેણીબદ્ધ વિમાનમાં રહે છે.

સનત્કુમાર અને માહેન્દ્ર સ્વર્ગના કુલ સાત પટલ છે. સાતમા પટલની મધ્યમાં ચક્ર ઈન્દ્રક વિમાન છે. તેની દક્ષિણમાં સોળમા શ્રેણીબદ્ધ વિમાનમાં સનત્કુમાર ઈન્દ્ર અને ઉત્તરમાં સોળમા શ્રેણીબદ્ધ વિમાનમાં માહેન્દ્ર ઈન્દ્ર રહે છે.

બ્રહ્મ-બ્રહ્મોત્તર સ્વર્ગમાં એક જ ઈન્દ્ર છે. એ ત્રીજા યુગલમાં ચાર પટલ છે. ચોથા પટલમાં બ્રહ્મોત્તર ઈન્દ્રક છે. તેની દક્ષિણમાં ચૌદમા વિમાનમાં બ્રહ્મ ઈન્દ્ર રહે છે.

લાંતવયુગલમાં બે પટલ છે, ત્યાં પણ એક જ ઇન્દ્ર છે. બીજા પટલમાં લાંતવ ઇન્દ્રક છે. તેની દક્ષિણમાં બારમા શ્રેણીબદ્ધ વિમાનમાં લાંતવ ઇન્દ્ર રહે છે.

તેની આગળ શુક્રયુગલમાં એક જ પટલ છે. અહીંના ઇન્દ્રક વિમાનનું નામ મહાશુક્ર ઇન્દ્રક છે તથા ઇન્દ્રનું નામ પણ મહાશુક્ર ઇન્દ્ર છે. તે ઉત્તર દિશામાં દસમા શ્રેણીબદ્ધ વિમાનમાં રહે છે.

શતાર-સહસ્રાર યુગલમાં પણ એક પટલ છે. ત્યાંના ઇન્દ્રકનું નામ સહસ્રાર ઇન્દ્રક છે, તેની ઉત્તર દિશામાં આઠમા શ્રેણીબદ્ધ વિમાનમાં સહસ્રાર ઇન્દ્ર રહે છે.

જુઓ, બ્રહ્મ-બ્રહ્મોત્તરના બ્રહ્મ ઇન્દ્ર અને લાંતવ-કાપિષ્ઠના લાંતવ ઇન્દ્ર એ બંને ઇન્દ્ર દક્ષિણમાં રહે છે પરંતુ તેમનું આધિપત્ય દક્ષિણ-ઉત્તર સર્વત્ર ચાલે છે. શુક્ર-મહાશુક્ર સ્વર્ગના મહાશુક્ર ઇન્દ્ર તથા શતાર-સહસ્રાર સ્વર્ગના સહસ્રાર ઇન્દ્ર તે બંને ઉત્તરના ઇન્દ્ર છે અને ઉત્તરમાં રહે છે પરંતુ તેમનું આધિપત્ય દક્ષિણ-ઉત્તરમાં સર્વત્ર છે.

કોઈ પુસ્તકમાં શતારયુગલમાં શતાર ઇન્દ્રક અને શતાર ઇન્દ્ર એવા નામ આપ્યા છે તથા શુક્રયુગલમાં શુક્ર ઇન્દ્રક અને શુક્ર ઇન્દ્ર કહ્યું છે.

આનત-પ્રાણત યુગલમાં બે ઇન્દ્ર છે—દક્ષિણના આનત ઇન્દ્ર અને ઉત્તરના પ્રાણત ઇન્દ્ર. ત્યાંના આનત ઇન્દ્રકના દક્ષિણમાં છઠ્ઠા શ્રેણીબદ્ધ વિમાનમાં આનત ઇન્દ્ર રહે છે તથા ઉત્તરમાં છઠ્ઠા શ્રેણીબદ્ધ વિમાનમાં પ્રાણત ઇન્દ્ર રહે છે.

આરણ-અચ્યુત યુગલમાં પણ બે ઇન્દ્ર છે—દક્ષિણના આરણ ઇન્દ્ર અને ઉત્તરના અચ્યુત ઇન્દ્ર છે. ત્યાંના આરણ ઇન્દ્રકના દક્ષિણમાં છઠ્ઠા શ્રેણીબદ્ધ વિમાનમાં આરણ ઇન્દ્ર તથા ઉત્તરના છઠ્ઠા શ્રેણીબદ્ધ વિમાનમાં અચ્યુત ઇન્દ્ર રહે છે.

આ ઇન્દ્રોના વિમાન ક્યાં છે તે તો આપણે જોયા, પરંતુ તેઓ ક્યાં રહે છે? તો તેમના પણ નગર હોય છે. જેવી રીતે આપણે વ્યંતરોના ઇન્દ્રોના નગરોની ચર્ચા કરી હતી, તેવી જ રીતે આ કલ્પવાસી ઇન્દ્રોના પણ મોટા-મોટા નગર હોય છે, તે સમચતુરસ્ર ચોરસ હોય છે. તેમનો વિસ્તાર સૌધર્મના ૮૪ હજાર યોજન, ઈશાનના ૮૦ હજાર યોજન, સનત્કુમારના ૭૨ હજાર યોજન, માહેન્દ્રના ૭૦ હજાર યોજન, બ્રહ્મયુગલના ૬૦ હજાર યોજન, લાંતવયુગલના ૫૦ હજાર યોજન, શુક્રયુગલના ૪૦ હજાર યોજન,

શતારયુગલના ૩૦ હજાર યોજન અને આગળના ચારે સ્વર્ગોના નગરોનો વિસ્તાર ૨૦-૨૦ હજાર યોજન છે.

આ નગરોની ચારે તરફ પાંચ કોટ બનેલા હોય છે, જેવી રીતે આપણે અહીં કિલ્લામાં દરવાજા સહિત કોટ હોય છે. એક કોટ પછી મોટું અંતર છોડીને બીજો કોટ, પછી અંતર પછી ત્રીજો કોટ આ રીતે પાંચ કોટ હોય છે.

સૌથી મધ્યમાં ઈન્દ્રનું નગર છે, તેની ચારે તરફ પહેલો કોટ હોય છે. પહેલા અને બીજા કોટની વચ્ચે ૧૩ લાખ યોજનનો પહેલો અંતરાળ છે, ત્યાં સેનાના નાયક અને અંગરક્ષકોના નિવાસ છે. બીજા અને ત્રીજા કોટની વચ્ચે ૬૩ લાખ યોજનનો બીજો અંતરાળ છે, ત્યાં ત્રણેય જાતિના પારિષદ દેવ રહે છે. ત્રીજા અને ચોથા કોટની વચ્ચે ત્રીજો અંતરાળ ૬૫ લાખ યોજનનો છે, ત્યાં સામાનિક દેવ રહે છે. ચોથા અને પાંચમા કોટની વચ્ચે ચોથો અંતરાળ ૮૪ લાખ યોજનનો છે, ત્યાં આભિયોગ્ય અને કિલ્વિષક દેવ રહે છે.

પાંચમા કોટની બહાર ૫૦ હજાર યોજન દૂર નંદનવન હોય છે, આનંદકારી હોવાથી તેમને સામાન્ય રીતે નંદનવન કહે છે, પરંતુ તે અલગ-અલગ હોય છે. પૂર્વ દિશામાં અશોકવન, દક્ષિણમાં સપ્તચ્છદવન, પશ્ચિમમાં ચંપકવન અને ઉત્તરમાં આમ્રવન હોય છે. પ્રત્યેક વન એક હજાર યોજન લાંબુ અને પાંચસો યોજન પહોળું હોય છે. આ પ્રત્યેક વનની મધ્યમાં એક-એક ચૈત્યવૃક્ષ જોવા મળે છે, આ ચૈત્યવૃક્ષોના ચારેય પાર્શ્વભાગોમાં પદ્માસનસ્થ જિનપ્રતિમાઓ બિરાજમાન છે.

વનખંડોથી આગળ ઘણા યોજન પછી પૂર્વ આદિ દિશાઓમાં લોકપાલોના નગર હોય છે. આ નગરોની અગ્નિ આદિ ચાર વિદિશાઓમાં ગણિકા મહત્તરી દેવાંગનાઓના ચાર નગર હોય છે.

ઈન્દ્રોની મહાદેવીઓ આઠ-આઠ હોય છે. એક-એક દેવી વિક્રિયા દ્વારા હજારો શરીરો બનાવી શકે છે, જેવી રીતે સૌધર્મની મહાદેવીઓ વિક્રિયા દ્વારા ૧૬ હજાર-૧૬ હજાર શરીર બનાવે છે. ઈન્દ્રોની પરિવાર દેવીઓ હોય છે તેમાંથી વલ્લભિકા સૌધર્મ આદિ યુગલોમાં ક્રમથી ૩૨૦૦૦, ૮૦૦૦, ૨૦૦૦, ૫૦૦ આદિ હોય છે.

ઈન્દ્રના પુરનું નામ અમરાવતી છે. તેના મધ્યમાં ઈન્દ્રને રહેવાના મંદિર—

મહેલની ઈશાન વિદિશામાં સુધર્મા નામક આસ્થાન મંડપ અર્થાત્ સભાસ્થાન હોય છે. તે ૧૦૦ યોજન લાંબા, ૫૦ યોજન પહોળા અને ૭૫ યોજન ઊંચા હોય છે. તેની મધ્યમાં ઈન્દ્રનું સિંહાસન હોય છે, તેની આગળ આઠ પટ્ટદેવીઓના આઠ આસન હોય છે. ત્યારબાદ પૂર્વ આદિ દિશાઓમાં સોમ, યમ, વરુણ, કુબેર આ ચાર લોકપાલોના આસન હોય છે. અન્ય પણ પારિષદ, ત્રાયસ્ત્રિંશત્ આદિ હજારો દેવોના આસન કઈ દિશાઓમાં હોય છે તેનું વિસ્તારથી વર્ણન આવે છે.

આ આસ્થાન મંડપની આગળ માનસ્તંભ હોય છે. તેની ચર્ચા કરતા પહેલાં આ વિમાનો વિશે થોડી ચર્ચા કરીએ. પહેલાં તે વિમાનોના વર્ણ કેવા હોય છે તે જોઈએ. સૌધર્મ-ઈશાનના વિમાન પંચવર્ણના છે, સાનત્કુમાર-માહેન્દ્રમાં કૃષ્ણવર્ણ છોડીને શેષ ચાર વર્ણના વિમાન હોય છે. બ્રહ્મ આદિ ચાર કલ્પોમાં નીલને છોડીને ત્રણ વર્ણના વિમાન જોવા મળે છે. શુક્ર આદિ ચાર કલ્પોમાં રક્ત અર્થાત્ લાલ વર્ણ છોડીને બે વર્ણના વિમાન જોવા મળે છે. આનતથી લઈ અનુત્તર સુધીના બધા વિમાનોમાં એક શુક્લ વર્ણ જ જોવા મળે છે.

આ વિમાન તો પૃથ્વીના ખંડ છે, તે કોના આધારથી છે? અહીં આધાર દેવાવાળી અન્ય કોઈ વસ્તુ નથી. પરંતુ ત્યાંના પુદ્ગલ એ રૂપે પરિણમિત થયેલા છે કે તે તેમને આધાર દેવાવાળા છે એમ કહેવાય છે. તે આ પ્રકારે છે—

તમારી પાસે બે નંબરનો ચાર્ટ કે જે વાતવલય સંબંધી છે તેમાં આ સ્વર્ગના આધારની વાતો લખેલી છે. સૌધર્મયુગલ પાણીના આધારથી છે અર્થાત્ સૌધર્મ અને ઈશાન સ્વર્ગના વિમાન જળરૂપ પુદ્ગલ સ્કંધના આધારે તેના ઉપર સ્થિત છે. આ સ્વર્ગની આજુબાજુમાં અને નીચે જે પુદ્ગલ છે તે જળરૂપ પરિણમિત થયેલા છે, તેથી તેમને જળાધાર કહ્યું છે. સાનત્કુમાર-માહેન્દ્રના વિમાનોને પવન આધાર છે—પવનરૂપ પુદ્ગલ સ્કંધના આધારથી એ વિમાનો સ્થિત છે. આગળના ચાર યુગલોને અર્થાત્ આઠ કલ્પોને જળ-પવન આધાર છે. આનતથી લઈ અનુત્તર સુધીના બધા વિમાન આકાશના આધારે સ્થિત છે, તેને શુદ્ધ આકાશ પણ કહે છે કારણ કે તેમાં જળ અથવા પવનરૂપ પુદ્ગલ નથી, વચ્ચે ફક્ત અવકાશ છે—અંતરાળ છે.

હવે આ કલ્પોના દેવોના મુકુટોમાં જે ચિહ્ન હોય છે તે આ પ્રકારે છે. ત્યાં

સૌધર્મ આદિ બાર કલ્પોના બાર સ્થાન, આનતયુગલનું એક સ્થાન અને આરણયુગલનું એક સ્થાન એવા ચૌદ સ્થાનમાં આ ચિહ્‌ન ક્રમથી આ પ્રકારે છે— (૧) સુવર, (૨) હરણ, (૩) ભેંસ, (૪) મત્સ્ય, (૫) કાચબો, (૬) દેડકો, (૭) ઘોડો, (૮) હાથી, (૯) ચંદ્ર, (૧૦) સર્પ, (૧૧) ખડ્‌ગી, (૧૨) છૈલો (બકરી) (૧૩) બળદ અને (૧૪) કલ્પવૃક્ષ.

હવે માનસ્તંભની વાત કરીએ છીએ. આસ્થાન મંડપ અર્થાત્ સુધર્મા સભાની આગળ માનસ્તંભ હોય છે. પ્રત્યેક ઇન્દ્રની સુધર્મા સભાની આગળ એવા જ માનસ્તંભ હોય છે. તે માનસ્તંભ એક યોજન પહોળા અને છત્રીસ યોજન ઊંચા હોય છે. તે માનસ્તંભ પીઠ સહિત હોય છે, પીઠ અર્થાત્ ચબૂતરો. તે માનસ્તંભ બાર ખૂણા સહિત ગોળ હોય છે. તેની પરિધિ ૧૨ યોજન હોય છે, પરિધિમાં ૧૨ ધારાઓ છે; એક-એક ધારા એક-એક કોસ પહોળી હોય છે. અહીં દેવલાલીમાં આ જે માનસ્તંભ છે તેમાં કેટલા ખૂણા છે? ખબર નથી? રોજ જુઓ છો, રોજ સવારે સૌથી પહેલાં તેની પ્રદક્ષિણા કરો છો, ચાર દિશામાં ચાર મૂર્તિ છે, પણ ખૂણા કોણે જોયા? કાલે દર્શન કરી ગણીને કહેજો. એમ ન કહેતા અમે પ્રયોજનભૂતને જ જોઈએ છીએ. કોઈ કહી રહ્યું છે કે ષટ્‌કોણ છે. નહીં તેના આઠ ખૂણા છે.

પ્રશ્ન :— સ્વર્ગના માનસ્તંભની ૧-૧ ધારા ૧-૧ કોસની કેવી રીતે થઈ?

ઉત્તર :— એક યોજન અર્થાત્ ચાર કોસ વ્યાસ છે. સ્થૂળરૂપથી તેનાથી ત્રણગણી પરિધિ હોય છે, તે બાર કોસ થઈ. તેમાં બાર ધારાઓ છે, તેથી એક-એક ધારા એક-એક કોસની થઈ અર્થાત્ એક ખૂણાથી બીજા ખૂણા સુધીનું બાજુનું માપ એક કોસ થયું. તે બધું પ્રમાણ યોજન અને પ્રમાણ કોસોમાં સમજવું. આ માનસ્તંભ ૩૬ યોજન ઊંચો છે. તેમાં ઉપરથી રત્નમયી સાંકળમાં લટકતા રત્નમયી કરંડક અર્થાત્ પટારા શીકાની જેમ લટકે છે. ઉપરથી સવા છ યોજન અને નીચેથી પોણા છ યોજન છોડીને વચ્ચેના ચોવીસ યોજનમાં પટારા જોવા મળે છે. આ કરંડક કોસના ચોથા ભાગ પ્રમાણ પહોળા અને એક કોસ લાંબા હોય છે. તેમાં તીર્થંકરોના ગૃહસ્થાવસ્થામાં—બાળ-યુવા-રાજા અવસ્થામાં પહેરવા યોગ્ય આભરણ ભરેલા હોય છે. ઇન્દ્ર અહીંથી તે વસ્તુઓને કાઢીને તીર્થંકરને ત્યાં પહોંચાડે છે.

આપણને ખબર છે કે જ્યારે તીર્થંકર જીવનો જન્માભિષેક થાય છે ત્યારે ઇન્દ્ર

સ્વર્ગથી તેમના માટે વસ્ત્ર તથા આભૂષણ લઈ આવે છે. ત્યાં તીર્થંકરોના આભરણ ક્યા કરંડકમાં હોય છે તેના પણ નિયમ છે. તીર્થંકરોને અર્થાત્ તીર્થંકર થવાવાળા જીવોને આવું સમજવું. મુનિદશામાં જ નગ્ન દિગંબર અવસ્થા હોય છે, તો તીર્થંકર અવસ્થા થતા વસ્ત્રાભરણ, આભૂષણનો સવાલ જ ક્યાં ઉત્પન્ન થાય છે?

સૌધર્મ ઈન્દ્રના આસ્થાન મંડપ અર્થાત્ સભામંડપની આગળ જે માનસ્તંભ છે, તેમાં જે કરંડક છે તેમાં ભરતક્ષેત્રના તીર્થંકરોના વસ્ત્રાભરણ હોય છે. સૌધર્મ ઈન્દ્ર તેને અહીં ભરતક્ષેત્રમાં લઈ આવે છે. ઈશાન ઈન્દ્રના આસ્થાન મંડપની આગળ જે માનસ્તંભ છે તેમાં જે કરંડક છે તેમાં ઐરાવત ક્ષેત્રના તીર્થંકરોના વસ્ત્રાભરણ હોય છે, ઈશાન ઈન્દ્ર તેને ઐરાવત ક્ષેત્રમાં લઈ જાય છે.

ઉપર જે સનત્કુમારયુગલ છે તેમાં સનત્કુમારના માનસ્તંભમાં પૂર્વ વિદેહના તીર્થંકરોના આભરણ હોય છે અને માહેન્દ્રના માનસ્તંભના પશ્ચિમ વિદેહના તીર્થંકરોના આભરણ હોય છે. દેવ આ માનસ્તંભોની પૂજા કરે છે.

આ માનસ્તંભની પાસે આઠ યોજન લાંબા, આઠ યોજન પહોળા અને આઠ યોજન ઊંચા ઉપપાદ ગૃહ છે, તેમાં બે રત્નમયી શય્યા હોય છે. આ ઈન્દ્રોનું જન્મસ્થાન—ઉપપાદસ્થાન છે. આ ઉપપાદ ગૃહની પાસે અનેક શિખરોથી યુક્ત જિનમંદિર છે.

કલ્પવાસી દેવોની દેવાંગનાઓ તો સોળમા સ્વર્ગ સુધી જોવા મળે છે, પરંતુ તે બધી સૌધર્મ-ઈશાન સ્વર્ગોમાં જ જન્મે છે, કોઈપણ દેવી ઉપરના સ્વર્ગમાં જન્મતી નથી. ત્યાં તો માત્ર દેવ જ—પુરુષ જ જન્મે છે. ઉપર-ઉપરના સ્વર્ગોની દેવીઓનું આયુષ્ય વધારે વધારે હોય છે, પરંતુ જન્મે તો છે બધી પહેલા-બીજા સ્વર્ગમાં જ! દક્ષિણ દિશાના કલ્પ સંબંધી દેવીઓ સૌધર્મ સ્વર્ગમાં તથા ઉત્તર દિશાના કલ્પ સંબંધી દેવીઓ ઈશાન સ્વર્ગમાં જન્મે છે.

ત્યાં પણ એવા કેટલાય વિમાન છે કે જ્યાં માત્ર દેવીઓ જ દેવીઓ ઉત્પન્ન થાય છે, ત્યાં કોઈ દેવ જોવા મળતા નથી. અન્ય વિમાનોમાં દેવ અને દેવીઓ બંને જોવા મળે છે. જેવી રીતે આપણે ત્યાં ઘણી સ્કૂલો ફક્ત છોકરીઓની જ હોય છે, બીજી બધી મિક્સ હોય છે. જ્યાં માત્ર દેવીઓ જ ઉત્પન્ન થાય છે અને રહે છે એવા છ લાખ વિમાન સૌધર્મ સ્વર્ગમાં છે અને ચાર લાખ વિમાન ઈશાન સ્વર્ગમાં છે; તથા સૌધર્મ

સ્વર્ગમાં શેષ ૨૬ લાખ વિમાન અને ઈશાનમાં ૨૪ લાખ વિમાન એવા છે કે જ્યાં દેવ અને દેવીઓ બંને રહે છે.

પ્રશ્ન :— તેને ઉપપાદ શય્યા કેમ કહે છે?

ઉત્તર :— ઉપપાદનો અર્થ જન્મ છે. અહીં દેવોનો જન્મ થાય છે અર્થાત્ અંતર્મુહૂર્તમાં છ પર્યાપ્તિ પૂર્ણ થઈને જીવ યુવાવસ્થાનો દેવ થઈને ઉત્પન્ન થાય છે. દેવગતિના જીવ માના ગર્ભમાં ઉત્પન્ન થતા નથી. આપણે અહીં કર્મભૂમિમાં અને ભોગભૂમિમાં ગર્ભજ હોય છે, તેની વાત પછી કરશું.

સૌધર્મમાં ઉત્પન્ન થયેલી દેવાંગનાઓ ઉપરના દક્ષિણ સ્વર્ગમાં જાય છે તથા ઈશાનમાં ઉત્પન્ન થયેલી દેવાંગનાઓ ઉપરના ઉત્તરના સ્વર્ગમાં જાય છે. ઉપરના દેવ અવધિજ્ઞાનથી જાણીને પોતપોતાની નિયોગિની દેવીઓને ઉપર લઈ આવે છે.

આપણે અહીં પણ એવું થાય છે કે નહીં? આપણા ભારતીય રહે છે અમેરિકામાં—યુ.એસ.માં અને અહીં ભારતમાં આવીને લગ્ન કરીને પોતાની પત્નીને લઈ જાય છે. કોઈ કહી રહ્યું છે કે 'ત્યાં સારું છે કે ત્યાં અવધિજ્ઞાનથી જાણી લે છે, અહીં અમે મા-બાપ ચિંતાથી મરી રહ્યા છીએ.'

ઉત્તર :— શું કરે? તમને ચિંતા કર્યા વિના ચૈન પડતું નથી. બાળકો તો નથી ઈચ્છતા પોતાના મા-બાપ વચમાં મેડલ—હસ્તક્ષેપ કરે, પરંતુ આપણો મોહ જ આપણી ઉપર એવી રીતે હાવી થઈ જાય છે કે સ્વાધ્યાય આદિ કરવાયોગ્ય કાર્ય છોડીને આપણે રાત-દિવસ એ જ ચિંતાઓને કરવામાં સમય વ્યતીત કરી દઈએ છીએ. એમ પણ આપણી ચિંતા અને ઈચ્છાથી તો કાંઈ થતું નથી અને થવાવાળું ટળતું નથી.

દેવ અને દેવાંગનાઓના આયુષ્યમાં ઘણું અંતર હોય છે. જેમ કે સૌધર્મ સ્વર્ગમાં દેવોનું ઉત્કૃષ્ટ આયુષ્ય સાધિક બે સાગર છે તો દેવીઓનું પાંચ પલ્ય છે. એક સાગરમાં કેટલા પલ્ય હોય છે તે કોઈ કહેશે? હાં, દસ ક્રોડાક્રોડી પલ્ય. એક ઈન્દ્રની તો આઠ-આઠ મહાદેવીઓ હોય છે, અન્ય પણ અનેક દેવીઓ હોય છે, તો તેના બે સાગરના આયુષ્યમાં કેટલી દેવીઓ મરીને જતી રહે છે. પછી ક્યાંનું સુખ? શચી ઈન્દ્રાણી નિયમથી મનુષ્યમાં આવીને મોક્ષમાં ચાલી જાય છે. આવી કેટલીય શચી ઈન્દ્રાણીઓ એક

પછી એક મરીને કર્મભૂમિમાં આવીને મોક્ષમાં ચાલી જાય છે અને સૌધર્મ ઈન્દ્ર તો ત્યાં જ બિરાજમાન રહે છે.

જે દેવ આગળના ભવમાં નિયમથી મોક્ષ જાય છે તેને એક ભવાવતારી અથવા એકાવતારી કહે છે. સૌધર્મ ઈન્દ્ર તથા બધા જ દક્ષિણ દિશાના ઈન્દ્ર, સૌધર્મના ચારેય લોકપાલ—યમ, સોમ, વરુણ, કુબેર; શચી ઈન્દ્રાણી, લોકાંતિક દેવ, સર્વાર્થસિદ્ધિ વિમાનના દેવ આ બધા જ એકાવતારી છે. તેઓ ત્યાંથી ચ્યવીને મનુષ્યભવમાં આવીને તે જ ભવમાં નિયમથી મોક્ષ જાય છે, અન્ય દેવ નથી જતાં તેવી વાત નથી, પરંતુ તે જીવ નિયમથી જાય છે. લોકાંતિકનું નામ સાંભળ્યું હશે. અહીં પંચકલ્યાણકોમાં જોયું—સાંભળ્યું હશે. બ્રહ્મ સ્વર્ગની આઠેય દિશાઓમાં (દિશા-વિદિશા) બહાર તરફ તેના વિમાન હોય છે. ત્યાં તેઓ બ્રહ્મચર્યપૂર્વક રહે છે, તેમના વૈરાગ્યમયી પરિણામ હોય છે, તેમને દેવર્ષિ અથવા બ્રહ્મર્ષિ પણ કહે છે. તીર્થંકરોના દીક્ષાકલ્યાણકોમાં આવીને તેઓ દીક્ષાની અનુમોદના કરે છે.

આટલી ચર્ચા પછી હવે વૈમાનિક દેવોનું જઘન્ય અને ઉત્કૃષ્ટ આયુષ્ય કેટલું હોય છે તે જોઈએ છીએ.

સૌધર્મ-ઈશાનમાં જઘન્ય આયુષ્ય એક પલ્ય અને ઉત્કૃષ્ટ આયુષ્ય બે સાગર છે, સનત્કુમાર-માહેન્દ્રમાં જઘન્ય આયુષ્ય એક સમય અધિક બે સાગર અને ઉત્કૃષ્ટ આયુષ્ય સાત સાગર છે. નીચેના સ્વર્ગના ઉત્કૃષ્ટ આયુષ્યમાં એક સમય ઉમેરી દો તો તે ઉપરના સ્વર્ગનું જઘન્ય આયુષ્ય હોય છે. ઈન્દ્રનું આયુષ્ય તો અધિક જ હોય છે. જ્યાં શુભભાવ વધારે અર્થાત્ કષાય મંદતર હોય છે ત્યાં દેવાયુની સ્થિતિ પણ વધારે બંધાશે.

બ્રહ્મયુગલમાં ઉત્કૃષ્ટ આયુષ્ય દસ સાગર છે, લાંતવયુગલમાં ઉત્કૃષ્ટ આયુષ્ય ૧૪ સાગર છે, શુક્રયુગલમાં ઉત્કૃષ્ટ આયુષ્ય સોળ સાગર છે, શતારયુગલમાં અઢાર સાગર, આનતયુગલમાં વીસ સાગર અને આરણયુગલમાં બાવીસ સાગર છે.

આગળ પ્રત્યેક ગ્રૈવેયકમાં ક્રમથી એક-એક સાગર વધતાં નીચેના પહેલા ગ્રૈવેયકમાં ત્રેવીસ સાગરથી લઈને ઉપરના અંતિમ અર્થાત્ નવમા ગ્રૈવેયકમાં ઉત્કૃષ્ટ આયુષ્ય એકત્રીસ સાગર છે. અનુદિશોમાં ઉત્કૃષ્ટ આયુષ્ય બત્રીસ સાગર છે અને અનુત્તરોમાં ઉત્કૃષ્ટ આયુષ્ય તેત્રીસ સાગર છે.

શાસ્ત્રોમાં ઘાતાયુષ્કની વાત આવે છે. સૌધર્મયુગલમાં ઉત્કૃષ્ટ આયુષ્ય બે સાગર છે એ વાત આપણે જોઈ, પરંતુ ત્યાં ઘણા જીવો અઢી સાગર આયુષ્યવાળા પણ જોવા મળે છે, તે અડધો સાગર વધારે ક્યાંથી આવ્યો? કારણ કે બંધાતા સમયે તો બે સાગરથી વધારે ત્યાંનું આયુષ્ય નથી બંધાતુ. આ અઢી સાગર આયુષ્યવાળાને ઘાતાયુષ્ક સમ્યગ્દષ્ટિ કહે છે. જે સમ્યગ્દષ્ટિ જીવોએ પહેલાં ઉપરના સ્વર્ગસંબંધી વધારે આયુષ્ય બાંધ્યું હતું; માની લો કે ચાર, પાંચ અથવા સાત સાગરનું આયુષ્ય બાંધ્યું હતું, તેમના પરિણામોમાં એવી કોઈ વિચિત્રતા થઈ જાય છે કે તેમનું બંધાયેલું આયુષ્ય ઘટીને નીચેના સ્વર્ગનું ઉત્કૃષ્ટ આયુષ્ય જે બે સાગર છે તેનાથી અંતર્મુહૂર્ત કમ અડધો સાગર વધારે અર્થાત્ અઢી સાગર રહી જાય છે. આ ઘાત બધ્યમાન આયુષ્યમાં થાય છે, ભુજ્યમાન આયુષ્યમાં નહીં.

આનો અર્થ સમજશું. આપણે વર્તમાનમાં જે આયુષ્ય ભોગવીએ છીએ—જે આયુષ્યનો ઉદય ચાલી રહ્યો છે તેને ભુજ્યમાન આયુષ્ય કહે છે. આપણે બધા મનુષ્યોનું ભુજ્યમાન આયુષ્ય મનુષ્યાયુ છે, વર્તમાનભવમાં આગામી ભવ સંબંધી જે આયુષ્યનો બંધ થાય છે, તેને બધ્યમાન આયુષ્ય કહે છે. એકવાર આયુષ્યનો બંધ થઈ જતાં તે બંધાયેલ આયુષ્યની સ્થિતિ પરિણામવશ ઘટી જવાને ઘાતાયુષ્ક કહે છે. જેણે દેવાયુનો બંધ કર્યો છે એવા ઘાતાયુષ્ક જીવ જો સમ્યગ્દષ્ટિ હોય તો નીચેના સ્વર્ગના ઉત્કૃષ્ટ આયુષ્યથી તેનું આયુષ્ય અડધો સાગર અધિક રહે છે અને જો ઘાતાયુષ્ક જીવ મિથ્યાદષ્ટિ હોય તો તેનું આયુષ્ય નીચેના સ્વર્ગના ઉત્કૃષ્ટ આયુષ્યથી પલ્યના અસંખ્યાતમા ભાગ પ્રમાણ અધિક રહે છે. બધ્યમાન આયુષ્યની બંધાયેલી સ્થિતિ તે જ ભવમાં ઘટી જવાને ઘાતાયુષ્ક કહે છે અને વર્તમાનની અર્થાત્ ભુજ્યમાન આયુષ્ય ઘટી જવાને — ઘાત થવાને કદલીઘાત કહે છે. દેવો, નારકીઓ તથા ભોગભૂમિમાં એવો કદલીઘાત થતો નથી. કર્મભૂમિના મનુષ્ય અને તિર્યંચમાં કદલીઘાત થઈને મરણ થઈ શકે છે.

માની લઈએ કે કોઈ જીવ સો વર્ષનું મનુષ્યાયુ બાંધીને આવ્યો છે—તેણે મનુષ્યમાં જન્મ લીધો છે અર્થાત્ તેનું ભુજ્યમાન મનુષ્યાયુ ચાલી રહ્યું છે, પરંતુ એવું થઈ શકે છે કે પચ્ચીસમાં વર્ષમાં એક્સીડેન્ટ, રોગ, વિષભક્ષણ આદિના નિમિત્તથી તેના આયુષ્યના નિષેકોનો ઘાત થઈને ત્યાંના બધા પરમાણુ ઉદયથી લઈને અંતર્મુહૂર્ત કાળ પ્રમાણ નિષેકોમાં નીચે આવી જાય છે અને પશ્ચાત્ ત્યાં આગામી આયુષ્યનો બંધ

થઈને જીવ અંતર્મુહૂર્તમાં મરે છે.

ભુજ્યમાન આયુષ્યના ઘાતને કદલીઘાત કહે છે, બધ્યમાન આયુષ્યના ઘાતને ઘાતાયુષ્ક કહે છે. ઘાતાયુષ્ક જીવ સહસ્રાર સ્વર્ગ સુધી જ જોવા મળે છે, ઉપર નહીં.

એક વાત આપણે જોઈ હતી કે દેવોમાં યુવાવસ્થામાં જ જન્મ થાય છે, તેમના માતા-પિતા નથી હોતા, ઉપપાદ શૈયામાં જ તેમની ઉત્પત્તિ થાય છે. આજીવન તેઓ તેવા જ યુવાન રહે છે, સાગરોનું આયુષ્ય હોવા છતાં પણ આપણી જેમ વૃદ્ધ થતા નથી. ફક્ત મરણના છ મહિના પહેલાં તેમના ગળાની માળા મુરઝાઈ જાય છે, શરીરની કાંતિ ઘટી જાય છે.

છ મહિના તો આપણા કાળની ગણતરી પ્રમાણે કહીએ છીએ, ત્યાં તો રાત અને દિવસનો કોઈ ભેદ નથી. આપણે અહીં તો ચંદ્ર અને સૂર્યના ભ્રમણના કારણે રાત અને દિવસનો ભેદ થાય છે. સૂર્ય પ્રકાશમાન હોવાથી તે જે ક્ષેત્ર પર આવે છે ત્યાં પ્રકાશ થાય છે, તે આગળ જતો રહે છે ત્યારે અંધારુ થાય છે.

મારો પ્રશ્ન છે કે ત્યાં ચંદ્ર, સૂર્ય કેમ નથી?

આ ચંદ્ર, સૂર્ય, તારા આદિ બધા આ પહેલી પૃથ્વી ઉપર સાતસો નેવું યોજનથી ઉપર લઈને નવસો યોજન સુધી જ હોય છે અને સ્વર્ગ તો એક લાખ ચાલીસ યોજન ઊંચાઈવાળા મેરુ પર્વતની ઉપરથી શરૂ થાય છે. ત્યાં કોઈ ચંદ્ર આદિ નથી, ત્યાં તો કલ્પવૃક્ષનો પ્રકાશ હોય છે.

અહીં ભરતક્ષેત્રમાં પણ જ્યારે ભોગભૂમિ હતી ત્યારે કલ્પવૃક્ષોનો પ્રકાશ જોવા મળતો હતો, તો તે સમયે અહીં ચંદ્ર, સૂર્ય, તારા હતા કે નહીં? હાં, હતા. પરંતુ કલ્પવૃક્ષોના પ્રકાશ સામે તેનો પ્રકાશ ઝાંખો હતો.

તમારો પ્રશ્ન છે કે ત્યાં સૂર્ય, ચંદ્ર નથી તો કાળ કેવી રીતે ગણાય છે? ઘડીયાળ પણ છે કે નહીં?

ઉત્તર : તેમને પણ કાળ ગણવાની કોઈ વ્યવસ્થા–કોઈ સિસ્ટમ હોતી જ હશે. તેમનું તો લાખો-કરોડો વર્ષનું આયુષ્ય હોય છે કે જે સાગરોમાં હોય છે, તો ત્યાં તેઓ કાળ કેવી રીતે ગણતા હશે? એ પ્રશ્ન મને પણ છે તમને તેનો જવાબ મળે તો મને બતાવશો.

દેવોમાં તથા નારકીઓમાં સાગરોનું આયુષ્ય હોય છે. ત્યાં તો હજારો-કરોડો વર્ષ જતાં પણ ખબર નથી પડતી. સ્વર્ગોના જીવ તો ભોગોમાં મશગૂલ છે અને નરકોમાં એકબીજાને પીડા દેવામાં—સંક્લેશ પરિણામોમાં મશગૂલ છે. ત્યાં તો કોઈ ગાઢ નિદ્રા પણ નથી લેતું. નિદ્રાના પાંચ પ્રકાર તમે સાંભળ્યા છે ને? ક્યાં ક્યાં? હાં, સ્ત્યાનગૃદ્ધિ, નિદ્રાનિદ્રા, પ્રચલાપ્રચલા, નિદ્રા અને પ્રચલા.

દેવ અને નારકીઓને પહેલી ત્રણ અત્યંત ગાઢ નિદ્રા—સ્ત્યાનગૃદ્ધિ, નિદ્રાનિદ્રા અને પ્રચલાપ્રચલા કર્મનો ઉદય જ નથી હોતો. ત્યાં સુવા નથી મળતું, તેથી અહીં સૂઈ લેવું.

કોઈ કહી રહ્યું છે કે 'એટલે જ તો અહીં સ્વાધ્યાયમાં પણ સૂઈ જાય છે.'

ત્યાંના ઉચ્છ્વાસ, આહાર આદિની વાતો ભવનત્રિકમાં જોઈ હતી, તે જ અનુપાતમાં—તે જ પ્રપોર્શનમાં હોય છે. જેનું આયુષ્ય બે સાગર છે, તે બે પક્ષ અર્થાત્ એક મહિના પછી ઉચ્છ્વાસ લેશે અર્થાત્ તેમનો એક-એક મહિનાના અંતરાળમાં ઉચ્છ્વાસ હોય છે તથા બે હજાર વર્ષો પછી તેમનો આહાર હોય છે. કંઠથી અમૃત ઝરવું તે જ તેમનો આહાર છે. તેમને માનસિક આહાર હોય છે, કવલાહાર નથી હોતો.

પ્રશ્ન :— અમે સાંભળ્યું હતું કે સ્વર્ગોનું ઓછામાં ઓછું આયુષ્ય દસ હજાર વર્ષનું હોય છે.

ઉત્તર :— આ દસ હજાર વર્ષનું જઘન્ય આયુષ્ય ભવનવાસી અને વ્યંતરોમાં હોય છે. જ્યોતિષીનું જઘન્ય આયુષ્ય પલ્યના આઠમા ભાગ પ્રમાણ તથા સૌધર્મ-ઈશાનના દેવોનું જઘન્ય આયુષ્ય એક પલ્ય પ્રમાણ હોય છે. શેષ ચર્ચા પછી કરીશું.

બોલો, વિદેહક્ષેત્રમાં બિરાજમાન નવમા તીર્થંકર શ્રી સૂર્યપ્રભ ભગવાનનો જય હો!

# ૧૦. દેવોમાં ગતિ-આગતિ, મધ્યલોક

અહીં આપણે ત્રિલોકસારને આધારે ત્રણ ભુવનની રચના જોઈ રહ્યા છીએ. દેવો સંબંધી થોડી ચર્ચા રહી ગઈ છે, તેના પછી આપણે મધ્યલોક અર્થાત્ તિર્યક્‌લોકનું સ્વરૂપ જોશું.

દેવોમાં કયા-કયા ગુણસ્થાન હોય છે? તેનો ઉત્તર છે કે નવમા ગ્રૈવેયક સુધી મિથ્યાત્વ, સાસાદન, સમ્યગ્મિથ્યાત્વ અને અવિરત સમ્યક્ત્વ–આ ચારેય ગુણસ્થાન જોવા મળે છે. ભવનત્રિકમાં અને બધી દેવીઓમાં સમ્યગ્દૃષ્ટિ જીવ જન્મ નથી લેતા પરંતુ જન્મ થયા બાદ અંતર્મુહૂર્ત પછી ક્યારે પણ આ જીવ સમ્યક્ત્વ પ્રાપ્ત કરી શકે છે. અનુદિશ અને અનુત્તર વિમાનવાસી બધા દેવો જન્મથી સમ્યગ્દૃષ્ટિ જ હોય છે, ભાવલિંગી મુનિ જ મરીને ત્યાં ઉત્પન્ન થઈ શકે છે, અન્ય કોઈ નહીં.

કઈ ગતિના જીવ દેવોમાં ઉત્પન્ન થાય છે, તે જોઈશું. મારો પ્રશ્ન છે કે પહેલા સ્વર્ગનો દેવ મરીને ઉપર ક્યાં સ્વર્ગ સુધી જન્મ લેશે?

જુઓ! કોઈપણ દેવ મરીને ફરી દેવગતિમાં જન્મ લેતો નથી. નારકી પણ મરીને દેવોમાં જન્મ લેતા નથી. પછી દેવોમાં જન્મ લેવાવાળા માત્ર મનુષ્ય અને તિર્યંચ જ બાકી રહ્યા. મનુષ્યોમાં પણ લબ્ધિઅપર્યાપ્ત જીવ મરીને દેવોમાં જન્મ લઈ શકતા નથી. તિર્યંચોમાં એકેન્દ્રિયથી ચતુરિન્દ્રિય સુધીના જીવ દેવોમાં જન્મ લેતા નથી. લબ્ધિઅપર્યાપ્ત પંચેન્દ્રિય પણ દેવોમાં જન્મ લેતા નથી.

ભોગભૂમિના બધા તિર્યંચ અને મનુષ્ય મરીને નિયમથી દેવગતિમાં જ જન્મ લે છે. ભોગભૂમિના મિથ્યાદૃષ્ટિ અને સાસાદન ભવનત્રિકમાં જ જાય છે અને સમ્યગ્દૃષ્ટિ સૌધર્મ-ઈશાનમાં જ જાય છે. તેનાથી ઉપરના સ્વર્ગોમાં તે જઈ શકતા નથી. કુભોગભૂમિના જીવ મરીને ભવનત્રિકમાં અથવા કલ્પવાસીની દેવીઓમાં જન્મ લે છે.

અસંયત અને દેશસંયત મનુષ્ય અને તિર્યંચ ઉપર સોળમા–અચ્યુત સ્વર્ગ સુધી જન્મ લઈ શકે છે. જે દ્રવ્યથી જિનલિંગ ધારક છે અર્થાત્ દિગંબર મુનિદીક્ષા અંગીકાર કરી જે શાસ્ત્રાનુસાર મુનિના સંપૂર્ણ આચાર પાળે છે તેમને દ્રવ્યલિંગી કહે છે. આવા દ્રવ્યલિંગધારક જીવ પહેલા, ચોથા અથવા પાંચમા ગુણસ્થાનમાં હોઈ શકે છે. જો તેમને મુનિયોગ્ય વીતરાગતા અર્થાત્ ત્રણ કષાય ચોકડીનો અભાવ હોય તો તેમને છઠ્ઠું-

સાતમું આદિ ગુણસ્થાન હોય છે, તેને તો ભાવલિંગી મુનિ કહે છે. દ્રવ્યલિંગના ગ્રહણપૂર્વક જ ભાવલિંગ પ્રગટ થાય છે, અન્યથા નહીં.

મિથ્યાત્વ અવસ્થામાં જેણે દ્રવ્યલિંગ ધારણ કર્યું છે તે પુરુષાર્થથી સીધુ સાતમું ગુણસ્થાન પ્રાપ્ત કરે છે, પછી છઠ્ઠામાં આવીને છઠ્ઠું-સાતમું ગુણસ્થાન થયા કરે છે. કોઈ ચોથા અથવા પાંચમા ગુણસ્થાનવાળા જીવ પણ દ્રવ્યલિંગી હોય છે. તેઓ તો સમ્યગ્દષ્ટિ છે છતાં પણ જ્યાં સુધી છઠ્ઠું-સાતમું ગુણસ્થાન નથી ત્યાં સુધી તેમને ભાવલિંગી મુનિ નથી કહેતા. આ જીવોને દ્રવ્યલિંગી પણ ત્યારે કહીએ છીએ કે જ્યારે તેઓ મુનિના અઠ્યાવીસ મૂળગુણોનું—મુનિની બાહ્યક્રિયાઓનું નિરતિચાર પાલન કરે છે. જ્યાં સુધી તેમને ભાવમુનિપણું પ્રગટ થયું નથી એવા મિથ્યાદષ્ટિ દ્રવ્યલિંગી મરીને નવમા ગ્રૈવેયક સુધી જઈ શકે છે. ભાવલિંગી સંત તો સૌધર્મથી લઈને સર્વાર્થસિદ્ધિ સુધી ક્યાંય પણ ઉત્પન્ન થઈ શકે છે. ત્યાં પણ ક્યા સંહનનવાળા મનુષ્ય ક્યા સ્વર્ગ સુધી જન્મ લઈ શકે છે તેના પણ નિયમ છે. પહેલા સંહનનવાળા અનુત્તર સુધી, બીજા સંહનનવાળા અનુદિશ સુધી, ત્રીજા સંહનનવાળા નવમા ગ્રૈવેયક સુધી, ચોથા સંહનનવાળા અચ્યુત સુધી, પાંચમા સંહનનવાળા સહસ્રાર સુધી અને છઠ્ઠા સંહનનવાળા કાપિષ્ઠ સુધી જન્મ લઈ શકે છે. આનો અર્થ એમ થયો કે ત્રણ ઉત્તમ સંહનનધારી મુનિ જ ગ્રૈવેયકમાં જઈ શકે છે. નીચેના હીન સંહનનધારી ભાવલિંગી મુનિ પણ ત્યાં જન્મ લઈ શકતા નથી.

તાપસી આદિ અન્ય-અન્ય પંચાગ્નિ તપ કરવાવાળા મિથ્યાદષ્ટિ ઉત્કૃષ્ટરૂપથી ભવનત્રિક સુધી જન્મ લઈ શકે છે. એકદંડી, ત્રિદંડી વધારેમાં વધારે બ્રહ્મ સ્વર્ગ સુધી ઊપજે છે. કાંજીનો આહાર લેવાવાળા અન્યમતી અચ્યુત સ્વર્ગ સુધી ઊપજે છે.

હવે દેવગતિના જીવ મરીને ક્યાં જન્મ લે છે તેની ચર્ચા કરીએ છીએ.

દેવગતિમાંથી જીવ મનુષ્ય અથવા તિર્યંચ પર્યાયમાં જ જન્મ લે છે. મિથ્યાત્વ અને સાસાદન સહિત આ બંનેમાંથી કોઈ પર્યાયમાં જન્મ લે છે. તિર્યંચોમાં જન્મ લેવાવાળા દેવ એકેન્દ્રિયમાં અથવા સંજ્ઞી પંચેન્દ્રિય ગર્ભજમાં જન્મ લે છે, પરંતુ સમ્યગ્દષ્ટિ દેવ અને દેવીઓ મરીને નિયમથી દુષમા-સુષમા કાળની કર્મભૂમિના મનુષ્યમાં પુરુષ પર્યાયમાં જ જન્મ લે છે. અનુદિશ અને અનુત્તર વિમાનથી આવવાવાળા જીવ નારાયણ અથવા પ્રતિનારાયણ નથી થતા, કારણ કે નારાયણ અને પ્રતિનારાયણ નિયમથી નરકગામી હોય છે અર્થાત્ મરીને નરકમાં જાય છે, પરંતુ અનુત્તર-અનુદિશવાળા જીવો મનુષ્ય થઈને મોક્ષ જશે અથવા

ત્યારબાદ ફરી સ્વર્ગમાં જઈને ફરી મનુષ્ય થઈને મોક્ષ જશે.

દેવોમાંથી આવીને નિયમથી મોક્ષમાં જવાવાળાઓની ચર્ચા આપણે પહેલાં કરી હતી.

પ્રશ્ન :— તમે એક ભવાવતારી દેવોમાં શચી ઈન્દ્રાણીનું નામ કહ્યું હતું, પરંતુ દેવી તો સમ્યગ્દૃષ્ટિ હોતી નથી ને?

ઉત્તર :— શચી ઈન્દ્રાણી હોય કે અન્ય કોઈપણ સ્ત્રીપર્યાયના જીવ હોય, બધી જ જન્મથી મિથ્યાદૃષ્ટિ જ હોય છે. હાં, જન્મ થયા બાદ તેઓ સમ્યક્ત્વ પ્રાપ્ત કરી શકે છે. શચી ઈન્દ્રાણી પણ ત્યાં સમ્યક્ત્વ પ્રાપ્ત કરીને મનુષ્ય થઈને, પુરુષ પર્યાયમાં જન્મ લઈને તે જ ભવથી મોક્ષ પ્રાપ્ત કરે છે. સમ્યક્ત્વસહિત મરીને જીવ ક્યાં ઉત્પન્ન થાય છે તેના પણ નિયમ છે. તે સ્ત્રીપર્યાયમાં જન્મ લેતા નથી—ન તો ભાવથી ભાવસ્ત્રીવેદવાળો થાય છે અને ન તો દ્રવ્યથી સ્ત્રી થાય છે; દેવ, મનુષ્ય, તિર્યંચમાં પુરુષવેદ સહિત ઉત્પન્ન થાય છે. તે બીજી અથવા નીચે કોઈપણ નરકમાં ઉત્પન્ન નથી થતા, સમ્યક્ત્વ સહિત પહેલી નરકમાં ઉત્પન્ન થઈ શકે છે. ત્યાં તો ફક્ત નપુંસકવેદ જ હોય છે, પરંતુ અન્ય ગતિઓમાં—મનુષ્ય, તિર્યંચમાં સમ્યક્ત્વની સાથે જન્મ લેવાવાળા નપુંસકવેદી પણ નથી હોતા.

કોઈનો પ્રશ્ન છે કે, શું નપુંસકવેદી જીવ સમ્યક્ત્વ પ્રાપ્ત કરી શકે છે? જો નહીં, તો નારકીઓને કેવી રીતે થાય છે?

ઉત્તર :— નપુંસકવેદી જીવને સમ્યક્ત્વ નથી થતું એવું ક્યાંય પણ લખ્યું નથી, પરંતુ એ વાત આગમમાં અનેક જગ્યાએ લખેલી છે કે દ્રવ્યથી પુરુષ જીવ ભાવવેદની અપેક્ષાએ ત્રણેય વેદમાંથી કોઈપણ વેદ સહિત હોય તો તે જીવ તે જ ભવમાં મોક્ષ પ્રાપ્ત કરી શકે છે. નવમા ગુણસ્થાનના પહેલા ભાગ સુધી વેદનો ઉદય હોય છે. આમ તો જીવ પાંચમા ગુણસ્થાનમાં જ બ્રહ્મચર્ય પ્રતિમા અંગીકાર કરે છે, તેમના આચરણમાં અથવા ભાવોમાં પણ કોઈ અન્યથા વાત નથી હોતી પરંતુ વેદ નામના નોકષાય કર્મોનો અત્યંત હીન અનુભાગરૂપ ઉદય અહીં સુધી જોવા મળે છે, તેથી તે જીવોને સવેદી કહે છે. ત્યારબાદ વેદનો ઉદય મટી જતા એ જીવોને અપગતવેદી કહે છે. તે જ જીવ આગળ ચૌદ ગુણસ્થાન પાર કરીને મોક્ષ પ્રાપ્ત કરે છે; પરંતુ સ્ત્રીવેદવાળા અને નપુંસકવેદવાળા જીવ તે જ ભવમાં તીર્થંકર નથી થતા. તે જીવ તીર્થંકર પ્રકૃતિનો બંધ કરી શકે છે. જો બંધ કર્યો હોય તો એક દેવનો અને એક મનુષ્યનો એમ બંને જ પુરુષના ભવ કરીને તે જીવ તીર્થંકર બનશે. પહેલાં નરકાયુનો બંધ થયો હોય તો

એક નરકનો અને એક મનુષ્યનો ભવ કરીને તે જીવ તીર્થંકર બનશે.

નરકોમાં બધા નપુંસકવેદી જ હોય છે અને ત્યાં પણ અસંખ્યાત જીવ સમ્યક્ત્વ પ્રાપ્ત કરે છે. અસંખ્યાત તિર્યંચ સમ્મૂર્ચ્છન સંજ્ઞી પંચેન્દ્રિય જીવ પંચમ ગુણસ્થાનવર્તી છે, તેઓ પણ નપુંસકવેદી હોય છે.

પ્રશ્ન :— હમણા તમે કહ્યું કે સ્ત્રીવેદી જીવ મોક્ષ જઈ શકે છે પરંતુ તીર્થંકર નથી થઈ શકતા, અમે સાંભળ્યું છે કે કેટલાય લોકો કહે છે કે મલ્લિનાથ તીર્થંકર સ્ત્રી હતા, તો આ કેવી રીતે?

ઉત્તર :— અહીં સ્ત્રીવેદી કહેવાથી ભાવસ્ત્રીવેદી મોક્ષ જાય છે એમ કહ્યું છે. દ્રવ્યથી સ્ત્રી અર્થાત્ સ્ત્રીપર્યાયવાળા તો પાંચમા ગુણસ્થાન સુધીનો જ પુરુષાર્થ કરી શકે છે, તેનાથી ઉપરનો નહીં. ભાવથી સ્ત્રીવેદી મનુષ્ય તીર્થંકર પ્રકૃતિ બાંધી તો શકે છે પરંતુ તીર્થંકર પ્રકૃતિનો ઉદય તે ભવમાં ન હોઈ શકે. રહી વાત મલ્લિનાથ તીર્થંકરની. આપણે અહીં જે ચોવીસ તીર્થંકર થયા તે પાંચ કલ્યાણકવાળા હતા અર્થાત્ બધા પૂર્વના ત્રીજા ભવથી તીર્થંકર પ્રકૃતિ બાંધીને આવ્યા હતા અને સમ્યક્ત્વ સહિત માતાના ગર્ભમાં આવ્યા હતા. સમ્યક્ત્વની સાથે જન્મ લેવાવાળા તો નિયમથી દ્રવ્ય અને ભાવવેદની અપેક્ષાથી પુરુષ જ હોય છે, સ્ત્રી ક્યારે પણ નથી હોતા. આનાથી સિદ્ધ થયું કે મલ્લિનાથ પુરુષ જ હતા.

મલ્લિનાથ ક્યા સ્વર્ગમાંથી આવ્યા હતા એ ખબર છે? તેઓ અનુત્તર વિમાનમાંથી અપરાજિત વિમાનથી ચ્યવીને અહીં આવ્યા હતા. અનુત્તરમાં તો બધા સમ્યગ્દષ્ટિ જ હોય છે અને પુરુષ જ હોય છે. તેથી મલ્લિનાથ આ ભવમાં તો પુરુષ હતા જ, પૂર્વ ભવમાં પણ પુરુષ(દેવ) જ હતા. અપરાજિતમાં નગ્ન દિગંબર ભાવલિંગી મુનિરાજ જ (મરીને) જઈ શકે છે કે જે સ્વયં પુરુષ જ હોય છે. આ રીતે ત્રણ-ત્રણ ભવ જેમના પુરુષ પર્યાયના થયા છે તેમને સ્ત્રી માનવા મહાન મિથ્યાત્વ છે, તીર્થંકરોનો અવર્ણવાદ છે, સર્વજ્ઞના મતની વિરુદ્ધ પ્રરૂપણા છે.

પ્રશ્ન :— આટલા બધા નિર્ણય કરવા માટે આમાં કેટલો સમય આપવો?

ઉત્તર :— બધો જ સમય આ તત્ત્વનિર્ણય માટે આપવો. આપણે દેવના સ્વરૂપનો નિર્ણય, ગુરુના સ્વરૂપનો નિર્ણય, શાસ્ત્રના સ્વરૂપનો નિર્ણય બધો સાચો

જ હોવો જોઈએ. મુનિ તો નગ્ન દિગંબર જ હોય છે તો દેવને વસ્ત્ર-અલંકાર હોવાનો સવાલ જ ઉત્પન્ન નથી થતો. ગૃહસ્થદશામાં પાંચમા ગુણસ્થાન સુધી જ પુરુષાર્થ થઈ શકે છે. પુરુષને પણ દિગંબર મુનિદીક્ષા અંગીકાર કર્યા પછી જ ધ્યાનાવસ્થામાં—આત્મામાં એકાગ્ર થતાં સાતમું ગુણસ્થાન પ્રગટ થાય છે—મુનિદશા પ્રાપ્ત થાય છે—ભાવલિંગ પ્રગટ થાય છે. વસ્ત્ર સહિત સાતમું ગુણસ્થાન પ્રગટ થતું હોય તો પછી મુનિદીક્ષા લેવાની આવશ્યકતા ક્યાં રહે છે? તેથી ગૃહસ્થદશામાં મુનિદશા અને કેવળજ્ઞાન થઈ શકતું નથી.

અહીં અન્ય જીવ શું કરે છે, શું વિચારે છે તેની ચર્ચા નથી કરવાની; આપણે તો આપણું કલ્યાણ કરવાનું છે અને તે માટે આપણો નિર્ણય સાચો અને પાકો હોવો જોઈએ. નિર્ણય સાચો અને પાકો ન હોય અને દેવ, ગુરુ, શાસ્ત્રનું સ્વરૂપ અન્યથા માનતો હોય તો તે અજ્ઞાન મિથ્યાત્વ છે. જો નિર્ણય પાકો ન હોય, સંશય રહ્યા કરતો હોય, તો જીવ આમ-તેમ જ્યાં-ત્યાં ભટકે છે. કોણ-કોણ શું-શું કહે છે, તે જાણવા માટે તે મિથ્યામાન્યતાવાળાઓના પ્રવચન પણ સાંભળતો રહે છે અને કહે છે કે તેમાંથી અમે સારું સારું ગ્રહણ કરીશું તો તેની ભ્રમણા છે. હજી તેને સાચા-ખોટાનો નિર્ણય જ નથી.

લૌકિકમાં તો કપડાં, દાગીના, ઘર, ખાદ્ય પદાર્થ આદિનો સારા-ખરાબનો નિર્ણય કરે છે પરંતુ દેવ-ગુરુ-શાસ્ત્ર વિષે નિર્ણય કરવા ઇચ્છતા નથી, તો તેનો મનુષ્યભવ આમ જ ચાલ્યો જશે અને ખબર નહીં બીજી વાર આવો અવસર ક્યારે પ્રાપ્ત થશે!

આપણે જે ત્રેસઠ શલાકાપુરુષ જોયા હતા તેમાં કોઈ જીવ મનુષ્યગતિથી આવીને જન્મ નથી લેતા, મનુષ્ય મરીને મનુષ્ય થાય અને ચક્રવર્તી આદિ શલાકાપુરુષ થઈ જાય એમ નથી હોતું. તિર્યંચમાંથી આવીને પણ કોઈ શલાકાપુરુષ નથી થતા, તેવી જ રીતે ભવનત્રિકમાંથી પણ આવીને કોઈ શલાકાપુરુષ નથી થતા. નરકમાંથી નીકળીને જીવ તીર્થંકર બની શકે છે. જે મનુષ્યે નરકાયુનો બંધ કર્યા પછી સમ્યક્ત્વ પ્રાપ્ત કરીને તીર્થંકરપ્રકૃતિનો બંધ શરૂ કર્યો હોય, તે ત્રીજી નરક સુધી જઈ શકે છે. ત્યાંથી મરીને મનુષ્યમાં જન્મ લઈને તે તીર્થંકર બને છે. તેને છોડીને અન્ય બધા તીર્થંકર, બાર ચક્રવર્તી, નવ બળભદ્ર, નવ નારાયણ, નવ પ્રતિનારાયણ થવાવાળા જીવ મનુષ્ય, તિર્યંચ અથવા ભવનત્રિકમાંથી આવીને નથી થતા, વૈમાનિક દેવોમાંથી જ આવીને

જીવ શલાકાપુરુષ બને છે.

હવે દેવ મરીને કઈ પર્યાયમાં જન્મ લે છે તે જોઈએ. સહસ્રાર કલ્પ સુધીના દેવ મરીને તિર્યંચમાં જન્મ લઈ શકે છે, અર્થાત્ તે કર્મભૂમિના મનુષ્ય અથવા તિર્યંચમાં જન્મ લે છે. બધા સમ્યગ્દષ્ટિ દેવ મરીને મનુષ્ય જ થાય છે, પરંતુ મિથ્યાત્વ અને સાસાદનમાં મરવાવાળા દેવગતિના જીવ મનુષ્ય અથવા તિર્યંચ થાય છે. આનતથી લઈને નવમી ગ્રૈવેયક સુધીના મિથ્યાદષ્ટિ જીવ હોય, સાસાદન હોય કે અવિરત સમ્યગ્દષ્ટિ હોય, તે મરીને નિયમથી મનુષ્ય જ થાય છે. અનુદિશ અને અનુત્તરવાસી બધા સમ્યગ્દષ્ટિ જ હોય છે અને મરીને મનુષ્યમાં જ જન્મ લે છે.

કોઈપણ દેવ મરીને દ્વીન્દ્રિય, ત્રીન્દ્રિય, ચતુરિન્દ્રિય અથવા અસંજ્ઞી પંચેન્દ્રિયમાં જન્મ નથી લેતા; તિર્યંચમાં સંજ્ઞી પંચેન્દ્રિય અથવા એકેન્દ્રિય પર્યાપ્ત થાય છે. છઢાળામાં આપણે વાંચ્યું કે 'તહં તૈ ચય થાવરતન ધરૈં' અર્થાત્ વિમાનવાસી દેવ મરીને એકેન્દ્રિયમાં ઉત્પન્ન થઈ શકે છે; પરંતુ બધા સ્વર્ગના દેવ એકેન્દ્રિયમાં જન્મ લેતા નથી. ભવનત્રિક, સૌધર્મ અને ઈશાન સ્વર્ગના મિથ્યાદષ્ટિ દેવ મરણ નજદીક જાણીને અત્યંત શોક કરીને અત્યંત સંક્લેશ પરિણામને કારણે એકેન્દ્રિયમાં જન્મ લે છે, તેમાં પણ પૃથ્વીકાયિક, જલકાયિક અથવા પ્રત્યેક વનસ્પતિકાયિકના બાદર પર્યાપ્તમાં જન્મ લે છે, સૂક્ષ્મ અથવા સાધારણ (નિગોદ)માં જન્મ લેતા નથી. તે અગ્નિકાયિક અથવા વાયુકાયિકમાં પણ જન્મ લેતા નથી. દેવોની વાત છોડો, આપણે પણ પોતાનું અથવા પોતાના સગાસંબંધી-મિત્ર આદિનો મરણ નજીક જોઈને અત્યંત શોક-વિલાપ કરીએ છીએ તો નરક, નિગોદ તથા અન્ય એકેન્દ્રિય પર્યાય સંબંધી કર્મબંધ કરીને ત્યાં જન્મ લેવાની તૈયારી કરીએ છીએ.

હવે દેવોના જન્મ સંબંધી વૃત્તાંત હું પુસ્તકમાંથી વાંચીને સંભળાવું છું.

'જેવી રીતે ઉદયાચલ પર સૂર્ય ઉદિત થાય છે...'

પ્રશ્ન :— આ ઉદયાચલ ક્યો પર્વત છે?

ઉત્તર :— જ્યાંથી સૂર્ય ઉદિત થતો દેખાય તેને ઉદયાચલ કહે છે, બધાના ગામના અલગ-અલગ હશે, મુંબઈ નગરમાં કોઈ બિલ્ડિંગને જ કહેવું પડશે. હાં સાંભળો, આ તો દષ્ટાંત છે.

'...તેવી રીતે ઉપપાદ શય્યા પર અંતર્મુહૂર્તમાં છ પર્યાપ્તિ પૂર્ણ કરીને મનોહર

સુગંધમય સુખદ સ્પર્શવાળા પવિત્ર શરીર ધારક દેવ ઉત્પન્ન થાય છે. જન્મ થતાં ત્યાં આનંદરૂપ વાજિંત્રોની ધ્વનિ અને જયકાર આદિ સ્તુતિરૂપ શબ્દ સાંભળીને પોતાને દેવપર્યાય મળી છે એમ જાણીને તથા ત્યાં પ્રાપ્ત થયેલા ઐશ્વર્ય, વૈભવ અને દેવાંગના આદિ પરિવાર જોઈને અવધિજ્ઞાનથી પૂર્વ પર્યાયને જાણે છે.'

દેવોને ભવપ્રત્યય અવધિજ્ઞાન હોય છે. દેવ અને નારકીઓમાં, ભલે તેઓ સમ્યગ્દષ્ટિ હોય કે મિથ્યાદષ્ટિ, બધાને તે ભવમાં અવધિજ્ઞાન હોય જ છે. પર્યાપ્તિ પૂર્ણ થતાં અંતર્મુહૂર્તમાં તે અવધિજ્ઞાન પ્રાપ્ત થાય છે, પરંતુ સમ્યગ્દષ્ટિઓને જો તે પૂર્વભવમાં અવધિજ્ઞાની રહ્યા હોય તો તેમનું અવધિજ્ઞાન અપર્યાપ્ત અવસ્થામાં પણ રહે છે.

'અવધિજ્ઞાનથી પૂર્વભવનું વૃત્તાંત જાણીને, પોતાના યોગ્ય આચરણ અને ધર્મના કારણે દેવગતિ પ્રાપ્ત થઈ જાણી ધર્મની પ્રશંસા કરે છે. ત્યાંના નિર્મળ, સુગંધમય જળથી યુક્ત સરોવરમાં સ્નાન કરીને પટ્ટરૂપ અભિષેક અને વસ્ત્રાભૂષણને પ્રાપ્ત કરે છે. સમ્યગ્દષ્ટિ દેવ સ્વયમેવ જિનેન્દ્ર ભગવાનનો અભિષેક અને પૂજા કરે છે, મિથ્યાદષ્ટિ દેવ અન્ય દેવો દ્વારા સંબોધિત થઈને અન્ય દેવ જેવી રીતે કહે તેવી રીતે જિનેન્દ્ર ભગવાનની પૂજા કરે છે. સ્વર્ગોની સુખ સામગ્રીમાં તેઓ એટલા મગ્ન થઈ જાય છે કે તેમને વ્યતીત થતા સમયની ખબર જ પડતી નથી.

તીર્થંકરોના કલ્યાણક તથા મહાપૂજા આદિમાં કલ્પવાસી દેવ આવે છે પરંતુ અહમિન્દ્ર પોતાના સ્થાનમાં જ જે દિશામાં તીર્થંકર બિરાજમાન છે તે દિશામાં સાત પગલા આગળ ચાલીને હાથ જોડીને મસ્તક ઝુકાવીને ભક્તિભાવથી નમસ્કાર કરે છે.'

હવે થોડા પ્રશ્નો આવ્યા છે તે જોઈને આગળનો વિષય શરૂ કરવો છે.

સિદ્ધશિલા વિશે પૂછ્યું છે કે તે ઉત્તાન, ધવલ, છત્રાકાર હોય છે અને આપણે ચંદ્રાકાર દેખાડિયે છીએ તે કેવી રીતે? અમે સાંભળ્યું છે કે ગોળાકાર ઉપર હોય છે અને સપાટ નીચે હોય છે.

ઉત્તર :— ત્રિલોકસાર ગાથા—૫૫૭, ૫૫૮માં આનું વર્ણન છે, જયધવલા પુસ્તક સોળના અંતમાં પણ આનું વર્ણન છે. ત્યાં ઉત્તાનનો અર્થ ઉપરનો ભાગ સમાન છે, નીચેથી ગોળાકાર છે; પરંતુ તે એટલો ગોળાકાર નથી કે જેવો ચંદ્ર દેખાય છે. કારણ કે મધ્યમાં આઠ યોજનની પહોળાઈ છે અને વ્યાસ ૪૫ લાખ યોજન છે તો તેની ગોળાઈ—કર્વેચર નહીં જેવો છે.

પ્રશ્ન :— સ્વર્ગના વિમાનની રચના ગોળાકાર છે કે કેવી છે?

ઉત્તર :— વિમાન ગોળાકાર છે, બાકી ત્યાંના નગરોની રચના જેવી રીતે વર્ણન જોવા મળે છે તેવી છે.

પ્રશ્ન :— સ્વર્ગના વિમાનમાં વનસ્પતિકાયિક જીવ છે કે નથી? સાંભળ્યું છે કે ત્યાં સ્થાવર જીવ નથી હોતા.

ઉત્તર :— ક્યાં સાંભળ્યું છે તમે? કોણે કહ્યું કે સ્થાવર જીવ નથી હોતા. સ્થાવર જીવ તો સંપૂર્ણ લોકાકાશમાં છે અને જ્યાં પૃથ્વી હોય છે ત્યાં તો બધા બાદર એકેન્દ્રિય જોવા મળે છે.

અહીં ઘણા પ્રશ્ન આવ્યા છે—દેવોની કઈ ભાષા હોય છે? વ્યંતર દેવ કઈ ગતિના જીવોને પરેશાન કરે છે. દેવ વિમાનમાં ક્યાં-ક્યાં ગમન કરે છે?

ઉત્તર :— દેવ વિમાનોમાં રહે છે, તેઓ વિક્રિયા કરીને અન્યત્ર ગમન કરે છે, વિમાન લઈને ફરતા નથી. આપણા હવાઈજહાજ જેવા તેમના વિમાન નથી હોતા. મધ્યલોકના અસંખ્યાત દ્વીપ-સમુદ્રમાં ક્યાંય પણ જઈ શકે છે. સહસ્રાર સ્વર્ગ સુધીના દેવ નીચે ત્રીજી નરક સુધી જઈ શકે છે–જાય પણ છે. દેવોના વાહનોને પણ વિમાન કહે છે.

ભાષા ગિર્વાણભારતી આમ કહે છે, પરંતુ મને ખબર નથી.

પ્રશ્ન :— મિથ્યાદૃષ્ટિ જીવ ક્યાં સુધીના ઇન્દ્ર થઈ શકે છે?


ઉત્તર :— તે તો નવમી ગ્રૈવેયક સુધીનો અહમિન્દ્ર થઈ શકે છે.

હવે કાંઈક તો જાણવા માટે બાકી રાખી દ્યો! જ્યારે આપણે દેવમાં જશું તો અહીંના પ્રશ્ન ત્યાં અવધિજ્ઞાનથી જાણીને પછી તેના ઉત્તર શોધશું. તમારે દેવલોક છોડવું છે કે નહીં? ચારેય ગતિમાં ક્યાંય પણ સુખ નથી તો ઊર્ધ્વલોક છોડીને હવે મધ્યલોક અર્થાત્ તિર્યક્‌લોકમાં ચાલશું અર્થાત્ તેની ચર્ચા કરીશું.

તિર્યક્ અર્થાત્ આડો. લોકના મધ્યમાં સ્થિત હોવાથી તેને મધ્યલોક પણ કહે છે. મેરુતળથી લઈને સુદર્શનમેરુની એક લાખ ૪૦ યોજન પ્રમાણ ઊંચાઈ સુધી આ મધ્યલોકની ઊંચાઈ છે તથા તેની પહોળાઈ અને લંબાઈ ૧ રાજૂ અને ૭ રાજૂ છે. પહેલી પૃથ્વી પૂર્વ-પશ્ચિમ ૧ રાજૂ અને દક્ષિણોત્તર ૭ રાજૂ છે, આ જ મધ્યલોકની

પહોળાઈ અને લંબાઈ છે. મેરુતળ પૃથ્વીમાં એક હજાર યોજન ઊંડો છે, ત્યાંથી મેરુની ઊંચાઈ ગણાય છે.

તેની વચ્ચોવચ્ચ ૧ રાજૂ × ૧ રાજૂ પહોળાઈવાળી ચોકોર ત્રસનાડી છે કે જેમાં અસંખ્યાત દ્વીપ સમુદ્ર જોવા મળે છે. તેની બહાર તો માત્ર ભૂમિ છે. હવે ૧ રાજૂ × ૧ રાજૂ ચોરસમાં ૧ રાજૂ વ્યાસવાળો ગોળ કાઢવો—જુઓ ચાર્ટ નંબર ૩. ગોળની બહાર ચારે ખૂણાઓમાં ભૂમિ છે તેને ચતુષ્કોણ ભૂમિ કહે છે. તે ગોળમાં એકની અંદર એક એવા અસંખ્યાત દ્વીપ-સમુદ્ર ગોળાકારમાં છે. સૌથી મધ્યમાં-સેન્ટરમાં જંબૂદ્વીપ નામનો ૧ લાખ યોજન વ્યાસવાળો ગોળાકાર દ્વીપ છે. તેની ચારે તરફ—બધી બાજુથી ગોળાકારમાં ફેલાયેલો લવણસમુદ્ર છે કે જેનો વિસ્તાર અર્થાત્ પહોળાઈ બે લાખ યોજન છે અર્થાત્ તે કંકણાકૃતિ ફેલાયેલો છે, જંબૂદ્વીપને ઘેરેલો છે. જંબૂદ્વીપની બહારની સીમા તેનો અંદરનો કિનારો છે તથા તેનું બહારનો કિનારો આગળના ઘાતકીખંડને સ્પર્શે છે.




તેને સારી રીતે સમજવા માટે જંબૂદ્વીપના મધ્યબિંદુથી અર્થાત્ મેરુ મધ્યથી ૫૦ હજાર યોજન ત્રિજ્યા અર્થાત્ રેડિયસવાળો ગોળ કાઢીએ તો તે જંબૂદ્વીપનો વિસ્તાર થયો કે જે ૧ લાખ યોજન વ્યાસ અર્થાત્ ડાયામિટરનો થયો. તે મધ્યબિંદુથી તે ત્રિજ્યામાં ૨ લાખ વધારીને ગોળ બનાવીશું તો લવણસમુદ્રનો બહારનો કિનારો જે ગોળાકાર છે તે આવશે, તેનો એક દિશામાં વિસ્તાર ૨ લાખ યોજન છે.

લવણસમુદ્રનો ઈનર ડાયામિટર ૧ લાખ યોજન (અંદરના કિનારા ગોળાકાર હોવાથી તેમના એકબીજાની સામેનો વ્યાસ) અને લવણસમુદ્રના બહારના કિનારાનો વ્યાસ ૫ લાખ યોજન થાય છે. હમણાં જ આપણે ૫૦ હજાર યોજનમાં આગળના ૨ લાખ યોજન ભેગા કરીને અઢી લાખ યોજનની ત્રિજ્યાની સાથે ગોળ બનાવ્યું હતું અને ત્રિજ્યાથી બમણો વ્યાસ હોય છે. ચાર્ટ જોઈને તે સારી રીતે સમજી શકો છે. આ બહારની સીમાના વ્યાસને તે સમુદ્રની સૂચી કહે છે.

લવણસમુદ્રનો એક દિશામાં વિસ્તાર ૨ લાખ યોજન છે, તેની આગળ તેને ઘેરીને આગળનો ધાતકીખંડ નામનો દ્વીપ ૪ લાખ યોજન વિસ્તારવાળો છે. પહેલાં ૨.૫ લાખ ત્રિજ્યામાં આ ૪ લાખ ભેગા કરતા સાડા છ લાખ યોજન ત્રિજ્યાવાળો અર્થાત્ તેર લાખ યોજન બહારના વ્યાસવાળો ધાતકીખંડ દ્વીપ છે.

મધ્યથી જો જોઈશું તો જંબૂદ્વીપનો એક તરફનો વિસ્તાર પચાસ હજાર યોજન, તેનાથી દોઢ લાખ યોજન વધારે લવણસમુદ્રનો વિસ્તાર બે લાખ યોજન છે, બંનેને ભેગા કરતાં અઢી લાખ યોજન થાય છે. તેમાં દોઢ લાખ યોજન ભેગા કરતાં ચાર લાખ યોજન એકલા ધાતકીખંડનો વિસ્તાર છે. મધ્યથી જંબૂદ્વીપ, લવણસમુદ્ર, ધાતકીખંડ ભેગા કરીને સાડા છ લાખ યોજન થાય છે, તેમાં દોઢ લાખ યોજન ભેગા કરતાં આગળનો એકલો કાલોદધિ સમુદ્રમાં એક દિશામાં વિસ્તાર આઠ લાખ યોજન થાય છે.

એક જંબૂદ્વીપ જ અખંડ ગોળ છે, તેની આગળ એક સમુદ્ર, એક દ્વીપ, એક સમુદ્ર, એક દ્વીપ એ રીતે ક્રમથી બમણા-બમણા વિસ્તારવાળા એકને ઘેરીને બીજો, બીજાને ઘેરીને ત્રીજો આ રીતે અંતિમ સ્વયંભૂરમણ સમુદ્ર સુધી અંસખ્યાત દ્વીપ અને તેટલા જ સમુદ્ર છે.

કોઈપણ દ્વીપ અથવા સમુદ્રનો વિસ્તાર કાઢવો હોય તો તેની અંદરના બધા દ્વીપ અને સમુદ્રના વિસ્તારને ભેગા કરીને તેમાં દોઢ લાખ ભેગા કરીએ તો તે વિવક્ષિત દ્વીપ અથવા સમુદ્રનો એક દિશામાં વિસ્તાર નિકળશે. જેવી રીતે હમણાં આપણે ચાર નંબરનો કાલોદધિ સમુદ્ર જોયો, તેનો વિસ્તાર આઠ લાખ યોજન જોયો અને મધ્યથી ત્યાં સુધી તેના બાહરી તટનો વિસ્તાર સાડા ચૌદ લાખ યોજન જોયો—ફરીવાર જુઓ—મધ્યથી એક દિશામાં જંબૂદ્વીપનો વિસ્તાર પચાસ હજાર યોજન અર્થાત્ અડધો લાખ યોજન, લવણસમુદ્રના બે લાખ યોજન, ધાતકીખંડના ચાર લાખ યોજન અને કાલોદધિ સમુદ્રના આઠ લાખ યોજન થાય છે. બધાનો સરવાળો સાડા ચૌદ લાખ યોજન થાય છે, તેમાંથી બહારના કાલોદધિ સમુદ્રને દોઢ લાખ યોજન વધારે આપવાના છે, તેથી એટલા કાઢીને વધેલાના બે ભાગ કરવાના, એક ભાગમાં અંદરના બધા દ્વીપ અને સમુદ્ર અને બીજા ભાગમાં દોઢ લાખ યોજન ભેગા કરતાં બાહરી કાલોદધિ સમુદ્રનો વિસ્તાર થાય છે. અહીં કાલોદધિ સમુદ્રની બાહરી ત્રિજ્યા સાડા ચૌદ લાખ યોજન, તેમાંથી દોઢ લાખ યોજન ઓછા કરતા તેર લાખ યોજન થયા તેના અડધા કરતા સાડા છ લાખ યોજનમાં અંદરના ત્રણેયનો મેળવીને વિસ્તાર થયો અને સાડા છ યોજનમાં દોઢ ભેગા કરતાં આઠ લાખ

યોજન એકલા ચોથાનો અર્થાત્ કાલોદધિનો વિસ્તાર થયો.

હવે આપણે સૌથી બહારમાં સ્થિત સ્વયંભૂરમણ સમુદ્રના વિસ્તારને જોઈશું. મધ્યલોકમાં ત્રસનાડી ૧ રાજૂ × ૧ રાજૂ વિસ્તારવાળી ચોકોર છે તેમાં તેટલા જ વ્યાસવાળો ગોળ સ્વયંભૂરમણ સમુદ્રનો બહારનો ગોળ છે અર્થાત્ મધ્યથી એક દિશામાં અડધો રાજૂ છે કે જેમાં બધા જ અસંખ્યાત-દ્વીપ સમુદ્ર આવી જાય છે. તે અડધા રાજૂમાંથી દોઢ લાખ યોજન ઓછા કરીને તેના બે સમાન ભાગ કરવા કે જે એક રાજૂના ચોથા ભાગથી થોડુ ઓછું થશે–એક ચોથાઈ રાજૂ થશે; અર્થાત્ લગભગ એક ચોથાઈ રાજૂ સુધી અંદરના અસંખ્યાત દ્વીપ સમુદ્ર છે અને સમાન ભાગમાં દોઢ લાખ યોજન ભેગા કરતાં તેટલો એકલા સ્વયંભૂરમણ સમુદ્રનો વિસ્તાર છે. આ સંપૂર્ણ ગોળાકાર છે–બધી જ દિશાઓમાં આટલા જ વિસ્તારવાળો કંકણાકૃતિ ફેલાયેલો છે.

હવે આ દોઢ લાખ યોજનને ગૌણ કરીને પણ જોઈએ તો એક તરફ $\frac{૧}{૪}$ અને બીજી તરફ $\frac{૧}{૪}$ ભેગા કરીને $\frac{૧}{૨}$ રાજૂ તો સ્વયંભૂરમણ સમુદ્રનો વિસ્તાર છે. એક દિશામાં બહારથી મધ્ય તરફ વિચાર કરીએ તો સમુદ્રથી અંદરના દ્વીપ અડધા વિસ્તારવાળા અર્થાત્ સ્વયંભૂરમણ દ્વીપનો વિસ્તાર એક દિશામાં $\frac{૧}{૮}$ રાજૂ છે. તેની અંદરનો સમુદ્ર તેનાથી પણ અડધા વિસ્તારવાળો છે. આપણે ઘણીવાર પ્રવચનમાં સાંભળ્યું છે કે સ્વયંભૂરમણમાં અસંખ્યાત મહામત્સ્ય સમ્યગ્દષ્ટિ પાંચમા ગુણસ્થાનવર્તી છે, ત્યાં આવી મોટી-મોટી અવગાહનાવાળા મગરમચ્છ જોવા મળે છે.

પ્રશ્ન :— સાંભળ્યું છે કે ત્યાં સમુદ્રના તળમાં રત્ન હોય છે?

ઉત્તર :— હાં, એ તો યાદ રહે છે, તેની મહિમા આવે છે પરંતુ સમ્યગ્દષ્ટિની મહિમા આવતી નથી, છે ને?

આની વિસ્તારથી ચર્ચા કાલે કરીશું.

બોલો, વિદેહક્ષેત્રમાં બિરાજમાન દસમા તીર્થંકર શ્રી વિશાલકીર્તિ ભગવાનનો જય હો!

# ૧૧. મધ્યલોક : દ્વીપ-સમુદ્ર

શ્રીમદ્ નેમિચંદ્રાચાર્ય વિરચિત ત્રિલોકસાર ગ્રંથના આધારે આપણે ત્રણ લોકની રચનાના સંબંધમાં થોડી જાણકારી લઈ રહ્યા છીએ. અધોલોક, ઊર્ધ્વલોકની રચના જોયા પછી હવે આપણે તિર્યક્લોક અર્થાત્ મધ્યલોકની રચના જોઈ રહ્યા છીએ. તિર્યક્લોકનો અર્થ તિર્યંચલોક ન સમજતા કારણ કે તિર્યંચ તો સંપૂર્ણ લોકમાં રહે છે. સ્થાવર જે એકેન્દ્રિય જીવ છે તે સંપૂર્ણ લોકમાં ઠસાઠસ ભરેલા છે. તિર્યક્નો અર્થ છે આડું, તે ચોકોર પ્રતરરૂપ ફેલાયેલો છે, તેના બે બાજુઓ–સાઈડ્સ ૧ રાજૂ અને ૭ રાજૂના છે તથા તેની ઊંચાઈ એક લાખ ચાલીસ યોજનની છે.

પ્રથમ પૃથ્વીના ખરભાગમાં ૧૬૦૦૦ યોજનમાં સોળ પૃથ્વીઓ છે તેમાં પ્રત્યેક પૃથ્વી એક હજાર યોજન મોટી છે. સૌથી ઉપર ચિત્રા પૃથ્વી ૧૦૦૦ યોજન મોટી છે, ત્યાં સુધી મેરુનો પાયો છે અને જમીનની ઉપર ૯૯૦૪૦ યોજન છે. મેરુના તળથી તેની ચૂલિકા સુધી આ મધ્યલોકની ઊંચાઈ છે.

વચ્ચોવચ્ચ જે ત્રસનાડી છે તે ૧ રાજૂ × ૧ રાજૂ વિસ્તારવાળી ચોકોર છે, તેમાં અસંખ્યાત દ્વીપ અને સમુદ્ર એકબીજાને વલયાકૃતિમાં ઘેરેલા છે, તે અસંખ્યાત કેટલા છે? તે કહે છે—૨૫ કોડાકોડી ઉદ્ધારપલ્ય પ્રમાણ છે.

પહેલાં આપણે પલ્યનું પ્રમાણ જોયું હતું, તે ખાડો કરીને રોમખંડથી ભર્યો હતો ને! અને પ્રત્યેક સો વર્ષમાં એક રોમખંડ કાઢ્યો હતો, જ્યારે ખાડો ખાલી થઈ જશે ત્યારે એક વ્યવહારપલ્ય થાય છે. તમે જરા કલ્પના કરજો. એક આવલીમાં અસંખ્યાત (જઘન્ય યુક્તાસંખ્યાત) સમય હોય છે એવી સંખ્યાત કોડાકોડી આવલી એક સેકંડમાં હોય છે. કરોડ ગુણ્યા કરોડને કોડાકોડી કહે છે. ૧ કરોડમાં એકની ઉપર સાત શૂન્ય હોય છે, કોડાકોડીમાં એકની ઉપર ૧૪ શૂન્ય હોય છે. એક સેકંડમાં આટલા સમય તો એક કલાકમાં કેટલા? એક વર્ષમાં કેટલા? સો વર્ષમાં કેટલા હશે? આટલા સમય જતા એક રોમખંડ કાઢવો. આ તો વ્યવહારપલ્ય થયો. તેને અસંખ્યાત કરોડ વર્ષોના સમયોથી ગુણા કરતા ઉદ્ધારપલ્યના રોમખંડોની સંખ્યા આવે છે. એવો એક ઉદ્ધારપલ્ય, બે ઉદ્ધારપલ્ય, કરોડ ઉદ્ધારપલ્ય, કોડાકોડી

ઉદ્ધારપલ્ય, પચીસ કોડાકોડી ઉદ્ધારપલ્યના જેટલા સમય થાય છે તેટલા અસંખ્યાત દ્વીપ સમુદ્ર આ મધ્યલોકમાં છે, તે પણ બમણા-બમણા વિસ્તારવાળા છે. તો હવે એક રાજૂ કેટલો મોટો હશે તેનો અંદાજ આવ્યો હશે!

તેમાંથી અડધા તો દ્વીપ છે અને અડધા સમુદ્ર છે અર્થાત્ બંનેની સંખ્યા સમાન છે. આ અસંખ્યાત સમુદ્રોમાંથી કર્મભૂમિ સંબંધી ત્રણ સમુદ્ર છે—લવણસમુદ્ર, કાલોદધિસમુદ્ર અને સ્વયંભૂરમણસમુદ્ર. સમુદ્રોમાંથી પહેલો લવણસમુદ્ર છે, બીજો કાલોદધિસમુદ્ર છે અને અંતિમ સ્વયંભૂરમણસમુદ્ર છે. તેમાં જ જળચર જીવ જોવા મળે છે, અન્ય સમુદ્રોમાં નહીં. જળચર કહ્યું છે, જલકાયિક નહીં. જળચર અર્થાત્ પાણીમાં રહેવાવાળા મત્સ્ય, સાંપ, કાચબા આદિ.

આ સમુદ્રોના જળનો સ્વાદ નીચે પ્રમાણેનો છે—

| | | |
|---|---|---|
| લવણસમુદ્ર | – | લવણ સમાન ખારો સ્વાદ |
| કાલોદધિસમુદ્ર | – | પાણી સમાન સ્વાદ |
| પુષ્કરવરસમુદ્ર | – | પાણી સમાન સ્વાદ |
| વારુણીવરસમુદ્ર | – | મદિરાસમાન સ્વાદ |
| ક્ષીરવરસમુદ્ર | – | દૂધ સમાન સ્વાદ |
| ઘૃતવરસમુદ્ર | – | ઘી સમાન સ્વાદ |

આને છોડીને અન્ય સમુદ્રોનો સ્વાદ ઈક્ષુરસ સમાન છે.

મધ્યલોકના સમુદ્ર અને દ્વીપોને બહારથી અંદરની તરફ માપતા પહેલો સ્વયંભૂરમણ સમુદ્ર જે એક તરફ લગભગ $\frac{૧}{૪}$ રાજૂ છે, તેની અંદરની તરફ લગભગ $\frac{૧}{૮}$ રાજૂ પ્રમાણ વિસ્તારવાળો સ્વયંભૂરમણ દ્વીપ છે.

તમે ચાર્ટ નં. ૩ જોશો. બહાર જે બ્લ્યુ રંગમાં છે તે સ્વયંભૂરમણ સમુદ્ર દેખાડ્યો છે, તેની અંદર તેના અડધા પ્રમાણ જેટલો સ્વયંભૂરમણ દ્વીપ છે. તમે પૂછશો કે તેને બે રંગમાં કેમ દેખાડયો છે? તથા એ બે રંગોની વચ્ચે ગોળાકાર આડીઅવળી

રેખા શું છે?

સ્વયંભૂરમણ દ્વીપની વચ્ચોવચ્ચ વૃત્તાકાર—કંકણાકૃતિ ગોળ પર્વત છે કે જેનું નામ સ્વયંપ્રભ પર્વત છે. આ પર્વતના કારણે તે દ્વીપના બે ભાગ થાય છે—એક અંતરવર્તી ભાગ, એક પરવર્તી—બહારનો ભાગ કે જે સ્વયંભૂરમણ સમુદ્ર તરફનો ભાગ છે. અંદરના ભાગમાં અન્ય દ્વીપ સમાન તિર્યંચોની જઘન્ય ભોગભૂમિ છે અને બહારના ભાગમાં તિર્યંચોની કર્મભૂમિ છે. સ્વયંભૂરમણ સમુદ્રમાં પણ તિર્યંચોની કર્મભૂમિ છે. તેમાં મોટી-મોટી અવગાહનાવાળા જીવ જોવા મળે છે. આ સમુદ્રમાં પણ મોટી અવગાહનાવાળા અસંખ્યાત મહામત્સ્ય જોવા મળે છે. સૌથી મોટી અવગાહના કેટલી છે તે ખબર છે? સાડા બાર કરોડ ઘનયોજન અર્થાત્ એક-એક મહામત્સ્ય ૧૦૦૦ યોજન લાંબો, ૫૦૦ યોજન પહોળો અને ૨૫૦ યોજન ઊંચો છે. તેમાંથી તો અસંખ્યાત સમ્મૂર્ચ્છન મહામત્સ્ય સમ્યગ્દષ્ટિ છે—પંચમગુણસ્થાનવર્તી પણ છે. શાસ્ત્રોમાં કહ્યું છે કે ત્યાં પંચમ કાળ વર્તે છે. ત્યાંના કેટલાય મત્સ્ય મરીને સાતમી નરકમાં પણ જાય છે. સ્વયંભૂરમણ સમુદ્ર ગોળ છે અને ત્રસનાડી ચોકોર છે. સમુદ્રની બહાર ચારે ખૂણામાં ચતુષ્કોણ ભૂમિ છે, ત્યાં પણ પંચમ કાળ છે, ત્યાં પણ પંચેન્દ્રિય તિર્યંચ જોવા મળે છે. કર્મભૂમિ હોવાથી ત્યાં દ્વીન્દ્રિય, ત્રીન્દ્રિય, ચતુરિન્દ્રિય જીવ પણ જોવા મળે છે.

અહીં સ્વયંપ્રભ પર્વતની બહારની તરફ જીવોની ઉત્કૃષ્ટ અવગાહના નીચે પ્રકારે છે—

| જાતિ | નામ | લંબાઈ | ક્ષેત્રફળ |
|---|---|---|---|
| એકેન્દ્રિય | કમળ | સાધિક ૧૦૦૦ યોજન | ૭૫૦ ઘનયોજન |
| દ્વીન્દ્રિય | શંખ | ૧૨ યોજન | ૩૬૫ ઘનયોજન |
| ત્રીન્દ્રિય | રક્તબિચ્છુ | $\frac{૩}{૪}$ યોજન | $\frac{૨૭}{૮૧૯૨}$ ઘનયોજન |
| ચતુરિન્દ્રિય | ભ્રમર | ૧ યોજન | $\frac{૩}{૮}$ ઘનયોજન |
| પંચેન્દ્રિય | મત્સ્ય | ૧૦૦૦ યોજન | ૧૨૫૦૦૦૦૦૦ ઘનયોજન |

આ અસંખ્યાત દ્વીપ-સમુદ્રના અસંખ્યાતનો અહેસાસ થઈ જાય અને એટલીવાર એક લાખ યોજનને બમણા-બમણા કરતા જઈએ તો અંતિમ સમુદ્ર $\frac{૧}{૪}$ રાજૂ પ્રમાણ હોય છે. આ વાત ખ્યાલમાં આવતા મધ્યલોકની વિશાળતા ખ્યાલમાં આવશે ત્યારે ખબર પડશે કે ત્રણ લોક શું છે! તેમ છતાં તેને એક લોક જેટલું અસંખ્યાત કહે છે તો કેવળજ્ઞાનનો વિષય અનંત કેટલો મોટો હશે! અહો! આપણે માત્ર એક પૈસાથી શરૂ કરશુ; પહેલે દિવસ એક પૈસો, બીજે દિવસે બે પૈસા, ત્રીજે દિવસે ચાર પૈસા આ ક્રમ માની લઈએ તો બત્રીસમાં દિવસે આપણને ૩૧વાર બમણા એટલા પૈસા મળશે. જુઓ, બે વાર બમણા કરશું તો ૨ × ૨ = ૪ થાય છે, ચાર વાર બમણા કરશું તો ૧૬ થાય છે, આઠ વાર બમણા કરશું તો ૨૫૬ આવે છે, સોળ વાર બમણા કરશું તો ૬૫૫૩૬ આવે છે, બત્રીસ વાર બમણા કરશું તો બાદાલ અર્થાત્ ૪૨૯૪૯૬૭૨૯૬ પૈસા અર્થાત્ ૪૨૯૪૯૬૭૨.૯૬ રૂપિયા મળશે. એકત્રીસ વાર બમણા કરશું તો તેનાથી અડધા અર્થાત્ ૨૧૪૭૪૮૩૬.૪૮ રૂપિયા મળશે. એ તો એકત્રીસમા દિવસની વાત છે, પરંતુ બધા મળીને ૪૨૯૪૯૬૭૨.૯૫ રૂપિયા મળશે. અહીં તો એક લાખથી શરૂ કરીને અસંખ્યાત (૨૫ કોડાકોડી ઉદ્ધારપલ્યપ્રમાણ) વાર બમણા-બમણા કરવાના છે.

આ અસંખ્યાત દ્વીપ-સમુદ્રોમાંથી માત્ર અઢી દ્વીપ તથા તેમાં અંતર્ભૂત બે સમુદ્ર મળીને ૪૫ લાખ યોજન પ્રમાણ વ્યાસવાળો ગોળાકાર મનુષ્યક્ષેત્ર છે. વચ્ચે જમ્બૂદ્વીપ એક લાખ યોજન, તેની બહાર બન્ને તરફ બે-બે લાખ યોજનવાળો લવણસમુદ્ર, તેની બહાર બંને તરફ ચાર-ચાર લાખ યોજનવાળો ધાતકીખંડ દ્વીપ, તેની બહાર આઠ-આઠ લાખ યોજન વિસ્તારવાળો કાલોદધિ સમુદ્ર અને તેની બહાર બંને તરફ અડધો-અડધો પુષ્કરદ્વીપ કે જે આઠ-આઠ લાખ યોજનવાળો છે. આ રીતે ૧ + ૨ + ૨ + ૪ + ૪ + ૮ + ૮ + ૮ + ૮ =૪૫ લાખ યોજન મનુષ્યક્ષેત્ર છે. મનુષ્ય આ ક્ષેત્રમાં જ જોવા મળે છે. તેનાથી બહાર નહીં. દેવ પણ મનુષ્યોને લઈ તેનાથી બહાર જઈ શકતા નથી. હાં, માત્ર સમુદ્ઘાત અવસ્થામાં જીવના પ્રદેશ બહાર ફેલાશે તેની વાત અહીંયા નથી.

મનુષ્યક્ષેત્રની મર્યાદા માનુષોત્તર પર્વત સુધી છે કે જે પુષ્કર દ્વીપના મધ્યમાં સ્થિત છે. માનુષોત્તર પર્વતથી લઈને સ્વયંપ્રભ પર્વતની વચ્ચે જે અસંખ્યાત દ્વીપ છે

ત્યાં તિર્યંચોની જઘન્ય ભોગભૂમિ છે અને વચ્ચે અસંખ્યાત સમુદ્ર છે તેમાં કોઈ જળચર જીવ જોવા મળતા નથી. ત્યાં મનુષ્ય જઈ શકતા નથી. દેવો તો સર્વત્ર—સર્વ અસંખ્યાત દ્વીપ-સમુદ્રોમાં જઈ શકે છે.

પ્રશ્ન :— તો પછી આપણે ત્યાં શું કામ નથી આવતા?

ઉત્તર :— તેઓ પાપી લોકોને મળવા થોડા આવશે! જ્યારે અહીં તીર્થંકર બિરાજમાન રહે છે ત્યારે તેઓ આવે છે.

પ્રશ્ન :— ભોગભૂમિને જઘન્ય કેમ કહી?

ઉત્તર :— ત્રણ પ્રકારની ભોગભૂમિ હોય છે—ઉત્તમ ભોગભૂમિ, મધ્યમ ભોગભૂમિ અને જઘન્ય ભોગભૂમિ. અઢી દ્વીપ અર્થાત્ મનુષ્યલોકમાં તો ત્રણેય ભોગભૂમિ હોય છે, ક્યા હોય છે તે આપણે પછી જોઈશું. ત્યાં તિર્યંચ અને મનુષ્ય બંને રહે છે. અઢી દ્વીપમાં પણ સર્વત્ર મનુષ્ય અને તિર્યંચ રહે છે. મનુષ્યલોક કહેવાથી અહીં માત્ર મનુષ્ય રહેતા હશે એમ નથી, અહીં તિર્યંચ પણ રહે છે, જ્યોતિષી તથા વ્યંતર દેવો પણ રહે છે. તિર્યંચોને રહેવાનું ઠેકાણું તો સર્વ લોક છે.

પ્રશ્ન :— શું પશુ-પક્ષી સર્વ લોકમાં રહે છે?

ઉત્તર :— પશુ-પક્ષી તો પંચેન્દ્રિય છે, તેઓ કર્મભૂમિ તથા ભોગભૂમિમાં રહે છે. વિકલેન્દ્રિય—દ્વીન્દ્રિય, ત્રીન્દ્રિય, ચતુરિન્દ્રિય જીવ માત્ર કર્મભૂમિમાં હોય છે. એકેન્દ્રિય પણ તિર્યંચ જ છે, તે તો પૂરા લોકમાં સર્વત્ર જોવા મળે છે. તિર્યંચ તો સર્વ લોકમાં રહે છે.

પ્રશ્ન :— ત્યાંનું આયુષ્ય કેટલું છે?

ઉત્તર :— ત્યાંનું અર્થાત્ ક્યાનું? અસંખ્યાત દ્વીપ-સમુદ્રોમાં જ્યાં તિર્યંચોની જઘન્ય ભોગભૂમિ છે ત્યાંનું ઉત્કૃષ્ટ આયુષ્ય એક પલ્ય પ્રમાણ છે અને જઘન્ય આયુષ્ય એક કરોડ પૂર્વ વર્ષ અધિક એક સમય છે. કર્મભૂમિના મનુષ્ય અને પંચેન્દ્રિય તિર્યંચોનું ઉત્કૃષ્ટ આયુષ્ય એક કરોડ પૂર્વ હોય છે. પૂર્વ શું છે તે યાદ છે? સિત્તેર લાખ છપ્પન હજાર કરોડ વર્ષનું એક પૂર્વ થાય છે; આવા બે પૂર્વ, દશ પૂર્વ, લાખ પૂર્વ, એક કરોડ પૂર્વ. કર્મભૂમિના મનુષ્ય, સંજ્ઞી તથા અસંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચ આ બધાનું આટલું ઉત્કૃષ્ટ

આયુષ્ય હોઈ શકે છે. કર્મભૂમિમાં જઘન્ય આયુષ્ય પર્યાપ્ત જીવોનું એક અંતર્મુહૂર્ત અને લબ્ધિઅપર્યાપ્તોનું ક્ષુદ્રભવ પ્રમાણ અર્થાત્ એક શ્વાસના અઢારમા ભાગ પ્રમાણ હોય છે.

પ્રશ્ન :— સ્વયંભૂરમણ સમુદ્રમાં સમ્યગ્દષ્ટિ છે, તો ક્યા સમ્યક્ત્વ સહિત તેઓ હશે? ત્યાં તેમને કોણ ઉપદેશ આપતું હશે? ત્યાં તેઓ શું ખાતા હશે?

ઉત્તર :— ત્યાં ગર્ભજ જીવોમાં પ્રથમોપશમ સમ્યક્ત્વ પણ હોઈ શકે છે અને ક્ષયોપશમ–વેદક સમ્યક્ત્વ પણ હોઈ શકે છે. બધા સમ્મૂર્ચ્છન પંચેન્દ્રિયને વેદક સમ્યક્ત્વ જ હોય છે કારણ કે તેમનામાં પ્રથમોપશમ સમ્યક્ત્વ પ્રાપ્ત થઈ શકતું નથી. દેશનાલબ્ધિની મુખ્યતા તો પ્રથમોપશમ સમ્યક્ત્વમાં હોય છે અને તેમાં પણ પૂર્વભવની દેશનાનું નિમિત્ત બની શકે છે. જાતિસ્મરણ પણ એક કારણ હોય છે. વેદક સમ્યક્ત્વ તો સાદિ મિથ્યાદૃષ્ટિ જીવોમાં થાય છે. તમે પૂછ્યું કે શું ખાતા હશે? માછલી તો નહીં જ ખાય, સમુદ્રમાં પણ વનસ્પતિ તો થાય જ છે ને! ત્યાં પણ તેમને યોગ્ય આહાર લેશે.

હવે આપણે અન્ય પ્રશ્નોને ગૌણ કરીને ભૌગોલિક ચર્ચા આગળ વધારીએ છીએ. અહીં આપણે હવે અઢી દ્વીપની રચનાને સમજશું. તેના માટે ચાર્ટ નં. ૪ જુઓ. અહીં બ્લ્યુ રંગમાં બે સમુદ્ર દેખાડ્યા છે—લવણસમુદ્ર અને કાલોદક સમુદ્ર. કાલોદધિને કાલોદક પણ કહે છે. લવણસમુદ્રની વચ્ચે અત્યંત નાનો ગોળ જમ્બૂદ્વીપ છે. તથા બે સમુદ્રોની વચ્ચે ધાતકીખંડ દ્વીપ છે. કાલોદધિ સમુદ્રની બહાર સંપૂર્ણ પુષ્કરવર દ્વીપ છે કે જેની વચ્ચોવચ્ચ માનુષોત્તર પર્વત કંકણાકૃતિ છે. કાલોદધિ સમુદ્રથી માનુષોત્તર પર્વત સુધી અર્ધ પુષ્કર દ્વીપ છે કે જેને પુષ્કરાર્ધ પણ કહે છે. તેની બહાર દ્વીપમાં કોઈ રચના દેખાડી નથી. અહીં જમ્બૂદ્વીપનો આકાર અત્યંત નાનો હોવાથી તેમાં પણ કોઈ રચના દેખાડવાનો અવસર રહ્યો નથી. તેની વિસ્તારથી ચર્ચા આપણે જમ્બૂદ્વીપની રચનામાં કરશું. અહીં તો સાચા અનુપાતમાં ચિત્ર બનાવ્યા છે.

જમ્બૂદ્વીપ તો એક અખંડ ગોળાકાર છે. ધાતકીખંડ દ્વીપના બે ભાગ થયા છે—પૂર્વ ધાતકી અને પશ્ચિમ ધાતકી; તથા આ બે ભાગોને વિભાજિત કરવાવાળા પર્વતોના નામ છે ઈષ્વાકાર પર્વત. તમે ચાર્ટમાં જુઓ, લવણસમુદ્રની ઉત્તરમાં એક અને દક્ષિણમાં એક ઈષ્વાકાર પર્વત છે કે જે કાલોદધિ સમુદ્ર સુધી ફેલાયેલા છે. તેવી જ રીતે પુષ્કરાર્ધમાં પણ બે ઈષ્વાકાર પર્વત છે; તે કાલોદધિ સમુદ્રથી માનુષોત્તર પર્વત સુધી

ફેલાયેલા છે. તેના કારણે પૂર્વ પુષ્કરાર્ધ અને પશ્ચિમ પુષ્કરાર્ધ એવા બે વિભાગ થયા છે.

હવે અહીં ક્રમથી આવા વિભાગ થયા છે—(૧) જમ્બૂદ્વીપ, (૨) પૂર્વ ધાતકી, (૩) પશ્ચિમ ધાતકી, (૪) પૂર્વ પુષ્કરાર્ધ, (૫) પશ્ચિમ પુષ્કરાર્ધ. પ્રત્યેકના મધ્યમાં એક-એક બિંદુ અને ગોળાકાર દેખાડ્યો છે તે ક્રમથી પાંચ મેરુ પર્વત છે કે જેના નામ તે જ ક્રમથી આ પ્રકારે છે—(૧) સુદર્શનમેરુ, (૨) વિજયમેરુ, (૩) અચલમેરુ, (૪) મંદરમેરુ અને (૫) વિદ્યુન્માલી મેરુ.

પ્રત્યેક મેરુના પૂર્વ અને પશ્ચિમમાં વિદેહક્ષેત્ર છે. પ્રત્યેક દ્વીપના (અથવા અર્ધ દ્વીપના) દક્ષિણમાં એક-એક ભરતક્ષેત્ર અને ઉત્તરમાં એક-એક ઐરાવત ક્ષેત્ર છે. અહીં ચાર્ટમાં દક્ષિણ તરફ પીળા રંગમાં દેખાડેલા ભરતક્ષેત્ર છે. ચાર તો સ્પષ્ટ દેખાય છે, જમ્બૂદ્વીપનું ભરતક્ષેત્ર પીળા બિંદુ જેવું દેખાઈ રહ્યું છે. આ તો પાંચ ભરતક્ષેત્ર છે, એવા જ પાંચ ઐરાવત ક્ષેત્ર ઉત્તર તરફ છે કે જે અહીં લાલ રંગમાં દેખાડ્યા છે.

પ્રત્યેક મેરુ સંબંધી વિદેહક્ષેત્ર, ભરતક્ષેત્ર, ઐરાવતક્ષેત્ર તથા અન્ય ભોગભૂમિ અને પર્વત આદિની રચના કેવી છે તે વાતો આપણે જમ્બૂદ્વીપની રચના જોઈને નિશ્ચિત કરીશું અને પછી જમ્બૂદ્વીપથી અન્ય દ્વીપ સંબંધી શું અંતર છે–શું વિશેષતા છે અર્થાત્ શું ડિફરન્સ છે તે વાત કરશું. હવે આપણો સમય પૂર્ણ થયો, બાકી ચર્ચા પછી કરીશું.


બોલો, વિદેહક્ષેત્રમાં બિરાજમાન અગિયારમા તીર્થંકર શ્રી વજ્રધર ભગવાનનો જય હો.

# ૧૨. જમ્બૂદ્વીપ

શ્રીમદ્ નેમિચંદ્ર આચાર્યરચિત જે ત્રિલોકસાર છે તેના આધારે ત્રણ લોકની રચના આપણે વિચારી રહ્યા છીએ. મધ્યલોકમાં અઢી દ્વીપની રચના આપણે જોઈ રહ્યા હતા. તેના નામ તથા સામાન્ય કથન આપણે જોયા, પરંતુ એ દ્વીપનો વિસ્તારથી વર્ણન જોતાં આપણને સાચો અંદાજો થઈ જશે. સર્વપ્રથમ આપણે જમ્બૂદ્વીપની રચના જોઈશું. તેને આપણે ચાર્ટ નં. પાંચના આધારે સમજશું.

જમ્બૂદ્વીપ એક લાખ યોજન વ્યાસવાળો ગોળાકાર છે તે વાત આપણે અનેકવાર જોઈ છે. તેમાં છ પર્વત પૂર્વથી પશ્ચિમ સુધી આડા ફેલાયેલા છે, પૂર્વ તરફ પણ લવણસમુદ્રને સ્પર્શ કરે છે અને પશ્ચિમ તરફ પણ લવણસમુદ્રને સ્પર્શ કરે છે. આ પર્વતને કુલાચલ પર્વત કહે છે. આ ચાર્ટમાં સૌથી નીચે દક્ષિણમાં જે પીળો રંગ દેખાઈ રહ્યો છે તેની ઉપર પર્વત દેખાડ્યો છે, તેનું નામ હિમવાન પર્વત છે. તેની ઉપર ઉત્તર તરફ ક્ષેત્રને છોડીને જે બીજો પર્વત છે તેનું નામ મહાહિમવાન પર્વત છે. ત્રીજો પર્વત નિષધ પર્વત છે. તમે એક વાત સમજ્યા હશો કે આ ચાર્ટમાં બધા પર્વત સમાન નથી, કોઈ નાના છે, કોઈ મોટા છે, તેમનો પહોળાઈરૂપ વિસ્તાર પણ હીનાધિક છે.

એક લાખ યોજન વ્યાસવાળા જમ્બૂદ્વીપના દક્ષિણોત્તર વ્યાસના આપણે એકસો નેવુ ભાગ કરીશું તો તેમાં એક ભાગ પ્રમાણ તો ભરતક્ષેત્રનું બાણ છે. તેને પહેલાં સમજશું.

જમ્બૂદ્વીપ ગોળાકાર હોવાથી જ્યારે આપણે તેના આડા ભાગ કરીશું તો સૌથી દક્ષિણ તરફ ભરતક્ષેત્ર  આવું ધનુષાકાર દેખાશે. ધનુષની જે પ્રત્યંચા હોય છે કે જેના મધ્યમાં બાણ પકડીને આપણે તેને ખેંચીને છોડીએ છીએ તે પ્રત્યંચાને અહીં આપણે ભરતક્ષેત્રની જીવા કહીશું. મધ્યમાં આ ક્ષેત્ર વધારે પહોળું છે અને ગોળાકાર હોવાથી બંને તરફ પહોળાઈ ઘટતી જાય છે. જ્યાં પહોળાઈ વધારે હશે એ મધ્યભાગને ભરતક્ષેત્રનું બાણ અથવા વિષ્કંભ કહે છે કે જે એક લાખ યોજનના એકસો નેવુમા ભાગ પ્રમાણ છે. તેને આપણે એક ભાગ પ્રમાણ કહેશું.

તેના માપથી બધા ક્ષેત્ર અને પર્વતોની પહોળાઈ મધ્યભાગમાં કેટલી છે તે આપણે જોઈએ. જ્યાં ભરતક્ષેત્રને એક ભાગ પ્રમાણ કહ્યું ત્યાં હિમવાન પર્વતની પહોળાઈ- દક્ષિણોત્તર વિસ્તાર બે ભાગ પ્રમાણ છે. અહીં પૂર્વ-પશ્ચિમ વિસ્તારની વાત નથી. અહીં એક ક્ષેત્ર, એક પર્વત, એક ક્ષેત્ર, એક પર્વત પ્રત્યેક એકથી બીજો બમણા વિસ્તારવાળો હોય છે. હિમવાન પર્વતથી બમણા વિસ્તારવાળો અર્થાત્ ચાર ભાગ પ્રમાણ હૈમવતક્ષેત્ર છે. તેનાથી બમણો—આઠ ભાગ પ્રમાણ મહાહિમવાન પર્વત છે. તેનાથી બમણો—સોળ ભાગ પ્રમાણ હરિક્ષેત્ર છે, તેનાથી બમણો—બત્રીસ ભાગ પ્રમાણ નિષધ પર્વત છે.

ઉત્તરમાં પણ એવી જ રચના છે. ઐરાવતક્ષેત્ર એક ભાગ પ્રમાણ છે, શિખરી પર્વત બે ભાગ પ્રમાણ છે, હૈરણ્યવતક્ષેત્ર ચાર ભાગ પ્રમાણ છે, રુક્મી પર્વત આઠ ભાગ પ્રમાણ છે, રમ્યકક્ષેત્ર સોળ ભાગ પ્રમાણ છે. નીલ પર્વત બત્રીસ ભાગ પ્રમાણ છે. આટલા ત્રણ પર્વત અને ત્રણ ક્ષેત્ર તો બંને તરફ છે અને વચ્ચે નિષધ પર્વતથી નીલ પર્વત સુધી ચોસઠ ભાગ પ્રમાણ ક્ષેત્ર છે કે જેમાં પૂર્વ અને પશ્ચિમમાં વિદેહક્ષેત્ર સ્થિત છે. આપણે તેને જોડી દઈએ. એક તરફ ૧ + ૨ + ૪ + ૮ + ૧૬ + ૩૨ = ૬૩ ભાગ થયા, બીજી તરફ પણ ૬૩ ભાગ થયા તથા મધ્યમાં ૬૪ ભાગ થયા. બધા મળીને ૬૩ + ૬૩ + ૬૪ = ૧૯૦ ભાગ થયા. તેમાંથી એક ભાગ ભરતક્ષેત્રની પહોળાઈ (મધ્યમાં) હોય છે, તેને બાણ અથવા ઉત્સેધ કહે છે.

આપણે ૧૦૦૦૦૦ યોજનના ૧૯૦ ભાગ કર્યા. તેમાંથી એક ભાગનું પ્રમાણ કાઢવા માટે ૧ લાખને ૧૯૦ થી ભાગ દઈશું. $\frac{૧૦૦૦૦\not{૦}}{૧૯\not{૦}} = \frac{૧૦૦૦૦}{૧૯} = ૫૨૬\frac{૬}{૧૯}$ અર્થાત્ પાંચસો છવ્વીસ અને છ ભાગ્યા ઓગણીસ યોજન આ ભરતક્ષેત્રના બાણનું પ્રમાણ છે. ભરતક્ષેત્રનો ધનુષ જેવો આકાર આપણે જોયોને! હજી જીવાનું પ્રમાણ કહ્યું નથી.

આપણે પાંચ નંબરના ચાર્ટમાં જમ્બૂદ્વીપના ગોળનો ઉપરથી નીચે સુધીનો જે વ્યાસ છે તેના આપણે ૧૯૦ ભાગ કહી રહ્યા છીએ. તે લાઈન ઉપર ભરતક્ષેત્ર

૫૨૬$\frac{૬}{૧૯}$ યોજન પ્રમાણ છે, તેનાથી બમણો હિમવાન પર્વત છે, તેનાથી બમણા-બમણા આગળના ક્ષેત્ર તથા પર્વત છે. જેટલું ભરતક્ષેત્રનું બાણ છે—વિસ્તાર છે તેટલું જ ઐરાવતક્ષેત્રનું છે, જેટલો હિમવાન પર્વતનો વિસ્તાર છે તેટલો જ શિખરી પર્વતનો છે, જેટલો હૈમવતક્ષેત્ર છે તેટલો જ હૈરણ્યવતક્ષેત્ર છે, જેટલો મહાહિમવાન પર્વત છે તેટલો જ રુક્મી પર્વત છે, જેટલો હરિક્ષેત્ર છે તેટલો જ રમ્યકક્ષેત્ર છે. જેટલો નિષધ પર્વત છે તેટલો જ નીલ પર્વત છે. આ બે પર્વતોની વચ્ચે પર્વતોથી બમણું એક ક્ષેત્ર છે કે જેમાં વિદેહક્ષેત્ર તથા અન્ય રચનાઓ છે. આપણે તેને નીચેના ચાર્ટ દ્વારા સમજીશું.

| | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| પર્વત | | હિમવાન | | મહાહિમવાન | | નિષધ | | નીલ | | રુક્મી | | શિખરી | |
| ભાગ પ્રમાણ | ૧ | ૨ | ૪ | ૮ | ૧૬ | ૩૨ | ૬૪ | ૩૨ | ૧૬ | ૮ | ૪ | ૨ | ૧ |
| ક્ષેત્ર | ભરત | | હૈમવત | | હરિ | | વિદેહ | | રમ્યક | | હૈરણ્યવત | | ઐરાવત |

દક્ષિણોત્તર વ્યાસ પર આપણે આ પ્રકારે વિભાજન જોયા. જો પૂર્વ-પશ્ચિમ વ્યાસ પર જોવા હોય તો મધ્યમાં દસ હજાર યોજનનો સુદર્શનમેરુ પર્વત છે તેની બંને તરફ ભદ્રશાલવન બાવીસ હજાર યોજનના છે તથા બંને તરફ વિદેહક્ષેત્રનો વિસ્તાર ત્રેવીસ હજાર યોજનનો છે. આ રીતે ૧૦૦૦૦ + ૨૨૦૦૦ + ૨૨૦૦૦ + ૨૩૦૦૦ + ૨૩૦૦૦ = ૧૦૦૦૦૦ યોજન વ્યાસ થાય છે.

અહીંથી મરીને વિદેહક્ષેત્રમાં જન્મ લેવા ઈચ્છો છો? કોણ-કોણ જવા ઈચ્છે છે? હાં, ઘણા બધા છે. તો વિદેહ ક્યાં છે, તે બધુ જાણી લો; પરંતુ એક વાત સારી રીતે સમજી લ્યો કે અહીંથી—આ કર્મભૂમિથી જે વિદેહક્ષેત્રમાં જન્મ લેવા ઈચ્છે છે તેને મિથ્યાત્વ અવસ્થામાં ત્યાં જવું પડશે કારણ કે સમ્યક્ત્વ થતા તો દેવાયુનો બંધ કરીને જીવ સ્વર્ગમાં જાય છે. તમે કહેશો કે પહેલાં મનુષ્યાયુ બાંધીને પછી સમ્યક્ત્વ પ્રાપ્ત કરીએ તો જઈ શકીએ છીએ ને? આવા જીવ ભોગભૂમિના મનુષ્ય થાય છે અને તે પણ ક્ષાયિક સમ્યક્ત્વ હોય તો જ અન્યથા ત્યાં પણ મિથ્યાત્વ સાથે જાવું પડશે.

વિદેહક્ષેત્રમાં કેમ જવા ઈચ્છો છો? મોક્ષમાર્ગ પ્રગટ કરવા માટે પર્યાપ્ત ઉપદેશ અને બધી સામગ્રી અહીં ઉપલબ્ધ છે. ક્યાંક જન્મ લઈને મારું ભલું થશે એ માન્યતા તો નિમિત્તાધીન માન્યતા છે. એક ભવની વાંછામાં અનંત ભવોની વાંછા-ઈચ્છાનો અભિપ્રાય પડ્યો છે. મનુષ્યભવ પ્રાપ્ત કરવા માટે આપણે કાંઈ નથી કરવાનું, આપણે મનુષ્યપર્યાયમાં છીએ; અહીં આપણને ઓળખવાનો, સમ્યગ્દર્શનનું કાર્ય શીઘ્ર કરવાનું છે.

હમણાં-હમણાં લેક્ચરના બે મિનિટ પહેલાં એક ભાઈ આવીને પૂછવા લાગ્યા કે આ બધી ત્રિલોકરચના જાણવાની આવશ્યકતા શું છે? તે તમે પહેલા સમજાવી દો. આ બારમું વ્યાખ્યાન છે, આ વાત મેં પહેલા દિવસની પહેલા જ વ્યાખ્યાનમાં અડધા કલાક સુધી ઘણી સારી રીતે સમજાવી હતી. એક તો એ ભાઈસાહેબ શરૂથી આવ્યા નહીં અને હવે તે જ વાત એક-એકને સમજાવવામાં અહીં બેઠેલા ૩૫૦-૪૦૦ લોકોનો સમય બરબાદ થશે અને આપણો વિષય જે હું વીસ કલાકમાં કહેવા ઈચ્છું છું તે તો અધૂરો રહી જશે. શું આપણા મુનિરાજોને ખબર ન હતી કે આત્મામાં સ્થિર રહેવું જોઈએ? તેમણે શા માટે આટલા ગ્રંથોની રચના કરી? નેમિચંદ્ર સિદ્ધાંત ચક્રવર્તી ષટ્ખંડાગમના જ્ઞાતા તેમણે ગોમ્મટસાર જીવકાંડ, કર્મકાંડ, લબ્ધિસાર, ક્ષપણાસાર, ત્રિલોકસાર, દ્રવ્યસંગ્રહ આદિ મહાન ગ્રંથોની રચના કરી. શું ટાઈમપાસ કરવા માટે લખ્યા હશે? પંડિત ટોડરમલજીએ પણ વિચાર્યું હશે કે કરણાનુયોગને ન વાચવું અને મોક્ષમાર્ગ પર આગળ વધવું? તો મોક્ષમાર્ગપ્રકાશક લખતા પહેલાં ઉપરોક્ત ગ્રંથોની ટીકાઓ તેમણે કેમ લખી? ગણિતના સંદષ્ટિ અધિકાર કેમ લખ્યા? જન-જન સમજે તે માટે સરળ કરીને કેમ સમજાવ્યા?

મને મોક્ષમાર્ગ પ્રગટ કરવો છે તો હું વેપાર-ધંધો શું કામ કરું? સમાચાર પત્ર કેમ વાંચું? ટી.વી. કેમ જોઉં? આવા પ્રશ્ન તો કોઈના મનમાં નથી ઊઠતા. જ્યારે કરણાનુયોગની વાત આવે છે ત્યારે જ આ પ્રશ્ન ઊભો થાય છે. આ બધા જીવોની માન્યતાનું પંડિત ટોડરમલજીએ સમ્યગ્જ્ઞાનચંદ્રિકાની પીઠિકામાં તથા આ ત્રિલોકસારની ભૂમિકામાં પણ ખૂબ સારી રીતે ખંડન કર્યું છે. તમે તે અવશ્ય વાંચજો.

આપણો વિષય જમ્બૂદ્વીપનો ચાલી રહ્યો હતો. તેમાં પૂર્વથી પશ્ચિમ સુધી

ફેલાયેલા આ છ કુલાચલ પર્વત આપણે જોયા, મેરુની દક્ષિણમાં ત્રણ અને ઉત્તરમાં ત્રણ. તેના કારણે જમ્બૂદ્વીપમાં સાત ક્ષેત્ર થયા છે. ક્ષેત્રને વર્ષ પણ કહે છે અને જે પર્વતોના કારણે આ વર્ષ અર્થાત્ ક્ષેત્ર વિભાજિત થયા છે તે કુલાચલ પર્વતોને વર્ષધર પર્વત પણ કહે છે.

દક્ષિણથી ઉત્તર તરફ જોતાં પહેલો ભરતક્ષેત્ર અને સાતમો ઐરાવતક્ષેત્ર છે કે જ્યાં (આર્યખંડોમાં) અવસર્પિણી અને ઉત્સર્પિણીરૂપ છ-છ કાળનું ચક્ર ચાલતું રહે છે; બીજા હૈમવત અને છઠ્ઠા હૈરણ્યવતક્ષેત્રમાં સદાય જઘન્ય ભોગભૂમિ જોવા મળે છે. ત્રીજા હરિક્ષેત્ર અને પાંચમા રમ્યકક્ષેત્રમાં સદાય મધ્યમ ભોગભૂમિ જોવા મળે છે. ચોથા ક્ષેત્રમાં મધ્યમાં સુમેરુ પર્વત છે, તેની ચારે તરફ ભદ્રશાલવન છે, વનની દક્ષિણમાં દેવકુરુ અને ઉત્તર તરફ વનની ઉત્તરમાં ઉત્તરકુરુ નામક જે ક્ષેત્ર છે ત્યાં સદાય ઉત્તમ ભોગભૂમિ જોવા મળે છે. તે જ ચોથા ક્ષેત્રમાં ભદ્રશાલવનની પૂર્વમાં તથા પશ્ચિમમાં વિદેહક્ષેત્ર છે. વિદેહક્ષેત્રમાં નદિઓ અને પર્વતોના કારણે અલગ-અલગ ક્ષેત્ર બને છે. ચાર્ટમાં જુઓ—પૂર્વ વિદેહમાં બ્લ્યુ રંગમાં સીતા નદી દેખાડી છે તેના કારણે દક્ષિણ અને ઉત્તર એવા બે વિભાગ થયા છે. અહીં જે નંબર લખ્યા છે તે જુઓ—પૂર્વ વિદેહના ઉત્તરમાં એકથી આઠ, દક્ષિણમાં નવથી સોળ, પશ્ચિમ વિદેહના દક્ષિણમાં સત્તરથી ચોવીસ અને ઉત્તરમાં પચ્ચીસથી બત્રીસ આ પ્રમાણે એક મેરુ સંબંધી બત્રીસ વિદેહક્ષેત્ર હોય છે.

અહીં ભરત-ઐરાવતક્ષેત્રમાં અવસર્પિણીના પહેલા કાળને આપણે પહેલો કાળ કહીશું, આમ તો તેનું નામ છે સુષમાસુષમા; બીજો કાળ છે સુષમા, ત્રીજો સુષમાદુષમા, ચોથો દુષમાસુષમા, પાંચમો દુષમા અને છઠ્ઠો દુષમાદુષમા. સુષમાને સુખમા અને દુષમાને દુખમા પણ કહે છે. ભરત અને ઐરાવતક્ષેત્રમાં માત્ર આર્યખંડમાં જ આ છ કાળોનું પરિવર્તન થાય છે. છઠ્ઠા કાળ પછી ઉલટા ક્રમમાં ઉત્સર્પિણી કાળ હોય છે.

પહેલા કાળમાં અહીં ભરતક્ષેત્રમાં ઉત્તમ ભોગભૂમિ હોય છે અને કુરુક્ષેત્રમાં સદાય ઉત્તમ ભોગભૂમિ હોય છે. બીજા કાળમાં અહીં ભરતક્ષેત્રમાં આપણે મધ્યમ ભોગભૂમિ જોઈ હતી તથા હરિક્ષેત્ર અને રમ્યકક્ષેત્રમાં સદાય મધ્યમ ભોગભૂમિ હોય છે. ત્રીજા કાળમાં

અહીં ભરતક્ષેત્રમાં જઘન્ય ભોગભૂમિ હોય છે તથા હૈમવતક્ષેત્ર અને હૈરણ્યવતક્ષેત્રમાં સદાય જઘન્ય ભોગભૂમિ હોય છે. ભરત-ઐરાવતમાં ચોથા કાળથી કર્મભૂમિ શરૂ થાય છે પરંતુ વિદેહક્ષેત્રમાં સદાય ચોથો કાળ અને કર્મભૂમિ રહે છે. ભરતક્ષેત્રથી ચોથા કાળમાં અને વિદેહક્ષેત્રથી સદાય જીવો મોક્ષ જાય છે, અહીં તીર્થંકર થાય છે. ભોગભૂમિના જીવો તો મરીને દેવગતિમાં જ જાય છે, બધા મિથ્યાદૃષ્ટિ મરીને ભવનત્રિકમાં જન્મ લે છે અને સમ્યગ્દૃષ્ટિ મરીને સૌધર્મ-ઈશાનમાં જન્મ લે છે, પરંતુ ચોથા કાળના જીવ મરીને ચારેય ગતિઓમાં જન્મ લઈ શકે છે અથવા પુરુષાર્થ કરીને મોક્ષમાં પણ જઈ શકે છે.

ચાર્ટમાં અહીં મધ્યમાં દસ હજાર યોજન વ્યાસવાળા મેરુ પર્વતનો ભૂમિ પર વિસ્તાર છે—મૂળમાં તે આટલો પહોળો છે. તેની ચારે તરફ હાથીના દાંતના આકારના આ ચાર ગજદંત પર્વત છે. આ પર્વતો ઉપર અકૃત્રિમ ચૈત્યાલય છે. આપણે જ્યારે ઈન્દ્રધ્વજ વિધાન કરીએ છીએ ત્યારે આ બધા ચૈત્યાલયોના નામ લઈને અર્ઘ્ય ચડાવીએ છીએ, પરંતુ પૂજનમાં આપણું ધ્યાન ક્યાં રહે છે! ક્યા ચોખા લીધા? બદામ લીધી કે ગોળો લીધો? પરંતુ એનું ધ્યાન નથી રાખતા કે જેને અર્ઘ્ય ચડાવીએ છીએ તેઓ ક્યાં વિદ્યમાન છે.

આ ગજદંત પર્વત આ દિવાલ જેવી લાઈન સુધી (ચાર્ટમાં જુઓ) ફેલાયેલા છે તેને ભદ્રશાલ વનવેદી કહે છે. મેરુ પર્વતની ચારે તરફ ભદ્રશાલવન છે તેને છોડીને ગજદંતોની દક્ષિણ તરફ દેવકુરુ અને ઉત્તર તરફ ઉત્તરકુરુ નામક ઉત્તમ ભોગભૂમિના ક્ષેત્રો છે.

તેમાં જે ગોળાકાર દેખાડ્યો છે–ઉત્તરમાં છે તે જંબૂવૃક્ષ છે અને દક્ષિણમાં શાલ્મલી વૃક્ષ છે. વૃક્ષ કહેવાથી તે વનસ્પતિકાયિક નથી, પરંતુ તે તો રત્નમયી વૃક્ષાકાર રચનાઓ છે અને કેવળ એક જ વૃક્ષ નથી પરંતુ તેનો ખૂબ જ મોટો પરિવાર છે. તે વૃક્ષો પર અકૃત્રિમ જિનપ્રતિમાઓ હોય છે.

મધ્યમાં દસ હજાર યોજનનો મેરુ પર્વત છે, તેની આગળ બાવીસ હજાર યોજન જઈને ભદ્રશાલ વનવેદી છે, ત્યાં સુધી ભદ્રશાલવન તથા ગજદંત પર્વત ફેલાયેલા છે. તેની આગળ વિદેહક્ષેત્ર છે. આ પૂર્વ વિદેહક્ષેત્રની પૂર્વમાં આ દેવારણ્ય વેદી છે. આ

દેવારણ્ય વેદી અને લવણસમુદ્રની વચ્ચે દેવારણ્યવન છે. તેવી જ રીતે પશ્ચિમ વિદેહના પશ્ચિમમાં ભૂતારણ્ય વેદી અને ભૂતારણ્યવન છે. કોઈ-કોઈ શાસ્ત્રમાં બંને તરફ દેવારણ્યવન નામ કહ્યું છે.

અહીં જંબૂદ્વીપની પરિધિ પર જંબૂદ્વીપ અને લવણસમુદ્રની વચ્ચે દિવાલ અથવા તટ જેવી રચના છે, જેને જગતી કહે છે. જંબૂદ્વીપની નદિઓ જ્યાં લવણસમુદ્રમાં મળે છે ત્યાં તે જગતીમાં દ્વાર તથા તોરણ હોય છે અને પૂર્વાદિ ચાર દિશાઓમાં પણ જગતીમાં દ્વાર તથા તોરણ હોય છે.

વિદેહક્ષેત્રની તથા ભરતક્ષેત્રની વિસ્તારથી રચના આપણે પછી જોઈશું. હવે જંબૂદ્વીપની બીજી થોડી વિશેષતાઓને જોઈશું. આપણે જે છ કુલાચલ પર્વત જોયા છે, તે પ્રત્યેકની ઉપર એક-એક સરોવર જોવા મળે છે, તેને જ હૃદ અથવા દ્રહ પણ કહે છે. હિમવાન પર્વતની ઉપર જે સરોવર છે તેનું નામ છે પદ્મ સરોવર, મહાહિમવાન પર્વત પર મહાપદ્મ સરોવર છે, નિષધ પર્વત પર તિગિંછ સરોવર છે. બીજી તરફથી જોઈએ તો શિખરી પર્વત પર પુંડરીક સરોવર છે, રુક્મી પર્વત પર મહાપુંડરીક સરોવર છે, નીલ પર્વત પર કેસરી સરોવર છે.

પદ્મ સરોવરથી મહાપદ્મ સરોવર બમણા વિસ્તારવાળો છે અને મહાપદ્મ સરોવરથી તિગિંછ સરોવર બમણા વિસ્તારવાળો છે. પદ્મ સરોવર જેટલો પુંડરીક સરોવર છે, તેનાથી બમણો મહાપુંડરીક સરોવર છે, તેનાથી બમણો કેસરી સરોવર છે. પદ્મ સરોવર પાંચસો યોજન પહોળો અને એક હજાર યોજન લાંબો તથા દસ યોજન ઊંડો છે.

પદ્મ સરોવરથી તથા પુંડરીક સરોવરથી ત્રણ-ત્રણ નદિઓ નીકળે છે, વચ્ચેના સરોવરોમાંથી બે-બે નદિઓ નીકળે છે—એક દક્ષિણની તરફથી અને એક ઉત્તરની તરફથી. જંબૂદ્વીપની આ ચૌદ મહાનદિઓ લવણસમુદ્રમાં મળે છે. સાત ક્ષેત્રમાં પ્રત્યેકમાં બે-બે નદિઓ વહે છે—પહેલા જેનું નામ લઈએ છીએ તે નદી પૂર્વ તરફ વહીને લવણસમુદ્રમાં જઈને મળે છે તથા અન્ય નદી પશ્ચિમ તરફ વહીને લવણસમુદ્રમાં મળે છે.

પદ્મ સરોવરથી ત્રણ નદિઓ નીકળે છે—પૂર્વ તટથી ગંગા, પશ્ચિમ તટથી સિંધુ, બંને દક્ષિણમાં ભરતક્ષેત્રમાં જાય છે. ત્યાં ગંગા પૂર્વમાં અને સિંધુ પશ્ચિમમાં વળીને

લવણસમુદ્રમાં જઈ મળે છે; તથા ઉત્તર તટથી રોહિતાસ્યા નદી નીકળે છે જે ઉત્તરમાં હૈમવતક્ષેત્રમાં વહે છે અને નાભિગિરી અર્થાત્ હૈમવતક્ષેત્રના મધ્યમાં પર્વતને ચોથા ભાગમાં પ્રદક્ષિણા દઈને પશ્ચિમ દિશામાં વહેતી જાય છે અને પશ્ચિમમાં લવણસમુદ્રમાં જઈ મળે છે. (ચાર્ટ નં. ૫ જુઓ)

મહાપદ્મ સરોવરના દક્ષિણ કિનારાથી રોહિત નદી દક્ષિણ દિશામાં હૈમવતક્ષેત્રમાં વહે છે, નાભિગિરીને ચોથા ભાગ પ્રમાણ પ્રદક્ષિણા દઈને પૂર્વમાં વહે છે અને પૂર્વ દિશામાં લવણસમુદ્રમાં મળે છે. મહાપદ્મ સરોવરના ઉત્તર કિનારાથી હરિકાંતા નદી ઉત્તર દિશામાં હરિક્ષેત્રમાં વહે છે, ત્યાંના નાભિગિરીને તેવી જ પ્રદક્ષિણા દઈને પશ્ચિમ દિશામાં વહે છે અને લવણસમુદ્રમાં જઈને મળે છે.

તિગિંછ સરોવરના દક્ષિણ તટથી નીકળીને દક્ષિણમાં હરિક્ષેત્રમાં વહેવાવાળી હરિત નદી છે કે જે ત્યાંના નાભિગિરીને પ્રદક્ષિણા દઈને પૂર્વમાં વહે છે અને લવણસમુદ્રમાં જઈને મળે છે. તિગિંછના ઉત્તર તટથી નીકળીને સીતોદા નદી ઉત્તરમાં દેવકુરુ ક્ષેત્રમાં વહે છે અને સુદર્શન પર્વતને ચોથા ભાગ પ્રમાણ પ્રદક્ષિણા દેતી થકી ગજદંત પર્વતની નીચે ગુફામાં પ્રવેશ કરીને અંદરથી વહેતી થકી બીજી તરફ ગુફામાંથી નીકળીને મેરુની ચોથા ભાગ પ્રમાણ પ્રદક્ષિણા બાદ પશ્ચિમ દિશામાં વિદેહક્ષેત્રમાંથી વહે છે અને લવણસમુદ્રમાં જઈ મળે છે.

કેસરી સરોવરના દક્ષિણ તટથી સીતા નદી દક્ષિણ દિશામાં ઉત્તરકુરુ ક્ષેત્રમાં વહેતી થકી સુમેરુ પર્વત સુધી આવે છે અને મેરુ પર્વતની ચોથા ભાગ પ્રમાણ પ્રદક્ષિણા કરતી થકી ગજદંત પર્વતની નીચે ગુફામાંથી વહેતી બહાર નીકળીને મેરુની પ્રદક્ષિણા બાદ પૂર્વ દિશામાં વહે છે અને લવણસમુદ્રમાં જઈને મળે છે. કેસરી સરોવરના ઉત્તર તટથી નરકાંતા નદી ઉત્તર દિશામાં રમ્યકક્ષેત્રમાં વહેતી થકી ત્યાંના નાભિગિરીની પ્રદક્ષિણા કરીને પશ્ચિમમાં વળીને પશ્ચિમમાં વહે છે અને લવણસમુદ્રમાં મળે છે.

મહાપુંડરીક સરોવરના દક્ષિણ તટથી નારી નદી નીકળીને દક્ષિણ દિશામાં રમ્યક ક્ષેત્રમાં વહે છે અને ત્યાંના નાભિગિરીની પ્રદક્ષિણા કરીને પૂર્વ દિશામાં વહે છે અને લવણસમુદ્રમાં જઈને મળે છે. મહાપુંડરીક સરોવરના ઉત્તર તટથી રુપ્યકુલા

નદી નીકળીને ઉત્તર દિશામાં હૈરણ્યવતક્ષેત્રમાં વહેતી થકી ત્યાંના નાભિગિરીની પ્રદક્ષિણા કરીને પશ્ચિમ દિશામાં વહે છે અને લવણસમુદ્રમાં જઈને મળે છે.

પુંડરીક સરોવરથી ત્રણ નદિઓ નીકળે છે. તેના દક્ષિણ તટથી સુવર્ણકુલા નદી દક્ષિણ દિશામાં હૈરણ્યવતક્ષેત્રમાં વહેતી થકી ત્યાંના નાભિગિરીની પ્રદક્ષિણા કરીને પૂર્વ દિશામાં વહે છે અને લવણસમુદ્રમાં જઈને મળે છે. તેના પૂર્વ તટથી રક્તા નદી અને પશ્ચિમ તટથી રક્તોદા નદી નીકળીને ઐરાવતક્ષેત્રમાં વહેતી થકી ક્રમથી પૂર્વ અને પશ્ચિમ દિશાઓમાં વળીને લવણસમુદ્રમાં જઈને મળે છે.

ભરતક્ષેત્ર અને ઐરાવતક્ષેત્રને છોડીને અન્ય પાંચેય ક્ષેત્રોમાં મધ્યમાં નાભિગિરી છે અને તેને પ્રદક્ષિણા દઈને દક્ષિણથી આવેલી નદી પશ્ચિમમાં અને ઉત્તરથી આવેલી નદી પૂર્વમાં વહે છે, તેથી નદીના ઉત્તરમાં અને દક્ષિણમાં એમ ક્ષેત્રના બે-બે વિભાગ થઈ જાય છે. અહીં ચાર્ટમાં તમે વિદેહક્ષેત્ર જોશો. મેરુની પૂર્વમાં અને પશ્ચિમમાં ક્રમથી પૂર્વ વિદેહ અને પશ્ચિમ વિદેહ છે. પૂર્વ વિદેહમાં સીતા નદીને કારણે ઉત્તર અને દક્ષિણ એવા બે વિભાગ થાય છે. તેવી જ રીતે પશ્ચિમ વિદેહમાં સીતોદા નદીને કારણે ઉત્તર અને દક્ષિણ એવા બે વિભાગ થાય છે.

પૂર્વ વિદેહના ઉત્તર અને દક્ષિણ ભાગમાં પણ આઠ અલગ-અલગ ક્ષેત્ર વિભાજિત થયા છે કે જેનું વર્ણન આપણે વિદેહક્ષેત્રની ચર્ચા કરતાં સમયે કરીશું.

અહીં આ પાંચ નંબરના ચાર્ટમાં જંબૂદ્વીપમાં જે છ કુલાચલ પર્વત છે તેના નામ ડાબી તરફ લખ્યા છે તેની આગળ કૌંસમાં એ પર્વતો ઉપર જોવા મળતા દ્રહ અર્થાત્ સરોવરના નામ લખ્યા છે. તે જ ચાર્ટમાં જમણી તરફ ક્ષેત્રના નામ લખ્યા છે અને કૌંસમાં તે ક્ષેત્રોમાં જોવા મળતી બે-બે નદિઓના નામ લખ્યા છે. પહેલા નામવાળી નદિઓ પૂર્વ દિશામાં વહે છે અને બીજા નામવાળી નદિઓ પશ્ચિમ દિશામાં વહે છે.

હવે આ પર્વતોની ઊંચાઈ અને તેના અનુપાતમાં દ્રહોની પહોળાઈ, લંબાઈ, ઊંડાઈ જોઈશું. આ દ્રહોમાં પૃથ્વીકાયિક કમળની રચના હોય છે, તેની પણ ઊંચાઈ, પહોળાઈ જોઈશું. પર્વતની ઊંચાઈથી દ્રહની પહોળાઈ પાંચગુણી, લંબાઈ દસગુણી, ઊંડાઈ દસમા ભાગ પ્રમાણ અને કમળની ઊંચાઈ અને પહોળાઈ દ્રહની ઊંડાઈના દસમા ભાગ પ્રમાણ હોય છે.

તે નીચે પ્રમાણે જોઈએ—

| પર્વત | હિમવાન | મહાહિમવાન | નિષધ | નીલ | રુક્મી | શિખરી |
|---|---|---|---|---|---|---|
| પર્વતોના વર્ણ | સુવર્ણ સમાન | ચાંદી સમાન | તપાવેલ સોના સમાન | વૈડૂર્યમણિ સમાન | ચાંદિ સમાન | સોના સમાન |
| પર્વતોની ઊંચાઈ | ૧૦૦ યો. | ૨૦૦ યો. | ૪૦૦ યો. | ૪૦૦ યો. | ૨૦૦ યો. | ૧૦૦ યો. |
| દ્રહ | પદ્મ | મહાપદ્મ | તિગિંછ | કેસરી | મહાપુંડરીક | પુંડરીક |
| દ્રહની પહોળાઈ | ૫૦૦ યો. | ૧૦૦૦ યો. | ૨૦૦૦ યો. | ૨૦૦૦ યો. | ૧૦૦૦ યો. | ૫૦૦ યો. |
| દ્રહની લંબાઈ | ૧૦૦૦ યો. | ૨૦૦૦ યો. | ૪૦૦૦ યો. | ૪૦૦૦ યો. | ૨૦૦૦ યો. | ૧૦૦૦ યો. |
| દ્રહની ઊંડાઈ | ૧૦ યો. | ૨૦ યો. | ૪૦ યો. | ૪૦ યો. | ૨૦ યો. | ૧૦ યો. |
| કમળની ઊંચાઈ-પહોળાઈ | ૧ યો. | ૨ યો. | ૪ યો. | ૪ યો. | ૨ યો. | ૧ યો. |
| ત્યાંની દેવીઓ | શ્રી | હ્રી | ધૃતિ | કીર્તિ | બુદ્ધિ | લક્ષ્મી |

આ કમળ અત્યંત સુગંધિત હોય છે, તેની સુગંધ દ્વારા દશેય દિશાઓ સુગંધિત થઈ જાય છે. વૈડૂર્યમણિ(નીલમણિ)થી નિર્માપિત તેની ઊંચી નાળી હોય છે. તેના અગિયાર હજાર પાંખડી હોય છે. કમળ એક યોજનનું છે, ત્યાં તે પાણીથી અડધા યોજન ઉપર વિકસિત કમળના ફૂલ સમાન હોય છે, પરંતુ તે વનસ્પતિકાયિક નથી, પૃથ્વીકાયિક—રત્નમયી છે. તેનું મૃણાલ ત્રણ કોસ મોટા રૂપ્યમય શ્વેતવર્ણનું છે. એક કોસ ઉદય-વ્યાસવાળી તેની કર્ણિકા હોય છે, તેની ઉપર શ્રીદેવીનું મંદિર-મહેલ એક કોસ લાંબુ, અડધા કોસ પહોળું અને પોણા કોસ ઊંચું હોય છે. તે દ્રહમાં કમળના પરિવારરૂપ એક લાખ ચાલીસ હજાર એકસો પંદર બીજા કમળ હોય છે, તે કમળો ઉપર દેવીઓનો પરિવાર અર્થાત્ પારિષદ, અનીક, સામાનિક, અંગરક્ષક આદિ દેવોના મંદિર છે. શ્રી, હ્રી, ધૃતિ—આ સૌધર્મ ઈન્દ્રની દેવીઓ છે અને કીર્તિ, બુદ્ધિ, લક્ષ્મી—આ ઈશાન ઈન્દ્રની દેવીઓ છે.

આપણે જંબૂદ્વીપની રચના વિસ્તારથી જોઈ. તેવી જ રચના પૂર્વ ધાતકીદ્વીપ તથા પશ્ચિમ ધાતકીદ્વીપમાં જોવા મળે છે અને તેવી જ રચના પૂર્વ પુષ્કરાર્ધ અને પશ્ચિમ પુષ્કરાર્ધમાં હોય છે. તેમાં પ્રત્યેકમાં મધ્યમાં એક-એક મેરુ પર્વત હોય છે, છ-છ કુલાચલ પર્વત હોય છે અને સાત-સાત ક્ષેત્ર હોય છે; પરંતુ વિશેષતા એ છે કે જંબૂદ્વીપના કુલાચલ પૂર્વથી પશ્ચિમ સુધી આડા ફેલાયેલા છે અને આ અન્ય દ્વીપોના કુલાચલ સાઈકલના આરાની જેમ છે. ધાતકીખંડના કુલાચલ અંદર તરફ લવણસમુદ્રને

સ્પર્શ કરે છે તો બહારની તરફ કાલોદધિ સમુદ્રને સ્પર્શ કરે છે. પુષ્કરાર્ધના કુલાચલ અંદરની તરફ કાલોદધિ સમુદ્રને સ્પર્શ કરે છે તો બહારની તરફ માનુષોત્તર પર્વતને સ્પર્શ કરે છે. અહીં ચાર નંબરના ચાર્ટમાં જોવું. તેમાં આ પર્વત, તેના ઉપરના દ્રહ તથા તેમાંથી નીકળવાવાળી નદિઓ બતાવી છે. તે બધા પર્વત નીચેથી ઉપર સુધી સમાન પહોળાઈવાળા હોય છે. તેના પાર્શ્વભાગ અર્થાત્ સાઈડસ્ વિવિધ મણિઓથી –રત્નોથી યુક્ત છે.

ત્યાંના કુલાચલો, દ્રહો, નદિઓના નામ તો તે જ છે કે જે જંબૂદ્વીપમાં જોયા હતા, પરંતુ મેરુના નામ અલગ છે. પૂર્વ ધાતકીખંડમાં વિજયમેરુ છે, પશ્ચિમ ધાતકીખંડમાં અચલમેરુ છે, પૂર્વ પુષ્કરાર્ધમાં મંદરમેરુ છે, પશ્ચિમ પુષ્કરાર્ધમાં વિદ્યુન્માલીમેરુ છે. અહીંના ભરત, ઐરાવત, વિદેહક્ષેત્ર અંદર તરફ અલ્પ વિસ્તારવાળા છે અને બહાર તરફ વધારે પહોળા વિસ્તારવાળા છે. ચાર્ટમાં જોતા તમને સમજમાં આવશે. ધાતકીખંડમાં દક્ષિણ તરફ જે બે પીળા ક્ષેત્ર દેખાડ્યા છે તે બે ધાતકીખંડોના બે ભરતક્ષેત્રો છે કે જેની વચ્ચે ઈષ્વાકાર પર્વત છે. તેવી જ રીતે બે પુષ્કરાર્ધોના બે ભરતક્ષેત્ર છે. તેવી જ રીતે ઉત્તર દિશામાં તેમના બે-બે ઐરાવતક્ષેત્ર છે. તેમના મેરુની પૂર્વ અને પશ્ચિમમાં ત્યાંના વિદેહક્ષેત્ર છે.

આ રીતે આપણે અઢી દ્વીપમાં—કર્મભૂમિમાં ૫ × ૩૨ = ૧૬૦ વિદેહક્ષેત્ર, ૫ ભરતક્ષેત્ર અને ૫ ઐરાવતક્ષેત્ર જોયા, તથા પ્રત્યેક મેરુ સંબંધી છ-છ ભોગભૂમિ એવી કુલ ત્રીસ ભોગભૂમિ જોઈ.

બોલો, વિદેહક્ષેત્રમાં બિરાજમાન બારમા તીર્થંકર શ્રી ચંદ્રાનન ભગવાનનો જય હો.

# ૧૩. ભરતક્ષેત્ર

ત્રિલોકસારના આધારે આપણે અહીં ત્રણ લોકનું સ્વરૂપ જોઈએ છીએ.

તિર્યક્‌લોક અર્થાત્ મધ્યલોકનું સ્વરૂપ જોતાં આપણે અઢી દ્વીપની રચના વિસ્તારથી જોઈ. જંબૂદ્વીપના ક્ષેત્ર, પર્વત, નદિઓની પણ ચર્ચા કરી. હવે ભરતક્ષેત્રની ચર્ચા કરીશું. જંબૂદ્વીપના એક લાખ યોજન પ્રમાણ દક્ષિણોત્તર વ્યાસના એકસો નેવું ભાગ કરતાં એક ભાગ પ્રમાણ ભરતક્ષેત્રનું બાણ અર્થાત્ વિષ્કંભ હોય છે, તે આપણે પહેલાં જોયું હતું. તેનું પ્રમાણ ૫૨૬ $\frac{૬}{૧૯}$ યોજન છે. તે ભરતક્ષેત્રની જીવા ૧૪૭૭૧ $\frac{૫}{૨૧}$ યોજન છે. તેનો આકાર આમ આડો ફેલાયેલો છે, પરંતુ શાસ્ત્રોમાં તેને સમજાવવા માટે મોટો કરીને અર્ધગોળાકાર કરીને સમજાવ્યો છે. તમે અહીં છ નંબરના ચાર્ટમાં જુઓ. ઉપર હિમવાન પર્વત, પદ્મ સરોવર તથા તેમાંથી નીકળવાવાળી ગંગા, સિંધુ નદિઓ દેખાડી છે, તેની નીચે અહીં પીળું આડું ક્ષેત્ર ભરતક્ષેત્ર છે, પરંતુ તે જ પર્વત અને ક્ષેત્રને નીચે આવો અર્ધગોળાકાર કરીને સમજાવ્યો છે કારણ કે તેમાં જે નદિઓ અને પર્વત છે, છ ખંડ છે તેને સરખી રીતે દેખાડી શકાય.

સૌ પ્રથમ આપણે ગંગા નદીની ઉત્પત્તિ અને તેનું ગમન જોઈએ. હિમવાન પર્વત પર દક્ષિણોત્તર ૫૦૦ યોજન પહોળાઈવાળું અને પૂર્વ-પશ્ચિમ ૧૦૦૦ યોજન લંબાઈવાળું પદ્મ દ્રહ છે. તેની પૂર્વ દિશામાં વજ્રદ્વારમાંથી ગંગા નદી નીકળે છે અને હિમવાન પર્વતની ઉપર પૂર્વ દિશામાં પાંચસો યોજન સુધી વહે છે. હિમવાન પર્વત પર ગંગા નામક કૂટ છે, તેના અડધા યોજન પહેલા જ ગંગા નદી દક્ષિણ દિશા તરફ વળીને હિમવાન પર્વતના દક્ષિણ તટ સુધી વહેતી ચાલી જાય છે. ત્યાં પર્વતના તટમાં જિહ્વિકા અર્થાત્ પ્રણાલી છે કે જે અનેક પ્રકારના મણિમય છે. તે બે કોસ લાંબી અને બે કોસ ઊંચી છે અને વૃષભાકાર અર્થાત્ ગોમુખાકાર છે, સવા છ યોજન પહોળી છે. આ પ્રણાલિકાનું મોઢું, કાન, જીભ, નેત્રનો આકાર તો સિંહ સમાન છે અને ભવાં, મસ્તક આદિનો આકાર ગાય સમાન છે.

અહીં હિમવાન પર્વતને છોડીને પચ્ચીસ યોજન આગળ જઈને ગંગા નદી દસ યોજન પહોળી થઈને નીચે પડે છે. ક્યાં પડે છે તે કહીએ છીએ—હિમવાન પર્વતના મૂળમાં દસ યોજન ઊંડો અને સાંઈઠ યોજન પહોળો ગોળ કુંડ છે. તે કુંડના મધ્યમાં જળથી અડધા યોજન ઊંચો અને આઠ યોજન પહોળો ગોળ દ્વીપ છે. તે દ્વીપની મધ્યમાં દસ યોજન ઊંચો વજ્રમય પર્વત છે. તે પર્વત નીચે ચાર યોજન, મધ્યમાં બે યોજન અને ઉપર એક યોજન પહોળો છે. તે પર્વતની ઉપર શ્રીદેવીનું મંદિર છે કે જે નીચે ત્રણ હજાર ધનુષ, મધ્યમાં બે હજાર ધનુષ અને ઉપર એક હજાર ધનુષ પહોળું છે. તેમાં શ્રીદેવીનો મહેલ છે. તે શ્રીદેવીના મહેલની ઉપર કમળ છે, તેની કર્ણિકા પર સિંહાસન છે, ત્યાં જિનબિંબ બિરાજમાન છે. તેની ઉપર ગંગા નદી પર્વત પરથી પડે છે, જાણે કે જિનબિંબનો અભિષેક કરતી હોય! આ જિનબિંબને જટાયુક્ત કહ્યું છે. અન્યમતી કહે છે કે શંકરની જટાથી ગંગાવતરણ થયું છે.

જ્યાં-જ્યાં નદિઓ પર્વતથી પડે છે ત્યાં-ત્યાં આવા જ કુંડ, દ્વીપ, દેવીના મંદિર, જિનબિંબની રચના છે.

ગંગાકુંડથી નીકળીને ગંગા નદી દક્ષિણ દિશામાં સીધી જઈને વિજયાર્ધ પર્વતની ખંડપ્રપાત નામક ગુફામાં પ્રવેશ કરે છે. અત્યાર સુધી આપણે વિજયાર્ધ પર્વતની વાત કરી ન હતી. ભરતક્ષેત્રની મધ્યમાં પૂર્વથી પશ્ચિમ સુધી આડો ફેલાયેલો વિજયાર્ધ પર્વત છે. તેવા જ પર્વત બધા ભરત, ઐરાવત, વિદેહક્ષેત્રોમાં જોવા મળે છે, બધાને વિજયાર્ધ પર્વત જ કહે છે.

આ પર્વતની પહોળાઈ પચાસ યોજન છે, તેટલી જ તે ગુફાની લંબાઈ છે. ગુફાની ઊંચાઈ આઠ યોજન અને પહોળાઈ બાર યોજન છે. ગુફાના ઉત્તર તથા દક્ષિણ દ્વારમાં છ-છ યોજન પહોળા બે વજ્રમયી કપાટ છે.

ગુફાની પૂર્વ અને પશ્ચિમ દિવાલની નજીક બે કુંડ છે. તેમાંથી ઉન્મગ્ના અને નિમગ્ના અર્થાત્ ઉન્મગ્નજલા અને નિમગ્નજલા નામની બે નદિઓ નીકળે છે કે જે બે યોજન પહોળી છે અને સીધી ચાલીને ગંગા નદીમાં જઈને મળે છે. પોતાના જળપ્રવાહમાં પડેલા ભારે પદાર્થને પણ જે બહાર કાઢે છે, ડૂબવા નથી દેતી, અંદર પ્રવેશ કરવા દેતી નથી તેને ઉન્મગ્ના કહે છે અને પોતાના જળપ્રવાહમાં પડેલા હલકા પદાર્થને

પણ જે ડુબાડે છે—નીચે પ્રાપ્ત કરે તેને નિમગ્ના કહે છે.

પરમ દિવસે આ વાત ગુરુદેવશ્રીના પ્રવચનમાં આવી હતી. આપણા છ કલાકના સ્વાધ્યાય ઉપરાંત ગુરુદેવશ્રીનું પણ એક કલાકનું ટેપ પ્રવચન ચાલે છે ને! તેમાં ગુરુદેવશ્રીએ આ બે નામનો ઉલ્લેખ કર્યો હતો. આવી કરણાનુયોગની ઘણી વાતો ગુરુદેવશ્રી સહજરૂપથી પોતાના પ્રવચનોમાં કહેતા હતા. એક-એક ચંદ્રના પરિવારમાં કેટલા તારા છે, લવણસમુદ્રમાં કેવા પાતાળ છે, આત્માના પ્રદેશોના કંપનરૂપ યોગ ક્યા કર્મના ઉદયમાં હોય છે આદિ અનેક વાતો આપણે તેમના પ્રવચનોમાં સાંભળી છે, વાંચી છે. ગુરુદેવશ્રીના પ્રવચનો જેટલા પણ છપાઈ ચૂક્યા છે, તેટલા તો અમારે ત્યાં આદ્યોપાંત સ્વાધ્યાય થઈ ચૂક્યો છે અને બધામાં કરણાનુયોગના જે કાંઈ ઉદ્ધરણ—નિયમો ગુરુદેવશ્રીએ કહ્યા છે તે અમે લખીને રાખ્યા છે. તેઓ જયધવલા અને ધવલાના રેફરન્સો પણ અનેકવાર આપતા હતા. તે માટે તેમને શોધવું પડતું ન હતું, બધુ જ યાદ હતું. પરંતુ આજકાલ જ્યારે અમે કરણાનુયોગનો સ્વાધ્યાય કરીએ છીએ, ક્યાંય ક્લાસ લઈએ છીએ તો કેટલાક લોકોને એલર્જી થાય છે. તમને નથી ખબર? સાંભળો—

અહીં દેવલાલીમાં પ્રશિક્ષણ શિબિરમાં મેં પંચલબ્ધિના ક્લાસ લીધા હતા. એક બહેને આવીને પૂછ્યું કે તમે ગુરુદેવશ્રીને ક્યારેય સાંભળ્યા હતા? મેં કહ્યું કે હાં, અમે એટલા ભાગ્યશાળી રહ્યા છીએ કે મુંબઈમાં તો અમે અનેકવાર ગુરુદેવશ્રીના પ્રવચન સાંભળ્યા જ હતા, અમે સોનગઢ જઈને પણ મહિના સુધી રહ્યા હતા, ત્યાં પણ અમે પ્રવચન સાંભળ્યા હતા. ભોપાલ, બેંગલોર, વડોદરાના પંચકલ્યાણકમાં આઠ-આઠ દિવસ સુધી તેમના પ્રવચનોનો લાભ મળ્યો હતો. તે બહેને પોતાનો પ્રશ્ન ફરી કર્યો, 'શું તમે સાચે ગુરુદેવશ્રીને સાંભળ્યા છે?' મેં વિચાર્યું કે આ પ્રશ્નમાં જરૂર કોઈ ઊંડપ છે.

મેં કહ્યું કે અમે મહાભાગ્યશાળી રહ્યા છીએ. તેમનાથી તો અમને બધું મળ્યું છે. અમે તો દિગંબરમાં જન્મ્યા છીએ, આ ગ્રંથ તો અમારા ઘરમાં હતા જ, તેમના ઉપકારથી અમને તત્ત્વ સમજવા મળ્યું છે. પછી તેમણે કહ્યું કે નહીં, તમે ગુરુદેવશ્રીને નથી સાંભળ્યા. મેં કહ્યું કે સારું, તમે મારાથી વધારે જાણો છો તો તમે જ કહો કે તમે આમ શું કામ કહી રહ્યા છો? તેમણે કહ્યું કે ગુરુદેવશ્રીએ ક્યારે પણ કરણાનુયોગ પર પ્રવચન નથી કર્યા. તમે શું કામ કરો છો? તમે સાહસ કર્યું જ કેવી રીતે કે તમે કરણાનુયોગની વાતો કરો છો?

મેં કહ્યું કે સારું સારું, ઘણી સારી વાત છે. અમે સાંભળ્યું છે કે કાનજીસ્વામી ભવિષ્યમાં કેટલાક ભવ પછી તીર્થંકર થવાવાળા છે, શું તમે આ વાત પર વિશ્વાસ કરો છો? તેમણે કહ્યું કે હાં, મને પાકો વિશ્વાસ છે. મેં કહ્યું કે હાં, તો જ્યારે તેમની દિવ્યધ્વનિ છૂટશે ત્યારે તેઓ ક્યા અનુયોગનો ઉપદેશ આપશે? શું માત્ર દ્રવ્યાનુયોગ જ કહેશે? કે ચારે અનુયોગનો ઉપદેશ આપશે? તે મહિલા નિરુત્તર થઈને જતી રહી.

હું તમને બધાને પૂછું છું કે શું તમે આ વાતથી પરિચિત છો કે ગુરુદેવશ્રીએ ધવલા ગ્રંથ પર પણ પ્રવચન કર્યા હતા? પરંતુ એ સમયે તેમનું રેકોર્ડિંગ થયું ન હતું. શું?..... જુઓ, અહીં સામે જ સોનગઢના બ્રહ્મચારી બહેનો બેઠા છે, તેઓ કહી રહ્યા છે કે બે વાર ધવલાના આઠ ભાગ પર—આઠ પુસ્તકો પર આદ્યોપાંત સ્વાધ્યાય થયો હતો, જેના તેઓ પ્રત્યક્ષ સાક્ષી છે.

પોતાની કલ્પનાથી ખોટા અર્થ કાઢવાવાળા તેમના જેવા અંધ ભક્ત જ ગુરુદેવશ્રી જેવા મહાપુરુષને દોષ લગાડે છે, આવી ઊંધી-સીધી વાતો કરે છે. કરણાનુયોગ કોઈને સમજમાં ન આવે, તેનો તે અભ્યાસ ન કરતો હોય તો તે વાત અલગ છે, પરંતુ જો આપણે તેનો નિષેધ કરીએ છીએ તો તે સર્વજ્ઞ ભગવાનનું અપમાન છે. આપણે તો ત્રિકાળી ધ્રુવ જ્ઞાયક ભગવાન આત્મા છે અને કરણાનુયોગ અપ્રયોજનભૂત છે, તેનો સ્વાધ્યાય ન કરો અથવા તેના સ્વાધ્યાયની કોઈ જરૂર નથી એવું કહેવાવાળા પણ મળે છે. બરાબર ને વિમળાબેન? આ બહેન તો કરણાનુયોગના રુચિવાળા—વિશેષજ્ઞ છે, તેથી તેમનું નામ લીધું. અહીં તો પંડિત હેમચંદજી, પંડિત દેવેન્દ્રકુમાર શાસ્ત્રી (નીમચ) જેવા માન્યવર વિદ્વાન બેઠા છે. અમારા રોજના સ્વાધ્યાયમાં બેસવાવાળા પણ કરણાનુયોગના સારા જાણકાર છે. તમે બધા લોકો પણ તો આટલી રુચિપૂર્વક સાંભળી રહ્યા છો. અહીંના ટ્રસ્ટી પણ કહી રહ્યા છે કે પ્રત્યેક વ્યાખ્યાનમાં—બપોરના વ્યાખ્યાનમાં પણ આટલા તડકામાં વ્યાખ્યાનના પંદર મિનિટ પહેલેથી જ હોલ ખચાખચ ભરાઈ જાય છે—હાઉસફૂલ થઈ જાય છે, તમારી શિબિરની આ જ વિશેષતા છે.

આ તો ભગવાનની વાણી છે, જેને આપણે બધા ભેગા મળીને સાંભળીએ છીએ. ગુરુદેવશ્રીના પ્રતાપથી, તેમના ઉપદેશથી, તેમના નિમિત્તથી આજે મુમુક્ષુ સમાજ તત્ત્વજ્ઞાન પામ્યો છે—દ્રવ્યાનુયોગનો મર્મ સમજ્યા છે. કરણાનુયોગના અભ્યાસથી

દ્રવ્યાનુયોગના બધા જ સિદ્ધાંતોને ઘણું બળ મળે છે, આપણા તત્ત્વનિર્ણયમાં દઢતા આવે છે. જો કર્મોના સંબંધમાં, ભૂગોળની રચના વિષે આપણે કાંઈ ખોટી કલ્પના કરી લેશું તો આપણું જ્ઞાન ખોટું થશે. આવા ખોટા જ્ઞાનની સાથે શ્રદ્ધા સમ્યક્ કેવી રીતે થઈ શકે? શું તમને સમ્યગ્જ્ઞાન વિનાનું સમ્યગ્દર્શન જોઈએ છે? કોઈ એક ગ્રંથની વિશિષ્ટ ગાથાનો અભ્યાસ કરીને લોકો ઇચ્છે છે કે સમ્યગ્દર્શન થઈ જાય.

જ્ઞાનનો વિષય તો સંપૂર્ણ લોકાલોક છે, અહીં દૃષ્ટિનો વિષય અને જ્ઞાનનો વિષય શું છે તેની ખબર નથી. અત્યારે આપણો તે વિષય નથી. લોકોની વાતો અને કોઈ અનુયોગનો નિષેધ સાંભળીને ઘણું દુઃખ થાય છે. આ તો સર્વજ્ઞે કહેલી વાતો છે, તેનો નિષેધ કરવાથી સર્વજ્ઞ ભગવાનનો નિષેધ થાય છે, તેમની વાણીનો નિષેધ થાય છે, પોતાના સર્વજ્ઞ સ્વભાવનો નિષેધ થાય છે. સર્વજ્ઞ સ્વભાવનો નિષેધ કરે અને તેનો જ અનુભવ કરવાની ચેષ્ટા કરે તે કેવી ભ્રાંતિ છે!

આપણી વાત ગંગા નદીની થઈ રહી હતી અને આપણે ક્યાંકના ક્યાંક તણાઈ ગયા. ગુફામાં વહીને તે બે નદિઓ—ઉન્મગ્નજલા અને નિમગ્નજલા ગંગા નદીમાં જઈને મળે છે. ગુફામાં વહીને ગંગા નદી ગુફાના દક્ષિણ દ્વારથી બહાર નીકળે છે, સીધી દક્ષિણ દિશામાં દક્ષિણ ભરતના અડધા ભાગ સુધી વહીને પૂર્વ દિશા તરફ વળે છે અને જંબૂદ્વીપના કોટના માગધ નામક દ્વારમાંથી થઈને લવણસમુદ્રમાં જઈ મળે છે. આપણે અહીં જેવી રીતે કમ્પાઉન્ડ વોલમાં દરવાજા હોય છે, સાઈડમાં પિલર—થાંભલા હોય છે, તેવી રીતે નદિઓ જ્યાં સમુદ્રમાં પ્રવેશ કરે છે ત્યાં ગેટસ્ હોય છે—દ્વાર હોય છે. જંબૂદ્વીપના અંતિમ ભાગમાં સમુદ્ર તટ પર દિવાલ જેવી રચના છે જેને જગતી કહે છે, તેમાં આ દ્વાર હોય છે.

અત્યારે આપણે ગંગા નદીનું વર્ણન જોયું, હવે સિંધુ નદીનું વર્ણન જોઈશું. આ પણ હિમવાન પર્વતની ઉપર પદ્મ દ્રહથી નીકળે છે પરંતુ પશ્ચિમ દિશાના વજ્રદ્વારથી નીકળીને પશ્ચિમ દિશા સન્મુખ ૫૦૦ યોજન વહે છે, પછી દક્ષિણમાં વળીને હિમવાન પર્વતના દક્ષિણ તટ સુધી વહેતી જાય છે. ત્યાં પણ ગંગા સમાન ગોમુખાકાર—વૃષભાકાર પ્રણાલી હોય છે. ત્યાંથી પચ્ચીસ યોજન આગળ જઈએ નીચે પડે છે. ત્યાં પર્વતની નીચે સિંધુકુંડ છે. ગંગાકુંડ જેવી બધી જ રચના અહીં પણ હોય છે. અહીં પણ દેવીના મહેલની

ઉપર સિંહાસનમાં બિરાજિત જિનબિંબ છે, તેની ઉપર સિંધુ નદીનો પ્રવાહ પડે છે. કુંડમાંથી દક્ષિણ તરફ વહીને વિજયાર્ધ પર્વતની તમિસ્રા નામક ગુફામાં પ્રવેશ કરે છે અને તેના દક્ષિણ દ્વારથી નીકળીને દક્ષિણ ભરતના અડધા ભાગ સુધી દક્ષિણ દિશામાં વહીને પછી પશ્ચિમની તરફ વળે છે અને જંબૂદ્વીપના કોટના પ્રભાસ નામક દ્વારમાંથી થઈને લવણસમુદ્રમાં પ્રવેશ કરે છે.

ભરતક્ષેત્રમાં એક વિજયાર્ધ અને ગંગા-સિંધુ બે નદિઓના કારણે છ વિભાગ થયા છે. તેમાંથી વિજયાર્ધની દક્ષિણમાં બે નદિઓની વચ્ચે જે વિભાગ છે તે આર્યખંડ છે અને શેષ પાંચ મ્લેચ્છખંડ છે. અહીં ચાર્ટમાં વિજયાર્ધની ઉત્તરમાં બે નદિઓની વચ્ચે જે વિભાગ છે, તેમાં વૃષભગિરી નામનો પર્વત દેખાડ્યો છે. આ નામ ક્યારેય પણ સાંભળ્યો છે? હાં, પૂજામાં આવે છે ને! 'ભરત ચલે વૃષભાચલ પર' . ચક્રવર્તી છ ખંડ જીતીને આવે છે ત્યારે આ વૃષભાચલ પર્વત પર પોતાની પ્રશસ્તિ—પોતાનું નામ લખવા માટે આવે છે પરંતુ ત્યાં થોડી પણ જગ્યા નથી મળતી ત્યારે પૂર્વવર્તી કોઈ ચક્રવર્તીનું નામ ભૂંસીને પોતાનું નામ લખવું પડે છે. અનાદિથી જ ચક્રવર્તી થતાં આવ્યા છે એમ જાણીને 'હું જ ચક્રવર્તી થયો' એવું માન નથી થતું.

ગંગા-સિંધુ તો દ્રહના પૂર્વ-પશ્ચિમ દ્વારથી નીકળે છે, તેવી જ રીતે રક્તા-રક્તોદા નદિઓ શિખરી પર્વત પર પુંડરીક દ્રહના પૂર્વ-પશ્ચિમ દ્વારથી નીકળીને પૂર્વ-પશ્ચિમ દિશામાં પાંચસો-પાંચસો યોજન જઈને ઉત્તર તરફ વળીને વૃષભાકાર પ્રણાલીથી નીચે કુંડમાં સ્થિત દ્વીપ, પર્વત, મહેલ, જિનબિંબની તેવી જ રચના છે, ત્યાં જિનબિંબના જટાયુક્ત મસ્તક પર પડે છે અને ઉત્તરમાં વહીને ઐરાવતના વિજયાર્ધની ગુફામાંથી થઈને ઉત્તરમાં વહીને પૂર્વ-પશ્ચિમમાં વળીને લવણસમુદ્રમાં જઈને મળે છે.

અન્ય બધી નદિઓ દ્રહોના દક્ષિણ અને ઉત્તર દ્વારમાંથી નીકળીને દક્ષિણ અથવા ઉત્તરમાં વહીને ત્યાં તે ક્ષેત્રના નાભિગિરીના ચોથા ભાગ પ્રમાણ પ્રદક્ષિણા કરી પૂર્વમાં અથવા પશ્ચિમમાં વહીને લવણસમુદ્રમાં જઈને મળે છે.

બોલો, વિદેહક્ષેત્રમાં બિરાજમાન તેરમા તીર્થંકર શ્રી ભદ્રબાહુ ભગવાનનો જય હો!

# ૧૪. ભોગભૂમિ, વિદેહક્ષેત્ર

ત્રિલોકસાર ગ્રંથના આધારે આપણે ત્રણ લોક સંબંધી રચનાની જાણકારી લઈ રહ્યા છીએ. અત્યારે આપણું મધ્યલોકનું પ્રકરણ ચાલી રહ્યું છે. મધ્યલોકમાં અસંખ્યાત દ્વીપ-સમુદ્ર છે, તેમાંથી મધ્યમાં અઢી દ્વીપ પ્રમાણ મનુષ્યલોક છે. ત્યાં પાંચ મેરુ સંબંધી પાંચ-પાંચ ભરત-ઐરાવત અને વિદેહક્ષેત્ર છે. ત્યાં કર્મભૂમિ અને ભોગભૂમિ ક્યાં હોય છે તે વાતો તો આપણે જોઈ હતી. હવે ત્યાં ભોગભૂમિમાં કેવી પરિસ્થિતિ હોય છે તેની ચર્ચા કરીશું.

ઉત્તમ ભોગભૂમિનું ઉત્કૃષ્ટ આયુષ્ય ત્રણ પલ્ય હોય છે. કુરુક્ષેત્ર–ઉત્તરકુરુ અને દક્ષિણકુરુમાં તો સદાય ઉત્તમ ભોગભૂમિ હોય છે, પરંતુ ભરત અને ઐરાવત ક્ષેત્રોમાં અવસર્પિણીના પહેલા કાળમાં ઉત્તમ ભોગભૂમિ હોય છે કે જે ચાર કોડાકોડી સાગર સુધી ચાલે છે. ત્યારબાદ ત્યાં જ મધ્યમ ભોગભૂમિ થાય છે. જ્યારે આપણે અવસર્પિણી કહીએ છીએ તો તેમાં ક્રમશઃ આયુષ્ય, શરીરની ઊંચાઈ અને અવગાહના ઘટતી જાય છે પરંતુ આહાર તો વધતો જાય છે. ઉત્તમ ભોગભૂમિમાં શરીરની ઊંચાઈ છ હજાર ધનુષ અર્થાત્ ત્રણ કોસ હોય છે, ત્યાં ત્રણ દિવસ વ્યતીત થતાં એકવાર ભોજન હોય છે, બદરીફળ–નાના બોરપ્રમાણ કલ્પવૃક્ષો દ્વારા આપવામાં આવેલો દિવ્ય આહાર ત્યાંના જીવ ગ્રહણ કરે છે. મનુષ્યોના શરીરનો વર્ણ ઉદય થતા સૂર્ય સમાન હોય છે.

શરીરની ઊંચાઈ અને આયુષ્ય ઘટતાં-ઘટતાં અંતમાં ચાર હજાર ધનુષ અને બે પલ્ય થઈ જાય છે કે મધ્યમ ભોગભૂમિની ઉત્કૃષ્ટ ઊંચાઈ અને આયુષ્ય હોય છે. અહીં બે દિવસના અંતરાળમાં ભોજન થાય છે કે જે અક્ષફળ–બેહડાપ્રમાણ હોય છે. મનુષ્ય સંપૂર્ણ ચંદ્રમા સમાન વર્ણયુક્ત હોય છે.

બીજા કાળના અંતમાં તથા ત્રીજા કાળના પ્રારંભમાં શરીરની ઊંચાઈ બે હજાર ધનુષ અને આયુ એક પલ્ય હોય છે. અહીં એક દિવસના અંતરાળમાં ભોજન હોય છે કે જે આમળાપ્રમાણ હોય છે. આ કાળમાં મનુષ્ય હરિત શ્યામવર્ણયુક્ત શરીરવાળા હોય છે. ત્રણેય ભોગભૂમિના જીવો મળ-મૂત્રાદિ નીહાર રહિત હોય છે.

ચોથા કાળની શરૂઆતમાં અહીં કર્મભૂમિની શરૂઆત થાય છે, જ્યાં શરીરની

ઊંચાઈ પાંચસો ધનુષ અને આયુષ્ય એક કરોડ પૂર્વનું હોય છે. દિવસમાં એકવાર આહાર હોય છે. શરીર પાંચેય વર્ણયુક્ત હોય છે. આયુષ્ય ઘટતાં-ઘટતાં અંતમાં એકસોવીસ વર્ષ પ્રમાણ અને ઊંચાઈ સાત હાથ પ્રમાણ હોય છે કે જે પંચમ કાળની શરૂઆતમાં ઉત્કૃષ્ટનું પ્રમાણ હોય છે. પંચમ કાળના અંતમાં બે હાથ પ્રમાણ ઊંચાઈ અને વીસ વર્ષ પ્રમાણ આયુષ્ય રહી જાય છે. છઠ્ઠા કાળના અંતમાં ઊંચાઈ એક હાથ પ્રમાણ અને આયુષ્ય પંદરવર્ષ પ્રમાણ હોય છે. પંચમ કાળમાં શરીર કાંતિહીન, રુક્ષ, મિશ્રવર્ણવાળું હોય છે, જીવ અનેકવાર આહાર ગ્રહણ કરે છે. છઠ્ઠા કાળમાં શરીર ધુમાડા જેવું શ્યામવર્ણવાળું હોય છે, જીવ અતિ પ્રચુર વૃત્તિથી વારંવાર આહાર કરે છે.

ભોગભૂમિના જીવ મંદકષાયી હોય છે, ત્યાં દસ પ્રકારના કલ્પવૃક્ષ હોય છે. તૂર્યાંગ નામના કલ્પવૃક્ષથી વાદ્ય, પાત્રાંગથી પાત્ર મળે છે, ભૂષણાંગથી આભૂષણ મળે છે, પાનાંગથી પીવાની ચીજો, આહારાંગથી આહાર, પુષ્પાંગથી પુષ્પ, જ્યોતિરંગથી પ્રકાશ પ્રાપ્ત થાય છે. ગૃહાંગથી મંદિર અર્થાત્ ગૃહ-મહેલ પ્રાપ્ત થાય છે. વસ્ત્રાંગથી વસ્ત્ર અને દીપાંગથી દીપક મળે છે. હવે ભોગભૂમિનું સ્વરૂપ જોઈએ. ભોગભૂમિ દર્પણ સમાન મણિમય હોય છે અને ચાર અંગુલ પ્રમાણ ઊંચા, ઉત્તમ રસ અને ગંધયુક્ત કોમળ ઘાસથી સંયુક્ત હોય છે. દૂધ અથવા મીઠારસ અથવા પાણી અથવા મધુ સમાન રસ અથવા ઘૃતથી પૂર્ણ વાવડી અથવા સરોવરોથી આ ભોગભૂમિ વ્યાપ્ત હોય છે.

ત્યાં માતાના ગર્ભથી યુગપત્ સ્ત્રી-પુરુષનો જોડો અર્થાત્ યુગલ ઉત્પન્ન થાય છે, તેથી તેને જુગલિયા અથવા યુગલિયા કહે છે. તેમનો જન્મ થતા માતા-પિતા બંને મરી જાય છે. તો શું માતા-પિતા વિના જ મોટા થાય છે? હાં! આપણે માનીએ છીએ કે આપણા વિના આપણા બાળકોનું શું થશે? અહીં તો લોકો પુત્રમોહમાં આંધળા થઈને મોટામાં મોટા પાપ પણ કરે છે. કમાય છે પણ બાળકો માટે. પોતાના માટે તો તેમને ખાવાનો પણ સમય નથી. અહીં જ બધું છોડીને જવાનું છે તેમ છતાં પૈસા કમાવવા માટે ક્યા-ક્યા પાપ નથી કરતા? સંસ્કૃતમાં એક શ્લોકમાં કહ્યું છે જો સુપુત્ર હશે તો તેના માટે ધન કમાઈને રાખવાની શું આવશ્યકતા છે? સુપુત્ર તો સ્વયં લાયક છે, કમાઈને ખાશે અને કુપુત્ર છે તેના માટે શું કામ છોડી રહ્યા છો? તે તો બધુ જ ખોઈ નાખવાવાળો છે, તેના માટે તમે પાપ શું કામ કરી રહ્યા છો?

ભોગભૂમિમાં યુગલ જન્મે છે. જન્મથી સાત દિવસ સુધી પોતાનો અંગૂઠો ચૂસે

છે, પછીના સાત દિવસ સુધી ઊંચા-નીચા થાય છે અર્થાત્ પેટથી ભૂમિ પર આળોટે છે, પછી સાત દિવસ ડગમગ ચાલે છે, પછીના સાત દિવસ સ્થિરરૂપ સારી રીતે ચાલવા લાગે છે, પછીના સાત દિવસમાં કળા-ગુણ ગ્રહણ કરે છે, પછીના સાત દિવસમાં યૌવન અવસ્થા પ્રાપ્ત કરે છે, પછીના સાત દિવસમાં પરસ્પર દર્શનનું ગ્રહણ થવું થાય છે. આ રીતે ઓગણપચાસ દિવસમાં સંપૂર્ણ થાય છે.

આ દંપતિ અર્થાત્ સ્ત્રી-પુરુષ યુગલમાં બંનેને વજ્રવૃષભનારાચ સંહનન હોય છે, તેમને સમચતુરસ્ર સંસ્થાન હોય છે, તેઓ મંદકષાયી હોય છે, તેથી તેમને આર્ય કહે છે. પંચેન્દ્રિયના વિષય તેમને અત્યંત સુલભતાથી પ્રાપ્ત થાય છે તોપણ તેનાથી તૃપ્તિ થતી નથી, વિષયોથી અરુચિ થતી નથી. આયુષ્યના અંતમાં પુરુષ છીંકથી અને સ્ત્રી બગાસાથી મરણ પ્રાપ્ત કરી શરદઋતુના વાદળા સમાન તેમના શરીર વિલય થઈ જાય છે, શરીરનો અંશ પણ પડ્યો રહેતો નથી.

ભોગભૂમિના મનુષ્ય અને તિર્યંચ મરીને નિયમથી દેવગતિમાં જ જાય છે, અન્ય ગતિઓમાં જતા નથી. અહીંના બધા જ મિથ્યાદૃષ્ટિ મરીને ભવનત્રિકમાં જન્મે છે અને અહીંના સમ્યગ્દૃષ્ટિ મરીને સૌધર્મ-ઈશાનમાં જન્મે છે. અહીંના જીવોનું અનપવર્ત્ય આયુષ્ય હોય છે—તેનું અપવર્તન નથી થતું અર્થાત્ કદલીઘાતથી મરણ થતું નથી. અસંખ્યાત વર્ષોનું તેમનું આયુષ્ય હોય છે, સંપૂર્ણ ભોગવીને જ મરણ થાય છે. તેમના ભુજ્યમાન આયુષ્યમાં ઘટાડો થતો નથી.

તો શું અન્ય કોઈના આયુષ્યમાં ઘટાડો થઈ શકે છે? હાં, કર્મભૂમિના કેટલાક મનુષ્ય અને તિર્યંચોમાં ભુજ્યમાન આયુષ્યનો ઘાત થઈ શકે છે. માની લઈએ કે કોઈ સો વર્ષનું આયુષ્ય બાંધીને આવ્યું છે અને વીસ વર્ષમાં આયુષ્યકર્મના ભવિષ્યકાલીન બધા જ નિષેકોનો ઘાત થઈને તે પરમાણુ અંતર્મુહૂર્તપ્રમાણ નિષેકોમાં આવીને મળે છે, પછી ત્યાં આયુષ્યનો બંધ થઈને પશ્ચાત્ મરણ થાય છે. એવું પણ થઈ શકે છે કે એક કરોડ પૂર્વનું આયુષ્ય લઈને જન્મ્યો હોય અને પર્યાપ્તિ પૂર્ણ થયા બાદ અંતર્મુહૂર્ત પછી કદલીઘાતથી તેનું મરણ થઈ શકે છે. એવા કોઈક પરિણામોમાં આયુનો બંધ કર્યો હતો કે તે કદલીઘાતથી ખરવાની જ હતી. વર્તમાન પરિણામના કારણે આવું મરણ નથી. તે સમયે ક્રમબદ્ધપર્યાયના સિદ્ધાંત પર કોઈ આંચ આવતી નથી, તેની ચર્ચા આપણે પહેલાં ઘણીવાર કરી ચૂક્યા છીએ તેથી અહીં અત્યારે હું તેની ચર્ચા કરતી નથી.

ક્યાં કઈ ભોગભૂમિ સદાય હોય છે તે આપણે જોયું જ છે. ભરત, ઐરાવતમાં પણ છ કાળના પરિવર્તનમાં ત્રણેય ભોગભૂમિરૂપ પરિવર્તન અહીં થાય છે તેની ચર્ચા પણ કરી હતી. જ્યારે અહીં અવસર્પિણીનો ત્રીજો કાળ અર્થાત્ જઘન્ય ભોગભૂમિ સમાપ્ત થવાનો કાળ નજીક આવે છે અર્થાત્ ત્રીજા કાળમાંથી પલ્યનો આઠમો ભાગ બાકી રહે છે ત્યારે ક્રમથી ચૌદ કુલકર ઉત્પન્ન થાય છે. અહીં ત્રીજા કાળમાં ઉત્પન્ન થયેલાં કુલકરોના નામ આ પ્રમાણે છે— (૧) પ્રતિશ્રુતિ, (૨) સન્મતિ, (૩) ક્ષેમંકર, (૪) ક્ષેમંધર, (૫) સીમંકર, (૬) સીમંધર, (૭) વિમલવાહન, (૮) ચક્ષુષ્માન, (૯) યશસ્વી, (૧૦) અભિચંદ્ર, (૧૧) ચંદ્રાભ, (૧૨) મરુદેવ, (૧૩) પ્રસેનજિત અને (૧૪) નાભિ.

નાભિ કુલકરના પુત્ર વૃષભદેવ પ્રથમ તીર્થંકર થયા કે જેને આપણે આદિનાથ પણ કહે છે.

સમીચીન પાત્ર અર્થાત્ સુપાત્રને દાન દેવાના પુણ્ય પરિણામથી જેમણે પહેલાં મનુષ્ય આયુ બાંધ્યું હોય, પછી સમ્યગ્દષ્ટિ થઈને જેમણે ક્ષાયિક સમ્યક્ત્વ પ્રાપ્ત કર્યું હોય તેવા જીવ કુલકર થઈને અહીં ભોગભૂમિમાં ઉત્પન્ન થાય છે. અન્ય પણ જે ત્યાં સમ્યક્ત્વની સાથે જન્મ લે છે તે ક્ષાયિક સમ્યગ્દષ્ટિ જ હોવા જોઈએ. બાકી તો ત્યાં મિથ્યાત્વ અને સાસાદનની સાથે જન્મ લેવાવાળા ઘણા જીવો હોય છે. સમ્યક્ત્વ સહિત જન્મ લેવાવાળાઓ માટે આ ક્ષાયિકની અથવા ક્ષાયિકની શરૂઆત થઈ ચૂકી છે તેવા કૃતકૃત્યવેદકપણાની શર્ત-કંડીશન છે. આ કુલકરો ક્ષત્રિયકુળમાં જન્મ લે છે એમ કહે છે. કારણ કે ત્યારે કોઈ કુળ આદિની પ્રવૃત્તિ તો હતી નહીં, પરંતુ તેમના કુળમાં ભવિષ્યમાં ક્ષત્રિય થશે, તેથી ઉપચારથી તેમને પણ ક્ષત્રિયકુલોત્પન્ન કહેવામાં આવે છે. આ કુલકરોમાં કેટલાય જાતિસ્મરણ સહિત હોય છે, કેટલાય અવધિજ્ઞાન સહિત હોય છે.

શરૂમાં કુલકરોનું આયુષ્ય પણ મોટું હોય છે, જેમ કે પહેલા કુલકરનું પલ્યના દસમાં ભાગ પ્રમાણ આયુષ્ય હતું. પહેલા બે કુલકરોની વચ્ચે અંતરાળ પણ મોટો હોય છે, જેમ કે પહેલા કુલકરના મર્યા બાદ પલ્યના એંસીમા ભાગ પ્રમાણ કાળ વીતી ગયા પછી બીજા કુલકર થયા હતા.

તેમને કુલકર કેમ કહે છે ખબર છે? અત્યાર સુધી તો ભોગભૂમિ હતી, કાંઈ કમાવવાનું તો હતું નહીં, જીવ પણ ભદ્ર પરિણામી—સારા પરિણામવાળા હતા, કલ્પવૃક્ષોથી બધી જરૂરિયાત પૂરી થઈ જતી હતી. અહીંથી આગળ કર્મભૂમિની શરૂઆત થવાની છે તો

જીવોને અનેક સમસ્યાઓ ઉત્પન્ન થવા લાગે છે. કુલકર તે સમસ્યાઓનું નિવારણ કરે છે, બદલતી પરિસ્થતિઓમાં જીવન કઈ રીતે જીવવું આદિ ઉપદેશ દે છે.

પહેલા કુલકરના સમયે જ્યોતિરંગ કલ્પવૃક્ષોનો પ્રકાશ મંદ થવા લાગ્યો તો સૂર્ય, ચંદ્ર દેખાવા લાગ્યા. તે તો પહેલાં પણ વિદ્યમાન હતા જ પરંતુ કલ્પવૃક્ષોના પ્રકાશના કારણે દેખાતા ન હતા. લોકો તેને આપત્તિ સમજીને ભયભીત થવા લાગ્યા. પહેલા કુલકરે તેમને સમજાવીને તેમના ભયનું નિવારણ કર્યું. બીજા કુલકરે તારા દેખાવાથી ઉત્પન્ન થતાં ભયનું નિવારણ કર્યું. પછી સિંહ આદિ જીવોમાં ક્રૂરતા આવવા લાગી તેનાથી બચવાનો ઉપાય ત્રીજા કુલકરે કહ્યો અને લોકોના ભયનું નિવારણ કર્યું. સિંહ આદિક પશુ વધારે ક્રૂર બન્યા, તેના માટે દંડ આદિનો ઉપાય કરીને ચોથા કુલકરે લોકના ભયનું નિવારણ કર્યું. ત્યારબાદ કલ્પવૃક્ષ અલ્પ ફળ દેવા લાગ્યા ત્યારે પ્રજામાં પરસ્પર કલહ થવા લાગ્યો ત્યારે પાંચમા કુલકરે સીમા બાંધીને પ્રજાને પોતપોતાની સીમામાં રહેવાનો ઉપદેશ આપ્યો. ત્યારબાદ કલ્પવૃક્ષ અતિ મંદ થવા માંડ્યા, પ્રજામાં તે મર્યાદામાં પણ ઝઘડા થવા લાગ્યા ત્યારે છઠ્ઠા કુલકરે ચિહ્‌ન આદિ દ્વારા તે મર્યાદાને દૃઢ કરી. સાતમા કુલકરે ગમન કરવા માટે ઘોડા આદિ વાહનનો ઉપયોગ કર્યો, આઠમા કુલકરના સમયે બાળકોનો જન્મ થયા પછી પણ થોડા કાળ સુધી માતા-પિતા જીવિત રહેવા લાગ્યા ત્યારે કુલકરે બાળકોનું મુખ જોવાથી ઉત્પન્ન થતાં ભયને દૂર કર્યો. ત્યારબાદ નવમા કુલકરના સમયમાં બાળક જન્મ્યા બાદ વધારે સમય સુધી માતા-પિતા જીવવા લાગ્યા, ત્યારે તે નવમા કુલકરે બાળકોને આશીર્વાદ આપવાનું શીખડાવ્યું, માતા-પિતા હજી વધારે સમય જીવિત રહેવા લાગ્યા ત્યારે દસમા કુલકરે બાળકોને ચંદ્ર દેખાડવો આદિ ક્રીડાઓ શીખડાવી. ત્યારબાદ, ઘણા વધારે સમય સુધી માતા-પિતા જીવિત રહેવા લાગ્યા ત્યારે અગિયારમા કુલકરે પ્રજાના તે ભયને દૂર કર્યો. બારમા કુલકરના સમયે જળવૃષ્ટિ, મેઘવૃષ્ટિ થવાથી નદી, જળાશય થયા ત્યારે તરવાનો ઉપાય કહ્યો; જહાજ, હોડી આદિ બનાવીને પ્રયોગમાં લેવાનું શીખડાવ્યું. તેરમા કુલકરના સમયમાં જરાયુ સહિત બાળક જન્મવા લાગ્યા, ત્યારે તે કુલકરે જરાયુનું છેદન કરવાનું શીખડાવ્યું. પ્રસૂતિશાસ્ત્ર ત્યારથી શરૂ થયું હોય તેમ લાગે છે.

આ જરાયુ શું છે ખબર છે? જ્યારે બાળક જન્મે છે ત્યારે તેની ઉપર પાતળું આવરણ હોય છે—મેમ્બ્રેન હોય છે જેની અંદર ઑમ્નિયાટિક ફ્લુઈડ હોય છે કે જેમાં

બાળક હોય છે. ત્યારબાદ નાળ સહિત—અમ્બિલિકલ કૉર્ડ સહિત બાળક જન્મવા લાગ્યા. નાભિથી જોડાયેલી નાડ છેદવાનું ચૌદમા કુલકરે શીખડાવ્યું. તેમનું નામ નાભિરાય હતું. તેમના કાળમાં ઈન્દ્રધનુષ, વિજળી ચમકવી આદિ થવા લાગ્યું. આ જોઈને ઉત્પન્ન થયેલો પ્રજાનો ભય આ ચૌદમા કુલકરે દૂર કર્યો. વૃક્ષોના ફળોમાં આ ઔષધિ છે, આ ખાવાયોગ્ય છે આદિ શીખડાવ્યું. ત્યારબાદ કર્મભૂમિની શરૂઆત થઈ. ગ્રામ, નગર, પત્તન આદિની રચના, લૌકિક કાર્ય સંબંધી શાસ્ત્ર, અસી, મસી, કૃષી, વિદ્યા, શિલ્પ, વાણિજ્ય આદિ લૌકિક વ્યવહાર, આજીવિકા કેવી રીતે કરવી, આચરણ કેવી રીતે કરવું, દયા છે મૂળ જેનો એવો ધર્મ આ બધી વાતો આદિ બ્રહ્મા અર્થાત્ નાભિરાયના પુત્ર વૃષભદેવે શીખડાવી. તેઓ જ આ ભરતક્ષેત્રના આ અવસર્પિણીના પ્રથમ તીર્થંકર થયા.

પહેલા પાંચ કુલકર અપરાધીને 'હા' આ વચન બોલીને દંડ આપતા હતા. તે સમયે જીવ ભદ્રપરિણામી હતા, તેમને ખિજાવાની પણ આવશ્યકતા ન હતી. 'હા' નો અર્થ 'હાય, આ ખરાબ કર્યું'—તે જ તેમના અપરાધનો દંડ હતો, તેનાથી જ તેઓ ખોટા કામ છોડી દેતા હતા. ત્યારબાદ પાંચ કુલકર 'હા મા' કહીને દંડ દેતા હતા અર્થાત્ 'હાય, ખરાબ કર્યું, હવે ન કરવું'. ત્યારબાદ વૃષભદેવ સહિત પાંચ કુલકર 'હા મા ધિક્' કહીને દંડ આપતા હતા અર્થાત્ 'ખરાબ કર્યું, હવે ન કરો, ધિક્કાર છે તને'.

અત્યાર સુધી આપણે ભરતક્ષેત્રના આર્યખંડમાં કાળનું પરિવર્તન કેવી રીતે થાય છે, અહીં ભોગભૂમિ અને કર્મભૂમિનું પરિવર્તન કેવી રીતે થાય છે, ક્યાં સદાય ભોગભૂમિ હોય છે આદિ વાતો જોઈ. હવે આપણે પ્રત્યેક મેરુ સંબંધી વિદેહક્ષેત્રની રચના સમજવાની છે. સર્વપ્રથમ આપણે પૂર્વ વિદેહને સમજશું, ત્યારબાદ તેના આધારે પશ્ચિમ વિદેહને સમજશું.

જંબૂદ્વીપના વિદેહક્ષેત્ર ક્યાં છે, તે આપણે ચાર્ટ નં. ૫માં જોયું છે. તેમાં મધ્યમાં સુદર્શનમેરુનો વ્યાસ દસ હજાર યોજન છે, તેના પૂર્વમાં બાવીસ હજાર યોજન સુધી ભદ્રશાલવન છે, તેના સમાપ્ત થતાં ભદ્રશાલ વનવેદી કે જે નીલ પર્વતથી નિષધ પર્વત સુધી છે. તેના પૂર્વમાં પૂર્વ વિદેહક્ષેત્ર છે તેનો વિસ્તાર આપણે ચાર્ટ નં. ૧૨.૧ ના આધારથી જોઈશું. વિદેહક્ષેત્રના પૂર્વમાં સમુદ્રની પાસે દેવારણ્યવન અને દેવારણ્ય વનવેદી છે. તે વનવેદી પણ નીલ પર્વતથી નિષધ પર્વત સુધી છે. ચાર્ટ જુઓ, અહીં નીચે દક્ષિણમાં નિષધ પર્વત અને ઉત્તરમાં નીલ પર્વત છે. નીલ પર્વતના કેસરી દ્રહથી

સીતા નદી દક્ષિણમાં મેરુ સુધી આવે છે અને મેરુ પર્વતના ચોથા ભાગ પ્રમાણ પ્રદક્ષિણા દઈને પૂર્વ દિશા તરફ વહે છે. તેના કારણે પૂર્વ વિદેહક્ષેત્રના ઉત્તર અને દક્ષિણ એવા બે વિભાગ થાય છે.

અહી ચાર્ટ નં. ૧૨.૧ મા ભદ્રશાલ વનવેદી અને દેવારણ્ય વનવેદીની વચ્ચે પૂર્વ વિદેહ છે, જેની મધ્યમાં સીતા નદી છે કે જે પૂર્વ દિશામાં જઈને લવણસમુદ્રમાં જઈને મળે છે. સીતા નદીની ઉત્તર તથા દક્ષિણમાં ૪-૪ વક્ષાર પર્વત છે કે જે અહીં બ્રાઉન રંગમાં દેખાડ્યા છે, તેના પર ૧, ૨, ૩, ૪ અને દક્ષિણમાં ૫, ૬, ૭, ૮ ક્રમાંક લખ્યા છે. ઉત્તર દિશાના ચાર વક્ષાર પર્વત નીલ પર્વતથી સીતા નદી સુધી ફેલાયેલા છે અને દક્ષિણ દિશાના ચાર વક્ષાર પર્વત નિષધ પર્વતથી સીતા નદી સુધી ફેલાયેલા છે. આ વક્ષારોના નામ આ પ્રકારે છે—(૧) ચિત્રકૂટ વક્ષાર, (૨) નલિનકૂટ વક્ષાર, (૩) પદ્મકૂટ વક્ષાર, (૪) એકશૈલ વક્ષાર, (૫) ત્રિકૂટ વક્ષાર, (૬) વૈશ્રવણકૂટ વક્ષાર, (૭) અંજનશૈલ વક્ષાર અને (૮) આત્માંજન વક્ષાર. તેમના ક્રમ સરખી રીતે જોશો. ઉત્તરમાં એકથી ચાર પૂર્વ દિશા તરફ છે અને દક્ષિણના પાંચથી આઠ પૂર્વથી પશ્ચિમ તરફ છે, તેને ક્લોકવાઈઝ કહે છે–ઘડિયાલના કાંટાની જેમ છે.

ઉત્તરના ચાર વક્ષારોની વચ્ચે તેના અંતરાળોમાં એક-એક નદી નીલ પર્વતથી નીકળીને દક્ષિણ તરફ વહે છે અને સીતા નદીમાં જઈને મળે છે. આ નદિઓને વિભંગા નદી કહે છે. દક્ષિણમાં પણ એવી જ ત્રણ વિભંગા નદિઓ છે કે જે નિષધ પર્વતથી નીકળીને ઉત્તર દિશામાં વહેતી થકી સીતા નદીમાં જઈને મળે છે. ઉત્તરની ત્રણ અને દક્ષિણની ત્રણ નદિઓના નામ ક્રમથી આ પ્રકારે છે—(૧) દ્રહવતી (ગાધવતી), (૨) ગ્રાહવતી (દ્રહવતી), (૩) પંકવતી, (૪) તપ્તજલા, (૫) મત્તજલા અને (૬) ઉન્મત્તજલા.

સીતા નદીના ઉત્તરમાં બે વનવેદી, ચાર વક્ષાર અને ત્રણ વિભંગ નદિઓ તેના અંતરાળમાં આઠ ક્ષેત્ર થાય છે, તે પ્રત્યેક ક્ષેત્ર એક-એક વિદેહક્ષેત્ર છે. દક્ષિણમાં પણ એવા આઠ ક્ષેત્ર થાય છે. પૂર્વમાં આઠ અને આઠ સોળ ક્ષેત્ર થયા, તેવા જ પશ્ચિમ વિદેહમાં પણ સોળ વિદેહક્ષેત્ર હોય છે. આ પ્રકારે એક-એક મેરુ સંબંધી બત્રીસ-બત્રીસ વિદેહક્ષેત્ર હોય છે. આ બત્રીસેયનો ક્રમ પણ ઘડિયાળના કાંટાની જેમ અર્થાત્ ક્લોકવાઈઝ હોય છે. હવે તેના નામ જોઈએ છીએ. ચાર્ટ નં. ૧૨.૧ માં તમારે જોવાનું

છે. પહેલો છે કચ્છા. કચ્છ નહીં, કચ્છા કહ્યું. નહીં તો તમે કચ્છમાં શોધવા જશો. અહીં ઘણા કચ્છી ભાઈ-બહેન આવ્યા છે. ફરીવાર જોઈએ–ઉત્તરમાં—(૧) કચ્છા, (૨) સુકચ્છા, (૩) મહાકચ્છા, (૪) સુકચ્છાવતી, (૫) આવર્તા, (૬) લાંગલાવર્તા, (૭) પુષ્કલા, (૮) પુષ્કલાવતી; હવે દક્ષિણમાં—(૯) વત્સા, (૧૦) સુવત્સા, (૧૧) મહાવત્સા, (૧૨) વત્સકાવતી, (૧૩) રમ્યા, (૧૪) સુરમ્યકા, (૧૫) રમણીયા અને (૧૬) મંગલાવતી.

પશ્ચિમ વિદેહમાં પહેલાં દક્ષિણના અને પછી ઉત્તરના ક્ષેત્ર ગણીશું. પશ્ચિમ વિદેહમાં કઈ નદી વહે છે તે યાદ છે? હાં, સીતોદા નદી. સીતોદાના દક્ષિણમાં ભદ્રશાલ વનવેદીની પછી અહીંથી આપણે સત્તર, અઢાર આદિ ગણીશું. પશ્ચિમ વિદેહ માટે ચાર્ટ નં. ૧૨.૨ જુઓ—દક્ષિણમાં સત્તરથી ચોવીસ સુધી અને પછી ઉત્તરમાં પચ્ચીસથી બત્રીસ સુધી ક્રમાંક લખ્યા છે, તેના નામ આ પ્રકારે છે— દક્ષિણમાં–(૧૭) પદ્મા, (૧૮) સુપદ્મા, (૧૯) મહાપદ્મા, (૨૦) પદ્મકાવતી, (૨૧) શંખા, (૨૨) નલિની, (૨૩) કુમુદ, (૨૪) સરિત; ઉત્તરમાં–(૨૫) વપ્રા, (૨૬) સુવપ્રા, (૨૭) મહાવપ્રા, (૨૮) વપ્રકાવતી, (૨૯) ગંધા, (૩૦) સુગંધા, (૩૧) ગંધિલા અને (૩૨) ગંધમાલિની. આ બત્રીસ વિદેહક્ષેત્ર સુદર્શનમેરુ સંબંધી છે. વર્તમાનમાં વિદેહક્ષેત્રમાં બિરાજમાન કેટલા તીર્થંકર છે? વીસ. પાંચ મેરુ સંબંધી વીસ છે તો એક-એક મેરુ સંબંધી વિદેહમાં ચાર-ચાર તીર્થંકર છે. પહેલા ચાર તીર્થંકર છે—સીમંધર, યુગમંધર, બાહુ અને સુબાહુ. જુઓ, સીમંધર ભગવાન સુદર્શનમેરુ સંબંધી પૂર્વ વિદેહના ઉત્તરમાં છે, યુગમંધર ભગવાન પૂર્વ વિદેહના દક્ષિણમાં છે, બાહુ ભગવાન પશ્ચિમ વિદેહના દક્ષિણમાં છે અને સુબાહુ ભગવાન પશ્ચિમ વિદેહના ઉત્તરમાં છે. ત્યારબાદ, આગળના ચાર તીર્થંકર— સંજાતક, સ્વયંપ્રભ, વૃષભાનન અને અનંતવીર્ય છે; તેઓ પૂર્વ ધાતકીખંડના વિજયમેરુ સંબંધી પૂર્વ વિદેહના ઉત્તરમાં, દક્ષિણમાં તથા પશ્ચિમ વિદેહના દક્ષિણમાં અને ઉત્તરમાં બિરાજમાન છે.

ત્યારબાદ, આપણે પશ્ચિમ પુષ્કરાર્ધના અચલમેરુ સંબંધી કહીશું. આ રીતે પાંચ મેરુ સંબંધી વીસ ક્ષેત્રમાં વીસ તીર્થંકર અત્યારે વર્તમાનમાં વિદ્યમાન છે. આપણે અહીં ભરતક્ષેત્રમાં ચોવીસ તીર્થંકરોના નામ લઈએ છીએ, તે તો એક પછી એક થયા હતાં.

આપણે અત્યારે કુલ ૩૨ × ૫ = ૧૬૦ વિદેહક્ષેત્ર જોયા. તેમાં પ્રત્યેકમાં છ-

છ ખંડ હોય છે—એક આર્યખંડ અને પાંચ મ્લેચ્છખંડ. આપણે કચ્છા વિદેહક્ષેત્રની વાત કરીશું. અત્યારે આપણે એક ક્રમાંક પર કચ્છા નામનું વિદેહક્ષેત્ર જોયું હતું. અહીં ચાર્ટ નં. ૧૨.૧ માં જુઓ, કચ્છા દેશની વચ્ચોવચ્ચ આ આડી બ્રાઉન રંગની રેખા કે જે ભદ્રશાલ વનવેદીથી ચિત્રકૂટ વક્ષાર સુધી દેખાડી છે, તે વિજયાર્ધ પર્વત છે. નીલ પર્વતથી નીકળેલી બે નદિઓ—રક્તા અને રક્તો સીધી દક્ષિણમાં વહેતી વિજયાર્ધ પર્વતની ગુફાઓમાંથી જઈને દક્ષિણમાં સીતા નદીમાં જઈ મળે છે. બે નદિઓ અને એક વિજયાર્ધના કારણે વિદેહક્ષેત્રના છ ખંડ થાય છે. વિજયાર્ધના દક્ષિણમાં બે નદિઓની વચ્ચે આર્યખંડ છે અને બાકી પાંચ મ્લેચ્છખંડ છે. જેવી રીતે ભરત-ઐરાવતક્ષેત્રમાં છ-છ ખંડ જોયા હતા તેવી રીતે અહીં પણ થાય છે; પરંતુ ભરત-ઐરાવતના આર્યખંડમાં જેમ કાળનું પરિવર્તન થાય છે તેમ અહીં થતું નથી, સદાય અવસર્પિણીના ચોથા કાળ સમાન કાળ હોય છે.

એકસો સાંઈઠ વિદેહમાં પ્રત્યેકમાં એક-એક વિજયાર્ધ અને બે-બે નદિઓના કારણે છ-છ ખંડ જોવા મળે છે. અહીં પૂર્વ વિદેહના ઉત્તરમાં નીલ પર્વતથી નીકળીને પ્રત્યેક વિદેહમાં બે-બે નદિઓ દક્ષિણ તરફ વહીને સીતા નદીમાં જઈ મળે છે, તેના નામ રક્તા અને રક્તોદા છે. પૂર્વ વિદેહના દક્ષિણમાં નિષધ પર્વતથી નીકળીને બે-બે નદિઓ ઉત્તર દિશામાં વહે છે અને સીતા નદીમાં જઈ મળે છે, તેના નામ ગંગા અને સિંધુ છે. પ્રત્યેક ક્ષેત્રમાં આ જ નામ છે.

પ્રત્યેક વિદેહક્ષેત્રના વિજયાર્ધ પર્વત અલગ-અલગ છે. અહીં બીજા નંબરનો સુકચ્છા દેશ છે કે જે ચિત્રકૂટ વક્ષાર અને દ્રહવતી વિભંગા નદીની વચ્ચે અંતરાળમાં છે; તેનો વિજયાર્ધ પણ વક્ષારથી નદી સુધી જ છે. આ પ્રત્યેક વિદેહક્ષેત્રમાં ચક્રવર્તી, તીર્થંકર અને અન્ય શલાકાપુરુષ અલગ-અલગ હોય છે, તેઓ એક ક્ષેત્રથી અન્ય ક્ષેત્રમાં જતા નથી. ત્યાંના ચક્રવર્તી પણ છ ખંડ જીતીને ત્યાંના વૃષભગિરી પર જઈને નામ લખે છે.

જેટલા વિદેહક્ષેત્ર છે તેટલા જ વિજયાર્ધ પર્વત છે. હવે મારો પ્રશ્ન છે કે જંબૂદ્વીપમાં કુલ કેટલા વિજયાર્ધ પર્વત છે?

ઉત્તર :— ચોત્રીસ, બરાબર છે. જુઓ, બત્રીસ વિદેહક્ષેત્રના બત્રીસ, ભરતક્ષેત્રનો એક તથા ઐરાવતક્ષેત્રનો એક, એમ કુલ ચોત્રીસ વિજયાર્ધ પર્વત એક-એક

મેરુ સંબંધી હોય છે.

જંબૂદ્વીપમાં વક્ષાર પર્વત કેટલા જોયા? આપણે પૂર્વ વિદેહમાં ઉત્તરમાં ચાર અને દક્ષિણમાં ચાર વક્ષાર જોયા હતા ને! તેવા જ પશ્ચિમ વિદેહમાં જોયા હતા, તો કુલ સોળ વક્ષાર થયા. આ બધા નામ આપણે અંતમાં જ્યારે મધ્યલોકના અકૃત્રિમ જિન ચૈત્યાલય જોઈશું ત્યારે ફરીવાર જોવાના છીએ, તેથી યાદ રાખજો.

શું એક વાત ખ્યાલમાં આવી ગઈ? પ્રત્યેક વિદેહક્ષેત્રમાં પાંચ-પાંચ મ્લેચ્છખંડ અને એક-એક આર્યખંડ હોય છે. મ્લેચ્છખંડોમાં ધર્મની કોઈ પ્રવૃત્તિ હોતી નથી. આપણા કેટલાય સાથીઓ ત્યાં મહાવિદેહમાં જન્મ લેવા ઇચ્છે છે. જરા વિચાર કરજો કે ભૂલથી જો મ્લેચ્છખંડમાં ઉત્પન્ન થઈ ગયા તો શું થશે? લોકો વિદેહમાં જન્મ લેવા ઇચ્છે છે અને તે પણ સીમંધર ભગવાન પાસે, તેમને બાહુ-સુબાહુ ભગવાન નહીં ચાલે! કારણ કે સીમંધર ભગવાન વધારે ફેવરીટ છે ને! આપણા ચોવીસ તીર્થંકરોમાં પણ આપણે ફેવરીટ બનાવ્યા છે, કોણ છે? પાર્શ્વનાથને સંકટવિમોચક, શાંતિનાથને શાંતિપ્રદાતા, છે ને! આ બધી અભિપ્રાયની ભૂલો છે.

વિદેહક્ષેત્રમાં વર્તમાનમાં વીસ તીર્થંકર વિદ્યમાન છે. ક્યારેક-ક્યારેક એવું પણ થાય છે કે બધાય એકસો સાંઈઠ વિદેહક્ષેત્રોમાં પ્રત્યેકમાં એક-એક તીર્થંકર હોય છે અને તે જ કાળમાં પાંચ ભરતક્ષેત્ર અને પાંચ ઐરાવતક્ષેત્રમાં તીર્થંકર બિરાજમાન રહે છે. આ રીતે કુલ એકસો સિત્તેર તીર્થંકર એક કાળમાં થઈ શકે છે. આવું ક્યારે થયું હતું ખબર છે? જ્યારે આપણે અહીં અજિતનાથ તીર્થંકર હતા ત્યારે આવું થયું હતું. પૂર્વ વિદેહમાં અંતમાં પૂર્વ સીમા પર દેવારણ્ય વનવેદી છે કે જેની પૂર્વ દિશામાં દેવારણ્યવન છે તેની વચ્ચેથી સીતા નદી પૂર્વ તરફ વહે છે અને લવણસમુદ્રમાં જઈ મળે છે. દેવારણ્યવન અને લવણસમુદ્રની વચ્ચે દિવાલ જેવી આ રચના છે તેને જગતી કહે છે. સીતા નદી જ્યાં સમુદ્રમાં પ્રવેશ કરે છે ત્યાં આ જગતીમાં દ્વાર જોવા મળે છે. બધી મહાનદિઓ જ્યાં સમુદ્રમાં પ્રવેશ કરે છે ત્યાં આવી જ રચના હોય છે.

હવે અહીં વિરામ લઈએ છીએ.

બોલો, વિદેહક્ષેત્રમાં બિરાજમાન ચૌદમા તીર્થંકર શ્રી ભુજંગ ભગવાનનો જય હો!

# ૧૫. વિદ્યાધર, કુભોગભૂમિ

શ્રીમદ્ નેમિચંદ્ર આચાર્ય વિરચિત ત્રિલોકસાર ગ્રંથના આધારે આપણે અહીં ત્રણ લોકનું સ્વરૂપ જોઈ રહ્યા છીએ. અધોલોક, ઊર્ધ્વલોકનું સ્વરૂપ જોયા પછી મધ્યલોકનું વર્ણન જોતાં આપણે મનુષ્યલોકમાં છ કુલાચલ, સાત ક્ષેત્ર, કર્મભૂમિ, ભોગભૂમિ આદિનું વર્ણન જોયું. ભરતક્ષેત્ર તથા વિદેહક્ષેત્રનું પણ વર્ણન જોયું. છ-છ કાળોનું પરિવર્તન તો માત્ર ભરત અને ઐરાવતક્ષેત્રમાં જ થાય છે, ત્યાં પણ ફક્ત આર્યખંડમાં જ આ પરિવર્તન થાય છે, મ્લેચ્છખંડમાં નહીં. આર્યખંડમાં તો એકથી છ કાળ અને પશ્ચાત્ ઉલટા ક્રમથી તે જ કાળોનું પરિવર્તન થતું રહે છે; પરંતુ ભરત-ઐરાવતના મ્લેચ્છખંડોમાં માત્ર ચોથા કાળ સદૃશ પરિસ્થિતિ હોય છે. ત્યાં ન તો ભોગભૂમિ હોય છે અને ન પાંચમો-છઠ્ઠો કાળ હોય છે. અહીં ચોથા કાળનો અર્થ ત્યાંથી મોક્ષ જાય છે એમ ન માનવો. અહીં તો ફક્ત શરીરની અવગાહના અને આયુની અપેક્ષાએ વાત છે. જ્યાં આર્યખંડમાં છ કાળ છે ત્યાં મ્લેચ્છ-ખંડમાં ચોથા કાળની આદિથી અંત સુધી જેટલું પરિવર્તન હોય છે તેટલું જોવા મળે છે.

અહીં અવસર્પિણી કાળના પ્રારંભમાં પાંચસો ધનુષની ઊંચાઈ અને એક કરોડ પૂર્વનું આયુષ્ય અને અંતમાં સાત હાથની ઊંચાઈ અને એકસો વીસ વર્ષનું આયુષ્ય ઉત્કૃષ્ટ રૂપથી હોય છે. ચક્રવર્તી છ ખંડને જીતે છે, મ્લેચ્છખંડો પર વિજય પ્રાપ્ત કરે છે ત્યારે હજારો મ્લેચ્છ કન્યાઓ સાથે લગ્ન કરીને તેમને આર્યખંડમાં લઈ આવે છે. તો તેઓ તેની સમાન ઊંચાઈવાળી હશે કે નહીં? અને અંતમાં ચક્રવર્તી થયા તેની ઊંચાઈ ઓછી હોય છે તો તે મ્લેચ્છ કન્યાઓ પણ તેમના યોગ્ય કદની જ હોય છે.

ક્યાં ક્યો કાળ વર્તે છે તે આપણે પહેલાં વિસ્તારથી જોયું હતું. જ્યાં સદાય ઉત્તમ, મધ્યમ અથવા જઘન્ય ભોગભૂમિ હોય છે તે ક્ષેત્ર પણ આપણે જોયા. વિદેહક્ષેત્રમાં સદાય ચોથો કાળ વર્તે છે, ત્યાં તીર્થંકરોની વિદ્યમાનતા પણ સદાય રહે જ છે, મોક્ષમાર્ગ અને તેનો ઉપદેશ પણ સદાય ચાલતો રહે છે, તેનો ક્યારેય લોપ થતો નથી. આપણને ડર લાગે છે કે આ જૈનધર્મનું શું થશે? તેનો લોપ થઈ જશે તો? કોઈને એ ડર નથી કે હું જિનેન્દ્રકથિત તત્ત્વજ્ઞાનને અંગીકાર નહીં કરું તો મારું શું

થશે? લોક કેટલો મોટો છે તે આપણે જોઈ રહ્યા છીએ. જો આપણે આપણું સ્વરૂપ નહીં સમજીએ તો ક્યાં જઈને જન્મ લેશું અને ક્યાં-ક્યાં ભટકવું પડશે તેનો વિચાર કરજો—તેનો ભય લાગે તો લાગવા દ્યો. સંસારનો ભય લાગે તો તેનાથી છૂટવાનો ઉપાય મારે આ ભવમાં શીઘ્રાતિશીઘ્ર કરવાનો છે આ વાતનો અહેસાસ થશે.

ભરત-ઐરાવતના પાંચ-પાંચ મ્લેચ્છખંડોમાં તથા વિજયાર્ધ પર્વતની શ્રેણીઓમાં જ્યાં વિદ્યાધર રહે છે ત્યાં ચોથા કાળના આદિથી અંત સુધી સમાન હાનિ-વૃદ્ધિ થાય છે. દેવોમાં સદાય પહેલો કાળ અને નરકોમાં સદાય છઠ્ઠો કાળ સુખ-દુઃખની અપેક્ષાએ સમજવો; આયુષ્ય, શરીરની અવગાહના અથવા આહારની અપેક્ષાએ નહીં. કુભોગભૂમિમાં ત્રીજો કાળ હોય છે. સ્વયંભૂરમણ સમુદ્ર અને અડધા સ્વયંભૂરમણ દ્વીપમાં દુખમા અર્થાત્ પાંચમો કાળ વર્તે છે.

આપણે પહેલાં વિજયાર્ધ પર્વતોની વાત કરી હતી, યાદ છે? પ્રત્યેક વિદેહક્ષેત્ર, ભરતક્ષેત્ર, ઐરાવતક્ષેત્રમાં એક-એક વિજયાર્ધ પર્વત હોય છે કે જે તે-તે ક્ષેત્રને દક્ષિણ અને ઉત્તર એવા બે વિભાગોમાં વિભાજિત કરે છે. વિજયનો અર્થ છે દેશ, આ પર્વત દ્વારા ક્ષેત્ર અર્થાત્ દેશ અડધો થઈ જાય છે તેથી તેનું વિજયાર્ધ નામ સાર્થક છે. આ વિજયાર્ધ પૂર્વ-પશ્ચિમ લાંબો છે—પોતાના ક્ષેત્રની સીમા સુધી ફેલાયેલા છે. તેની દક્ષિણોત્તર પહોળાઈ પચાસ યોજન છે અને ઊંચાઈ પચ્ચીસ યોજન છે. વિજયાર્ધ નીચેથી લઈને દસ યોજનની ઊંચાઈ સુધી પચાસ યોજન સમાનરૂપે પહોળો છે. દસ યોજનની ઊંચાઈ પર દક્ષિણ અને ઉત્તર બંને દિશાઓમાં દસ-દસ યોજનની કટની હોય છે, ત્યાં પર્વતની પહોળાઈ ત્રીસ યોજન રહી જાય છે કે જે આગળ દસ યોજન ઉપર સુધી સમાન રહે છે. પછી અહીં દક્ષિણ અને ઉત્તરમાં દસ-દસ યોજનની કટની હોય છે અને પર્વતની પહોળાઈ દસ યોજન રહી જાય છે કે જે ઉપર પાંચ યોજન સુધી સમાન હોય છે.

ત્યાં પ્રથમ શ્રેણી અર્થાત્ કટની પર વિદ્યાધર રહે છે, ત્યાં દક્ષિણ અને ઉત્તર બંને તરફની શ્રેણીઓમાં વિદ્યાધરોના નગર હોય છે. વિદેહક્ષેત્રના વિજયાર્ધોની દક્ષિણ શ્રેણીમાં પંચાવન નગર અને ઉત્તર શ્રેણીમાં પંચાવન નગર છે. જંબૂદ્વીપના ભરત-ઐરાવત ક્ષેત્રસંબંધી વિજયાર્ધની દક્ષિણ શ્રેણીમાં પચાસ અને ઉત્તર શ્રેણીમાં સાંઈઠ નગર છે. આ બધા નગર રત્નમયી છે. કોટ, દરવાજા, મંદિર, માર્ગ, સરોવર, વન તેનાથી તે નગર વિરાજિત છે. તે નગરોમાં વિદ્યાધર રહે છે. આ વિદ્યાધર તો મનુષ્ય છે, દેવ નથી. તેમને

વિશિષ્ટ વિદ્યાઓ પ્રાપ્ત હોય છે, તેઓ મોક્ષ પણ જઈ શકે છે. તમને ખબર છે કે જે વિદ્યાધર મોક્ષ ગયા હોય? હાં, હનુમાન વિદ્યાધર હતા કે જે મોક્ષ ગયા છે. રાવણના પુત્ર મેઘનાથ પણ મોક્ષ ગયા છે.

આ વિદ્યાધરોને ત્રણ પ્રકારની વિદ્યા પ્રાપ્ત હોય છે—(૧) સાધિત વિદ્યા–જેને સ્વયં સાધ્ય કરી હોય એવી સાધિત વિદ્યા. (૨) કુળ વિદ્યા–પિતૃપક્ષ અર્થાત્ કુળમાં ચાલી આવેલી વિદ્યા. (૩) જાતિ વિદ્યા–માતૃપક્ષ અર્થાત્ જાતિમાં ચાલી આવેલી વિદ્યા.

વિદ્યાધર ષટ્કર્મોથી સંયુક્ત હોય છે. તે ષટ્કર્મ આ પ્રકારે છે—(૧) ઈજ્યા, (૨) વાર્તા, (૩) દત્તિ, (૪) સ્વાધ્યાય, (૫) સંયમ અને (૬) તપ.

પૂજ્યને પૂજવા ઈજ્યા છે. અસિ, મસિ આદિ જીવવાના ઉપાયરૂપ વ્યાપાર તે વાર્તા છે. દાન દેવું તે દત્તિ છે. ભણવું-ભણાવવું સ્વાધ્યાય છે. અવિરતિનો ત્યાગ તે સંયમ છે. તપશ્ચરણ કરવું તે તપ છે.

પ્રશ્ન :— આ અસિ, મસિ શું છે?

ઉત્તર :— અસિ, મસિ, કૃષિ, વિદ્યા, શિલ્પ અને વાણિજ્ય આદિ આજીવિકા માટે લૌકિક વ્યવહાર અહીં ભરતક્ષેત્રમાં વૃષભદેવે લોકોને શિખડાવ્યા હતા. અસિ અર્થાત્ તલવાર, ધનુષ આદિ શસ્ત્રવિદ્યામાં નિપુણ સૈનિકનું કામ કરીને ધનાર્જન કરવું અને પોતાનું જીવન નિર્વાહ કરવું. આપણી ભાષામાં રોજીરોટીના આ છ અલગ-અલગ સાધન છે. મસિનો અર્થ છે લેખન કરીને ધન કમાવવું. આજકાલ ટાઈપિંગ કરવું, એકાઉન્ટ સંભાળવું તે બધું તેમાં આવી ગયું. કૃષિ અર્થાત્ ખેતી કરવી. વિદ્યા અર્થાત્ ચિત્ર બનાવવા, નૃત્ય, ગાયન આદિ બોંતેર કળાઓ દ્વારા અર્થાર્જન કરવું. શિલ્પ અર્થાત્ કારીગરી; ધોબી, હજામ, સુથાર, લુહાર, સોની આમાં આવી ગયા. વાણિજ્ય અર્થાત્ અનેક પ્રકારની વસ્તુનો વ્યાપાર કરવો.

વિદ્યાધર કર્મભૂમિના મનુષ્ય છે. તેમને ત્યાં સદાય ચોથો કાળ રહે છે. ભરત-ઐરાવતના આર્યખંડમાં ચોથા કાળના આદિથી અંત સુધી જેવી હાની (અવસર્પિણી કાળમાં) અને વૃદ્ધિ (ઉત્સર્પિણી કાળમાં) થાય છે તેવી જ ત્યાંના વિજયાર્ધના વિદ્યાધરોની શ્રેણીમાં થાય છે. ત્યાં પાંચમો, છઠ્ઠો કાળ નથી હોતા. તમે સાંભળ્યું હશે કે

અહીં ભરત-ઐરાવતના આર્યખંડમાં છઠ્ઠા કાળના અંતમાં કેટલા દિવસો સુધી આંધી ચાલે છે, પ્રલય થાય છે. તે સમયે વિદ્યાધર આવીને કેટલાક મનુષ્ય અને તિર્યંચને પોતાને ત્યાં લઈ જાય છે. વિજયાર્ધ પર્વતની દ્વિતીય શ્રેણી કે જે દ્વિતીય કટની છે ત્યાં સૌધર્મ સંબંધી આભિયોગ્ય દેવોના મણિમય અનેક પ્રકારના નગર છે. વિજયાર્ધના શિખર પર સિદ્ધાયતન આદિ કૂટ છે. ત્યાં પૂર્ણભદ્ર કૂટ પર વિજયાર્ધકુમારપતિ દેવ રહે છે.

અત્યાર સુધી આપણે કર્મભૂમિ અને ભોગભૂમિની ચર્ચા કરી, પંરતુ તેમાં કુભોગભૂમિ શું હોય છે? ક્યાં હોય છે? તેની હવે આપણે ચર્ચા કરીશું. તેને કુમાનુષ દ્વીપ પણ કહે છે, તેને માટે ચાર્ટ નં. ૯ જોવાનો છે. અહીં રહેવાવાળા મનુષ્યોને કુમાનુષ અથવા અંતર્દ્વીપજ મ્લેચ્છ પણ કહે છે, તે કુભોગભૂમિઓ લવણસમુદ્ર અને કાલોદધિ સમુદ્રમાં જોવા મળતા દ્વીપોમાં છે. હવે આપણે જરા આ ચાર્ટ સમજશું.

અહીં મધ્યમાં લાખ યોજન વ્યાસવાળો જંબૂદ્વીપ છે, તેને ઘેરીને બે લાખ યોજન વિસ્તારવાળો અહીં જે બ્લ્યુ રંગમાં દેખાડ્યો છે તે લવણસમુદ્ર છે. તેની આગળ તેનાથી બમણો વિસ્તારવાળો ધાતકીખંડ દ્વીપ છે, પરંતુ અહીં નકશામાં જગ્યા ઓછી છે અને આગળ કાલોદધિ સમુદ્રનો પૂરો વિસ્તાર દેખાડવો હતો તેથી આ ધાતકીખંડ દ્વીપને ખૂબ જ નાનો દેખાડ્યો છે, કલ્પનામાં તેને લવણસમુદ્રથી બમણા વ્યાસવાળો સમજવો. તેની બહાર કાલોદધિ સમુદ્ર છે જે આઠ લાખ યોજન વિસ્તારવાળો છે.

અહીં આપણે લવણસમુદ્ર અને કાલોદધિ સમુદ્રમાં જોવા મળતા છન્નુ દ્વીપ જોઈશું કે જ્યાં કુભોગભૂમિ હોય છે. તેમાંથી અડતાલીસ દ્વીપ લવણસમુદ્રમાં છે અને અડતાલીસ દ્વીપ કાલોદધિ સમુદ્રમાં છે. ત્યાં પણ ચોવીસ દ્વીપ સમુદ્રના અભ્યંતર તટની નજીક છે અને ચોવીસ બહારના તટની નજીક છે. આપણે ચાર્ટના આધારે આ દ્વીપોની વાત સમજીશું. સર્વપ્રથમ લવણસમુદ્રના અભ્યંતર તટની પાસે અર્થાત્ જંબૂદ્વીપની પાસે ચાર દિશાઓ અને ચાર વિદિશાઓમાં પ્રત્યેકમાં એક-એક એવા આઠ દ્વીપ છે. ચાર્ટમાં તે કાળા રંગમાં દેખાડ્યા છે તેની બાજુમાં તેના ક્રમાંક પણ લખ્યા છે. પહેલો પૂર્વમાં, બીજો દક્ષિણમાં, ત્રીજો પશ્ચિમમાં, ચોથો ઉત્તરમાં, પાંચમો અગ્નિમાં, છઠ્ઠો નૈઋત્યમાં, સાતમો વાયવ્યમાં અને આઠમો ઈશાન્યમાં. આ આઠ દ્વીપોના અંતરાળમાં તેનાથી બહાર તરફ નાના કદવાળા અન્ય આઠ દ્વીપ છે કે જે અહીં લાલ રંગમાં દેખાડ્યા છે. પહેલા અને પાંચમા દ્વીપની અંતરાળમાં નવમો દ્વીપ છે. આગળ ક્રમથી એક-એક અંતરાળમાં

દસથી સોળ સુધીના દ્વીપ છે. આ રીતે આઠ અને આઠ સોળ તો આ દ્વીપ થયા.

જંબૂદ્વીપમાં અહીં ચાર્ટમાં ઉત્તરમાં શિખરી પર્વત અને દક્ષિણમાં હિમવાન પર્વત દેખાડ્યો છે. તેની પ્રત્યેકની પૂર્વ દિશામાં બે અને પશ્ચિમ દિશામાં બે એમ ચાર-ચાર દ્વીપ છે. ચાર્ટ જુઓ—અહીં હિમવાન પર્વતની લાઈનમાં પૂર્વમાં નવમા દ્વીપની પૂર્વમાં સત્તરમો દ્વીપ છે. તે જ લાઈનમાં હિમવાન પર્વતની પશ્ચિમમાં બારમા દ્વીપની પશ્ચિમમાં અઢારમો દ્વીપ છે. સત્તરમાની નીચે ઓગણીસમો અને અઢારમાની નીચે વીસમો દ્વીપ છે. તેવી જ રીતે શિખરી પર્વતની લાઈનમાં પૂર્વમાં એકવીસમો, પશ્ચિમમાં બાવીસમો, પૂર્વમાં ત્રેવીસમો અને પશ્ચિમમાં ચોવીસમો દ્વીપ સ્થિત છે. હવે આ દ્વીપોનો વિસ્તાર જોઈએ—જંબૂદ્વીપની વેદિકા અર્થાત્ જગતીથી પાંચસો યોજન દૂર સમુદ્રમાં દિશા સંબંધી (એકથી ચાર નંબરના) દ્વીપ સ્થિત છે કે જે સો યોજન વિસ્તારવાળા ગોળ છે. જંબૂદ્વીપથી પાંચસો યોજન દૂર વિદિશા સંબંધી (પાંચથી આઠ નંબરના) દ્વીપ છે કે જે પંચાવન યોજન વિસ્તારવાળા છે. જંબૂદ્વીપથી પાંચસો પચાસ યોજન દૂર અંતર્દિશા સંબંધી (નવથી સોળ નંબરના) દ્વીપ છે કે જે પચાસ યોજન વિસ્તારવાળા છે. જંબૂદ્વીપથી છસો યોજન દૂર પર્વતથી નજીક (સત્તરથી ચોવીસ નંબરના) દ્વીપ છે કે જે પચ્ચીસ યોજન વિસ્તારવાળા છે. આ બધા જ સમુદ્રમાં સ્થિત ગોળ આકારવાળા ટાપૂ—દ્વીપ છે.

આ બધાના નામ અલગ-અલગ છે. એવા જ ચોવીસ દ્વીપ લવણસમુદ્રના બહારના કિનારાની નજીક ધાતકીખંડથી એટલા જ દૂર છે, તેમના નામ પણ તે જ છે. હવે આપણે ક્રમથી તેમના નામ જોઈશું. નવ નંબરના ચાર્ટમાં પહેલાં આપણે લવણસમુદ્રના ચોવીસ દ્વીપોના નામ જોઈશું. અભ્યંતર અને બાહ્ય તટ પર તે જ નંબર પર તે જ નામના તેવા જ દ્વીપ છે. ચાર્ટમાં તેના રંગોથી, સાઈઝથી ખબર પડશે જ, દિશા-વિદિશા સંબંધી દ્વીપોના નામ અંદરી તટથી બહારના તટ સુધી લખ્યા છે; નવથી ચોવીસમા દ્વીપના નામ બહારની તટની પાસે લખ્યા છે. તેના નામ ક્રમથી આ પ્રકારે છે—(૧) એકોરુક, (૨) લાંગુલિક, (૩) વૈષાણિક, (૪) અભાષક, (૫) શષ્કુલિકર્ણ, (૬) કર્ણપ્રાવરણ, (૭) લમ્બકર્ણ, (૮) શશકર્ણ, (૯) સિંહમુખ, (૧૦) અશ્વમુખ, (૧૧) શ્વાનમુખ, (૧૨) મહિષમુખ, (૧૩) વરાહમુખ, (૧૪) શાર્દુલમુખ, (૧૫) ઘૂકમુખ, (૧૬) બન્દરમુખ, (૧૭) મત્સ્યમુખ, (૧૮) કાલમુખ, (૧૯) મેષમુખ, (૨૦) ગોમુખ, (૨૧) મેઘમુખ, (૨૨) વિદ્યુન્મુખ, (૨૩) દર્પણમુખ, (૨૪) હસ્તિમુખ.

આ રીતે લવણસમુદ્રમાં ચોવીસ અભ્યંતર તરફ અને ચોવીસ બહાર તરફના એમ કુલ અડતાલીસ અંતર્દ્વીપ–કુભોગભૂમિના દ્વીપ છે. કાલોદધિ સમુદ્રમાં પણ ચોવીસ દ્વીપ અભ્યંતર પરિધિ તરફ અને ચોવીસ બહારની પરિધિ તરફ જોવા મળે છે. દિશાઓમાં ચાર, વિદિશાઓમાં ચાર, અંતર્દિશાઓમાં આઠ, પૂર્વમાં નાના-નાના ચાર તથા પશ્ચિમમાં નાના-નાના ચાર એમ કુલ ચોવીસ છે. હવે તેના નામ જોઈએ છીએ, ચાર્ટમાં જોઈને તેના નામ સમજવા. (૧) વત્સ્યમુખ, (૨) અશ્વકર્ણ, (૩) પક્ષિમુખ, (૪) હસ્તકર્ણ, (૫, ૬, ૭, ૮) શૂકરકર્ણ, (૯) ઉષ્ટ્રકર્ણ, (૧૦, ૧૧) માર્જારમુખ, (૧૨) કર્ણપ્રાવરણ, (૧૩) ગજમુખ, (૧૪-૧૫) માર્જારમુખ, (૧૬) ગોકર્ણ, (૧૭) વૃકમુખ, (૧૮) વ્યાઘ્રમુખ, (૧૯) શિશુમારમુખ, (૨૦) મકરમુખ, (૨૧) અક્ષમુખ, (૨૨) શ્રૃગાલમુખ, (૨૩) દ્વીપિકમુખ, (૨૪) ભૃંગારમુખ.

આ રીતે લવણસમુદ્રના અડતાલીસ અને કાલોદધિના અડતાલીસ મળીને કુલ છન્નુ દ્વીપ છે. ત્યાં જે મનુષ્ય રહે છે તેમને અંતર્દ્વીપજ મ્લેચ્છ કહે છે અથવા કુમાનુષ કહે છે અને અહીં કુભોગભૂમિ છે. અહીં રહેવાવાળા મનુષ્યોના મુખ ચિત્ર-વિચિત્ર હોય છે અને આ મનુષ્યોના કારણે તે દ્વીપોના નામ આવા પડ્યા છે. તેને દ્વીપ એટલા માટે કહે છે કે તે સમુદ્રની વચ્ચે જોવા મળતા ટાપૂ છે, તેની ચારે તરફ સમુદ્ર છે. આપણે અહીં અંડમાન દ્વીપ, લક્ષદ્વીપ છે ને! ઇંગ્લિશમાં આયલેન્ડ કહે છે ને!

આ દ્વીપોમાં રહેવાવાળા કુમાનુષોના તે જ નામ છે. એકોરુક મનુષ્ય એક પગવાળા હોય છે, તે ગુફાઓમાં રહે છે અને ત્યાંની મીઠી માટી ખાય છે–ભક્ષણ કરે છે, અન્ય બધા કુમાનુષ વૃક્ષોની નીચે રહે છે અને કલ્પવૃક્ષો દ્વારા અપાયેલા ફળ ખાય છે. તેમના જન્મ આદિની પ્રવૃત્તિ જઘન્ય ભોગભૂમિવત્ જોવા મળે છે.

લાંગુલિક મનુષ્ય પૂંછવાળા હોય છે, વૈષાણિક સિંગડાવાળા હોય છે, અભાષક મૂંગા હોય છે, શષ્કુલિકર્ણ પડીકા સમાન કાનવાળા હોય છે. કર્ણપ્રાવરણ મનુષ્યોના એવા મોટા-મોટા કાન હોય છે કે એક કાન પાથરીને બીજો કાન ઓઢવા માટે કામમાં આવે છે– કાનથી શરીરને ઢાંકે છે. લમ્બકર્ણ લાંબા કાનવાળા હોય છે, શશકર્ણ સસલા જેવા કાનવાળા હોય છે.

અન્ય મનુષ્યોના અનેક પ્રાણી જેવા મોઢા હોય છે, બાકીના શરીર મનુષ્ય જેવા હોય છે. તેમના નામથી જ ખબર પડે છે—સિંહમુખ, અશ્વમુખ(ઘોડા જેવું મોઢું),

શ્વાનમુખ (કૂતરા જેવું મોઢું), મહિષમુખ (ભેંસા જેવું મોઢું), વરાહમુખ (સુવર જેવું મોઢું), શાર્દૂલમુખ (સિંહ જેવું મોઢું). બાકી પણ બધા નામ જેવા તેમના મોઢા અથવા કાન હોય છે.

તેમના નામ સાંભળીને તમને હસવું આવી રહ્યું છે. જો તમે ત્યાંના કુમાનુષ નથી બનવા ઈચ્છતા, ત્યાં નથી જવા ઈચ્છતા તો પહેલા ત્યાં જીવો કેમ ઉત્પન્ન થાય છે તે કારણોને જોઈશું તો તમે વિચારી શકશો કે તેવા પરિણામ રાખવા કે નહીં રાખવા! આ પરિણામ સ્વયં કરવા અથવા કરવાવાળાની અનુમોદના કરવી બંનેનું તે જ ફળ છે. કુભોગભૂમિમાં ક્યા જીવ ઉત્પન્ન થાય છે તે ત્રિલોકસારમાં ગાથા ૯૨૨, ૯૨૩ અને ૯૨૪માં કહ્યું છે. તમે મૂળ ગ્રંથમાં જુઓ. આ જ વાત આચાર્ય ૧૦૮ શ્રી સૂર્યસાગરજી મહારાજ વિરચિત 'સંયમપ્રકાશ' ગ્રંથમાં મુનિધર્મસંબંધી દ્વિતીય ભાગમાં પાના નં. ૬૨૦ ઉપર લખ્યું છે. તે ગ્રંથ ૧૦૮ મુનિરાજ શ્રી ધર્મભૂષણજી મહારાજની પ્રેરણાથી સન્ ૧૯૯૫માં ફરીવાર પ્રકાશિત થયો છે. અત્યંત મૌલિક રચના છે. શ્રાવકધર્મ પર બે અને મુનિધર્મ પર બે એમ કુલ ચાર ભાગ છે. સંતોષજી પાટની, મંજૂ પાટની વાશિમના આવ્યા છે ને! તેને ત્યાં મેં આ ગ્રંથ જોયા હતા કે જ્યારે અમે ત્યાં દશલક્ષણ પર્વમાં પ્રવચનાર્થ ગયા હતા. આ ગ્રંથ ક્યાંય ઉપલબ્ધ ન હતા. અમારા સ્વાધ્યાયીઓમાંથી એકે દિલ્હીના અનેક મંદિરોમાં જઈ-જઈને ક્યાંથી કોઈ, ક્યાંકથી કોઈ ભાગ લાવ્યા છે. ત્યાં લખે છે—

જે જીવ જિનલિંગ અર્થાત્ મુનિવેશ ધારણ કરીને માયાચાર કરે છે, જ્યોતિષ, મંત્ર, વૈદ્યક આદિથી આહારાદિરૂપ આજીવિકા કરે છે તેઓ કુભોગભૂમિમાં જન્મ લે છે. શું કહ્યું, સાંભળ્યું? આહારને આજીવિકા કહી, કેમ? મુનિરાજને આહારદાન આપવો તો સમાજનો અહોભાગ્ય છે, કર્તવ્ય છે, સમાજ કાંઈ તેમનો ઉપકાર નથી કરી રહ્યો. જ્યોતિષ, મંત્ર, વૈદ્યક આદિ કહેવું મુનિનું કાર્ય નથી. આહારના બદલામાં આ વસ્તુ કરવી અથવા આની ચીજો કહેવાથી સમાજ આકર્ષિત થઈને પોતાની સારી વ્યવસ્થા રાખશે તે તો મિથ્યા અભિપ્રાય છે. કોઈને જ્યોતિષ કહેવું, મંત્ર, મણિ અર્થાત્ રત્ન ચિકિત્સા કહેવી, ટીપ્સ આપવી કે ચાંદીમાં પૈસા લગાવો, સોના ખરીદો આદિ ઉપદેશ દેવો, ઔષધિ બનાવીને આપવી અથવા તેનો ઉપદેશ આપવો આદિ બધી વાતો જે કરે છે તેના માટે કહ્યું છે કે આહાર આદિરૂપ આજીવિકા કરે છે.

આગળ લખ્યું છે કે જે મુનિવેશ ધારણ કરીને જે રૂપિયા, પૈસા આદિ ધન ઈચ્છે છે તે કુભોગભૂમિમાં ઉત્પન્ન થાય છે. કોઈપણ બહાનાથી પૈસા ભેગા કરવા મુનિઓનું

કાર્ય નથી. તીર્થક્ષેત્ર બનાવવા હોય અથવા તીર્થોની રક્ષા કરવી હોય અથવા કોઈપણ બહાનાથી દાન ભેગું કરવું મુનિનું કાર્ય નથી. આગળ લખ્યું છે કે મુનિવેશ ધારણ કરીને જે ઋદ્ધિ, યશ, સાતારૂપ ગારવથી યુક્ત છે તે કુભોગભૂમિમાં જન્મ લે છે, ગારવ અર્થાત્ અભિમાન. મુનિવેશ ધારણ કરીને જે કોઈ ઋદ્ધિનું, યશનું અથવા અન્ય કોઈ અનુકૂળતા આદિનું અભિમાન કરે છે—મદ રાખે છે તેની વાત છે. જે મુનિવેશ ધારણ કરીને આહાર, ભય, મૈથુન, પરિગ્રહસંબંધી વાંછા—તીવ્ર લાલસા રાખે છે તે કુભોગભૂમિમાં ઉત્પન્ન થાય છે. આ ચારે સંજ્ઞા તો ચારેય ગતિના જીવોમાં જોવા મળે છે, પરંતુ મુનિધર્મ અંગીકાર કરીને પણ જે તેમાં તીવ્ર રુચિવાળા છે, તેની વાત ચાલી રહી છે.

આગળ લખ્યું છે કે જે મુનિવેશ ધારણ કરીને સમાજના અન્ય ગૃહસ્થોની પરસ્પર વિધિ મેળવીને વિવાહ કરાવે છે—લગ્ન કરાવે છે તે કુભોગભૂમિમાં જન્મે છે. મુનિપદ જેવું ઉચ્ચપદ અંગીકાર કરીને આ કેવી વિડમ્બના! કેવા-કેવા પરિણામ કરીને જીવ ક્યાં-ક્યાં જાય છે! તે જ નહીં, તેને અનુમોદના કરવાવાળા, તેને મુનિ જેવો આદર, નમસ્કાર અને તેને આહારદાન દેવાવાળા પણ ત્યાં જશે. ત્યાં જવાવાળા જીવ પોતાના શિષ્યોને છોડીને થોડા જશે! સાથે લઈને જશે. કુભોગભૂમિમાં જાય કે નરક-નિગોદમાં જાય, પોતાના શિષ્યોને સાથે લઈને જશે. છઢાળામાં તેમને પત્થરની નૌકા—ઉપલનાવ કહ્યું છે.

આ મારા મનની વાતો નથી. ત્રિલોકસાર કે જે એક હજાર વર્ષ પહેલાં આચાર્ય શ્રી નેમિચંદ્રજીએ લખ્યું છે તેમની ગાથાઓ વાંચીને સંભળાવું છું. હજી સુધી એક જ ગાથાનો અર્થ ચાલી રહ્યો હતો, ત્રણેય ગાથાઓ પહેલાં કહી દઉં છું, પછી બીજી બે ગાથાઓનો અર્થ કરીશ.

જિનલિંગે માયાવિનો જ્યોતિર્મંત્રોપજીવિનઃ ધનકાંક્ષિણઃ ।
અતિગારવસંજ્ઞાયુતાઃ કુર્વંતિ યે પરવિવાહમપિ ॥૯૨૨॥

દર્શનવિરાધિકા યે દોષં નાલોચયંતિ દૂષણકાઃ ।
પંચાગ્નિતપસઃ મિથ્યાઃ મૌનં પરિહૃત્ય ભુંજતે ॥૯૨૩॥

દુર્ભાવાશુચિસૂતકપુષ્પવતીજાતિસંકરાદિભિઃ ।
કૃતદાના અપિ કુપાત્રેષુ જીવાઃ કુનરેષુ જાયંતે ॥૯૨૪॥

તમે સમજી શકો તે માટે સંસ્કૃત ગાથાઓ કહી, આમ તો મૂળ પ્રાકૃતમાં છે. હવે ગાથા ક્રમાંક ૯૨૩નો અર્થ જોઈએ—જે જીવ મુનિલિંગ-મુનિવેશ ધારણ કરીને સમ્યગ્દર્શનની વિરાધના કરે છે–મિથ્યાત્વનું પોષણ કરે છે તે કુભોગભૂમિમાં ઉત્પન્ન થાય છે. જે મુનિવેશ ધારણ કરીને પોતાના કરેલા દોષોનું શ્રીગુરુ (આચાર્ય)ની પાસે જઈને આલોચના નથી કરતા તેઓ કુભોગભૂમિમાં ઉત્પન્ન થાય છે. મુનિવેશ ધારણ કરીને જે અન્ય જીવો ઉપર દોષ લગાવે છે તે કુભોગભૂમિમાં જન્મ લે છે. જે મિથ્યાદૃષ્ટિ પંચાગ્નિ સાધન આદિ પ્રકારના તપ (કુતપ) કરે છે, જે મૌન છોડીને ભોજન કરે છે તે કુભોગભૂમિમાં જન્મે છે. તેવી જ રીતે જે ગૃહસ્થ દાન દેવાને અયોગ્ય અવસ્થામાં દાન આપે છે અર્થાત્ દુર્ભાવ અર્થાત્ ખોટા પરિણામોથી, અશુચિ અર્થાત્ અપવિત્ર અવસ્થામાં દાન આપે છે, સૂતક આદિ હોવા છતાં પણ દાન આપે છે, સ્ત્રી જો રજસ્વલા અવસ્થામાં દાન આપે, જાતિસંકરનો અર્થ છે ઈન્ટરકાસ્ટ(પરજ્ઞાતિ) લગ્ન, આ પ્રકારે દાતાર દોષ સહિત હોય તો તે દાન દેવાથી કુભોગભૂમિમાં ઉત્પન્ન થાય છે. જ્યારે દાન દઈએ છીએ ત્યાં દાતારના ગુણ, પાત્ર અર્થાત્ જેને દાન આપવામાં આવે છે તેના ગુણ અને જે દ્રવ્ય દાનમાં આપવામાં આવે છે તેનો વિચાર હોવો જોઈએ. જેવી રીતે પહેલા દિવસે આપણે ભણ્યા હતા કે વક્તા કેવા હોવા જોઈએ અને શ્રોતા કેવા હોવા જોઈએ. વક્તા અને શ્રોતા બંનેને સર્વજ્ઞ ભગવાન પર વિશ્વાસ હોવો જોઈએ. તેમના અસ્તિત્વનો, તેમના વીતરાગી સર્વજ્ઞ સ્વરૂપનો, કેવળજ્ઞાનીના જ્ઞાનનો, તેમની વાણીનો, તેમની વાણી અનુસાર રચિત આગમ ગ્રંથોનો, તેમણે કહેલા મુનિના સ્વરૂપનો, મોક્ષમાર્ગનો જેમને વિશ્વાસ નથી, તે યોગ્ય વક્તા પણ નથી અને યોગ્ય શ્રોતા પણ નથી. આ રીતે દાન દેવાવાળાના ગુણોનો અને ક્યા દોષ ટાળીને દાન દેવામાં આવે તેનું જ્ઞાન હોવું આવશ્યક છે. જેવી રીતે દાતારના ગુણ જોયા તેવી રીતે દાન કોને દઈ રહ્યા છીએ તેનો વિવેક-વિચાર હોવો જોઈએ. જે વસ્તુનું દાન દઈ રહ્યા છે તે દાનદ્રવ્યનું પણ સાચું સ્વરૂપ સમજવું જોઈએ. ફક્ત પૈસા લખાવ્યા અને થઈ ગયું દાન એમ નથી.

શાસ્ત્રમાં ચાર પ્રકારના દાન કહ્યા છે—આહારદાન, ઔષધદાન, અભયદાન, જ્ઞાનદાન. આહારદાન દેતા સમયે પણ કોને આપવું તે વિષે પાત્ર-કુપાત્રનો વિચાર હોવો જોઈએ. પાત્રમાં પણ મુનિરાજ–મહાવ્રતી ઉત્તમ પાત્ર છે, શ્રાવક–વ્રતી મધ્યમ પાત્ર છે અને સમ્યગ્દૃષ્ટિ જઘન્ય પાત્ર છે. મુનિવેશ ધારણ કરીને જે શિથિલાચારી છે, ભ્રષ્ટ છે તે

તો કુપાત્ર છે. કુપાત્રદાનના ફળમાં જીવ કુભોગભૂમિમાં જન્મ લે છે. તેથી આ બધાનો વિવેક હોવો જોઈએ. અજ્ઞાનના કારણે પણ આ દોષ થશે તોપણ તેનું ફળ તે જ મળશે. તેનો ઉપાય છે કે સ્વયં જ્ઞાની થઈ જાવ. જ્ઞાન અર્થાત્ શાસ્ત્રમાંથી તેની જાણકારી પ્રાપ્ત કરો. મુનિનું સ્વરૂપ, ભગવાનનું સ્વરૂપ આપણે આગમના આધારે નક્કી કરવાનું છે. સમાજમાં કોણ સાચું છે, કોણ ખોટું છે તે આગમના થર્મોમીટરથી માપતા રહેવાનું નથી. આપણા ખિસ્સામાં ખોટો સિક્કો આવતો નથી તે માટે સાવધાની રાખવાની છે. ન સમજ્યા? બજારમાં ખોટી નોટ ઘણી ચાલે છે, આપણા ખિસ્સામાં કોઈ ખોટી નોટ નથી આવતી ને? તે આપણે જોવાનું છે. ખોટી નોટ છાપવાવાળા ઘણા છે, તેમના હાથ ઘણા લાંબા ઉપર સુધી પહોંચેલા છે, તેને શોધવા નીકળવાનું નથી.

આપણે તો સાચા દેવ, સાચા ગુરુ, સાચા ધર્મનો નિર્ણય કરવાનો છે, મોક્ષમાર્ગનો નિર્ણય કરવાનો છે. આપણા અભિપ્રાયમાં, આપણી ક્રિયાઓમાં મિથ્યાત્વનું પોષણ નથી થતું ને? તે જોવાનું છે. 'સમાજ શું કહેશે?' એવી ચિંતા છોડી દો, સમાજને દેખાડવા માટે કરવું છે કે પોતાનું કલ્યાણ કરવું છે? મનુષ્યભવની દુર્લભતા જાણીને પણ આ મનુષ્યભવ તમે સમાજ માટે ખોવા માંગો છો? શું નરક-નિગોદમાં આ સમાજ તમારી સાથે આવવાનો છે? સમાજને જ ઇચ્છો છો તો નિગોદમાં સૌથી મોટો સમાજ મળશે. જ્યારે પણ મનુષ્યમાં જન્મ લેશો તો વિના સમાજ જન્મ લેશો?

આપણે આટલા બધા કારણ જોયા, ત્યાં જીવ મિથ્યાત્વના પાપ સહિત કિંચિત્ પુણ્ય ઉપાર્જન કરે છે. અહીં તો અલ્પ આયુષ્ય છે, પરંતુ કુભોગભૂમિમાં એક પલ્ય પ્રમાણ આયુ ભોગવવી પડે છે. આ કોઈ એક શાસ્ત્રની વાત નથી. પંડિત ટોડરમલજી દ્વારા લિખિત ત્રિલોકસાર, તિલોયપણ્ણત્તિમાં પણ આ જ વાત લખી છે. આ જૈનતત્ત્વવિદ્યા નામક પુસ્તક છે કે જે આગમ વચનોનું સંકલન છે, તેમાં કરણાનુયોગ વિભાગમાં પાના નં. ૮૭ ઉપર આ વાત લખી છે. આ બધા ગ્રંથોના અભ્યાસપૂર્વક મેં આ વાતોને પ્રસ્તુત કરી છે. હવે આપણો સમય થઈ ગયો.

બોલો, વિદેહક્ષેત્રમાં બિરાજમાન પંદરમા તીર્થંકર શ્રી ઈશ્વર ભગવાનનો જય હો!

# ૧૬. લવણસમુદ્રના પાતાળ

શ્રી નેમિચંદ્રાચાર્ય વિરચિત ત્રિલોકસાર ગ્રંથના આધારે આપણે ત્રણ લોકની રચના જોઈ રહ્યા છીએ. અધોલોક, ઊર્ધ્વલોક અને મધ્યલોકની ચર્ચા આપણે કરી. મધ્યલોકમાં અસંખ્યાત દ્વીપ અને સમુદ્ર છે. તેમાં આપણે અઢી દ્વીપ, જંબૂદ્વીપ અને ત્યાંના ભરત, ઐરાવત, વિદેહ આદિ ક્ષેત્રોની ચર્ચા કરી. લવણસમુદ્ર અને કાલોદધિ સમુદ્રમાં જોવા મળતા અંતર્દ્વીપ અર્થાત્ કુભોગભૂમિનું પણ વર્ણન જોયું. હવે લવણસમુદ્ર અને તેમાં જોવા મળતા પાતાળોની ચર્ચા કરીશું. તે પહેલાં જંબૂદ્વીપ અને લવણસમુદ્રની વચ્ચે સ્થિત કોટનું વર્ણન જોઈશું. પહેલાં આપણે આને જગતી અથવા વેદિકા કહી હતી. તેને પ્રાકાર પણ કહે છે, આવા જ પ્રાકાર સમસ્ત દ્વીપ અને સમુદ્રોના અંતમાં જોવા મળે છે.

આ પ્રાકાર ચાર ગોપુર અર્થાત્ દ્વારોથી યુક્ત છે. આ પ્રાકાર નીચે બાર યોજન પહોળા છે, ઉપર ચાર યોજન પહોળા છે તથા આઠ યોજન ઊંચા છે. પૃથ્વીમાં બે કોસ ઊંડો તેનો પાયો છે. અનેક પ્રકારના રત્નમયી એવા તે પ્રાકાર છે. તેમનો પાયો વજ્રમયી છે. વૈડૂર્યરત્નથી નિર્માપિત અતિ રમણીય શિખરોથી સંયુક્ત એવી આ દિવાલ જેવી રચના અર્થાત્ પ્રાકાર પ્રત્યેક દ્વીપ અને સમુદ્રોના અંતમાં પરિધિરૂપ સર્વત્ર છે. પ્રાકારોની ઉપર પહોળાઈની મધ્યમાં કાંગુરોની પંક્તિ છે કે જે સુવર્ણમયી છે, બે કોસ ઊંચી અને પાંચસો ધનુષ પહોળી છે. તેની બંને તરફ અનેક વન, વાવડી, મંદિર-પ્રાસાદ છે કે જ્યાં વ્યંતરદેવ રહે છે. આ પ્રાકારોની પૂર્વાદિ દિશાઓમાં ચાર દ્વાર છે— વિજય, વૈજયંત, જયંત અને અપરાજિત. આ તોરણયુક્ત દ્વારોની ઉપર પ્રત્યેક પર બે યોજન પહોળા, ચાર યોજન ઊંચા પ્રાસાદ છે. તેની ઉપર આકાશતળમાં બાર હજાર યોજન લાંબા, છ હજાર યોજન પહોળા નગર છે. તેના નામ પણ વિજય આદિ છે તથા તે નગરોમાં રહેવાવાળા વ્યંતરોના નામ પણ વિજય આદિ છે.

પૂર્વ-પશ્ચિમ દ્વારથી સીતા, સીતોદા નદી લવણસમુદ્રમાં મળે છે. ચૌદ નદિઓમાંથી અન્ય બાર નદિઓના અન્ય બાર દ્વાર પણ તેમાં છે. હવે આપણે લવણસમુદ્રનું વર્ણન જોઈશું. જંબૂદ્વીપ એક લાખ યોજન વ્યાસવાળો ગોળ છે, તેને ઘેરીને

આ લવણસમુદ્ર એક તરફ બે લાખ યોજન વિસ્તારવાળો છે. તેની એક તરફ જંબૂદ્વીપ અને બીજી તરફ ધાતકીખંડ દ્વીપ છે. પરંતુ તેની ઊંડાઈ ક્યાં કેટલી છે તે સમજવા માટે તે સાઈડ વ્હ્યૂમાં કેવું દેખાશે તેની વાત કરીશું.

તમે ચાર્ટ નં. સાત જુઓ. અહીં ઉપર જમણા ખૂણામાં—ઉપર રાઈટ કોર્નરમાં ત્યાં બ્લ્યુ રંગનો લવણસમુદ્ર છે, તેની બાજુમાં બ્રાઉન કલરમાં ચિત્રા પૃથ્વી છે અને તળમાં વજ્રા પૃથ્વી છે. આ ચિત્ર જોઈને તમને આશ્ચર્ય થશે કારણ કે અહીં સમુદ્રનું લેવલ જમીનથી પણ ઉપર દેખાડ્યું છે. આપણે અત્યારસુધી સ્કૂલમાં ભૂગોળમાં અથવા લૌકિક વ્યવહારમાં જોતાં આવ્યા છીએ કે સમુદ્રનું લેવલ—સમુદ્ર સપાટીથી આપણે કેટલા ઊંચા આવ્યા છીએ, તેની વાત કરીએ છીએ. અહીં તો લવણસમુદ્ર કેવો છે ખબર છે? જેવી રીતે એક હોડી ઉપર બીજી હોડી ઉલટી રાખી હોય તેવો છે.

તેની સર્વાધિક ઊંડાઈ તેની મધ્યમાં હોય છે અર્થાત્ બંને તરફથી પંચાણું હજાર યોજન દૂર મધ્યના જે દસ હજાર યોજન છે ત્યાં લવણસમુદ્રની ઊંડાઈ એક હજાર યોજન છે. ત્યાં આ સમુદ્રના તળમાં વજ્રા પૃથ્વી જોવા મળે છે. કારણ કે પહેલી પૃથ્વીના સોળ હજાર યોજન પ્રમાણ ખરભાગમાંથી સૌથી ઉપર ચિત્રા પૃથ્વી એક હજાર યોજન પહોળી છે. તમે ચાર્ટમાં સ્પષ્ટ જાણી શકો છો કે જંબૂદ્વીપ અને ધાતકીખંડ પાસે આ સમુદ્ર જમીનના સ્તરથી લઈને મધ્ય સુધી વધારે ઊંડો થતો ગયો છે—તેની ઊંડાઈ વધતી ગઈ છે. આટલું જ નથી, તેની જમીનના સ્તરથી ઊંચાઈ પણ વધતી ગઈ છે. વચમાં જ્યાં તે હજાર યોજન ઊંડો છે ત્યાં અગિયાર હજાર યોજન (ક્યાંક તેને સાતસો યોજન કહ્યા છે) જમીનના લેવલથી ઊંચો છે. પૂનમના દિવસ સુધી તે વધતાં-વધતાં તેની ઊંચાઈ પાંચ હજાર યોજન (કહીં તેને બે કોસ કહ્યા છે) વધીને સોળ હજાર યોજન થઈ જાય છે.

મધ્યમાં આ સમુદ્રનું પાણી એટલું ઉપર નીચે થાય છે, જ્યારે ઉપર આવે છે ત્યારે બંને તરફ વહીને પંચાણુ હજાર વહીને જે બંને તરફના દ્વીપ છે ત્યાં ભરતી આવે છે અને જ્યારે મધ્યમાં નીચે ચાલ્યું જાય છે ત્યારે બંને કિનારાઓથી પાણી ખેંચાઈને મધ્યમાં આવે છે, તેને ઓટ કહે છે. અંગ્રેજીમાં ભરતી-ઓટને હાઇ ટાઇડ-લો ટાઇડ કહે છે.

જ્યારે ભરતી આવે છે ત્યારે પાણી બંને તરફ વધે છે અને જ્યારે ઓટ આવે છે ત્યારે બંને તરફથી પાણી ખસી જાય છે. હવે તમે મને કહો કે આટલું બધું પાણી જાય છે ક્યાં? તેનો ઉત્તર આપણે આગમના આધારે જોઈશું. હવે જરા ચાર્ટ નં. ૮ જુઓ. અહીં મધ્યમાં લાખ યોજન વ્યાસવાળો જંબૂદ્વીપ છે, તેની બહાર બે લાખ યોજન વિસ્તારવાળો લવણસમુદ્ર છે. લવણસમુદ્રની મધ્યમાં બંને તરફથી એક લાખ યોજન દૂર તમને એક ગોળાકાર રેખા દેખાઈ રહી છે. તેની ઉપર પૂર્વ, દક્ષિણ, પશ્ચિમ અને ઉત્તરમાં આ જે ચાર દિશાઓમાં ચાર ગોળ દેખાઈ રહ્યા છે તે સૌથી મોટા જ્યેષ્ઠ પાતાળના મોઢા છે, તેના મુખનો વ્યાસ દસ હજાર યોજન છે. તેની વચ્ચે વિદિશાઓમાં એવા જ ચાર ગોળ દેખાઈ રહ્યા છે, તે મધ્ય પાતાળના મુખ છે કે જે હજાર યોજન વ્યાસવાળા છે. આ દિશા અને વિદિશાઓની વચ્ચે અંતરાળમાં તમને જે આ બિંદુ દેખાઈ રહ્યા છે તે—પ્રત્યેક અંતરાળમાં એકસો પચ્ચીસના હિસાબે આઠ અંતરાળમાં બધા મળીને એક હજાર જઘન્ય પાતાળના મુખ છે, જેના પ્રત્યેકના વ્યાસ સો યોજન છે. આ રીતે કુલ એક હજાર આઠ પાતાળ છે.

હવે તેના આકાર જોવા માટે ચાર્ટ નં. સાત જુઓ. તે મૃદંગના આકારના છે. સમતલ ભૂમિથી નીચેની જે ઊંડાઈનું પ્રમાણ છે તેટલી જ આ પાતાળોની ઊંચાઈ જાણવી. મધ્યમાં તેનો વ્યાસ સર્વાધિક છે, ઉપર અને નીચે ક્રમથી ઘટતું જાય છે. તેનું મુખ અને તળનું વ્યાસ સમાન છે. તેમાંથી જ્યેષ્ઠ પાતાળની વાત કરીએ. તે એક લાખ યોજન ઊંડો છે. આટલો કઈ રીતે હશે. આપણે પહેલી પૃથ્વી એક લાખ એંસી હજાર યોજન પહોળી જોઈ હતી. તેમાં ઉપરનો ખરભાગ સોળ હજાર યોજનનો અને પંકભાગ ચોરાસી હજાર યોજનનો હોય છે. પંકભાગના અંત સુધી આ પાતાળ ઊંડું છે અર્થાત્ તેના તળની નીચે અબ્બહુલભાગ છે કે જ્યાં પ્રથમ નરકનું સીમંતક બીલ છે.

આ પાતાળની ભીંતીઓ અને તળ વજ્રમયી છે કે જેની મોટાઈ પાંચસો યોજન છે. અન્ય મધ્યમ અને જઘન્ય પાતાળોનું પ્રમાણ પણ જોઈએ.

## પાતાળ—યોજનોમાં

| પાતાળ | ઊંચાઈ | મધ્ય વ્યાસ | મુખ-તળ વ્યાસ | દિવાલની જાડાઈ |
|---|---|---|---|---|
| જ્યેષ્ઠ | ૧૦૦૦૦૦ | ૧૦૦૦૦૦ | ૧૦૦૦૦ | ૫૦૦ |
| મધ્યમ | ૧૦૦૦૦ | ૧૦૦૦૦ | ૧૦૦૦ | ૫૦ |
| જઘન્ય | ૧૦૦૦ | ૧૦૦૦ | ૧૦૦ | ૫ |

આ ચાર જ્યેષ્ઠ પાતાળોના નામ આ પ્રકારે છે—પૂર્વાદિ દિશાઓમાં ક્રમથી પૂર્વમાં વડવામુખ છે. તમારા ચાર્ટમાં તેને પશ્ચિમમાં દેખાડ્યું છે. અલગ-અલગ શાસ્ત્રોમાં પૂર્વ અને પશ્ચિમના નામ ઉલટા-સુલટા છે. ત્રિલોકસાર ગાથામાં પૂર્વમાં વડવામુખ લખ્યું છે. તિલોયપણ્ણત્તિમાં પશ્ચિમમાં લખ્યું છે. દક્ષિણમાં કદમ્બક, પશ્ચિમમાં પાતાળ, ઉત્તરમાં યૂપકેસરી નામના પાતાળ છે.

હવે આ પાતાળોની અંદર શું છે તે જોઈએ. પ્રત્યેક પાતાળની ઊંચાઈના ત્રણ ભાગ કરતા ઉપરના ત્રિભાગમાં કેવળ પાણી જ જોવા મળે છે, નીચેના ત્રિભાગમાં કેવળ પવન જ જોવા મળે છે, અને મધ્યના ત્રિભાગમાં જળ-પવન મિશ્રરૂપથી જોવા મળે છે. જરા ધ્યાનથી જુઓ, ચાર્ટ નં. ૭માં પણ આ દેખાડ્યું છે. આ પાતાળોના મુખ લવણસમુદ્રના તળમાં છે. આ પાતાળોના ત્રણ ભાગોમાંથી મધ્યનો જલ-પવનવાળો ત્રિભાગ નીચેના ત્રિભાગમાં સ્થિત પવનને કારણે ચલાચલ થાય છે. પાતાળોના પવન સર્વકાળ સ્વભાવથી જ શુક્લપક્ષમાં વધે છે અને કૃષ્ણપક્ષમાં ઘટે છે. કૃષ્ણપક્ષમાં મધ્ય ત્રિભાગમાં જળની વૃદ્ધિ થતી જાય છે તો સમુદ્રનું જળ પાતાળમાં આવી જાય છે, શુક્લપક્ષમાં મધ્ય ત્રિભાગમાં પવનની વૃદ્ધિ થતી જાય છે તો જળ સમુદ્રમાં બહાર આવી જાય છે, ઉપર ઉછળે છે.

પૂનમના પાતાળોના ત્રણ ભાગોમાંથી નીચેના બે ભાગોમાં વાયુ અર્થાત્ પવન અને ઉપરના ત્રિભાગમાં ફક્ત જળ વિદ્યમાન રહે છે. અમાસના ઉપરના બે ભાગમાં જળ અને નીચેના એક ભાગમાં કેવળ પવન વિદ્યમાન રહે છે.

જ્યેષ્ઠ પાતાળમાં તેનો ત્રિભાગ અર્થાત્ એક લાખ યોજનનો ત્રિભાગ ૩૩૩૩૩$\frac{૧}{૩}$

યોજન છે, મધ્યમ પાતાળોનો ત્રિભાગ–દસ હજાર યોજનનો ત્રિભાગ ૩૩૩૩ $\frac{૧}{૩}$ યોજન છે અને જઘન્ય પાતાળોનો ત્રિભાગ–એક હજાર યોજનનો ત્રિભાગ ૩૩૩ $\frac{૧}{૩}$ યોજન છે. પોતપોતાના પાતાળોમાં મધ્ય ત્રિભાગમાં કૃષ્ણપક્ષના પંદર દિવસ સુધી પાણીની વૃદ્ધિ થાય છે, શુક્લપક્ષના પંદર દિવસ સુધી પવનની વૃદ્ધિ થાય છે. જ્યેષ્ઠ પાતાળોમાં પંદર દિવસમાં ૩૩૩૩૩ $\frac{૧}{૩}$ યોજન વૃદ્ધિ થાય છે તેથી તેને પંદરનો ભાગ દેતાં એક દિવસમાં વૃદ્ધિનું પ્રમાણ આવે છે. તેવી જ રીતે મધ્યમ અને જઘન્ય પાતાળમાં પોતપોતાના ત્રિભાગને પંદરનો ભાગ દેતાં પ્રતિદિનમાં થતી વૃદ્ધિનું પ્રમાણ આવે છે.

પ્રશ્ન :— ક્યા પાતાળની નીચે સીમંતક બિલ છે ?

ઉત્તર :— સીમંતક બિલ જે પ્રથમ નરકના પ્રથમ સ્તરનું ઇન્દ્રક બિલ છે તેનો વિસ્તાર પિસ્તાલીસ લાખ યોજન અર્થાત્ સંપૂર્ણ અઢી દ્વીપ જેટલો છે. તેથી ચારેય જ્યેષ્ઠ પાતાળોના તળમાં સીમંતક બિલ છે. મધ્યમ પાતાળ તો દસ હજાર યોજન ઊંડાઈવાળા છે. તે તો પ્રથમ રત્નપ્રભા પૃથ્વીના ખરભાગમાં સ્થિત છે. હાં, અહીં કોઈ ભવનવાસીના ભવન પણ નહીં હોય, તે તો બહારના દ્વીપોની–સમુદ્રોની નીચે જોવા મળે છે.

જ્યેષ્ઠ પાતાળોના બંને પાર્શ્વભાગમાં એક-એક પર્વત છે કે જે જળથી હજાર યોજન ઊંચા છે, ધવલવર્ણના છે, તેના ઉપર વ્યંતરદેવ રહે છે. અહીં ફરીવાર કોઈનો પ્રશ્ન છે કે આ દ્વીપ, સમુદ્ર, પાતાળને જાણવાથી શું લાભ છે? આ પ્રશ્ન શ્રી બલ્લુભાઈથી કોઈ પૂછી રહ્યું છે. આ બલ્લુભાઈ આપણા સૌથી યુવા મુમુક્ષુ છે, તેમની ઉંમર ફક્ત પંચાણુ વર્ષની છે. તેઓ કહી રહ્યા છે કે તમે પહેલા દિવસે સમજાવ્યું હતું, પરંતુ હું ભૂલી ગયો છું. હવે કોઈનો પ્રશ્ન છે, તેથી તમે કૃપા કરીને સમજાવો.

તો સાંભળો—કરણાનુયોગના આ બધા વિષયોને વિષે ચાહે ત્રિલોકરચના હો અથવા કર્મની અવસ્થા હો અથવા ગુણસ્થાન-માર્ગણાસ્થાન, આ જ પ્રશ્ન બધા પૂછે છે કે તેને જાણવાથી અમને શું લાભ છે? તેમના અભિપ્રાયમાં–પ્રશ્ન પૂછવાની રીતથી એ વાત સમજમાં આવે છે કે તેમનું કહેવું છે કે આ નકામી ફાલતુ વાતો શું કામ

કરવી? મારો પ્રતિપ્રશ્ન છે કે જાણવાથી તમે શું લાભ ઈચ્છો છો? તે જાણવાથી આપણું જ્ઞાન સાચું થઈ જાય છે તે જ લાભ છે. તે સંબંધમાં અજ્ઞાનનો નાશ થઈ જાય તે જ જાણવાનું ફળ છે. મને કહો કે કેવળજ્ઞાની એક સમયમાં યુગપત્ આ બધી વસ્તુઓ જાણી રહ્યા છે તો તેમને શું લાભ થઈ રહ્યો છે ? તમે કહી રહ્યા છો કે તે તો તેમનો સ્વભાવ છે. હાં, અહીં આપણે જે જાણી રહ્યા છીએ તે પણ આપણો સ્વભાવ છે, હું અને તમે આપણા સ્વભાવથી જ તો જાણી રહ્યા છીએ.

આ જે ત્રિલોકરચનાની વાતો આટલી ઊંડપથી જાણી રહ્યા છો તે ક્યા કારણે? કોઈ કહી રહ્યું છે કે તમે શીખડાવ્યું માટે! તો સાંભળો, નિમિત્તથી કાર્ય થતું નથી. જ્ઞાનની પ્રત્યેક પર્યાય પોતાથી થાય છે. જાણવું જીવનો—આપણો સ્વભાવ છે. શું જાણવું તે જ્ઞેય પણ નિશ્ચિત છે. અહીં જાણવાનો નિષેધ કેમ થાય છે તે મારી સમજમાં આવતું નથી. તમે પૂછી રહ્યા છો કે આ જાણવાથી શું લાભ છે? હું પૂછું છે કે આ જાણવાથી શું નુકશાન છે? હું એ પણ પૂછવા ઈચ્છું છું કે ફક્ત કરણાનુયોગને જાણવા સંબંધી આ પ્રશ્ન તમારા મનમાં કેમ ઊભો થાય છે? જ્યારે ટીવી પર ક્રિકેટ મેચ જુઓ છો ત્યારે આ પ્રશ્ન કેમ ઊભો નથી થતો? ત્યાં એક બોલ પોતાના ઉપાદાનથી અહીંયાથી ત્યાં ઉછળે છે તેની પાછળ તો અગિયાર ખેલાડી છે તેમાંથી કોઈ દોડે છે અને અહીં કરોડો લોકો સોફા ઉપર બેઠા-બેઠા ઉછળે છે; ત્યાં તેને જાણવાથી શું લાભ થાય છે? આ પ્રશ્ન તો કોઈ પૂછતું નથી. ટી.વી. પર ન્યુઝ ચેનલ—સમાચાર ચાલે છે, તેને જાણવાથી શું લાભ? તે જવા દો, જે રાગ-દ્વેષ ભરેલી ટી.વી. સિરિયલ્સ, મૂવીઝ ચાલે છે તેને જાણવાથી શું લાભ? હું તો કહું છું કે તેને જાણવાથી જે રાગ-દ્વેષના પરિણામ થાય છે, આકુળતા થાય છે, રાગ-દ્વેષના કારણે કર્મબંધ થાય છે, ત્યાં તો નુકશાન જ નુકશાન જ છે. ટી.વી. પર ચાલતા ધારાવાહિકોના પાત્રોથી દર્શક એકાકાર થઈ જાય છે, તેના દુ:ખથી સ્વયં દુ:ખી થાય છે. જો ત્યાં હીરો હાથમાં પિસ્તોલ હોવા છતાં માર ખાઈ રહ્યો છે તો તેઓ બેઠા-બેઠા કહે છે કે 'અરે! ચલાવને ગોળી!' ભાઈ, તે નાટક છે, તેને ગોળી ન ચલાવવાના અને માર ખાવાના પૈસા મળી રહ્યા છે અને તમે જે ભાવ કરી રહ્યા છો તે પ્રત્યેક પરિણામના તેવા કર્મબંધ થઈ રહ્યા છે. આ છે બેકારની સજા—અનર્થદંડ! તે બધા કર્મોનું ફળ જરૂર ભોગવવું પડશે.

અહીં તો આપણે સત્ય વસ્તુસ્થિતિ જાણી રહ્યા છીએ. અહીં કોઈ સ્થૂળ રાગ-દ્વેષ

અથવા હિંસાદિ પાપોનો વિચાર નથી આવતો. અમારે ત્યાં ઘરે રોજ સવારે દોઢ કલાક કરણાનુયોગનો સ્વાધ્યાય ચાલે છે. જીવકાંડ, કર્મકાંડ, લબ્ધિસાર-ક્ષપણાસાર, ધવલા, જયધવલા બાદ હવે મહાધવલા ગ્રંથનો સ્વાધ્યાય ચાલી રહ્યો છે. દોઢ કલાક ક્યારે થઈ જાય છે તે ખબર જ નથી પડતી. આત્માનો સ્વભાવ જાણવો છે તો તે સાચું જાણી રહ્યો છે, ત્યાં જ્ઞાનનો વિકાસ થઈ રહ્યો છે કે હ્રાસ થઈ રહ્યો છે ? દ્રવ્યાનુયોગનો પણ અમારે તેવો જ સામૂહિક સ્વાધ્યાય ચાલે છે. કરણાનુયોગના અભ્યાસથી દ્રવ્યાનુયોગના સિદ્ધાંતોની અતિશય દૃઢતા થતી જાય છે.

ક્યા પરિણામોથી કેવા કર્મ બંધાય છે? કઈ ગતિના જીવ ક્યા કર્મ બાંધીને ક્યાં જન્મ લે છે? મિથ્યાત્વના કારણે જીવ ક્યાં-ક્યાં ઉત્પન્ન થાય છે? કઈ પર્યાયમાં વધારેમાં વધારે કેટલા કાળ સુધી જન્મ-મરણ કરતો રહે છે? તેમની સંખ્યા-તેમના રહેવાનું સ્થાન, કર્મોની નિર્જરા ક્યા ગુણસ્થાનમાં કઈ વિધિથી થાય છે? કર્મોની ક્ષપણા કેવી રીતે થાય છે—આ બધી વાતો ભણતા-ભણાવતા સમયે જ્ઞાનની અત્યંત એકાગ્રતા થાય છે, વિશુદ્ધિ વધે છે. કોઈપણ અનુયોગ હોય તેમાં એકાગ્રતાથી વિશુદ્ધિ વધે છે. શ્રી અમૃતચંદ્રાચાર્યે પણ સમયસારની ટીકા લખતા સમયે કહ્યું છે કે 'મમ પરમવિશુદ્ધિર્ભવતુ'.

જ્ઞાનની આ એકાગ્રતામાં વિશુદ્ધિ વધતાં તત્ત્વવિચારના કાળમાં જીવ પોતાના આત્મામાં લીન થઈ જાય છે. કરણાનુયોગનું ગણિત તો આપણે અહીં છોડી દીધું છે. તે ગણિત સમજતા-સમજતા પણ એવી એકાગ્રતા થાય છે, તે કાળમાં આત્મસન્મુખતાપૂર્વક સમ્યગ્દર્શન થાય છે જેને બીજ સમ્યક્ત્વ કહે છે. તમે કહેશો કે અમે ટી.વી. પણ એકાગ્રતાથી જોઈએ છીએ, શેરના ભાવ પણ એકાગ્રતાથી સાંભળીએ-વાંચીએ છીએ—ત્યાં અભિપ્રાયની અને જ્ઞાનની ભૂલ રાખીને જે એકાગ્ર થઈ જાય છે તેને પોતાના આત્માનો અનુભવ ન થઈ શકે, તેમને તો આકુળતા જ બની રહે છે, રાગ-દ્વેષ થતા રહે છે.

રાગ-દ્વેષ રહિત અર્થાત્ વીતરાગતા (આંશિક) ની સાથે કોઈ એક વિષયને જાણતા રહેવારૂપ ધ્યાન તો શ્રેણીમાં પણ થાય છે, તેને શુક્લધ્યાન કહે છે. શ્રેણી પણ તે જ જીવ ચઢે છે કે જે પૂર્વધારી હોય—ચૌદ પૂર્વના જ્ઞાતા હોય અથવા દસ પૂર્વના જ્ઞાતા હોય. આપણે આપણી કલ્પનાથી જ કોઈ અનુયોગનો નિષેધ કરવા લાગીએ છીએ. તે બરાબર

નથી. દ્રવ્યાનુયોગથી તત્ત્વજ્ઞાનનો અભ્યાસ કરીને સિદ્ધાંતોને જાણીને તેનું તો વિચાર-ચિંતન હોવું જ જોઈએ, પરંતુ આપણું મન વાંદરા સમાન છે, ચંચળ છે, તેને નિત્ય નવું અવલંબન જોઈએ છે. ટી.વી. જોવાવાળા હાથમાં રીમોટ કંટ્રોલ લઈને વારંવાર ચેનલ્સ કેમ બદલતા રહે છે? ક્યાં શું ચાલી રહ્યું છે તે જાણવાની આકુળતા-રાગ તેને શાંતિથી બેસવા દેતો નથી.

પં. ટોડરમલજીએ સમ્યગ્જ્ઞાનચંદ્રિકામાં પીઠિકા લખી છે. ત્યાં કોઈ દ્રવ્યાનુયોગનો પક્ષપાતી છે, કોઈ ચરણાનુયોગનો, કોઈ પ્રથમાનુયોગનો, કોઈ વ્યાકરણ-અલંકારનો, કોઈ ધન કમાવવાનો આદિ બધા જીવોને તેમની માન્યતા—વિચાર કેટલી ખોટી છે તે ઘણી સારી રીતે સમજાવ્યું છે, તે અવશ્ય વાંચવું જોઈએ.

અહીં જે આપણે આ વિષયને જાણી રહ્યા છીએ તે જાણવું ક્યાંથી થઈ રહ્યું છે? આ ચાર્ટમાંથી થઈ રહ્યું છે કે આ જડ વાણીમાંથી થઈ રહ્યું છે? તે પ્રત્યેકની જ્ઞાનપર્યાય પોતાનાથી વિકાસ પામી રહી છે. આપણે બધા પોતપોતાની યોગ્યતાથી જાણી રહ્યા છીએ અને જો આપણે જાણવાનો નિષેધ કરીશું તો જ્ઞાનસ્વભાવનો—સર્વજ્ઞસ્વભાવનો નિષેધ થાય છે.

આ જ્ઞાન સહજરૂપથી થાય છે. કોઈની શું તાકાત છે કે બધાને ભેગા કરે અને બધામાં જ્ઞાન ભરી દે. કોઈ વિષય સમજમાં ન આવે તે અલગ વાત છે, પરંતુ જો અભિપ્રાયમાં તેનો નિષેધ છે અને ભણવા-ભણાવવાનો જો નિષેઘ કરીશું તો ઘણી મોટી ભૂલ છે. આ શાસ્ત્ર—ગ્રંથ તો આપણી ધરોહર છે. લૌકિક સંપત્તિ તો આપણે આપણા બાળકો માટે કમાઈને રાખવા ઈચ્છીએ છીએ, જ્યારે તે તો પુણ્યને આધીન છે. જો આપણે આ વિષયોને ભણશું તો જ કાર્યકારી છે, માત્ર શાસ્ત્ર છપાવવાથી કાંઈ નહીં થાય!

આજકાલ તો પ્રિંટિંગ આદિની ટેકનિક ઘણી આગળ વધી ગઈ છે, કોપી કરવી હોય તો પણ ઝેરોક્સ મશીનથી સેંકડો કોપીઓ મિનિટોમાં થઈ જાય છે. જરા વિચારો જે મુનિઓએ આ ગ્રંથોની રચના કરી હતી, આચાર્ય કુંદકુંદ હોય અથવા આચાર્ય નેમિચંદ્ર હોય, તેમણે તો તાડપત્રો પર લખ્યું હતું. તે જમાનામાં પેપર અને પેન તો હતા જ નહીં. તાડપત્ર પર લખવાની વિધિ તો તમને ખબર જ નહીં હોય! તાડના વૃક્ષોના પડી ગયેલા પાન ઉપર અક્ષર કોતરતા હતા, ત્યારબાદ તેને વનસ્પતિથી બનાવેલા રંગોથી ભરી દેવામાં આવતા હતા. તે જમાનાના શ્રાવકોએ કેટલી મહેનતથી સંભાળ્યા, તેની

પ્રતિલિપિઓ બનાવી, સાચવીને રાખ્યા, સ્વયં ભણ્યા તથા આટલા સેંકડો—હજારો વર્ષો સુધી તે શાસ્ત્રો ઉપલબ્ધ રાખ્યા. આ બધાનો આપણા ઉપર મહાન ઉપકાર છે.

આપણે પણ તેનો પોતાના કલ્યાણ માટે સ્વાધ્યાય કરીએ ત્યારે સહજરૂપથી ભાવ આવે છે કે તેને ભણે-ભણાવીએ, નવી ટેકનીકથી તેને પ્રીઝર્વ કરીએ. આજકાલ કોમ્પ્યુટર ટેકનોલોજી કેટલી વધી ગઈ છે. આજે તમારા પ્રત્યેકના હાથમાં આ ચાર્ટની કલર ઝેરોક્સ કોપીઓ છે. કેટલા? ચારસો સેટ તો અહીં નિઃશુલ્ક વિતરીત કરવામાં આવ્યા છે. તમારા લોકોમાંથી જ કોઈ દાતારને કારણે આ સુવિધા પ્રાપ્ત થઈ શકી છે.

જે સ્વાધ્યાય કરવા ઈચ્છે છે તેને તો અનેક સાધન-સુવિધા ઉપલબ્ધ છે. અહીં જે આ વિડિયો ઉતારવામાં આવી રહ્યો છે અને જે ઘરે સ્વાધ્યાય ચાલે છે તેની રોજના સાડાત્રણ કલાકની રેકોર્ડિંગ થઈને સીડી બને છે, તે સીડી અને ડીવીડીનો લાભ દેશ-વિદેશના અનેક લોકો લઈ રહ્યા છે.

આવા પ્રશ્ન આવે છે તો અમે પણ વિષય છોડીને ક્યાંક ખોવાઈ જઈએ છીએ. અન્ય પણ પ્રશ્ન છે કે સમુદ્‌ઘાત શું છે? તેની વાત કાલે કરીશું. સમુદ્‌ઘાતના પ્રકાર, ક્યો જીવ ક્યું સમુદ્‌ઘાત કરીને ક્યાં સુધી તેના આત્મપ્રદેશ ફેલાય છે આદિ વિસ્તારથી કહેવા માટે હમણાં સમય નથી.

પ્રશ્ન :— કુભોગભૂમિવાળા કુમાનુષ ગર્ભજ હોય છે?

ઉત્તર :— હાં, અન્ય ભોગભૂમિ-કર્મભૂમિના મનુષ્ય સમાન તે પણ ગર્ભજ હોય છે.

બીજો પ્રશ્ન છે કે કર્મ કેવી રીતે ખરે છે?

ઉત્તર :— આ કર્મકાંડનો વિષય છે, તે વિષયની શિબિરોમાં અમે વિસ્તારથી સમજાવ્યું છે, અહીં સમજાવવું શક્ય નથી. હવે અહીં વિરામ લઈએ છીએ.

બોલો, વિદેહક્ષેત્રમાં બિરાજમાન સોળમા તીર્થંકર શ્રી નેમિપ્રભ ભગવાનનો જય હો.

# ૧૭. જ્યોતિષ્કવિમાન

શ્રીમદ્ નેમિચંદ્રાચાર્ય વિરચિત ત્રિલોકસાર ગ્રંથના આધારે આપણે અહીં ત્રણ લોકનું સ્વરૂપ જોઈ રહ્યા છીએ. અધોલોકનું વર્ણન જોતા સમયે આપણે ભવનવાસી, વ્યંતર દેવોની ચર્ચા કરી હતી તથા ઊર્ધ્વલોક સંબંધી વર્ણન જોતા સમયે આપણે કલ્પવાસી અને કલ્પાતીત જે વૈમાનિક દેવ છે તેમની પણ ચર્ચા કરી હતી.

દેવગતિના દેવોમાંથી જ્યોતિષિ દેવોની ચર્ચા અત્યાર સુધી કરી ન હતી કારણ કે આ જ્યોતિષિ દેવોના વિમાન મધ્યલોકમાં જોવા મળે છે. મધ્યલોકનું સ્વરૂપ સમજ્યા વિના ત્યાંના દ્વીપ-સમુદ્રોનું પ્રમાણ અને રચના સમજ્યા વિના જ્યોતિષિઓના વિમાનોને સમજવું મુશ્કેલ થાત, તેથી હવે આપણે તેમની ચર્ચા કરીશું.

મધ્યલોકના અસંખ્યાત દ્વીપ-સમુદ્રોની ઉપર ભૂમિતળથી અર્થાત્ પહેલી પૃથ્વીની ઉપર આપણે જ્યાં રહીએ છીએ, ત્યાંથી સાતસો નેવુ યોજન ઉપર જઈને, ત્યાંથી લઈને નવસો યોજન સુધી આ બધા જ સૂર્ય, ચંદ્ર, તારા જોવા મળે છે. આ એકસો દસ યોજનના પટ્ટામાં જ આ બધા જોવા મળે છે. આપણે અહીં રાતમાં બેઠા-બેઠા તારા ગણી શકીએ છીએ કે નહીં? રાતની શું વાત કરો છો, હું તમને દિવસમાં તારા ગણીને કહીશ. હાં, તે માટે આગમ ચક્ષુની આવશ્યકતા છે. પ્રવચનસારમાં આવે છે ને કે બધા જીવો ઈન્દ્રિયચક્ષુવાળા છે, દેવ અવધિચક્ષુવાળા છે, મુનિરાજ આગમચક્ષુવાળા છે અને સર્વજ્ઞ ભગવાન સર્વતઃ ચક્ષુવાળા છે.

સર્વતઃ ચક્ષુવાળાઓએ—સર્વજ્ઞ ભગવાને—તીર્થંકરોએ બધુ જાણીને જે કહ્યું તે અનુસાર મુનિઓએ આગમની રચના કરી છે, તે આગમરૂપી નેત્રો દ્વારા જોઈને આપણે અહીં બેઠા-બેઠા બધા તારાઓની ગણતરી કરીને કહીશું. ચંદ્ર, સૂર્ય, તારા, નક્ષત્ર બધાનો ટોટલ આપણે અહીં કરીશું. તેમને જ્યોતિષ્ક વિમાન અથવા જ્યોતિષ્કબિંબ પણ કહે છે.

મધ્યલોકમાં એક રાજૂ લાંબી-પહોળી ત્રસનાડીની પૂર્વ અને પશ્ચિમ દિશામાં અંતમાં જે ઘનોદધિવાતવલય છે ત્યાં સુધી અર્થાત્ અસંખ્યાત દ્વીપ અને સમુદ્ર જ્યાં સુધી છે ત્યાંસુધી આ બધાય જ્યોતિષ્ક વિમાન જોવા મળે છે. મધ્યમાં મેરુ પર્વતથી અગિયારસો એકવીસ યોજન દૂરથી તેમનું ભ્રમણ થાય છે. અઢી દ્વીપ સુધી અર્થાત્ મનુષ્યલોક સુધીના

ચંદ્ર, સૂર્ય અને તારા ભ્રમણ કરે છે—મેરુની પ્રદક્ષિણા કરે છે, તેમાંથી ઘણા તારા સ્થિર પણ છે, પરંતુ અઢી દ્વીપની બહારના દ્વીપ અને સમુદ્ર ઉપર જે જ્યોતિષ્ક વિમાન છે—જે સૂર્ય, ચંદ્ર, તારા છે તે બધાય સ્થિર છે—તેમનું ભ્રમણ થતું નથી.


આપણે અહીં જોઈએ છીએ કે સૂર્યોદય થયો, ચંદ્ર નીકળ્યો, નક્ષત્ર, તારાનું પણ ભ્રમણ આપણે જોઈએ છીએ, તે તો માત્ર મનુષ્યલોકની ઉપર જ જોવા મળે છે. તેની બહાર અસંખ્યાત દ્વીપ અને સમુદ્રો પર જે ચંદ્ર, સૂર્ય, તારા છે, તે જ્યાંના ત્યાં સ્થિર છે, તે ભ્રમણ કરતા નથી. જ્યાં સૂર્ય સ્થિર છે ત્યાં સતત સૂર્યપ્રકાશ જ છે, જ્યાં અંધારુ છે ત્યાં કેવળ અંધારુ જ છે.

દિવસ અને રાત્રિનું આ પરિવર્તન તો માત્ર મનુષ્યલોકમાં જ થાય છે. આપણે દિવસ, રાત, મહિના, વર્ષ આદિ માપીએ છીએ તો તે આપણી—મનુષ્યોની અપેક્ષા માપીએ છીએ. વૈમાનિક દેવોની વાત કરતા સમયે આપણે જોયું હતું કે ત્યાં જેટલા સાગરનું આયુષ્ય હોય છે તેટલા હજાર વર્ષ પછી ભોજનની ઇચ્છા થાય છે અને તેટલા પક્ષ બાદ શ્વાસ લે છે. આ હિસાબ તો આપણી અપેક્ષાએ છે કારણ કે આપણને આપણી ભાષામાં સમજવું છે. મ્લેચ્છ લોકો મ્લેચ્છ ભાષામાં સમજે છે, તેવી રીતે આપણે દિવસ-રાતની આપણી ભાષામાં કાળને સમજીએ છીએ. ચંદ્ર અને સૂર્ય પોતપોતાની વિશિષ્ટ કક્ષામાં ફરે છે—ભ્રમણ કરે છે, તે કારણે અહીં દિવસ-રાતનું વિભાજન થાય છે.

જ્યારે આપણે સાંભળીએ છીએ કે તીર્થંકરદેવ સો ઇન્દ્રોની હાજરીમાં આમ ફરમાવે છે, ત્યારે તે સો ઇન્દ્રોમાં જ્યોતિષ્ક દેવોના બે ઇન્દ્ર હોય છે—એક ચંદ્ર (ઇન્દ્ર) અને એક સૂર્ય(પ્રતીન્દ્ર).

પ્રશ્ન :— ચંદ્ર અને સૂર્ય પોતાની જગ્યા છોડીને સમવસરણમાં આવતા હશે તો લોકોનો શું હાલ થતો હશે?

ઉત્તર :— ચંદ્ર અને સૂર્ય જે તમે જુઓ છો તે તો તે દેવોના વિમાન છે—જ્યોતિષિ દેવોના રહેવાના સ્થાન છે. ન તો ચંદ્ર અહીં આવે છે અને ન સૂર્ય અહીં આવે છે, ચંદ્ર ઇન્દ્ર અને સૂર્ય ઇન્દ્ર અહીં આવે છે. તેમના રહેવાના સ્થાનને વિમાન કહે છે. તે અર્ધગોળાકાર હોય છે. જેવી રીતે કોઈ લીંબુને અડધુ કરીને ઉપરનો ભાગ સપાટ અને નીચેનો ગોળાકાર કરીને રાખીએ, તેવી રીતે આ વિમાન હોય

છે  . ઉપરના સ્તર પર—સપાટી પર તેમના જિનગૃહ, જિનમંદિર આદિ હોય છે. રહેવાના મંદિર—મહેલ પણ હોય છે.

આ બધા વિમાન પૃથ્વીકાયિકોના શરીરોથી બને છે. સૂર્ય વિમાનના પૃથ્વીકાયિકોનો આતપ નામકર્મનો ઉદય હોય છે, તેમની ઉષ્ણતાયુક્ત પ્રભા હોય છે. ચંદ્રવિમાનના પૃથ્વીકાયિકોને ઉદ્યોત નામકર્મનો ઉદય હોય છે. ત્યાંના દેવોને તો વૈક્રિયક શરીર હોય છે. તે બધા દેવ વિક્રિયા કરીને એક અથવા અનેક શરીર બનાવે છે, તે વૈક્રિયિક શરીર દ્વારા સમવસરણ તથા અન્ય જગ્યાએ જાય છે. જેવી રીતે અષ્ટાહ્નિકામાં નંદીશ્વર દ્વીપમાં, ક્રીડા કરવા માટે અન્ય દ્વીપ અને સમુદ્રોમાં જાય છે. તેમના મૂળ શરીર સહિત તે દેવ અથવા ઇન્દ્ર તો પોતાના સ્વર્ગમાં જ રહે છે. વિક્રિયા દ્વારા અન્ય શરીર બનવાને વૈક્રિયિક સમુદ્ઘાત કહે છે. તેમના આત્મપ્રદેશ બંને જગ્યાએ ફેલાયેલા રહે છે, તેનું કનેક્શન તૂટતું નથી. આત્મા તો એક અખંડ દ્રવ્ય છે ને! તેના ટુકડા તો થતાં નથી, ફક્ત શરીર બનાવીને મોકલતા નથી, તે સ્વયં તેમાં છે, નહીં તો સમવસરણમાં ફક્ત જડ શરીર જ આવે છે કે શું? તે શું સાંભળશે અને સમજશે?

દેવ તો વિક્રિયા પણ કરે છે, વિહાર કરીને પણ જઈ શકે છે. તમે આહારક શરીરનું નામ સાંભળ્યું છે, ત્યાં પણ મુનિરાજને તો ઔદારિક શરીર છે, જ્યારે તેઓ આહારક શરીર બનાવીને તેની સાથે સમવસરણ આદિમાં ચાલ્યા જાય છે ત્યાં બંને શરીરોની વચ્ચે આત્મપ્રદેશ ફેલાયેલા રહે છે. આજકાલ આપણે લેસર બીમ્જ જોઈ છે. લેસરના પ્રકાશના કિરણો જેવી રીતે દૂર સુધી ફેલાય છે તેવી જ કાંઈક કલ્પના કરી શકો છો.

આ બધા જ્યોતિષ્ક વિમાનોની ઉપર જ્યોતિષિ દેવોના નગર છે કે જે જિનમંદિરોથી યુક્ત છે. આપણે જ્યારે અકૃત્રિમ જિન ચૈત્યાલયોની પૂજા કરીએ છીએ ત્યારે અધોલોકના સાત કરોડ બોતેર લાખ ચૈત્યાલયોને, ઊર્ધ્વલોકના—વૈમાનિકોના ચોરાસી લાખ સત્તાણુ હજાર ત્રેવીસ ચૈત્યાલયોને અને મધ્યલોકના ચારસો અઠ્ઠાવન ચૈત્યાલયોને અર્ઘ્ય ચડાવીએ છીએ, તો શું જ્યોતિષીઓ અને વ્યંતરોની પાસે કોઈ જિનમંદિર નથી? છે, તે તો અસંખ્યાત છે, આપણી ગણતરીથી બહાર છે. પ્રત્યેક જ્યોતિષ્ક બિંબમાં ત્યાં જિનમંદિર છે. તમે પ્રથમાનુયોગમાં વાંચ્યું હશે કે ચક્રવર્તી સૂર્યબિંબના જિનબિંબોને નમસ્કાર કરે છે.

આ જ્યોતિષ્ક વિમાનોમાં પ્રત્યેકમાં સંખ્યાત જ્યોતિષિ દેવ રહે છે, તે જ્યોતિષિ દેવ છે—ભવનત્રિકમાંથી એક છે, પરંતુ આપણે જ્યોતિષ કહેવાવાળાને—રાશીફળ કહેવાવાળાને જ્યોતિષિ બનાવી દીધા છે. ફળ જ્યોતિષ પણ જાણીને શું કરશો? જે થવાવાળું છે તે બદલાઈ શકતું નથી અને જે બદલાઈ શકે છે તે થવાવાળું નથી, પરંતુ તેની પાછળ દોડીને આપણે આપણો વર્તમાનનો અમૂલ્ય સમય બરબાદ કરીએ છીએ.

આ ગ્રહ, નક્ષત્ર આપણને કાંઈ આપતા નથી, તેના કારણે આપણા સંયોગ બદલતા નથી અને સંયોગ કેવા પણ કેમ ન બદલી જાય, તેમાં આપણું શું બગડવાનું છે? આપણને શું લાભ-નુકશાન છે? આપણને તો સંયોગોથી આપણી ભિન્નતા જાણવાની છે. તો શું પહેલાં સંયોગ સુધારીને પછી તેનાથી ભિન્નતા સમજવાની છે? શરીરથી આપણે ભિન્ન છીએ તેમ સમજવા માટે પહેલાં પાર્લરમાં જઈને શરીરને સંવારવું—સજાવવું પડશે?

આ બધી મિથ્યા કલ્પનાઓ છે. મિથ્યાત્વ પણ નવી-નવી ફેશન લઈને આવે છે. તમને ખબર નથી? વાસ્તુશાસ્ત્ર, ફેંગશુઈના નામ પર ઘરની રચના અમુક પ્રકારે કરવાથી હું સુખી થઈશ, મને ધન મળશે, મારા પર સંકટ નહીં આવે આ વાતો ભ્રાંતિ નહીં તો બીજું શું છે?

પ્રત્યેક વસ્તુ સ્વયં પરિણમનશીલ છે. વારંવાર આપણે શાસ્ત્રોમાં વાચીએ છીએ કે નિમિત્તકારણ પરદ્રવ્યમાં કાંઈ કરતું નથી, પ્રત્યેક દ્રવ્ય સ્વતઃસિદ્ધ છે તથા તેનું પરિણમન તેને પોતાને આધીન છે—સ્વયંથી થાય છે—થવાયોગ્ય જ થાય છે—પોતાના સ્વસમયમાં જ થાય છે. પ્રત્યેક દ્રવ્યની અનાદિથી લઈને અનંતકાળ સુધીની પ્રત્યેક પર્યાય નિશ્ચિત છે, તેનો ક્રમ નિશ્ચિત છે, તેનો સમય નિશ્ચિત છે, તેનું નિમિત્ત પણ નિશ્ચિત છે. જો આ નિશ્ચિતતાનો નિર્ણય થઈ જાય તો તેની તરફથી આ જીવ નિશ્ચિંત થઈને—સ્વ અથવા પરની પર્યાયોની ચિંતા છોડીને પોતાના સ્વસ્વભાવને જાણતો રહેશે તો તેને સાચા સુખની—અનંત સુખની પ્રાપ્તિ થઈ જશે; પરંતુ જેમાં આપણું કાંઈ નથી ચાલતું અને જેમાંથી સુખ અથવા દુઃખ કાંઈ નથી મળતું એવા સંયોગોમાં આપણે સુખ-દુઃખની કલ્પના કરીને તેને મેળવવામાં અથવા દૂર કરવામાં આપણું જીવન ખોઈ નાખીએ છીએ.

અગિયારમા ગુણસ્થાનવર્તી કોઈ મુનિરાજ આયુક્ષયથી મરીને તેત્રીસ સાગર આયુષ્યવાળા સર્વાર્થસિદ્ધિમાં ઉત્પન્ન થાય છે. એક સમયમાં અગિયારમા ગુણસ્થાનની

પૂર્ણ વીતરાગતાથી પડીને વિગ્રહગતિમાં ચોથા ગુણસ્થાનવર્તી દેવ થાય છે. તો વધારે સુખી ક્યારે હતા? મુનિ અવસ્થામાં કે સર્વાર્થસિદ્ધિમાં? ત્યાં તો તેત્રીસ સાગર સુધી રત્નમયી મહેલ, કલ્પવૃક્ષોથી બધી વસ્તુઓ–ભોગો ઉપલબ્ધ રહે છે. મુનિરાજ તો જંગલમાં રહેતા હતા.

અહીં તો આપણે સંયોગોને–ભોગોને સુખનું કારણ માન્યું, તે ધનથી પ્રાપ્ત થશે એમ લાગે છે તેથી તે પૈસારૂપી સાધનની પાછળ દુનિયા પાગલની જેમ દોડી રહી છે. બધા દોડે છે તેથી આપણે પણ દોડીએ છીએ.

મારી એક સહેલી છે–જૈન છે–ડૉક્ટર છે, આજથી પંદર વર્ષ પહેલાં મને કહેવા લાગી કે તું મૂરખ છે, પ્રેક્ટીસ છોડીને ધર્મની પાછળ લાગી છે. જો, હું તો પાવડાથી પૈસા કમાઉં છું. મેં તેને કહ્યું કે સારું, તું પાવડાથી કમાય છે પણ ખાવાનું તો ચમચીથી જ ખાય છે ને?

આપણે તો આજીવિકા માટે પર્યાપ્ત ધન કમાઈને વધારેમાં વધારે સમય પોતાના શુદ્ધાત્માને ઓળખવામાં લગાવવાનો છે, આ મનુષ્યભવ સાર્થક કરવાનો છે, પરંતુ આપણે તો આપણી સાત પેઢી બેસીને ખાઈએ એટલું કમાવીને રાખવા ઇચ્છીએ છીએ; પરંતુ પુણ્ય-પાપનું રહેંટ તો ચાલ્યા જ કરે છે, કમાયેલું ધન પણ ચાલ્યું જાય છે અને હોય તોપણ રોગમાં, પુત્રવિયોગમાં અથવા અન્ય સંકટમાં કામ નથી આવતું.

અત્યારે આપણે જ્યોતિષ્કલોકની વાત કરી રહ્યા છીએ. પ્રથમ પૃથ્વીથી સાતસો નેવુ યોજન ઊંચાઈ પર તારા છે, ત્યાંથી દસ યોજન ઉપર સૂર્ય છે, તેનાથી એંસી યોજન ઉપર ચંદ્ર છે, તેનાથી ચાર યોજન ઉપર નક્ષત્ર છે, તેનાથી ચાર યોજન ઉપર બુધ નામનો ગ્રહ છે, તેનાથી ત્રણ યોજન ઉપર શુક્ર છે, તેનાથી ત્રણ યોજન ઉપર ગુરુ (બૃહસ્પતિ) છે, તેનાથી ત્રણ યોજન ઉપર મંગળ (અંગાર) છે અને તેનાથી ત્રણ યોજન ઉપર શનિ છે. તેનું નામ છે શનૈશ્ચર અર્થાત્ મંદગતિથી ચાલવાવાળો. આ બધા રહે છે તો ત્યાં પરંતુ તેના નામોથી અર્થાત્ શનિ, મંગળ આદિથી આપણે ડરતા રહીએ છીએ.

હવે તેમનો વિસ્તાર–સાઈઝ શું છે તે જોઈએ.

ચંદ્ર વિમાન છપ્પન ભાગ્યા એકસઠ યોજન વ્યાસવાળો છે, સૂર્ય વિમાન અડતાલીસ ભાગ્યા એકસઠ યોજનનો છે, શુક્ર એક કોસનો છે, ગુરુ એક કોસથી કંઈક

નાનો છે; બુધ, મંગળ અને શનિ અડધા કોસના છે, તારા વિમાન કેટલાક નાના અને કેટલાક મોટા આકારવાળા છે—એક કોસના ચોથા ભાગથી લઈને એક કોસ સુધીના છે. નક્ષત્ર એક કોસના છે.

આ તારા, નક્ષત્ર પોતપોતાની પરિધિમાં ગમન કરે છે તથા ચંદ્ર, સૂર્ય, ગ્રહ પોતાની પરિધિમાં ગમન કરે છે. તેમનું પોતપોતાનું ભ્રમણક્ષેત્ર (ચારક્ષેત્ર) હોય છે, તેમની અલગ-અલગ પરિધિ પર ભ્રમણ થાય છે. આપણે જોઈએ છીએ કે ઉત્તરાયણ, દક્ષિણાયન થાય છે, ખબર નથી? જુઓ સૂર્ય તો પૂર્વ દિશામાં ઊગે છે પરંતુ ક્યારેક દક્ષિણ દિશા તરફ તો ક્યારેક ઉત્તર તરફથી તે ખૂણાથી નીકળે છે. છ-છ મહિનામાં દક્ષિણાયનથી ઉત્તરાયણ તરફ જાય છે. ચંદ્ર-સૂર્યની પરિભ્રમણની ગલીઓ પણ અલગ-અલગ હોય છે.

જંબૂદ્વીપમાં બે ચંદ્ર અને બે સૂર્ય છે. જંબૂદ્વીપમાં ચંદ્રના ભ્રમણની પંદર ગલીઓ છે ને સૂર્યની એકસો ચોરાસી ગલીઓ છે. ચંદ્રનું આ પંદર ગલિઓમાં પરિભ્રમણ થવાના કારણે કૃષ્ણપક્ષ અને શુક્લપક્ષની વિવિધતા બને છે.

હવે આપણે આ તારાઓની ગણતરીનું અસંભવ કાર્ય કરીશું. આ સૂર્ય, તારા, ગ્રહ, નક્ષત્ર એ ચંદ્રનો પરિવાર છે. આપણે સૂર્યને મુખ્ય કરીને તેની સાથે જે ગ્રહ, નક્ષત્ર અને તારા છે તેને સૂર્યમાલા કહે છે; પરંતુ અહીં ચંદ્ર મુખ્ય છે અને પ્રત્યેક ચંદ્રના પરિવારમાં શું-શું છે—તે જોઈએ. એક સ્વયં ચંદ્ર છે. એક ચંદ્રની સાથે એક સૂર્ય, અઠ્યાસી ગ્રહ, અઠ્યાવીસ નક્ષત્ર, છાંસઠ હજાર નવસો પંચોતેર કોડાકોડી તારા હોય છે. બધા મળીને ૧ + ૧ + ૮૮ + ૨૮ + ૬૬૯૭૫ કોડાકોડી અર્થાત્ ૬૬૯૭૫ કોડાકોડી + ૧૧૮ આટલો એક-એક ચંદ્રનો પરિવાર છે. હવે આપણે કુલ ચંદ્ર ગણીશું તો આપણને બધા જ્યોતિષ્ક વિમાનોની કુલ સંખ્યા મળી જશે.

જંબૂદ્વીપમાં બે ચંદ્ર અને બે સૂર્ય છે. એક જ ગલીમાં બે ચંદ્ર અને બે સૂર્ય ભ્રમણ કરે છે. આજે આપણે જે સૂર્ય જોઈ રહ્યા છે તેને આપણે પરમ દિવસે જોઈશું, કાલે બીજો સૂર્ય જોઈશું. લવણસમુદ્રમાં ચાર ચંદ્ર અને ચાર સૂર્ય છે. ધાતકીખંડમાં બાર ચંદ્ર અને બાર સૂર્ય છે, કાલોદધિ સમુદ્રમાં બેતાલીસ ચંદ્ર અને બેતાલીસ સૂર્ય છે. પુષ્કરાર્ધમાં અર્થાત્ માનુષોત્તર પર્વત સુધીના અડધા પુષ્કરદ્વીપમાં બોતેર ચંદ્ર અને બોતેર સૂર્ય છે.

માનુષોત્તર પર્વતની બહાર તેની સંખ્યા કેવી રીતે કાઢવી તે જોઈએ. અહીંથી આગળ જે દ્વીપ અથવા જે સમુદ્રનો જેટલા લાખ યોજનનો વિસ્તાર છે તેટલા ત્યાં વલય હોય છે. જેવી રીતે બહારનો અડધો પુષ્કરદ્વીપ આઠ લાખ યોજનનો છે, તો તેમાં આઠ વલય હોય છે. પહેલો વલય માનુષોત્તર પર્વતથી અડધા લાખ યોજન પર છે અર્થાત્ પહેલો વલય પચાસ હજાર યોજન પર છે, બાકીના વલય એક-એક લાખ યોજનના અંતરાળથી છે.

પહેલા વલયમાં ૧૪૪ ચંદ્ર અને ૧૪૪ સૂર્ય છે. બીજા વલયમાં ૧૪૮ ચંદ્ર અને ૧૪૮ સૂર્ય છે. ત્રીજા વલયમાં ૧૫૨-૧૫૨, ચોથા વલયમાં ૧૫૬-૧૫૬ આ રીતે પ્રત્યેક વલયમાં ચાર-ચારથી વધતા જશે.

આ રીતે તેની આગળ પુષ્કરવર સમુદ્ર બત્રીસ લાખ યોજન વિસ્તારવાળો છે, તેમાં બત્રીસ વલય છે. તેના પહેલા વલયમાં ૨૮૮-૨૮૮ ચંદ્ર-સૂર્ય છે, પ્રતિવલય ચાર-ચારની વૃદ્ધિ થઈને ૨૯૨, ૨૯૬, ૩૦૦, ૩૦૪, ૩૦૮, ૩૧૨ આ રીતે એકત્રીસવાર ચાર-ચાર વધશે. ત્યારબાદ ચોથો દ્વીપ ચોસઠ લાખ યોજનનો છે. તેના પહેલા વલયમાં ૫૭૬-૫૭૬ ચંદ્ર-સૂર્ય છે અને તેના પ્રતિવલય ચાર-ચારની વૃદ્ધિ ૬૩ વાર થશે.

તેનાથી આગળવાળો સમુદ્ર ૧૨૮ લાખ યોજનનો છે. અહીં તો ચાર દ્વીપ અને ચાર સમુદ્ર થયા. નંદીશ્વર દ્વીપ તો દ્વીપોમાં આઠમો છે. આમ તો દ્વીપ-સમુદ્રોમાં તેનો નંબર પંદરમો છે. ત્યાંની સંખ્યા પણ કાઢીશું. અહીં તો આપણે ફક્ત ચંદ્રોની સંખ્યા જોઈ રહ્યા છીએ, તેના સમસ્ત પરિવારની સંખ્યા તો પછી જોઈશું.

ડરતા નહીં, આપણી પાસે કરણાનુયોગના સૂત્ર છે, મોટાં-મોટાં ગણિત આસાનીથી કરી શકીએ છીએ. માનુષોત્તર પર્વત પછી પ્રત્યેક દ્વીપ અને સમુદ્રમાં જે પહેલો વલય છે તેમાં આ સંખ્યા બમણી-બમણી થતી જાય છે. આપણે ૧૪૪ થી શરૂ કર્યું હતું, પછી ૨૮૮, તેની આગળ બમણા થતા જશે તથા પ્રતિવલય ચાર-ચાર ચંદ્ર-સૂર્ય વધતા જશે. તો તેની સંખ્યા કેવી રીતે કાઢશું?

તમે કહો કે કુલ કેટલા દ્વીપ અને સમુદ્ર છે?—અસંખ્યાત. કેવળ અસંખ્યાતથી કામ નહીં ચાલે, પાકું કહેવું પડશે. હાં, પચ્ચીસ કોડાકોડી ઉદ્ધારપલ્ય જેટલા દ્વીપ-સમુદ્ર છે. ૧૪૪ની ગણતરી આપણે પુષ્કરાર્ધથી શરૂ કરી હતી, તેથી કુલ સંખ્યામાંથી અઢી દ્વીપ, બે સમુદ્રને બાદ કરશું તો જેટલા દ્વીપ—સમુદ્ર બાકી છે

તેમાં પહેલા વલયના ચંદ્ર-સૂર્ય આપણે બમણા-બમણા કરીશું.

પુષ્કરવર સમુદ્રથી લઈને જે દ્વીપ અથવા સમુદ્ર જેટલા લાખ યોજન વિસ્તારવાળા છે તેને લાખનો ભાગ દેતાં ત્યાં વલયોનું પ્રમાણ આવે છે, તેને નવથી ગુણા કરતાં પહેલા વલયમાં સ્થિત ચંદ્ર-સૂર્યનું પ્રમાણ આવે છે. જેવી રીતે પુષ્કરવર ત્રીજો સમુદ્ર છે કે જે બત્રીસ લાખ યોજનનો છે, તેને લાખનો ભાગ દેતાં ૩૨ આવ્યા, તેને નવ ગુણા કરતાં ૨૮૮ આવ્યા, તેના પ્રથમ વલયમાં ૨૮૮-૨૮૮ ચંદ્ર-સૂર્ય છે. વારુણીવર ચોથો દ્વીપ ચોસઠ લાખ યોજન વિસ્તારવાળો છે, તેને લાખનો ભાગ દેતાં ૬૪ આવ્યા, તેને નવ ગુણા કરતાં ૫૭૬ થાય છે, તેટલાં ત્યાં ચંદ્ર-સૂર્ય છે.

સ્વયંભૂરમણ સમુદ્રનો વિસ્તાર એક રાજૂના ચોથા ભાગમાં પંચોતેર હજાર યોજન વધારે છે. તેનો હિસાબ આપણે પહેલાં જોયો હતો. એક રાજૂ અર્થાત્ જગત્શ્રેણી ÷ ૭ કારણ કે જગત્શ્રેણીનું પ્રમાણ ૭ રાજૂ છે. તેનો ચોથો ભાગ અર્થાત્ જગત્શ્રેણી ÷ ૨૮, તેમાં ૭૫૦૦૦ યોજન ઉમેરવા. આટલા લાખ યોજન થશે તેને એક લાખનો ભાગ દઈને નવ ગુણા કરવા. $\left[\frac{\text{જગત્શ્રેણી}}{૨૮} + ૭૫૦૦૦\right] \times \frac{૯}{૧૦૦૦૦૦}$ આટલા સ્વયંભૂરમણ સમુદ્રના પહેલા વલયમાં ચંદ્ર-સૂર્ય છે.

આપણી પાસે એવા ગણિતસૂત્ર છે કે બધા પ્રથમ વલયોમાં સ્થિત ચંદ્ર-સૂર્યની સંખ્યા બમણી-બમણી છે તો તેનો સરવાળો કાઢે અને તેને છોડીને જે અન્ય વલય છે તેમાં પ્રત્યેકમાં પ્રતિવલય ચાર-ચારની વૃદ્ધિ થતી ગઈ છે. સમાન વૃદ્ધિને ચય કહે છે અને તેનો સરવાળો કરવાનું વિધાન પણ આપણી પાસે ઉપલબ્ધ છે.

ત્રિલોકસાર, તિલોયપણણત્તિ આદિ ગ્રંથોમાં તેને વિસ્તારથી બતાવ્યું છે. તેના આધારે આપણને ચંદ્રોની કુલ સંખ્યા પ્રાપ્ત થાય છે. આમાં મનુષ્યલોકના ૨ + ૪ + ૧૨ + ૪૨ + ૭૨ = ૧૩૨ ચંદ્ર મેળવી લેવા. આપણે માની લઈએ છીએ કે બધા ચંદ્રોની સંખ્યા 'ચ' છે. એક-એક ચંદ્રના પરિવારમાં આપણે ૧ ચંદ્ર + ૧ સૂર્ય + ૮૮ ગ્રહ + ૨૮ નક્ષત્ર + ૬૬૯૭૫ કોડાકોડી તારા જોયા હતા. આ રીતે આ સંખ્યાને ચંદ્રની સંખ્યાથી ગુણા કરતા સમસ્ત જ્યોતિર્વિમાનોની સંખ્યા મળે છે. ચ × (૬૬૯૭૫ કોડાકોડી + ૧૧૮) અહીં ચની સંખ્યા જ અસંખ્યાતોમાં છે.

જ્યોતિષી દેવોનું પ્રમાણ છે જગત્પ્રતર ÷ ૨૫૬ અંગુલનો વર્ગ. ૨૫૬નો વર્ગ છે ૬૫૫૩૬ જેને આપણે પણ્ણટ્ઠી કહીએ છીએ અને અંગુલનો વર્ગ છે પ્રતરાંગુલ તેને આ રીતે લખીશું $\frac{\text{જગત્પ્રતર}}{\text{પ્રતરાંગુલ} \times \text{પણ્ણટ્ઠી}}$. જેટલા જ્યોતિષ્ક વિમાન છે, તેમાં પ્રત્યેકમાં એક-એક ચૈત્યાલય છે. આ જ્યોતિષીઓના અસંખ્યાત જિન ચૈત્યાલયોને આપણે અહીંથી જ ભાવપૂર્વક નમસ્કાર કરીએ છીએ.

એક-એક વિમાનમાં સંખ્યાત જ્યોતિષી દેવ રહે છે તેથી ઉપરોક્ત સંખ્યાને સંખ્યાતથી ગુણા કરતાં આપણને કુલ જ્યોતિષી દેવોની સંખ્યા પ્રાપ્ત થાય છે. દેવગતિમાં સર્વાધિક સંખ્યા તો જ્યોતિષીઓની જ છે.

આ સંખ્યાઓની વિશાળતા જાણવા માટે અસંખ્યાતોના અલગ-અલગ ભેદ— આવલી, પલ્ય, અંગુલ, પ્રતરાંગુલ, ઘનાંગુલ, જગત્શ્રેણી, જગત્પ્રતર, જગત્ઘન (લોક) જાણવા પડશે. સમ્યગ્જ્ઞાનચંદ્રિકામાં જીવકાંડમાં જે ગણિતની ચૌદ ધારાઓ છે એમાં એક દ્વિરૂપવર્ગ ધારા છે. તેમાં બેના વર્ગથી શરૂ કરીને વર્ગનો વર્ગ, તેનો બીજીવાર વર્ગ, ત્રીજીવાર વર્ગ કરતા જવો, અસંખ્યાત વર્ગસ્થાન જતાં પલ્ય સંખ્યા આવે છે. તેના પણ આગળ એટલા જ અસંખ્યાત વર્ગસ્થાન જતાં અંગુલ નામક અસંખ્યાતની સંખ્યા આવે છે.

પ્રશ્ન :— આવલી શું છે?

ઉત્તર :— આવલી તો જઘન્ય યુક્તાસંખ્યાત સમય પ્રમાણ છે. સૌથી જઘન્ય અસંખ્યાતનું નામ જઘન્ય પરિતાસંખ્યાત છે. આ સંખ્યાને એટલી જ વાર લખીને આપસમાં ગુણા કરતાં જે પ્રમાણ આવે છે તે છે જઘન્ય યુક્તઅસંખ્યાત. આટલા સમય એક આવલીમાં હોય છે અને એવી સંખ્યાત હજાર કોડાકોડી આવલી એક સેકંડમાં હોય છે. સમય કેટલો સૂક્ષ્મ છે તે ખ્યાલમાં આવ્યો? તો એક સમયમાં કેવળી ભગવાન વિશ્વના સમસ્ત દ્રવ્ય-ગુણોને, તેની ત્રણેય કાળની પર્યાયોને યુગપત્ જાણે છે છતાં પણ પ્રત્યેકની ભિન્નતા-વિશેષતા પણ જાણે છે. કેવો મહાઅદ્ભુત જ્ઞાનસ્વભાવ છે કે જે આપણા બધાનો છે. તેનો વિશ્વાસ—પ્રતીતિ કરવાથી તે પર્યાયમાં પ્રગટ થશે જ!

પ્રશ્ન :— જઘન્ય પરિત અસંખ્યાત કેવી રીતે કાઢવો?

ઉત્તર :— આ વિષય ખૂબ જ રોચક છે, પરંતુ ગણિતની અરુચિવાળાઓને અપચો થશે તેથી અહીં તે નહીં કહું. જીવકાંડમાં વિસ્તારથી સમજાવ્યું છે. પુસ્તક વાંચીને ન સમજમાં આવે તો સીડી સાંભળવી અથવા ફક્ત 'સંખ્યામાન'ની એક જ સીડી છે તેને સાંભળવી.

અઢી દ્વીપની બહાર બધા ચંદ્ર, સૂર્ય, તારા સ્થિર જ છે—ધ્રુવ છે. અઢી દ્વીપમાં ચંદ્ર, સૂર્ય, ગ્રહ, નક્ષત્ર તથા તારા પોતપોતાના ભ્રમણ (ચાર) ક્ષેત્રમાં ફરે છે, મેરુની પ્રદક્ષિણા દે છે. મેરુનો દસ હજાર યોજન વ્યાસ છોડીને તેની આગળ ૧૧૨૧ યોજન દૂર આ બધા જોવા મળે છે. આમાંથી જે તારા છે તે કેટલાય ભ્રમણ કરે છે, કેટલાય સ્થિર છે—ધ્રુવ છે. એ ધ્રુવ તારાઓની સંખ્યા આ પ્રમાણે છે—જંબૂદ્વીપમાં ૩૬, લવણસમુદ્રમાં ૧૩૯, ધાતકીખંડમાં ૧૦૧૦, કાલોદધિ સમુદ્રમાં ૪૧૧૨૦, પુષ્કરાર્ધ દ્વીપમાં ૫૩૨૩૦ આ રીતે અઢી દ્વીપમાં કુલ ધ્રુવ તારા ૯૫૫૩૫ છે. ધાતકીખંડ અને પુષ્કરાર્ધના પૂર્વ અને પશ્ચિમ ભાગોના જ્યોતિષી વિમાન પોતપોતાના અર્ધભાગમાં ગમન કરે છે.

આગમમાં તો ઘણા વિસ્તારથી અનેક વાતો સમજાવી છે. આ બે-બે ચંદ્ર-સૂર્યની વચ્ચેનો અંતરાળ, દિવસ-રાતનો હિસાબ, સંપૂર્ણ ખગોળશાસ્ત્ર સમજાવ્યું છે. ત્યાંથી જરૂર સમજવા જેવું છે. મેં તો ફક્ત નમૂનો પેશ કર્યો છે. આગમ જ પ્રમાણ છે.

આ ચંદ્રાદિક વિમાનોના વાહક દેવ સિંહ, હાથી, વૃષભરૂપ આકારને ધારણ કરીને આ વિમાનોને પૂર્વ આદિ દિશાઓમાં લઈ જાય છે. ચંદ્ર અને સૂર્ય વિમાનના પ્રત્યેકના વાહન દેવ સોળ હજાર છે, ગ્રહોના આઠ હજાર, નક્ષત્રોના ચાર હજાર, તારાઓના બે હજાર છે.

પ્રશ્ન :— વાહન દેવ આ વિમાનોને ખેંચે છે, તો શું ખેંચ્યા વિના તે ગમન ન કરી શકે?

ઉત્તર :— આ તો ત્યાંના ઈન્દ્રોની, દેવોની વિભૂતિ હોય છે—તેમનો વૈભવ છે. જેવી રીતે આપણા રાષ્ટ્રપતિ, પ્રધાનમંત્રીની સાથે પૂરો કાફલો હોય છે તેવી જ રીતે સમજવું.

હવે તેમના આયુષ્યનું પ્રમાણ જોઈએ—

| | | |
|---|---|---|
| ચન્દ્રનું આયુષ્ય | – | ૧ પલ્ય + ૧ લાખ વર્ષ |
| સૂર્યનું આયુષ્ય | – | ૧ પલ્ય + ૧ હજાર વર્ષ |
| બૃહસ્પતિનું આયુષ્ય | – | ૧ પલ્ય |
| બુધ, મંગળ, શનિનું આયુષ્ય | – | $\frac{૧}{૨}$ પલ્ય |

તારા અને નક્ષત્રોનું ઉત્કૃષ્ટ આયુષ્ય પલ્યના ચોથા ભાગ અને જઘન્ય આયુષ્ય પલ્યના આઠમા ભાગ પ્રમાણ. આ ત્યાંના દેવોનું આયુષ્ય સમજવું.

દેવાંગનાઓનું આયુષ્ય પોતપોતાના દેવોની આયુષ્યના અર્ધભાગ પ્રમાણ હોય છે. ચંદ્ર અને સૂર્ય ઈન્દ્રોની ચાર-ચાર પટ્ટદેવીઓ હોય છે. ચાર-ચાર હજાર પરિવાર દેવીઓની એક-એક પટ્ટદેવી હોય છે અને એક-એક પટ્ટદેવી ચાર-ચાર હજાર વિક્રિયા કરે છે. અહીં સૌથી નિકૃષ્ટ હીન પુણ્યવાન દેવોની બત્રીસ દેવાંગનાઓ હોય છે.

અમને એક ભાઈ મળ્યા હતા. કહેતા હતા કે હું હવે બ્રહ્મચર્ય લેવા ઈચ્છું છું કારણ કે મેં સાંભળ્યું છે દેવોમાં બત્રીસ દેવાંગનાઓ તો મળે જ છે. જુઓ, જીવોના અભિપ્રાયોની વિચિત્રતા!

જ્યોતિષી, વ્યંતર અને ભવનવાસી ત્રણેયને મેળવીને ભવનત્રિક કહે છે. ત્યાં કોણ જન્મ લે છે તે કહ્યું છે—જિનમતથી વિપરીત ધર્મનું આચરણ કરવાવાળા, જેમણે નિદાન કર્યું હોય તેઓ, અગ્નિ, જળ, ઝંપાપાત આદિથી મર્યા હોય, અકામનિર્જરાવાળા, પંચાગ્નિ આદિ ખોટા તપ કરવાવાળા, સદોષ ચારિત્રને ધારણ કરવાવાળા જીવ ભવનત્રિકમાં જન્મે છે. ભોગભૂમિના બધા મિથ્યાદૃષ્ટિ અને સાસાદનવાળા જીવ ભવનત્રિકમાં જ જન્મ લે છે.

હવે આપણો સમય થઈ ગયો.

બોલો, વિદેહક્ષેત્રમાં બિરાજમાન સત્તરમા તીર્થંકર શ્રી વીરસેન ભગવાનનો જય હો.

# ૧૮. પંચમેરુ

શ્રીમદ્ નેમિચંદ્ર આચાર્ય વિરચિત ત્રિલોકસાર ગ્રંથના આધારે ત્રણ લોકનું સ્વરૂપ આપણે જોઈ રહ્યા છીએ. મધ્યલોકની રચનામાં હવે મેરુ પર્વતોનું વર્ણન જોઈશું. આપણે અઢી દ્વીપની રચનામાં મેરુ પર્વત ક્યાં જોવા મળે છે તે જોયું હતું. જંબૂદ્વીપની મધ્યમાં એક, પૂર્વ ધાતકીખંડ, પશ્ચિમ ધાતકીખંડમાં એક-એક અને પૂર્વ પુષ્કરાર્ધ—પશ્ચિમ પુષ્કરાર્ધમાં એક-એક એમ કુલ પાંચ મેરુ છે. તેમના નામ પણ આપણે જોયા હતા જે ક્રમથી આ પ્રકારે છે—(૧) સુદર્શનમેરુ, (૨) વિજયમેરુ, (૩) અચલમેરુ, (૪) મંદરમેરુ અને (૫) વિદ્યુન્માલીમેરુ.


સર્વપ્રથમ આપણે સુદર્શનમેરુની રચના જોઈશું. બાકી ચાર મેરુની રચના સમાન છે, પરંતુ સુદર્શનમેરુથી અલગ રચના છે, તેની વાત આપણે પછી કરીશું.

જંબૂદ્વીપનો ચાર્ટ નં. ૫ જુઓ. એક લાખ યોજન વ્યાસવાળા જંબૂદ્વીપની મધ્યમાં મેરુનો વ્યાસ—સમતલ ભૂમિપર તેની પહોળાઈ ૧૦૦૦૦ યોજન છે. તેની પૂર્વ અને પશ્ચિમમાં ૨૨૦૦૦-૨૨૦૦૦ યોજનવાળા ભદ્રશાલવન છે. મેરુની દક્ષિણ અને ઉત્તરમાં આ વનની પહોળાઈ ૨૫૦ યોજન છે કે જે બાવીસ હજારનો ૮૮મો ભાગ છે. ભદ્રશાલવનોની પૂર્વ-પશ્ચિમમાં વિદેહક્ષેત્ર છે. તેની રચના તો આપણે જોઈ છે.

આપણે ઘણીવાર સાંભળીએ છીએ કે સુમેરુ અર્થાત્ સુદર્શનમેરુ પર્વત એક લાખ યોજન પ્રમાણ ઊંચો છે. તેની ઊંચાઈ એક લાખ અને ચાલીસ યોજન છે. ચાલીસ યોજનની તેની ચૂલિકા છે તથા હજાર યોજન પૃથ્વીની અંદર તેનો પાયો છે. જેટલી મોટી ચિત્રા પૃથ્વી છે તેટલો તેનો પાયો છે. જમીનની ઉપર તેની ઊંચાઈ ૯૯૦૪૦ યોજન છે.

ભૂમિ પર તેનો વ્યાસ દસ હજાર યોજન છે અને ૯૯૦૦૦ યોજન ઉપર જઈને જ્યાં પાંડુકવન છે ત્યાં તેનો વ્યાસ એક હજાર યોજન રહી જાય છે. પરંતુ તે વ્યાસ સમાનરૂપથી ઘટતો નથી, તો કઈ રીતે તેનું ઘટવું થાય છે, કેટલી ઊંચાઈ પર શું છે તે જોઈએ. તેના માટે તમારે સુમેરુ પર્વત ચાર્ટ નં. ૧૦ જોવાનો છે.

મેરુ પર્વતની ચારે તરફ ભદ્રશાલવન છે, અહીં મેરુ પર્વતની પૂર્વ આદિ ચાર દિશાઓમાં ચાર જિનમંદિર છે કે જે અકૃત્રિમ છે. બધા અકૃત્રિમ ચૈત્યાલયોનું

સ્વરૂપ આપણે પછી જોઈશું, ભૂમિતળથી પાંચસો યોજન ઉપર જઈને કટની હોય છે. કટનીનો અર્થ પર્વત અહીં બધી તરફથી ૫૦૦-૫૦૦ યોજન પહોળાઈ ઘટીને અંદર સુધી  ચાલ્યો જાય છે અને ત્યાં પાંચસો યોજનની સમતળ ભૂમિ હોય છે કે જ્યાં પાંચસો યોજન પહોળાઈવાળા વન હોય છે. પૃથ્વીથી પાંચસો યોજન ઉપર જઈને આ જે પ્રથમ કટની છે ત્યાં નંદનવન છે, ત્યાં પણ ચારેય દિશાઓમાં એક-એક જિનમંદિર છે.

ત્યાંથી ૬૨૫૦૦ યોજન ઉપર જઈને બીજી કટની છે, ત્યાં સૌમનસવન છે, તે પણ પાંચસો યોજન પહોળું છે. ત્યાં પણ ચારે દિશાઓમાં એક-એક જિનમંદિર છે. ત્યાંથી છત્રીસ હજાર યોજન ઉપર જઈને જે કટની છે ત્યાં પાંડુકવન છે. ત્યાં પર્વતનો વ્યાસ એક હજાર યોજન રહી જાય છે. પરંતુ મધ્યમાં ચૂલિકાનો વ્યાસ બાર યોજન છે અર્થાત્ મધ્યબિંદુથી એક તરફ છ યોજન ચૂલિકાના છોડીને શેષ ૪૯૪ યોજનની અહીંની કટની છે અને તેટલું જ પહોળું પાંડુકવન છે. અહીં પણ ચારેય દિશાઓમાં એક-એક જિનમંદિર છે. આ રીતે મેરુ પર્વત ઉપર કુલ સોળ અકૃત્રિમ ચૈત્યાલય છે—ભદ્રશાલવનના ચાર, નંદનવનના ચાર, સૌમનસવનના ચાર અને પાંડુકવનના ચાર.

તમે ચાર્ટ નં. ૧૦ જરા ધ્યાનથી જુઓ. જમીનની અંદર મેરુ પર્વતનો પાયો હજાર યોજન દેખાડ્યો છે. ભૂમિથી સમતલ પર ભદ્રશાલવન છે, ત્યાંથી પાંચસો યોજન ઉપર કટની છે કે જ્યાં નંદનવન છે. ત્યાંથી ૬૨૫૦૦ યોજન ઉપર જઈને સૌમનસવન સંબંધી કટની છે, પરંતુ તેમાંથી ૧૧૦૦૦ યોજન સુધી મેરુ પર્વતની પહોળાઈ સમાન છે અને પછી શેષ ૫૧૫૦૦ યોજન સુધી ક્રમથી તેની પહોળાઈ ઘટતી ગઈ છે.

સૌમનસવનથી પાંડુકવન ૩૬૦૦૦ યોજન ઊંચાઈ પર છે, પરંતુ અહીં પણ સૌમનસવનથી ૧૧૦૦૦ યોજન સુધી મેરુની પહોળાઈ સમાન છે અને તેની ઉપર શેષ ૨૫૦૦૦ યોજન સુધી ક્રમથી ઘટતી ગઈ છે. આ જે ચિત્ર બનાવ્યા છે તે તે જ અનુપાતમાં–પ્રપોર્શનમાં બનાવવામાં આવ્યા છે.

પાંડુકવનમાં ચાર દિશાઓમાં ચાર જિનમંદિર છે અને ચાર વિદિશાઓમાં ચાર શિલાઓ છે. તેમાં ઈશાન દિશામાં પાંડુકશિલા છે કે જેનું નામ આપણે ઘણીવાર સાંભળ્યું છે. ભરતક્ષેત્રના તીર્થંકરોનો જન્માભિષેક અહીં જ થાય છે. અગ્નિ દિશામાં

પાંડુકમ્બલાશિલા છે, નૈઋત્ય દિશામાં રક્તશિલા અને વાયવ્યમાં રક્તકમ્બલાશિલા છે. પાંડુકમ્બલાશિલા પર પશ્ચિમ વિદેહના તીર્થંકરોનો, રક્તશિલા પર ઐરાવતક્ષેત્રના તીર્થંકરોનો અને રક્તકમ્બલાશિલા પર પૂર્વ વિદેહના તીર્થંકરોનો જન્માભિષેક થાય છે. આ બધી શિલાઓ સો યોજન લાંબી અર્ધચંદ્રના આકારની છે, મધ્યમાં પચાસ યોજન પહોળી અને આઠ યોજન જાડી છે. ચાર્ટમાં જોશો તો સમજાશે.

પ્રત્યેક શિલા પર ત્રણ-ત્રણ સિંહાસન હોય છે. મધ્યમાં જે સિંહાસન હોય છે તે જિનેન્દ્રદેવનું છે. તેના ઉપર બાળક તીર્થંકરને બિરાજમાન કરે છે. બાજુના બે ભદ્રાસન છે, ત્યાં ઇન્દ્ર બિરાજે છે. પાંડુકશિલા પર દક્ષિણ દિશા તરફ સૌધર્મ ઇન્દ્રનું ભદ્રાસન છે, ઉત્તર તરફ ઈશાન ઇન્દ્રનું ભદ્રાસન છે. આ આસન પૂર્વ દિશા સન્મુખ હોય છે.

જન્માભિષેકના ચિત્ર તમે જોયા હશે, અનેક જિનમંદિરોમાં દિવાલો ઉપર ઘણા ચિત્રો હોય છે. દેવ ત્યાં આવીને ક્ષીરસમુદ્રના જળથી ૧૦૦૮ કળશોથી અભિષેક કરે છે. આઠ-આઠ યોજનના મોટા-મોટા કળશ હોય છે. તમે પણ અહીં જે જિનમંદિર બને છે, ભગવાનની મૂર્તિઓની સ્થાપના કરે છે ત્યારે જન્માભિષેકના દૃશ્ય જોયા હશે, પ્રથમાનુયોગ અથવા અન્ય ગ્રંથોમાં વર્ણન વાંચ્યું હશે. બાળક તીર્થંકરનો જન્મ થાય છે તો સ્વર્ગથી ઇન્દ્ર આવે છે, ઐરાવત હાથી લઈને આવે છે, શચિ ઇન્દ્રાણી માતાની પાસે જઈને બાળક તીર્થંકરને લઈને આવે છે અને ત્યાં માયામયી બાળક રાખે છે. ઇન્દ્ર બાળક તીર્થંકરને મેરુ પર્વત પર લઈ જાય છે, ત્યાં હજારો દેવ બાળક તીર્થંકરનો જન્માભિષેક કરે છે.

આટલા બધા કળશથી અભિષેક કરીએ તો તે એક દિવસના બાળકને કાંઈ નથી થતું, તે તો અતુલ બળના ધારી હોય છે. તદ્‌ભવ મોક્ષગામી જીવોને વજ્રવૃષભનારાચ સંહનન હોય છે. ઉપસર્ગ તેમને કાંઈ કરી શકતા નથી, છતાં પણ મુનિ અવસ્થામાં તેમના ઉપર કોઈ ઉપસર્ગ થાય તો શ્રાવકને તે ઉપસર્ગ દૂર કરવાનો ભાવ સહજ આવે જ છે. તેમના રક્ષણનો ભાવ ન આવે તો તે શ્રાવક નથી. મુનિરાજ પાર્શ્વનાથ પર જ્યારે ઉપસર્ગ થઈ રહ્યો હતો—બરફ, અગ્નિ, પત્થર, પાણી વરસી રહ્યું હતું ત્યારે ધરણેન્દ્રને પણ તેમની રક્ષાના ભાવ થયા, તેણે ફણમંડપ બનાવ્યું.

પરંતુ લોકો શું વિચારે છે? જેણે ભગવાનનું રક્ષણ કર્યું તે આપણી પણ રક્ષા કરશે. ભગવાન તો વીતરાગી છે, તેઓ તો કાંઈ કરશે નહીં, તેથી આપણે એમની પૂજા કરીશું તો એમને આપણી દયા આવશે અને તેઓ આપણા પણ સંકટ દૂર કરશે.

જુઓ, આપણે આટલા બધા પ્રથમાનુયોગના ગ્રંથ વાંચ્યા છે. તેમાં તો એવી ઘણી વાર્તાઓ વાંચી છે કે જેમાં સ્વર્ગના દેવ-દેવી આવીને જ્ઞાનીઓના સંકટ દૂર કરે છે, પરંતુ એવી એક પણ કથા નથી મળતી કે જેમાં જ્ઞાની જઈને તેની પૂજા કરતા હોય, તેને પગે લાગતા હોય. અન્યમતીઓની દેવીઓ છે—કુળદેવતા છે, તેથી આપણા ભોળા જીવોએ આપણા પણ દેવતાઓ બનાવી લીધા, તેની પૂજા કરવા લાગ્યા. આપણા બાળકો પણ જાણે છે કે ભગવાન તો વીતરાગી અને સર્વજ્ઞ હોય છે અને પૂજન તો સાચા દેવ, ગુરુ અને શાસ્ત્રનું જ કરવું જોઈએ.

પ્રશ્ન :— ક્ષીરસમુદ્રનું પાણી અળગણ નથી હોતું?

ઉત્તર :— પાણીમાં જોવા મળતા ત્રસ જીવ—જળચર જીવ તો અઢી દ્વીપના સમુદ્રોમાં અને સ્વયંભૂરમણ સમુદ્રમાં જ હોય છે, અન્ય સમુદ્રોમાં નહીં. આમ તો પ્રાસુક વિધિપૂર્વક જ તેઓ કાર્ય કરશે.

હવે આ શિલાઓનો રંગ જોઈએ.

પાંડુકશિલા સ્વર્ણમયી છે, પાંડુકમ્બલા રજતમયી છે, રક્તશિલા તપાવેલા સોના સમાન અને રક્તકમ્બલા લાલ-રુધિર સમાન વર્ણવાળી છે.

પાંડુકવનની મધ્યમાં ચૂલિકા અર્થાત્ શિખર છે. તે ચાલીસ યોજન ઊંચી, નીચે બાર યોજન વ્યાસ અને ઉપર ચાર યોજન વ્યાસવાળી આ ચૂલિકા વૈડૂર્યમણિ (નીલમણિ)ની છે. ચૂલિકાની ચારે તરફ ૩૦-૩૦ કોસ વ્યાસવાળા પ્રાસાદ છે. પૂર્વ આદિ દિશાઓમાં લોહિતભવન, અંજનભવન, હરિદ્રભવન અને પાંડુકભવન નામના આ ભવન લોકપાલોના છે. લોકપાલોના નામ ક્રમશઃ સોમ, યમ, વરુણ અને કુબેર છે. તેમાંથી સોમ અને યમનું આયુષ્ય અઢી પલ્યનું તથા વરુણ અને કુબેરનું આયુષ્ય ત્રણ પલ્યથી થોડું ઓછું છે. સોમનો લાલ વર્ણ, યમનો શ્યામ વર્ણ, વરુણનો કાંચન વર્ણ અને કુબેરનો શ્વેત વર્ણ છે. તેઓ અનેક પ્રકારના આભૂષણોથી યુક્ત હોય છે. તેમના

નિવાસ કરવાના સ્થાન સ્વર્ગોમાં પણ હોય છે અને મેરુ ઉપર પણ તેમના ભવન છે. તમે લોકો પણ મુંબઈમાં રહો છો અને અહીં દેવલાલીમાં પણ બંગલા-ફ્લેટ રાખો છો ને!

પ્રત્યેક લોકપાલની સાડા ત્રણ કરોડ ગિરીકન્યા અર્થાત્ વ્યંતરી દેવાંગનાઓ હોય છે.

મેરુ પર્વત નીચેથી લઈને એકસઠ હજાર યોજન સુધી સુવર્ણમયી છે અને અનેક પ્રકારના વર્ણવાળા અનેક પ્રકારના રત્નોથી સુશોભિત છે અને તેની ઉપર માત્ર સ્વર્ણમયી જ છે—સોનાનું જ છે. સોનાનું નામ સાંભળતા જ આંખો ચમકી રહી છે. મેરુ ક્યાં છે? તેને શોધવાના સ્વપ્ના જોઈ રહ્યા છો, બરાબર ને? જિનમંદિરોનું વર્ણન તો ઘણા વીતરાગી થઈને સાંભળી રહ્યા હતા?

અત્યાર સુધી આપણે સુદર્શનમેરુનું વર્ણન જોયું. અન્ય ચાર મેરુ આનાથી ઊંચાઈમાં નાના છે પરંતુ ચારેય સમાન છે. તેમની કુલ ઊંચાઈ ૮૫૦૦૦ યોજન છે, હજાર યોજન તો જમીનની અંદર તેનો પાયો છે અને ૮૪૦૦૦ યોજન જમીનની ઉપર છે. તેમને પણ ભદ્રશાલવન, નંદનવન, તેવા જ ક્રમથી જમીન પર અને પાંચસો યોજન ઉપર છે; પરંતુ નંદનવનથી ૫૫૫૦૦ યોજન ઉપર સૌમનસવન છે, જ્યારે સુમેરુમાં તે ૬૨૫૦૦ યોજન ઉપર હતું. ત્યાંથી પાંડુકવન ૨૮૦૦૦ ઉપર છે, જ્યારે સુમેરુમાં તે ૩૬૦૦૦ યોજન ઉપર હતું. તેમાં પણ પ્રત્યેકમાં સોળ-સોળ અકૃત્રિમ જિનમંદિર છે.

આ રીતે પાંચે મેરુના ૧૬ × ૫ = ૮૦ જિનમંદિર છે. પંચમેરુની પૂજા કરતા સમયે હવે તેની રચનાને યાદ કરીને ભાવપૂર્વક અર્ઘ્ય ચડાવજો. પૂરી જયમાલા અહીં ગાઈને સંભળાવી હતી તે અહીં લખીએ છીએ—

પ્રથમ સુદર્શન સ્વામિ, વિજય અચલ મંદિર કહા।
વિદ્યુન્માલી નામ, પંચમેરુ જગ મેં પ્રગટ॥

પ્રથમ સુદર્શન મેરુ વિરાજૈ, ભદ્રશાલ વન ભૂપર છાજૈ।
ચૈત્યાલય ચારોં સુખકારી, મનવચતન વંદના હમારી॥

ઉપર પંચશતકપર સોહે, નંદનવન દેખત મન મોહે।
ચૈત્યાલય ચારોં સુખકારી, મનવચતન વંદના હમારી॥

સાઢે બાસઠ સહસ ઊંચાઈ, વન સુમનસ સોભે અધિકાઈ।
ચૈત્યાલય ચારોં સુખકારી, મનવચતન વંદના હમારી॥

ઊંચા જોજન સહસ છત્તીસં, પાંડુકવન સોહૈ ગિરિસીસં।
ચૈત્યાલય ચારોં સુખકારી, મનવચતન વંદના હમારી॥

ચારોં મેરુ સમાન બખાનૈ, ભૂપર ભદ્રસાલ ચહુઁ જાનૈ।
ચૈત્યાલય સોલહ સુખકારી, મનવચતન વંદના હમારી॥

ઊંચે પાંચ શતક પર ભાખે, ચારોં નંદનવન અભિલાખે।
ચૈત્યાલય સોલહ સુખકારી, મનવચતન વંદના હમારી॥

સાઢે પચપન સહસ ઉતઙ્ગા, વન સોમનસ ચાર બહુરઙ્ગા।
ચૈત્યાલય સોલહ સુખકારી, મનવચતન વંદના હમારી॥

ઉચ્ચ અઠાઈસ સહસ બતાયે, પાંડુક ચારોં વન શુભ ગાયે।
ચૈત્યાલય સોલહ સુખકારી, મનવચતન વંદના હમારી॥

સુરનર ચારન વંદન આવૈં, સો શોભા હમ કિહ મુખ ગાવૈં।
ચૈત્યાલય અસ્સી સુખકારી, મનવચતન વંદના હમારી॥

(દોહા)

પંચમેરુ કી આરતી, પઢૈ સુનૈ જો કોય।
'દ્યાનત' ફલ જાનૈ પ્રભુ, તુરત મહાસુખ હોય॥

અહીં તો લખ્યું છે કે તુરત મહાસુખ હોય.

આ મેરુ પર્વતોનું, વનોનું, વનવેદીનું, તોરણોનું, વાપી-કૂપ આદિનું ઘણું વર્ણન શાસ્ત્રોમાં આવે છે.

હવે આપણે બીજો વિષય નંદીશ્વર દ્વીપ સંબંધી લઈએ છીએ. તેનું નામ આપણે ઘણીવાર સાંભળીએ છીએ. અષ્ટાન્હિકામાં નંદીશ્વર પૂજન-વિધાન પણ કરીએ છીએ, તેનું હવે વર્ણન જોઈશું.

મધ્યલોકમાં આપણે અસંખ્યાત દ્વીપ અને સમુદ્ર જોયા હતા. જંબૂદ્વીપથી લઈને

આ આઠમા નંબરનો દ્વીપ છે અર્થાત્ સાત દ્વીપ અને સાત સમુદ્ર પછી આ પંદરમા નંબર પર આવે છે. પહેલો ૧ લાખ, બીજો ૨ લાખ, ત્રીજો ૪ લાખ, ચોથો ૮ લાખ, પાંચમો ૧૬ લાખ, છઠ્ઠો ૩૨ લાખ, સાતમો ૬૪ લાખ, આઠમો ૧૨૮ લાખ, નવમો ૨૫૬ લાખ, દસમો ૫૧૨ લાખ, અગિયારમો ૧૦૨૪ લાખ, બારમો ૨૦૪૮ લાખ, તેરમો ૪૦૯૬ લાખ, ચૌદમો ૮૧૯૨ લાખ અને પંદરમો ૧૬૩૮૪ લાખ યોજનનો છે. બીજી ભાષામાં ૧૬૩ કરોડ ૮૪ લાખ યોજન તેનો વિસ્તાર છે, એટલો તે પહોળો છે. આ પ્રમાણ તમે ક્યાંય સાંભળ્યું છે? પૂજામાં આવે છે—

એક સૌ ત્રેસઠ કોડિ જોજન મહા,
લાખ ચૌરાસિયા એક દિશ મેં લહા।
અઠ્ઠમો દ્વીપ નંદીશ્વરં ભાસ્વરં,
ભૌન બાવન્ન પ્રતિમા નમોં સુખકરં॥

ભૌનનો અર્થ ભવન અર્થાત્ જિનમંદિર છે. ત્યાં દ્વીપની ચારે દિશાઓમાં તેર-તેર અકૃત્રિમ જિન ચૈત્યાલય છે. ત્યાં આપણે જઈ શકતા નથી, પરંતુ અહીં બેઠા-બેઠા જાણી શકીએ છીએ—પ્રત્યેક જિનમંદિરમાં સ્થિત ૧૦૮-૧૦૮ જિનપ્રતિમાઓને અહીંથી જ ભાવનમસ્કાર કરી શકીએ છીએ. ત્યાંનો વિસ્તાર આપણે આગળના લેક્ચરમાં જોઈશું.

બોલો, વિદેહક્ષેત્રમાં બિરાજમાન અઢારમા તીર્થંકર શ્રી મહાભદ્ર ભગવાનનો જય હો!

# ૧૯. નંદીશ્વર દ્વીપ

શ્રીમદ્ નેમિચંદ્ર આચાર્ય વિરચિત ત્રિલોકસાર ગ્રંથના આધારે આપણે ત્રણ લોકનું સ્વરૂપ જોઈ રહ્યા છીએ. નંદીશ્વર દ્વીપ કે જે આઠમો દ્વીપ છે અને દ્વીપ-સમુદ્રોમાં તેનો પંદરમો નંબર લાગે છે. આટલી વાર બમણા-બમણા કરતાં-કરતાં આપણે થાકી ગયા. હવે એક નાના કરણસૂત્ર દ્વારા તેના વિસ્તારનું પ્રમાણ કાઢીશું.

એક લાખથી શરૂ થઈને બીજો બે લાખ, ત્રીજો ચાર લાખ, ચોથો આઠ લાખ અર્થાત્ બીજા માટે ૨ ગુણા કર્યા, ત્રીજા માટે ૨ × ૨ કર્યા, ચોથા માટે ૨ × ૨ × ૨ કર્યા, તો પંદરમા માટે બે સંખ્યા ૧૪ વાર લખીને આપસમાં ગુણા કરવી પડશે. કરણાનુયોગની ભાષામાં કહેવું હોય તો ૧૪ જેનો અર્ધચ્છેદ છે તેવી સંખ્યા ૧૬૩૮૪ છે, તે જ આપણું પ્રમાણ છે.

અર્ધચ્છેદ કોને કહે છે? આધુનિક ગણિતમાં તેને 'લૉગ ટૂ' કહે છે. કોઈ સંખ્યાને બેથી જેટલી વાર ભાગ દઈ શકો તેને તેનો અર્ધચ્છેદ કહે છે. જેવી રીતે ૧૬ ને ૨ નો ભાગ દેતાં આઠ આવ્યા, બીજી વાર ૪ આવ્યા, ત્રીજી વાર ૨ આવ્યા, ચોથી વાર ૧ આવ્યો અર્થાત્ ૧૬ને બે સંખ્યાથી ૪ વાર ભાગ દેતાં ૧ આવે છે. બીજી ભાષામાં ૨ × ૨ × ૨ × ૨ = ૧૬ તેથી ૧૬નો અર્ધચ્છેદ ૪ છે. જો આપણે ૧૬નો વર્ગ કરીશું તો રાશિ ૨૫૬ થાય છે અને તે રાશિનો અર્ધચ્છેદ ૪ થી બમણો અર્થાત્ ૮ થાય છે. જો આપણે ૨૫૬નો વર્ગ ૬૫૫૩૬ને જોઈએ તો તેનો અર્ધચ્છેદ ૧૬ આવે છે. આપણને ૧૪ અર્ધચ્છેદ જોઈતા હતા, ૧૬ - ૨ કરવાથી ૧૪ આવે છે, તેથી ૨ જેનો અર્ધચ્છેદ છે એવી ૪ સંખ્યાથી ૬૫૫૩૬ ને ભાગ દઈશું તો ૬૫૫૩૬ ÷ ૪ = ૧૬૩૮૪ આવે છે. આ તો નંદીશ્વર દ્વીપની પહોળાઈ છે—એક દિશામાં વિસ્તાર છે. મધ્યથી તે કેટલું દૂર છે તેનું માપ આ નથી. તેને કાઢવા માટે પણ કરણસૂત્ર છે, પરંતુ તેને ગૌણ કરીને આગળ વધીશું.

હવે પંદર નંબર સુધી ક્યા-ક્યા દ્વીપ-સમુદ્ર છે તે જોઈએ. તે ક્રમથી આ પ્રકારે છે. (૧) જંબૂદ્વીપ, (૨) લવણસમુદ્ર, (૩) ધાતકીખંડ, (૪) કાલોદધિ સમુદ્ર, (૫) પુષ્કરવર દ્વીપ, (૬) પુષ્કરવર સમુદ્ર, (૭) વારુણીવર દ્વીપ, (૮) વારુણીવર સમુદ્ર, (૯) ક્ષીરવર દ્વીપ, (૧૦) ક્ષીરવર સમુદ્ર, (૧૧) ઘૃતવર દ્વીપ, (૧૨) ઘૃતવર સમુદ્ર,

(૧૩) ક્ષૌદ્રવર દ્વીપ, (૧૪) ક્ષૌદ્રવર સમુદ્ર અને (૧૫) નંદીશ્વર દ્વીપ.

વર્ષમાં ત્રણવાર ત્રણેય અષ્ટાન્હિકામાં આપણે નંદીશ્વર દ્વીપના અકૃત્રિમ જિન ચૈત્યાલયોની પૂજા કરીએ છીએ. પૂજામાં આવે છે કે 'કાર્તિક ફાગુન સાઢ કે અંત આઠ દિન માંહિ.' આનો અર્થ છે કે કાર્તિક, ફાગણ અને અષાઢના શુક્લ પક્ષમાં અષ્ટમીથી પૂર્ણિમા સુધીના આઠ દિવસ. તેને જ મહિનાના અંતના દિવસો કહ્યા છે.

અહીં હું મરાઠી અને ગુજરાતી ભાષીઓના મોઢા પર પ્રશ્નાર્થ ચિહ્ન જોઈ રહી છું. તેઓ તો કહે છે કે અમાસે મહિનાનો અંત થાય છે. જરા સાંભળજો, હિન્દીભાષી લોકો પૂર્ણિમા અર્થાત્ પૂનમે મહિનાનો અંત માને છે. તેમનો નવો મહિનો કૃષ્ણપક્ષથી શરૂ થાય છે. મરાઠી અને ગુજરાતી ભાષીઓ અમાસને મહિનાની સમાપ્તિ માને છે એમનો નવો મહિનો શુક્લપક્ષથી શરૂ થાય છે. દર મહિનાના શુક્લપક્ષ (સુદ) હિન્દી અને ગુજરાતીના કેલેંડરમાં એક સરખો જ હોય છે, જેવી રીતે ચૈત્ર સુદ ૧ થી ચૈત્ર સુદ ૧૫ સુધી, પરંતુ જ્યારે ગુજરાતી કેલેંડરમાં ચૈત્ર કૃષ્ણ (વદ) ૧ થી ચૈત્ર કૃષ્ણ ૧૫ (અમાસ) લખીએ છીએ ત્યાં હિન્દી કેલેંડરમાં વૈશાખ કૃષ્ણ ૧ થી વૈશાખ કૃષ્ણ ૧૫ લખેલું રહે છે. ત્યારબાદ વૈશાખ શુક્લ ૧ થી ૧૫ બંને માટે સમાન છે. જ્યારે ગુજરાતી-મરાઠી વૈશાખ કૃષ્ણ કહેશે ત્યાં હિન્દી જ્યેષ્ઠ કૃષ્ણ કહેશે. દિવાળીમાં મહાવીર નિર્વાણોત્સવ માટે હિન્દીભાષી કાર્તિક કૃષ્ણ અમાસ કહે છે અને ગુજરાતી-મરાઠીભાષી આસો વદ અમાસ કહે છે. આપણી ઘણી બધી પૂજાઓ હિન્દી કવિઓએ લખી છે. જ્યારે આપણે તીર્થંકરોના કલ્યાણકોના અર્ઘ્ય ચડાવીએ છીએ અથવા હિન્દી કેલેંડર જોઈએ છીએ તો આ અંતર ખ્યાલમાં આવે છે.

શ્રોતા :— અમને અત્યાર સુધી ખબર ન હતી.

આ અષ્ટાન્હિકા પર્વોમાં સૌધર્મ આદિ બાર કલ્પોના ઈન્દ્ર, અન્ય કલ્પવાસી દેવ, જ્યોતિષી, વ્યંતર, ભવનવાસી દેવ નંદીશ્વર દ્વીપ જાય છે. તે બધા પોતપોતાના વાહન પર સવાર થઈ જાય છે. તેમની વાત પછી કરીશું, તે પહેલાં પર્વતો ઉપર બિરાજમાન આ બાવન જિન ચૈત્યાલય ક્યાં છે તે જોઈએ.

નંદીશ્વર દ્વીપની પૂર્વ, દક્ષિણ, પશ્ચિમ અને ઉત્તર દિશામાં તેર-તેર પર્વત છે અને તેના ઉપર જિનમંદિર સ્થિત છે. તેના માટે ચાર્ટ નં. ૧૧ જુઓ.

ચાર્ટમાં મોટા પીળા રંગનો નંદીશ્વર દ્વીપ છે, તેની અંદર સાત દ્વીપ અને સાત સમુદ્ર છે. ત્યાં ૧૬૩૮૪00000 યોજન તેની પહોળાઈ છે. પ્રત્યેક દિશામાં જે આ રચનાઓ છે તે તો એરિયલ વ્હ્યૂ છે—ઉપરથી કેવી રીતે દેખાશે તે દેખાડ્યું છે. તેમાં મધ્યમાં વચ્ચોવચ્ચ કાળા રંગનું ગોળ છે તે અંજનગિરિ પર્વત છે. આ પર્વતોના આકાર બાજુના ચિત્રમાં દેખાડ્યા છે. ચારે દિશામાં ચાર અંજનગિરી છે, તે ચોરાસી હજાર યોજન ઊંચા છે તથા તેનો વ્યાસ પણ ચોરાસી હજાર યોજનનો છે. જમીનની અંદર એક હજાર યોજન તેનો પાયો છે. તે પર્વત ઢોલ અથવા સિલિન્ડર—ડ્રમની જેવો ગોળાકાર છે અર્થાત્ નીચે, મધ્યમાં અને ઉપર સમાન પહોળાઈવાળો હોય છે. તેની ઉપર શિખર જેવી રચના નથી. અંજન સમાન કાળો વર્ણ હોવાથી તેનું નામ અંજનગિરી છે. પ્રત્યેક અંજનગિરી પર એક-એક અકૃત્રિમ ચૈત્યાલય છે.

અંજનગિરીની ચારે તરફ પચાસ-પચાસ હજાર યોજનનું અંતર છોડીને વન છે કે જેની પહોળાઈ પચાસ-પચાસ હજાર યોજનની છે અને લંબાઈ એક-એક લાખ યોજનની છે. તે વનોના બહારની તરફ અર્થાત્ અંજનગિરીથી એક લાખ યોજન દૂર ચાર દિશામાં ચાર સરોવર છે કે જે ચોરસ છે, એક-એક લાખ યોજન વિસ્તારવાળા છે. આ સરોવરોને વાપી અથવા વાપિકા કહે છે. નિર્મળ જળથી ભરેલી આ વાપિકાઓની મધ્યમાં એક-એક દધિમુખ પર્વત છે. દધિમુખ પર્વત પણ ગોળાકાર છે કે જે દસ હજાર યોજન ઊંચો છે અને દસ હજાર યોજન પહોળો છે, તેનો પાયો પણ એક હજાર યોજનનો છે. દધિમુખ પર્વત શ્વેત વર્ણના છે. તે પ્રત્યેકની ઉપર પણ અકૃત્રિમ ચૈત્યાલય છે.

પ્રત્યેક વાપિકા એક લાખ યોજન લાંબી અને પહોળી છે અને તેની ચારે દિશાઓમાં એક-એક એમ કુલ ચાર વન છે. તેની લંબાઈ વાપિકા સમાન એક લાખ યોજનની છે અને પહોળાઈ પચાસ હજાર યોજનની છે. ચિત્રમાં વાપિકા બ્લ્યૂ રંગમાં અને વન લીલા રંગમાં દેખાડ્યું છે. આ વનોના નામ ચાર્ટમાં જોવા—પૂર્વમાં અશોકવન, દક્ષિણમાં સપ્તપર્ણવન, પશ્ચિમમાં ચંપકવન અને ઉત્તરમાં આમ્રવન છે.

હવે તમારે ચાર્ટમાં નંદીશ્વર દ્વીપની પૂર્વ દિશાની રચના જોવાની છે. મધ્યમાં એક અંજનગિરી, તેની ચારે તરફ ચાર વાપિકા કે જેની મધ્યમાં ચાર દધિમુખ છે. હવે અંજનગિરીની પૂર્વમાં જે વાપી અને દધિમુખ છે તેની ઈશાન દિશામાં એક અને અગ્નિ દિશામાં એક રતિકર પર્વત છે. ચાર્ટમાં તો તમને એક લાલ ટપકું દેખાઈ રહ્યું

છે. અંજનગિરીની દક્ષિણમાં જે વાપિકા અને જે દધિમુખ છે તેની અગ્નિકોણમાં એક અને નૈઋત્યમાં એક રતિકર પર્વત છે. અંજનગિરીની પશ્ચિમમાં જે વાપિકા અને દધિમુખ છે તેની નૈઋત્યમાં એક અને વાયવ્યમાં એક રતિકર પર્વત છે. અંજનગિરીની ઉત્તરમાં જે વાપિકા અને દધિમુખ પર્વત છે તેના વાયવ્યમાં એક અને ઈશાનમાં એક રતિકર પર્વત છે.

આ રીતે પ્રત્યેક દધિમુખની બહાર વિદિશાઓમાં બે-બે રતિકર છે. આ રીતે એક અંજનગિરી સંબંધી ચાર દધિમુખ અને આઠ રતિકર બધા મળીને તેર પર્વત થાય છે.

રતિકર પર્વત લાલ વર્ણનો છે. તે પણ ગોળાકાર છે, ૧૦૦૦ યોજન ઊંચો અને ૧૦૦૦ યોજન પહોળો છે અને તેનો પાયો ૨૫૦ યોજન છે. કોઈ આચાર્યનું કહેવું છે કે ચારેય વિદિશાઓમાં ચાર રતિકર છે, પરંતુ બેની ઉપર જ ચૈત્યાલય છે. આપણે તો ફક્ત જ્યાં અકૃત્રિમ ચૈત્યાલય છે તે જ પર્વતોની ચર્ચા કરી રહ્યા છીએ. તેથી નંદીશ્વર દ્વીપની પૂર્વ આદિ ચાર દિશાઓમાં પ્રત્યેક દિશામાં તેર પર્વત અને તેના ઉપર તેર અકૃત્રિમ જિન ચૈત્યાલય છે. બધા મળીને બાવન જિન ચૈત્યાલય છે.

આપણે અર્ઘ્ય ચડાવીએ છીએ ત્યારે બોલીએ છીએ ને કે 'ૐ હ્રીં શ્રી નંદીશ્વર દ્વીપે પૂર્વપશ્ચિમદક્ષિણોત્તરે દ્વિપંચાશત જિનાલયસ્થ જિનપ્રતિમાભ્યો અર્ઘ્યમ્ નિર્વપામીતિ સ્વાહા'. અત્યાર સુધી તો આપણે ફક્ત બાવન જિનાલય જોયા છે. એક-એક જિનાલયમાં ૧૦૮-૧૦૮ જિનપ્રતિમાઓ હોય છે. કુલ પ્રતિમાઓ ૫૨ × ૧૦૮ = ૫૬૧૬ છે. આ બધી રત્નમયી પ્રતિમાઓ છે—રત્નજડિત નહીં—અકૃત્રિમ છે—કોઈએ બનાવી નથી—શાશ્વત છે અને આપણે બધા જીવો પણ શાશ્વત છીએ—અકૃત્રિમ છીએ, તેની તો મહિમા જ નથી આવતી, બરાબર ને!

અષ્ટાન્હિકા પર્વમાં કલ્પવાસી, વ્યંતર, જ્યોતિષી, ભવનવાસી ઈન્દ્ર તથા અન્ય દેવ તેમના પરિવાર સહિત આવે છે. કલ્પવાસીઓના સૌધર્મ આદિ બાર ઈન્દ્ર પોતપોતાના વાહનો ઉપર આવે છે. તેમના રહેવાના સ્થાનોને પણ વિમાન કહે છે. અહીં તેમના વાહન ક્રમથી આ પ્રકારે છે—હાથી, ઘોડા, સિંહ, સારસ પક્ષી, કોયલ, હંસ, ચકલા, ગરુડ, માછલી, મોર, કમળ અને પુષ્પક વિમાન. અહીં કોઈ તિર્યંચ વાહન નથી, વાહન જાતિના દેવ જ વિક્રિયાથી તેનું રૂપ બનાવે છે. આ વાહનોને પણ વિમાન કહે છે. તેના ઉપર સવાર થઈને સૌધર્મ આદિ દેવ પોતાના પરિવાર સહિત કલ્પવૃક્ષોથી પ્રાપ્ત દિવ્ય ફળ-ફૂલ આદિ પૂજન દ્રવ્ય હાથમાં લઈને આવે છે. આ બધા ઈન્દ્ર આદિ દેવ

પ્રશસ્ત આભરણ પહેરીને આવે છે; ચામર, સેના આદિ સહિત હોય છે, ધ્વજ તથા વાજિંત્રોના શબ્દોથી સહિત હોય છે. ત્યાં આઠ દિવસ સુધી ઐન્દ્રધ્વજ અર્થાત્ ઈન્દ્રધ્વજ પૂજન કરે છે. ત્યાં દિવસ-રાતનો ભેદ નથી. તિર્યંચોની જઘન્ય ભોગભૂમિ હોવાથી ત્યાં પણ કલ્પવૃક્ષોથી જ પ્રકાશ થાય છે. આપણા એક દિવસ-રાતમાં આઠ પ્રહર હોય છે. તે બધા દેવો આઠ દિવસ સુધી અષ્ટમીથી પૂર્ણિમા સુધી નિરંતર પૂજન કરે છે.એક-એક દિશામાં બે પ્રહર સુધી પૂજા કરીને પછી અન્ય દિશામાં જઈને પૂજા કરે છે. પૂર્વવાળા દક્ષિણમાં જાય છે, દક્ષિણવાળા પશ્ચિમમાં, પશ્ચિમવાળા ઉત્તરમાં અને ઉત્તરવાળા પૂર્વમાં જાય છે. પછી બે પ્રહર પછી આગળની દિશામાં જાય છે. આ રીતે પ્રદક્ષિણારૂપ મહોત્સવયુક્ત જિનપૂજન કરે છે. પ્રારંભમાં પૂર્વ દિશામાં કલ્પવાસી, દક્ષિણ દિશામાં ભવનવાસી, પશ્ચિમમાં વ્યંતર અને ઉત્તરમાં જ્યોતિષી દેવ હોય છે. તેમના ઈન્દ્ર ક્રમથી સૌધર્મ-ઈશાન આદિ, ચમરેન્દ્ર-વૈરોચન આદિ, કિમ્પુરુષ આદિ તથા ચંદ્ર આદિ છે. પ્રદક્ષિણા દઈને લગાતાર આઠ દિવસ સુધી રોજના ચોવીસ કલાક પૂજન ચાલે છે. ત્યાં દિવસ-રાતનો ભેદ હોતો નથી, પરંતુ આપણે અહીં રાતમાં પૂજનનો નિષેધ છે. રાતમાં સ્વાધ્યાય, ધ્યાન, ચિંતન કરી શકીએ છીએ.

પ્રશ્ન :— આપણે ફળ-ફૂલ નહીં ચડાવવાના અને ઈન્દ્ર ચડાવે તો ચાલે?

ઉત્તર :— ઈન્દ્ર જે ફળ-ફૂલ લાવે છે તે કલ્પવૃક્ષોથી પ્રાપ્ત દિવ્ય ફળ-ફૂલ હોય છે, રત્નમયી હોય છે, અચિત્ત હોય છે, સચિત્ત નહીં. આપણે જે દ્રવ્ય ચડાવીએ છીએ તે પ્રાસુક, યોગ્ય અને હિંસા રહિત હોવું જોઈએ. કેટલીક ખોટી રૂઢીઓ ચાલી રહી છે, પરંતુ આપણે સાચા-ખોટાનો નિર્ણય કરીને સાચી વાતો અંગીકાર કરી શકીએ છીએ.

પર્વતો ઉપર જે જિનાલય છે તેને ત્રણ મણિમય કોટ છે કે જે ચાર-ચાર દ્વારથી યુક્ત છે. તે દ્વારોમાંથી થઈને અંદર જવાનો જે માર્ગ છે—ગલી છે તેને વીથી કહે છે. એક-એક વીથીમાં એક-એક માનસ્તંભ અને નવ-નવ સ્તૂપ છે. ત્રીજા અને બીજા કોટના અંતરાળમાં વન છે, બીજા અને પહેલા કોટના અંતરાલમાં ધ્વજાઓ જોવા મળે છે અને ત્રીજા કોટની અંદર ચૈત્યભૂમિ છે કે જેની મધ્યમાં ચૈત્યાલય છે.

આ બધા અકૃત્રિમ ચૈત્યાલયોનું સ્વરૂપ આપણે પછી જોઈશું. આ બધા જ પર્વત, જિનાલય અથવા અન્ય જેટલી પણ રચનાઓ છે ત્યાં અલગ-અલગ જાતિના વ્યંતરોના નિવાસ છે. હવે આપણે નંદીશ્વર જિનાલયની પૂજાની જયમાલા જોઈએ.

અહીં ચારે દિશાઓના ચાર અંજનગિરી, પ્રત્યેક દિશાના ચાર-ચાર એમ કુલ સોળ દધિમુખ અને પ્રત્યેક દિશાના આઠ-આઠ રતિકર એમ બત્રીસ રતિકર બધા મળીને બાવન જિનમંદિરોનું વર્ણન અત્યંત ભાવપૂર્વ ભાષામાં કર્યું છે.

**જયમાલા**

(દોહા)

કાર્તિક ફાગુન સાઢકે, અંત આઠ દિન માંહિં।
નંદીશ્વર સુર જાત હૈં, હમ પૂજેં ઈહ ઠાહિં ॥૧॥

એક-સૌ ત્રેસઠ કોડિ જોજન મહા।
લાખ ચૌરાસિયા એક દિશ મેં લહા ॥
અટ્ઠમો દ્વીપ નંદીશ્વરં ભાસ્વરં।
ભૌન બાવન્ન પ્રતિમા નમોં સુખકરં ॥ ટેક૦॥૨॥

ચાર દિશિ ચાર અંજનગિરિ રાજહીં।
સહસ ચૌરાસિયા એક દિશ છાજહી ॥
ઢોલસમ ગોલ ઊપર તલે સુંદરં ॥ ભૌન૦ ॥૩॥

એક ઈક ચાર દિશિ ચાર શુભ બાવરી।
એક એક લાખ જોજન અમલ જલભરી ॥
ચહુંદિશિ ચાર વન લાખ જોજન વરં ॥ ભૌન૦ ॥૪॥

સોલ વાપીન મધિ સોલ ગિરિ દધિમુખં।
સહસ દશ મહા જોજન લખત હી સુખં ॥
બાવરીકોન દો માહિં દો રતિકરં ॥ ભૌન૦ ॥૫॥

શૈલ બત્તીસ ઈક સહસ જોજન કહે।
ચાર સોલૈ મિલૈં સર્વ બાવન લહે ॥
એક ઈક સીસ પર એક જિન મંદિરં ॥ ભૌન૦ ॥૬॥

બિંબ અઠ એકસૌ રતનમયી સોહ હી।
દેવદેવી સરવ નયનમનમોહહી ॥
પાંચસૈ ધનુષ તન પદ્મ આસન પરં ॥ ભૌન૦ ॥૭॥

લાલ નખ મુખ નયન સ્યામ અરુ શ્વેત હૈં।
स्यामरंग ભોંહ સિરકેશ છવિ દેત હૈં॥
વચન બોલત મનોં હઁસત કાલુષ હરં॥ ભૌન૦॥૮॥

કોટિ શશિ-ભાનદ્દુતિ તેજ છિપ જાત હૈં।
મહા વૈરાગ પરિણામ ઠહરાત હૈ॥
બયન નહિં કહૈં લખિ હોત સમ્યક્ ધરં॥ ભૌન૦॥૯॥

(સોરઠા) નંદીશ્વર જિનધામ, પ્રતિમા મહિમા કો કહૈ।
'દ્યાનત' લીનો નામ, યહી ભગતિ શિવસુખ કરૈં॥

જુઓ અંતમાં શું લખે છે કે કરોડો ભાનુ અર્થાત્ સૂર્ય અને શશિ અર્થાત્ ચંદ્રની પ્રભા પણ ફીકી પડી જાય એવું એ જિનપ્રતિમાઓનું તેજ છે—દ્યુતિ છે, જે મહાવૈરાગ્યનું કારણ છે. જિનેન્દ્ર ભગવાનની શાંતમુદ્રા જોતાં જ આપણા કલુષિત પરિણામ દૂર થઈ જાય છે. ભગવાનની પ્રતિમા જોઈને આપણે ભગવાનના સ્વરૂપનો વિચાર કરીએ છીએ તો આપણને આપણા સ્વભાવની ઓળખ થાય છે. ભગવાનની અંતરોન્મુખ મુદ્રા તો આપણને મૌન ઉપદેશ આપે છે. ભગવાને કહેલો માર્ગ-ઉપદેશ તો આપણને જિનાગમ દ્વારા પ્રાપ્ત થાય છે, તેને વાંચીને ભગવાન પ્રત્યે અત્યંત ભક્તિભાવ સહજ આવે જ છે.

લોકો તો ભક્તિ-પૂજા કરીને ભગવાનને સંભળાવે છે, ભગવાનની કોણ સાંભળે છે? કોને નવરાશ છે? તમને ખબર છે? દ્વીન્દ્રિય, ત્રીન્દ્રિય, ચતુરિન્દ્રિય જીવોને વચન હોય છે, તે બોલે છે પરંતુ તેમને કર્ણેન્દ્રિય ન હોવાથી સાંભળતા નથી. આપણે પણ ભગવાનની સામે જઈને સ્તુતિ આદિ બોલીયે છીએ અને ભગવાનનો કહેલો ઉપદેશ સાંભળતા નથી તો આપણી પણ દશા વિકલેન્દ્રિય જેવી જ થઈ ને!

હવે આપણે નંદીશ્વર દ્વીપના બાવન જિનાલયોમાં બિરાજમાન ૫૬૧૬ જિનપ્રતિમાઓને અહીંથી ભાવપૂર્વક નમસ્કાર કરીને વિરામ લઈએ છીએ.

બોલો, વિદેહક્ષેત્રમાં બિરાજમાન ઓગણીસમા તીર્થંકર શ્રી દેવયશ ભગવાનનો જય હો.

# ૨૦. અકૃત્રિમ જિનચૈત્યાલય-વર્ણન

શ્રીમદ્ નેમિચંદ્ર આચાર્ય વિરચિત ત્રિલોકસાર ગ્રંથના આધારે આપણે ત્રણ લોકનું સ્વરૂપ જોઈ રહ્યા છીએ. ગ્રંથના પ્રારંભમાં બીજી ગાથામાં ત્રણ લોકના અકૃત્રિમ જિન ચૈત્યાલયોને નમસ્કાર કરીને ગ્રંથની રચનાનો પ્રારંભ કર્યો છે.

તે ગાથા આ પ્રકારે છે—

**ભવણવ્વિંતરજોઇસ વિમાણણરતિરિયલોય જિણભવણે ।**
**સવ્વામરિંદણરવઇ સંપૂજિય વંદિએ વંદે ॥૨॥**

આપણે પણ અત્યારસુધી અકૃત્રિમ ચૈત્યાલય ક્યાં-ક્યાં હોય છે તે જોયું હતું. જ્યોતિષીઓના અસંખ્યાત જ્યોતિષ્ક વિમાનોમાં પ્રત્યેકમાં એક-એક એવા અસંખ્યાત જિનાલય છે, વ્યંતરોના પણ ભવનોમાં અને આવાસોમાં અસંખ્યાત જિનાલય છે. ત્રણ લોકના અન્ય સંખ્યાત જિનાલયોમાંથી અધોલોકમાં ભવનવાસીઓના સાત કરોડ બોતેર લાખ ભવનોમાં એટલા જ જિનાલય છે, ઊર્ધ્વલોકમાં વૈમાનિકોના કુલ વિમાન ચોરાસી લાખ સત્તાણુ હજાર ત્રેવીસ છે અને તેટલા જ ત્યાં જિનાલય છે અને મધ્યલોકમાં ચારસો અટ્ઠાવન જિનાલયો છે.

મધ્યલોકના જિનાલયો તો ફરી જોશું. તેની પહેલાં આપણે ત્રણ પર્વતોની વાત કરીશું—માનુષોત્તર પર્વત, કુંડલગિરી અને રુચકગિરી. પુષ્કરવર દ્વીપની મધ્યમાં અઢી દ્વીપને ઘેરીને વલયાકાર માનુષોત્તર પર્વત છે. મનુષ્યક્ષેત્ર અર્થાત્ અંદરની તરફ તે દિવાલ સમાન સીધો ઊંચો છે, તેની ઊંચાઈ ૧૭૨૧ યોજન છે. તેનો પાયો ઊંચાઈના ચોથા ભાગ પ્રમાણ અર્થાત્ ૪૩૦ $\frac{૧}{૪}$ યોજન છે. બહારમાં તિર્યક્‌લોકની તરફ તે મૂળથી શિખર સુધી ક્રમથી ઘટે છે. નીચે પહોળાઈ ૧૦૨૨ યોજન અને શિખર ઉપર પહોળાઈ ૪૨૪ યોજન છે. સુવર્ણ સમાન તેનો વર્ણ છે. આ પર્વતમાં ૧૪ ગુફારૂપ દ્વાર છે કે જેમાંથી ૧૪ મહાનદિઓ નીકળીને બહાર જાય છે. આ પર્વતના શિખર ઉપર પર્વત જેવી જ વલયાકાર વેદી છે કે જે ૪૦૦૦ ધનુષ ઊંચી અને સવા કોસ પહોળી છે.

આ પર્વતની પરિધિમાં નૈઋત્ય અને વાયવ્ય દિશા છોડીને શેષ છ દિશાઓમાં પંક્તિરૂપ ત્રણ-ત્રણ કૂટ છે. તે કૂટોની અભ્યંતર મધ્યલોક તરફ ચાર દિશાઓમાં પ્રત્યેકમાં એક એવા ચાર અકૃત્રિમ જિનાલય છે. અગ્નિ અને ઈશાન દિશાસંબંધી છ કૂટમાં ગરુડકુમાર દેવ રહે છે. અન્ય દિશાઓની બાર કૂટોમાં સુપર્ણકુમારદેવ અને દિક્કુમારી દેવાંગનાઓ રહે છે.

કુંડલગિરી નામનો પર્વત અગિયારમા કુંડલવર દ્વીપમાં છે. તે પણ વલયાકાર છે અને કુંડલવર દ્વીપની મધ્યમાં સ્થિત છે. તેની પહોળાઈ માનુષોત્તર પર્વતથી દસ ગુણી છે. નીચે પહોળાઈ ૧૦૨૨૦ યોજન અને શિખર ઉપર પહોળાઈ ૪૨૪૦ યોજન છે. તેની ઊંચાઈ ૭૫૦૦૦ યોજન છે. આ પર્વત સુવર્ણમયી છે. આ કુંડલ પર્વતની પરિધિમાં એક-એક દિશામાં ચાર-ચાર કૂટ પંક્તિરૂપ એમ સોળ છે. તેની અભ્યંતર મનુષ્યલોકની તરફ ચાર દિશાઓમાં પ્રાપ્ત ચાર જિનેન્દ્રકૂટ અર્થાત્ સિદ્ધકૂટ છે, તેમાં અકૃત્રિમ ચૈત્યાલય છે.

તેરમા રુચકવર દ્વીપમાં વલયાકાર રુચકગિરી નામક પર્વત છે. તેની પરિધિમાં પૂર્વ આદિ પ્રત્યેક દિશામાં પંક્તિરૂપ આઠ-આઠ કૂટ છે. તેની અભ્યંતર ચાર દિશાઓમાં ચાર કૂટ છે, ફરી તેની અભ્યંતર ચાર દિશાઓમાં ચાર કૂટ અને તેની પણ અભ્યંતર ચાર દિશાઓમાં ચાર કૂટ છે. સૌથી અભ્યંતર ચાર કૂટ જિનેન્દ્ર કૂટ છે કે જે અકૃત્રિમ ચૈત્યાલય યુક્ત છે.

પૂર્વાદિ ચારે દિશાઓમાં જે આઠ-આઠ કૂટ છે ત્યાં પ્રત્યેક દિશામાં આઠ-આઠ દિક્કુમારી દેવાંગનાઓ રહે છે કે જે ક્રમથી ઝારી, દર્પણ, ત્રણ છત્ર અને ચામરને ધારીને તીર્થંકરના ઉત્પત્તિકાળમાં માતાની સેવા કરે છે.

તેની અભ્યંતર ચાર કૂટમાં ચાર દેવીઓ રહે છે કે જે તીર્થંકરના જન્મકાળમાં દિશાઓને પ્રસન્ન રાખે છે—નિર્મળ કરે છે. તેની અભ્યંતર ચાર કૂટમાં ચાર દેવીઓ રહે છે કે જે તીર્થંકરના જન્મ સમયે જાતકર્મ અર્થાત્ પ્રસૂતિ કરાવવામાં કુશળ હોય છે.

હવે આપણે મધ્યલોકના અકૃત્રિમ ચૈત્યાલયોને જોઈશું. મનુષ્યલોકમાં અઢી દ્વીપોમાં પાંચ મેરુ પર્વત છે, તે પ્રત્યેક ઉપર ભદ્રશાલવનના ચાર, નંદનવનના ચાર,

સૌમનસવનના ચાર અને પાંડુકવનના ચાર એમ કુલ સોળ જિનાલય છે.

પ્રત્યેક મેરુ સંબંધી છ કુલાચલ પર્વત છે, તે પ્રત્યેક પર એક-એક જિનાલય છે. કુલાચલ યાદ છે ને? તેના કારણે દ્વીપના સાત-સાત ક્ષેત્ર થાય છે.

પ્રત્યેક મેરુ સંબંધી વિદેહક્ષેત્રોમાં આપણે વક્ષાર પર્વત જોયા હતા. તે ચાર વક્ષારો અને ત્રણ વિભંગા નદિઓના કારણે પૂર્વ વિદેહના ઉત્તર અને દક્ષિણમાં તથા પશ્ચિમ વિદેહના ઉત્તર અને દક્ષિણમાં આઠ-આઠ ક્ષેત્ર વિભાજિત થયા છે. આ રીતે એક-એક મેરુ સંબંધી સોળ વક્ષાર પર્વત છે, તે પ્રત્યેક પર એક-એક જિનાલય છે.

પ્રત્યેક વિદેહક્ષેત્રમાં તથા પ્રત્યેક ભરત-ઐરાવતમાં આપણે એક-એક વિજયાર્ધ પર્વત જોયો હતો. આ પર્વત અને બે નદિઓના કારણે પ્રત્યેક ક્ષેત્રના છ-છ ખંડ થાય છે. આ રીતે વિદેહના બત્રીસ, ભરતનો એક અને ઐરાવતનો એક એમ એક-એક મેરુ સંબંધી ચોત્રીસ વિજયાર્ધ છે, પ્રત્યેક પર એક-એક જિનાલય છે.

જંબૂદ્વીપમાં આપણે એક જંબૂવૃક્ષ અને એક શાલ્મલી વૃક્ષ જોયું હતું. પ્રત્યેક મેરુ સંબંધી બે-બે વૃક્ષ છે, તે પ્રત્યેક પર એક-એક જિનાલય છે. પ્રત્યેક મેરુની ચાર વિદિશાઓમાં ચાર ગજદંત છે, તે પ્રત્યેકના એક કૂટ પર જિનાલય છે. આ રીતે પ્રત્યેક મેરુના ચાર ગજદંતો પર ચાર જિનાલય છે.

ધાતકીખંડમાં ઉત્તર તથા દક્ષિણમાં બે ઈષ્વાકાર પર્વત છે. પુષ્કરાર્ધમાં પણ તેવા જ બે ઈષ્વાકાર છે. આ ચાર ઈષ્વાકારો પર પ્રત્યેક પર એક એવા ચાર જિનાલય છે.

માનુષોત્તર પર્વત પર ચાર જિનાલય છે, નંદીશ્વર દ્વીપના બાવન જિનાલય છે, કુંડલગિરી પર ચાર અને રુચકગિરી પર ચાર જિનાલય છે. આમ મધ્યલોકના કુલ ૪૫૮ જિનાલય છે.

તેને નીચે પ્રકારે ફરી જોઈએ—

એક મેરુ સંબંધી—મેરુના ૧૬, ગજદંતના ૪, કુલાચલના ૬, વિજયાર્ધના ૩૪, વક્ષારના ૧૬, વૃક્ષોના ૨—આ રીતે કુલ ૭૮ થયા. તેથી પાંચ મેરુ સંબંધી ૭૮ × ૫ = ૩૯૦ થયા.

ઈષ્વાકાર ૪, માનુષોત્તર ૪, નંદીશ્વર ૫૨, કુંડલવર ૪, રુચકવર ૪ આમ કુલ

૬૮ થયા. ૩૯૦ + ૬૮ = ૪૫૮ મધ્યલોકના અકૃત્રિમ ચૈત્યાલય છે.

હવે આ અકૃત્રિમ ચૈત્યાલયોનું સ્વરૂપ જોઈએ. તેમના ઉત્કૃષ્ટ, મધ્યમ અને જઘન્ય એવા ત્રણ પ્રકારના આકાર હોય છે.

ઉત્કૃષ્ટ જિનાલય ૧૦૦ યોજન લાંબા, ૫૦ યોજન પહોળા અને ૭૫ યોજન ઊંચા હોય છે. જમીનની અંદર પાયો અડધા યોજનનો હોય છે. તેના પૂર્વ દિશાના દ્વારોની ઊંચાઈ ૧૬ યોજન અને પહોળાઈ ૮ યોજન હોય છે. બંને પાર્શ્વભાગોમાં જે દરવાજા છે તે આઠ યોજન ઊંચા અને ચાર યોજન પહોળા હોય છે. પાછળ તરફ કોઈ દરવાજા નથી.

મધ્યમ જિનાલય તેનાથી અડધા અને જઘન્ય જિનાલય તેનાથી પણ અડધા હોય છે.

તેને નીચે પ્રકારે જોઈ શકાય છે :

| | ઉત્કૃષ્ટ જિનાલય | મધ્યમ જિનાલય | જઘન્ય જિનાલય |
|---|---|---|---|
| લંબાઈ | ૧૦૦ યોજન | ૫૦ યોજન | ૨૫ યોજન |
| પહોળાઈ | ૫૦ યોજન | ૨૫ યોજન | ૧૨ $\frac{૧}{૨}$ યોજન |
| ઊંચાઈ | ૭૫ યોજન | ૩૭ $\frac{૧}{૨}$ યોજન | ૧૮ $\frac{૩}{૪}$ યોજન |
| મુખ્ય દ્વાર – ઊંચાઈ | ૧૬ યોજન | ૮ યોજન | ૪ યોજન |
| પહોળાઈ | ૮ યોજન | ૪ યોજન | ૨ યોજન |
| નાના દ્વાર – ઊંચાઈ | ૮ યોજન | ૪ યોજન | ૨ યોજન |
| પહોળાઈ | ૪ યોજન | ૨ યોજન | ૧ યોજન |

આ ઉત્કૃષ્ટ, મધ્યમ, જઘન્ય જિનાલય ક્યાં છે તે જોઈએ—

ઉત્કૃષ્ટ જિનાલય—ભદ્રશાલવન, નંદનવન, નંદીશ્વર દ્વીપ અને વૈમાનિક દેવોના વિમાનોમાં સ્થિત જિનાલય ઉત્કૃષ્ટ આકારના અર્થાત્ ૧૦૦ યોજનના છે.

મધ્યમ જિનાલય—સૌમનસવન, રુચકવર દ્વીપ, કુંડલવર દ્વીપ, વક્ષાર પર્વત, ઈષ્વાકાર પર્વત, માનુષોત્તર પર્વત અને કુલાચલો પર સ્થિત જિનાલયો મધ્યમ આકારના અર્થાત્ ૫૦ યોજનના છે.

જઘન્ય જિનાલય—પાંડુકવનમાં છે કે જે ૨૫ યોજનના છે.

આ ઉપરોક્ત ત્રણ પ્રકારના જિનાલયોથી ભિન્ન આકારવાળા જિનાલય વિજયાર્ધ પર્વત, જંબૂ-શાલ્મલી વૃક્ષો પર સ્થિત છે, તે એક કોસ વિસ્તારવાળા છે.

ભવનવાસી અને વ્યંતરોના ભવનોમાં સ્થિત જિનાલયોના આકારનું વિશેષ વર્ણન શાસ્ત્રોમાં નથી. તેથી અમે એટલું જ કહી શકીએ છીએ કે જેવા જિનેન્દ્ર ભગવાને જોયા છે તે જ આકારના છે.

આ બધા જિનાલય પૂર્વાભિમુખ હોય છે. આ જિનાલયોને જિનેન્દ્ર પ્રાસાદ પણ કહે છે. તે શંખ, ચંદ્રમા, કુંદપુષ્પ સમાન ધવલ હોય છે અને મણિઓના કિરણોથી અંધકારને નષ્ટ કરે છે. ત્રિભુવનતિલકનામથી તે ઓળખાય છે. આ જિનાલયોના દ્વારોના પ્રમાણવાળા કપાટયુગલ વજ્રમયી છે અને મરકત, કર્કેતન આદિ રત્નોથી યુક્ત છે. જિનાલયમાં પાંચ વર્ણોના રત્નોથી રચાયેલા સ્તંભ છે. નિર્મળ અને ઉત્તમ સ્ફટિક રત્નોથી રચવામાં આવેલી ભિત્તિઓ અનેક પ્રકારથી વિસ્મયજનક ચિત્રોથી યુક્ત છે.

સ્તંભની મધ્યભૂમિ પાંચે વર્ણોના રત્નોથી નિર્મિત, શરીર, મન, નેત્રોને આલ્હાદદાયક, નિર્મળ અને ધૂળરહિત છે. તે પ્રાસાદ મોતીઓની માળાઓથી, ચામરોથી યુક્ત છે, ઉત્તમ રત્નોથી વિભૂષિત છે.

જિનમંદિરમાં ૧૦૮ ગર્ભગૃહ છે. જિનમંદિરની મધ્યમાં રત્નોના સ્તંભોથી યુક્ત બે યોજન પહોળા, આઠ યોજન લાંબો, ચાર યોજન ઊંચો દેવચ્છંદ અર્થાત્ છપ્પર મંડપ છે. તેમાં લટકતી પુષ્પમાળાઓ અનેક વર્ણોના મણિરત્નોથી નિર્મિત છે. ચોસઠ કમળમાળાઓથી સુશોભિત, અનેક પ્રકારના ચંવર અને ઘંટાઓથી રમણીય, ગોશીર-મલયચંદન-કાલાગરૂ, ધૂપના ગંધથી વ્યાપ્ત, ઝારી-કળશ-દર્પણ તથા અનેક પ્રકારની ધ્વજા-પતાકાઓથી સુશોભિત રત્નદીપકોથી યુક્ત દેવચ્છંદ છે.

જિનમંદિરોના મધ્યભાગમાં પાદપીઠો સહિત સ્ફટિકમણિમય ૧૦૮

સિંહાસન છે, તેની ઉપર ૫૦૦ ધનુષ ઊંચી ૧૦૮ અનાદિનિધન જિનપ્રતિમાઓ બિરાજમાન છે. ઈન્દ્રનીલમણિમય કુંતલ અને ભૃકુટિઓના અગ્રભાગ, સ્ફટિકમણિ, ઈન્દ્રનીલમણિના ધવલ અને કૃષ્ણ નેત્રયુગલ, વજ્રમય દંતપંક્તિ, પલ્લવસમાન અધરોષ્ઠ, હીરાસમાન નખ, કમળ સમાન લાલ હાથ-પગ, ૧૦૦૮ વ્યંજન સમૂહ અને ૩૨ લક્ષણોથી યુક્ત, ત્રણ છત્ર સહિત, પલ્યંકાસનસહિત, સમચતુરસ્ર આકારવાળી તે જિનપ્રતિમાઓ નિત્ય જયવંત રહે! પ્રત્યેક પ્રતિમાની સમીપ હાથમાં ચોસઠ ચામર લઈને બત્રીસ દેવયુગલોની પ્રતિમાઓ હોય છે. પ્રત્યેક પ્રતિમાઓની પાસે ઘંટ આદિ ઉપકરણ અને દિવ્ય મંગલ દ્રવ્ય સુશોભિત છે. આ મંગળ દ્રવ્ય ઝારી, કળશ, દર્પણ, ચામર, ધ્વજા, પંખો, છત્ર, ઠવણી છે. પ્રત્યેક પ્રતિમાની પાસે ૧૦૮-૧૦૮ અષ્ટ મંગળ દ્રવ્યો હોય છે. યક્ષોની મૂર્તિઓ પણ ત્યાં હોય છે. શ્રીદેવી, શ્રુતદેવી(સરસ્વતી દેવી), સર્વાણ્હ યક્ષ અને સનત્કુમાર યક્ષ—આ ચારેયની મૂર્તિઓ જિનેન્દ્ર ભગવાનના પાર્શ્વભાગમાં હોય છે.

જિનાલયોની બહાર રત્નમયી કોટ હોય છે. ત્યાં ધૂપના મોટા-મોટા ઘડા હોય છે, પતાકાઓ હોય છે. ઈન્દ્રધ્વજ વિધાનના પુસ્તકોમાં તેનું વિસ્તારથી વર્ણન આવે છે.

આ રીતે વ્યંતર અને જ્યોતિષીઓના અસંખ્યાત અકૃત્રિમ ચૈત્યાલયોને છોડીને ત્રણ લોકના શેષ ચૈત્યાલય આઠ કરોડ છપ્પન લાખ સત્તાણુ હજાર ચારસો એક્યાસી છે. પ્રત્યેકમાં એકસો આઠ પ્રતિમાઓ છે, તેમાં પ્રતિમાઓની કુલ સંખ્યા નવ અરબ પચ્ચીસ કોટિ છપ્પન લાખ સત્યાવીસ હજાર નવસો અડતાલીસ છે.

તે બધાને આપણે અહીંથી ભાવસહિત નમસ્કાર કરીએ છીએ.

હવે કેટલાક પ્રશ્ન આવ્યા છે. એક પ્રશ્ન ચક્રવર્તી સંબંધી છે કે તેઓ મોક્ષ જાય છે કે સ્વર્ગમાં જાય છે કે નરકમાં જાય છે? આની ચર્ચા તો પહેલાં થઈ હતી. આમાંથી કાંઈપણ બની શકે છે. આપણે અહીં ચોથા કાળમાં બાર ચક્રવર્તી થયા તેમાંથી ત્રીજા મઘવાન અને ચોથા સનત્કુમાર ચક્રવર્તી મરીને સ્વર્ગમાં ગયા; આઠમા સુભૌમ ચક્રવર્તી અને બારમા બ્રહ્મદત્ત ચક્રવર્તી સાતમી નરકમાં ગયા તથા અન્ય આઠ ચક્રવર્તી મોક્ષમાં ગયા છે. ચક્રવર્તી પદમાં જ જે મરે તે નિયમથી સાતમી નરકમાં જાય છે.

એક પ્રશ્ન સમુદ્ઘાત સંબંધી હતો કે સમુદ્ઘાત શું છે? કોઈનો ઘાત

કરવો છે શું?

ઉત્તર :— ત્યાં કોઈનો ઘાત નથી થતો. મૂળ શરીરને છોડ્યા વિના આત્મપ્રદેશોનું શરીરની બહાર ફેલાવાને સમુદ્‌ઘાત કહે છે. કેવળી સમુદ્‌ઘાતનું નામ અનેકોએ સાંભળ્યું હશે. તેરમા ગુણસ્થાનના અંતમાં આયુકર્મ અને અન્ય ત્રણ અઘાતિકર્મોની સ્થિતિ સમાન કરવા માટે કેવળી સમુદ્‌ઘાત થાય છે. તે સહજ થાય છે, વિચારી કરીને કરવું નથી પડતું, ત્યાં વારંવાર ડોકિયું કરીને જોવું પડતું નથી કે હવે કર્મોનું લેવલ બરાબર થયું કે નહીં.

પ્રશ્ન :— આપણો પણ સમુદ્‌ઘાત થાય છે કે શું?

ઉત્તર :— સાત પ્રકારના સમુદ્‌ઘાત છે— (૧) વેદના સમુદ્‌ઘાત, (૨) કષાય સમુદ્‌ઘાત, (૩) મારણાંતિક સમુદ્‌ઘાત, (૪) વૈક્રિયિક સમુદ્‌ઘાત, (૫) તેજસ્ સમુદ્‌ઘાત, (૬) આહારક સમુદ્‌ઘાત અને (૭) કેવળી સમુદ્‌ઘાત.

(૧) વેદના સમુદ્‌ઘાત— તીવ્ર વેદનાના સમયે આત્મપ્રદેશ શરીરની બહાર પણ ફેલાઈ જાય છે, મૂળ શરીરમાં તો રહે જ છે. એકપ્રદેશથી લઈને પોતાની અવગાહનાના ત્રણ ગુણા સુધી ફેલાઈ શકે છે. તે પણ પહોળાઈમાં ફેલાય છે, લંબાઈમાં નહીં. ત્રણગુણાથી વધારે ફેલાતા નથી. થોડા સમયમાં—અંતર્મુહૂર્તમાં પાછા મૂળ શરીરમાં આવી જાય છે.

(૨) કષાય સમુદ્‌ઘાત— તીવ્ર કષાયના કાળમાં આત્મપ્રદેશોનું શરીરથી બહાર ફેલાવું થાય છે. અહીં પણ વેદના સમુદ્‌ઘાત સમાન આત્મપ્રદેશ પહોળાઈમાં ત્રણ ગુણા ફેલાય છે અર્થાત્ ૩ × ૩ = ૯ ગુણા સુધી આત્મપ્રદેશોની અવગાહના થઈ શકે છે. પછી પહેલાં સમાન પાછા મૂળ શરીરમાં આવી જાય છે.

(૩) મારણાંતિક સમુદ્‌ઘાત— મરણના એક અંતર્મુહૂર્ત પહેલાં જીવના આત્મપ્રદેશ જ્યાં જન્મ લેવાનો છે ત્યાં સુધી ફેલાયેલા રહે છે. વિગ્રહગતિમાં જીવ જેવી રીતે ઋજુગતિથી અર્થાત્ સીધો જાય છે અથવા મોડસહિત જાય છે, તેવી જ રીતે આત્મપ્રદેશ ફેલાયેલા રહે છે. બે-ચાર નહીં, બહુસંખ્ય જીવોને મારણાંતિક સમુદ્‌ઘાત થાય છે, એકેન્દ્રિયોને પણ થાય છે. પ્રતિસમય અનંત જીવ મરીને અન્યત્ર ગમન કરે છે અને તેનાથી પહેલાં અનંત જીવોનો મારણાંતિક સમુદ્‌ઘાત પણ થતો રહે છે. સંપૂર્ણ લોકમાં એવી કોઈ જગ્યા ખાલી નથી કે જ્યાં જીવોના પ્રદેશ મારણાંતિક સમુદ્‌ઘાતરૂપથી ફેલાયેલા ન હોય.

પહેલાં આપણે એમ સાંભળ્યું હતું અથવા ક્યાંક વાંચ્યું પણ હતું કે મારણાંતિક સમુદ્‌ઘાત થતાં જીવના પ્રદેશ પાછા મૂળ શરીરમાં આવી જાય છે અને ત્યારબાદ મરણ થાય છે; પરંતુ ધવલાના સ્વાધ્યાયમાં અમે વાંચ્યું અને તેના ઉપર ચર્ચા પણ થઈ કે મરણના અંતર્મુહૂર્ત પહેલાં જીવના પ્રદેશ આ રીતે ફેલાયેલા જ રહે છે અને જ્યારે મરણ થાય છે તો મૂળ શરીરથી બચેલા બધા જ પ્રદેશ નીકળીને તે જ વિગ્રહગતિના માર્ગે જાય છે, જેવી રીતે આપણે નાનો ખાડો પાર કરવો હોય તો આપણે પહેલાં એક પગ પેલે પાર રાખશું અને પછી બીજો પગ આ બાજુથી ઉઠાવી લઈશું.

પ્રશ્ન :— મારણાંતિક શું કામ કરવું પડે છે?

ઉત્તર :— આગામી આયુષ્યનો બંધ થઈને તે કર્મ સત્તામાં પડ્યું છે. જ્યાં જન્મ લેવાનો છે તે પણ નિશ્ચિત છે. આ બધુ સહજ નિમિત્ત-નૈમિત્તિકરૂપથી થાય છે. કોઈ પોતાના જન્મની જગ્યા જોઈને આવ્યો તેથી હસતાં-હસતાં મર્યો, એવી સાંભળેલી વાતોમાં કોઈ દમ નથી. મરણ બાદ આત્મા ભટકતો રહે છે આદિ વાતો કોરી કલ્પના-ભ્રમ છે.

(૪) વૈક્રિયિક સમુદ્‌ઘાત— દેવગતિના જીવ વિક્રિયા દ્વારા અન્ય શરીર બનાવીને અન્યત્ર ગમન કરે છે. મધ્યલોકમાં આવે છે, ત્રીજી નરક સુધી પણ જઈ શકે છે, પરંતુ તેના આત્મપ્રદેશ મૂળ શરીરને છોડતા નથી અર્થાત્ જ્યાં નવું શરીર ગયું છે ત્યાં સુધી આત્મપ્રદેશ ફેલાયેલ રહે છે. તે પણ એક અંતર્મુહૂર્ત સુધી રહે છે. ચક્રવર્તી પણ ઔદારિક શરીર દ્વારા વિક્રિયા કરી શકે છે. અન્ય જીવોને અથવા ઋદ્ધિધારીઓને વૈક્રિયિક સમુદ્‌ઘાત થાય છે. વિષ્ણુકુમાર મુનિની કથા તો બધાને ખબર જ છે. એટલું જ નહીં, વાયુકાયિક જીવોને પણ વિક્રિયા હોય છે.

(૫) તેજસ્ સમુદ્‌ઘાત— તેના બે ભેદ છે–શુભ તેજસ્ અને અશુભ તેજસ્. દુષ્કાળ, મહામારી આદિનો પ્રકોપ થતાં જીવો પ્રતિ દયા, અનુકંપાના પરિણામના કારણે મુનિરાજને જમણા ખભાથી બ્લ્યુ(નીલ) રંગ યુક્ત શુભ તેજસ્ શરીર નીકળે છે અને તેની સાથે આત્મપ્રદેશ પણ ફેલાય છે. ૧૨ યોજન × ૯ યોજન સુધી ફેલાઈ શકે છે. બીમારી, દુષ્કાળ આદિનું નિવારણ કરીને પાછું મૂળ શરીરમાં પ્રવેશ કરે છે. તીવ્ર ક્રોધાદિના કારણે અશુભ તેજસ્ સિંદુરના રંગવાળું બિલાડીના આકાર યુક્ત મુનિરાજના

ડાબા ખભાથી નીકળીને ૧૨ યોજન × ૯ યોજન સુધી ફેલાઈને તેટલા ક્ષેત્રને બાળીને પાછું મૂળ શરીરમાં આવે છે અને મુનિરાજના શરીરને પણ ભસ્મ કરી છે.

આ શુભ તેજસ્ સમુદ્‌ઘાત હોય કે અશુભ તેજસ્ સમુદ્‌ઘાત હોય, થાય છે તો ભાવલિંગી સંતોને જ! મુનિરાજ કોઈને બાળવા તો નથી ઇચ્છતા, પરંતુ પરિણામ બગડતા કેટલો સમય લાગે છે? દ્વીપાયન મુનિ વિષે કથા સાંભળી છે ને? નેમિનાથ તીર્થંકરની વાણીમાં આવ્યું હતું કે બાર વર્ષ બાદ રાજકુમાર મદ્ય પીને દ્વીપાયન મુનિ ઉપર ઉપસર્ગ કરશે અને તેમના કારણે દ્વારિકા બળશે. દ્વીપાયન દ્વારિકા છોડીને ચાલ્યા ગયા, સંપૂર્ણ રાજ્યમાંથી દારૂ બનાવવાની સામગ્રી જંગલ, પહાડ, ખાઈમાં ફેંકી દીધી. બધાએ વિચાર્યું કે હવે તો આપણે નિમિત્તોને દૂર કરી દીધા છે, હવે દ્વારિકા કેવી રીતે બળશે?

અધિક મહિનો ગણતા ભૂલીને દ્વીપાયન દ્વારિકા પાછા આવ્યા એ જોવા માટે કે હું તો અહીં હતો જ નહીં, તો દ્વારિકા કેમ છે? યાદવ રાજકુમાર ક્રીડા માટે વન-જંગલમાં ગયા હતા, રસ્તો ભૂલીને ભટકી ગયા, તરસ લાગતા ત્યાંના તળાવનું પાણી પીધું કે જેમાં મદ્યની સામગ્રીથી મદ્ય તૈયાર થયો હતો; પાછા ફરતા સમયે દ્વીપાયનને જોઈને તેમને પત્થર મારવાનું શરૂ કર્યું. મુનિ ક્રોધિત થયા અને અશુભ તેજસ્ શરીરથી દ્વારિકા બળી. ક્યાંક શાસ્ત્રોમાં એમ પણ લખ્યું છે કે ઉપસર્ગના કાળમાં ક્રોધિત થઈને મર્યા અને અગ્નિકુમાર દેવ થઈને જન્મ્યા અને તેમણે દ્વારિકા બાળી.

નિમિત્તોને દૂર કરવાની પૂરી કોશિશ કરી તો થવાવાળો પ્રસંગ ટળી ગયો કે નિમિત્ત ટળી ગયા? નિમિત્તોને ટાળી પણ નથી શકતા, જબરદસ્તી લાવી પણ નથી શકતા, પ્રત્યેક કાર્ય પોતાના સ્વસમયે પોતાના ઉપાદાનથી જ ઘટિત થાય છે અને તેનું નિમિત્ત પણ નિશ્ચિત હોય છે. જો કે નિમિત્તથી કાર્ય નથી થતું પરંતુ તે પણ નિશ્ચિત હોય છે, તેને બદલી શકતા નથી.

કોઈનું એક્સીડેન્ટમાં મૃત્યુ થઈ ગયું તો લોકો કહે છે ને કે બિચારો મરી ગયો, ઘરમાં બેઠો હોત તો બચી જાત! અથવા કોઈ બીમારીથી મરી જાય તો કહે છે કે તે ડૉક્ટર પાસે શું કામ ગયો? ફલાણા હૉસ્પિટલમાં જાવું જોઈતું હતું. અમેરિકામાં કેમ ઈલાજ ન કર્યો, ત્યાં તો બચી જાત? પ્રત્યેક જીવના મરણનો સમય, સ્થાન, નિમિત્ત બધું જ નિશ્ચિત છે. ફક્ત મરણનું જ નહીં, જન્મથી લઈને મરણ સુધીની

બધી જ ઘટનાઓ, બધી અવસ્થાઓ, ફક્ત જીવની જ નહીં પણ એક-એક પરમાણુની— પ્રત્યેક દ્રવ્યની પ્રત્યેક પર્યાય જે સમયે, જે ક્ષેત્રે, જે નિમિત્તથી, જે વિધિથી જેવી થવાની છે તે તેવી જ થાય છે, કોઈ બદલ થઈ શકતો નથી.

કાર્તિકેયાનુપ્રેક્ષા ગ્રંથમાં સ્વામિ કાર્તિકેય મહારાજ લખે છે —

જં જસ્સ જમ્હિ દેસે જેણ વિહાણેણ જમ્હિ કાલમ્હિ।
ણાદં જિણિંદ ણિયદા જમ્મં વા અહવ મરણં વા ॥૩૨૧॥

તં તસ્સ તમ્હિ દેસે તેણ વિહાણેણ તમ્હિ કાલમ્હિ।
કો સક્કદિ વારેદું ઇંદો વા તહ જિણિંદો વા ॥૩૨૨॥

એવં જો ણિચ્છયદો જાણદિ દવ્વાણિ સવ્વપજ્જાએ।
સો સદ્દિટ્ઠિ સુદ્ધો જો સંકદિ સો હુ કુદિટ્ઠિ ॥૩૨૩॥

પ્રત્યેક દ્રવ્યની પ્રત્યેક પર્યાય જે ક્ષેત્રમાં જે વિધિથી જે કાળમાં જેવી થવાની છે તે જિનેન્દ્ર ભગવાનના જ્ઞાનમાં નિશ્ચિતપણે જણાઈ જાય છે પરંતુ તેને ટાળવામાં ચક્રવર્તી, ઇન્દ્ર અથવા સ્વયં જિનેન્દ્ર ભગવાન પણ સમર્થ નથી. એવો જે નિશ્ચિત કરે છે તે સમ્યગ્દૃષ્ટિ છે, જે શંકા કરે છે તે મિથ્યાદૃષ્ટિ છે.

(૬) આહારક સમુદ્ઘાત— આહારક ઋદ્ધિધારી મુનિરાજોને તત્ત્વમાં કોઈ પ્રશ્ન થાય કે તેઓ કોઈ સમાધાન ઇચ્છતા હોય અથવા તેઓ જિનાલયોની વંદના કરવા ઇચ્છતા હોય તો તેમના મસ્તકથી એક હાથ લાંબુ, સફેદ સપ્તધાતુ રહિત પૂતળું એટલે આહારક શરીર નિર્માણ થાય છે. મૂળ શરીરને છોડ્યા વિના આત્મપ્રદેશ તે આહારક શરીર સહિત તીર્થંકરના સમવસરણ સુધી જાય છે અથવા જિનાલય સુધી જાય છે અને અંતર્મુહૂર્તમાં પાછા ફરીને મૂળ શરીરમાં પ્રવેશ કરે છે. છઠ્ઠા ગુણસ્થાનમાં જ આ કાર્ય થાય છે, તેથી છઠ્ઠા ગુણસ્થાનના અંતર્મુહૂર્ત કાળથી પણ આનો કાળ નાનો હોય છે.

અહીં તત્ત્વોમાં જે શંકા ઊભી થાય છે કહ્યું છે તે તો સાત તત્ત્વસંબંધી શંકા ન હોઈ શકે, કરણાનુયોગના કોઈ વિષયના સંબંધમાં થતી હશે. સાત તત્ત્વ સંબંધી શંકા હોય તો સમ્યક્ત્વ પણ નહીં રહે.

(૭) કેવળી સમુદ્ઘાત— આઠ સમયોમાં સમુદ્ઘાત થઈને આત્મપ્રદેશ પાછા

મૂળ શરીરમાં પ્રવેશ કરે છે. તે પ્રત્યેક સમયના સમુદ્‌ઘાતનું નામ ક્રમથી આ પ્રકારે છે— (૧) દંડ, (૨) કપાટ, (૩) પ્રતર, (૪) લોકપૂરણ, (૫) પ્રતર, (૬) કપાટ, (૭) દંડ અને (૮) મૂળ શરીરમાં.

કેવળી ભગવાનના આત્મપ્રદેશ પ્રથમ સમયમાં લોકાકાશમાં ઉપરથી નીચે સુધી બંને તરફના વાતવલય છોડીને દંડાકાર ફેલાય છે, કે જે લંબાઈમાં ચૌદ રાજૂથી થોડું ઓછું અને પહોળાઈમાં બાર અથવા છત્રીસ અંગુલ વ્યાસવાળા હોય છે. જો કેવળી પદ્માસનસ્થ હોય તો છત્રીસ અંગુલ અને ખડ્‌ગાસનસ્થ હોય તો બાર અંગુલ પ્રમાણ પહોળા હોય છે. નીચેના ૬૦૦૦૦ યોજન અને ઉપરના ૨ કોસ, ૧ કોસ, ૧૫૭૫ ધનુષ વાતવલયને છોડીને થોડા ઓછા ૧૪ રાજૂ કહ્યા છે, તેને દંડ સમુદ્‌ઘાત કહે છે.

બીજા સમયમાં આત્મપ્રદેશ આડા લોકાકાશના અંત સુધી ફેલાય છે. અહીં પણ બંને બાજુના વાતવલયને છોડીને ફેલાય છે. પૂર્વમાં મુખ કર્યું હોય તો દક્ષિણોત્તર અને ઉત્તરમાં મુખ કર્યું હોય તો પૂર્વ-પશ્ચિમ ફેલાય છે. તેને કપાટ સમુદ્‌ઘાત કહે છે.

ત્રીજા સમયમાં આગળ-પાછળ પણ વાતવલય સુધી ફેલાય છે. તેનો અર્થ લોકાકાશની ચારે તરફના અને ઉપર-નીચેના વાતવલયને છોડીને લોકાકાશમાં અન્યત્ર સર્વત્ર આત્મપ્રદેશ ફેલાય છે, તેને પ્રતર સમુદ્‌ઘાત કહે છે.

ચોથા સમયમાં સંપૂર્ણ લોકાકાશમાં અર્થાત્ વાતવલયના અંત સુધી આત્મપ્રદેશ ફેલાય છે, તેને લોકપૂરણ સમુદ્‌ઘાત કહે છે. પશ્ચાત્ પ્રદેશોને સમેટતા થકા પ્રતર, કપાટ, દંડ અને આઠમા સમયમાં આત્મપ્રદેશ મૂળ શરીર પ્રમાણ થાય છે.

કેવળી સમુદ્‌ઘાતમાં આઠ સમયોમાં વેદનીય, નામ, ગોત્રકર્મની અસંખ્યાતગુણા નિર્જરા થઈને તેની સ્થિતિ આયુકર્મ સમાન થાય છે.

જ્યારે કોઈપણ સમુદ્‌ઘાત થાય છે ત્યારે આત્મપ્રદેશોની સાથે તેજસ્ અને કાર્માણ શરીરના પરમાણુ પણ ફેલાય છે, નહીં તો બહાર નીકળવાવાળા પ્રદેશ કર્મરહિત થઈને મુક્ત માનવા પડશે.

પ્રશ્ન :— કષાય સમુદ્‌ઘાતમાં જેના નિમિત્તે કષાય થયો તેને સ્પર્શીને આત્મપ્રદેશ પાછા આવે છે કે શું?

ઉત્તર :— એવું નથી. કષાય તો આપણે કરતાં જ રહીએ છીએ. સામે કોઈ વ્યક્તિ ન પણ હોય તો પણ અને વિના કારણે પણ કષાય તો થતી જ રહે છે.

પ્રશ્ન :— અષ્ટાન્હિકા પર્વમાં નંદીશ્વર જિનાલયની જ પૂજા કેમ કરીએ છીએ? અન્યની કેમ નહીં?

ઉત્તર :— કરણાનુયોગમાં કેમનો જવાબ નથી હોતો. આ અહેતુવાદ આગમ છે કે જે થાય છે, તેને કહેવામાં આવે છે. તમે મને કહો કે સૂર્ય પૂર્વ દિશામાં જ કેમ ઊગે છે? નથી ખબર? હું કહું છું, જે દિશામાં સૂર્ય ઊગે છે તેને જ આપણે પૂર્વ દિશા નામ આપીએ છીએ.

લોકો દશલક્ષણના પર્વમાં જ મંદિર કેમ જાય છે? રોજ કેમ નથી જતાં? રોજ જવું જોઈએ, પરંતુ નથી જતા. તેવી જ રીતે રોજ સ્વાધ્યાય કરવો જોઈએ, અનેક લોકો કરે પણ છે; પરંતુ જ્યારે ભીડ ભેગી થાય છે એવા અવસરમાં વિશેષ પ્રવચનોનું આયોજન કરે છે, તેમાંથી પ્રેરણા મેળવીને કોઈ જીવ રોજ જિનપૂજન, સ્વાધ્યાય કરવા લાગી જાય તો સારી વાત છે.

પ્રશ્ન :— મ્લેચ્છ ખંડ અને અનાર્યદેશમાં શું અંતર છે?

ઉત્તર :— એક જ વાત છે. આપણે આર્યખંડ અને અનાર્યખંડ અર્થાત્ મ્લેચ્છ ખંડ કહીએ જ છીએ.

પ્રશ્ન :— કેવળી કેટલા પ્રકારના હોય છે?

ઉત્તર :— નિશ્ચયથી કેવળી એક જ પ્રકારના હોય છે, તેમ છતાં અરિહંત પણ કેવળી છે, સિદ્ધ પણ કેવળી છે. અરિહંતોમાં પણ સયોગકેવળી અને અયોગકેવળી છે. સયોગકેવળીમાં કેટલાક ભેદ આ પ્રકારે છે—તીર્થંકરકેવળી અને સામાન્યકેવળી. સામાન્યકેવળીમાં મૂકકેવળી, અંતઃકૃતકેવળી, જેમને દિવ્યધ્વનિ છૂટે એવા પણ કેવળી હોય છે.

આ બધાનું અનંતચતુષ્ટયાત્મક સ્વરૂપ એક સમાન છે.

પ્રશ્ન :— દેવોનું મૃત્યુ થતાં તેઓના શરીરનું શું થાય છે?

ઉત્તર :— શરીર વિલીન થઈ જાય છે. જેવી રીતે આપણે ભોગભૂમિમાં જોયું

હતું કે ત્યાં મેઘ સમાન શરીર વિલીન થઈ જાય છે.

પ્રશ્ન :— સ્વાધ્યાયના સંબંધમાં અકાળ કહે છે, ધવલા પુસ્તક ૯માં આવું આવ્યું છે.

ઉત્તર :— તમે સ્વયં વિદ્વાન છો, તેનો ઉત્તર પણ જાણો છો, પરંતુ લોકોના આવા પ્રશ્નોને તમે અહીં પ્રસ્તુત કર્યા છે. વ્રતીઓ માટે જે તપ કહ્યા છે તેમાં સ્વાધ્યાયને પણ તપ કહ્યું અને ધ્યાન (સામાયિક)ને પણ તપ કહ્યું; પરંતુ ધ્યાન સ્વાધ્યાયથી ઉત્કૃષ્ટ તપ છે. વ્રતીઓને સામાયિક અને ધ્યાન નિયમપૂર્વક હોય છે. જે સામાયિક અને ધ્યાનનો કાળ છે, તે કાળમાં તેને છોડીને સ્વાધ્યાયમાં લાગ્યા રહેવાનો ઉપદેશ નથી. જેવી રીતે નિયમસારમાં પ્રતિક્રમણ, સામાયિક, આલોચના આદિ પર ઘટિત કર્યું છે. જેઓ અશુભમાં લાગ્યા રહે છે તેમના માટે પ્રતિક્રમણ કરવું યોગ્ય છે, પરંતુ પ્રતિક્રમણ કરવાવાળા શુભોપયોગી મુનિરાજો માટે પ્રતિક્રમણને વિષકુંભ કહીને છોડવાનો ઉપદેશ આપ્યો છે. તેવી જ રીતે મુનિઓ માટે ધ્યાન છોડીને સ્વાધ્યાય યોગ્ય નથી, પરંતુ સ્વાધ્યાય માટે અકાળ છે તેથી અમે ટીવીની સામે બેસીને વિકથા જોઈશું– કહેશું એ કેટલું યોગ્ય છે તેનો આપણે સ્વયં નિર્ણય કરવો.

આ રીતે આપણે વીસ કલાક ત્રિલોકની રચના, ત્યાંની વિશેષતાઓ જોઈ, ત્રણ લોકના અકૃત્રિમ ચૈત્યાલયોની યાત્રા કરી. આ બધી જિનપ્રતિમાઓને, વિદેહક્ષેત્રમાં વિદ્યમાન અરિહંતોને, વીસ તીર્થંકરોને અને મુનિઓને નમસ્કાર કરીને અહીં વિરામ લઈએ છીએ. આ તો આપણે આપણા જ જ્ઞાનનો નજારો જોયો. પંડિત ટોડરમલજીએ કહ્યું છે કે 'તીન ભુવનસ્થિતિ જાનિકૈં આપ આપમય હોય' તે જ સાચા નમસ્કાર છે. આપણે બધા આપણા અકૃત્રિમ ચૈતન્યબિંબને નિહાળતા રહીએ એવી પવિત્ર ભાવના સાથે વિરામ લઉં છું.

બોલો, વિદેહક્ષેત્રમાં બિરાજમાન વીસમા તીર્થંકર શ્રી અજિતવીર્ય ભગવાનનો જય હો!